પૂરા પરિવારનું
સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : ર. મ. રા.

તંત્રી
ધીરુ પરીખ





(ચિત્રકાર : નટુ મિસ્ત્રી)

સપ્ટેમ્બર ૨૦૦૨ ★ વર્ષ પંચોતેરમું
સળંગ અંક ૮૯૭



ચિત્રકાર] છત્રીઓ [રેન્વા

ઈ. ૧૮૮૧માં તૈયાર કરેલા આ ચિત્રમાં પૅરિસનાં લોકો વરસાદમાં છત્રીઓના જાણે ઘૂમટ નીચે રક્ષણ મેળવી રહ્યાં છે ! ચિત્રને ડાબે ખૂણે ઉપર આછી વૃક્ષરાજિનું સૂચનાત્મક ચિત્રણ કરી સમગ્ર ચિત્રમાં વરસાદી વાદળનો વાદળી રંગ ઉપસાવ્યો છે. ૭૧" x ૪૫" નું આ એમનું પ્રસિદ્ધ ચિત્ર લંડનની નૅશનલ ગૅલરિમાં પ્રદર્શિત છે.

'કુમાર' : અમૃતપર્વ

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું **'કુમાર'** માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે.

કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે કુમારે જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર 'કુમાર' રહે એ માટે અગિયાર લાખ રૂપિયાનું એક ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે **૩૫૦૦ ગ્રાહકો** છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં **૩૧ ડિસેમ્બર ૨૦૦૨** સુધીમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા **૭૫૦૦** થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ **૮૦-જી** અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક **'કુમાર ટ્રસ્ટ'**ના નામનો જ લખવો અને 'કુમાર કાર્યાલય લિ.', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.
૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર કાર્યાલય લિ.'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બેંક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી
જે. એસ. સેવક
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ
રજનીકુમાર પંડ્યા

પી.સી.વૈદ્ય
કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મનહર મોદી
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાંત વખારિયા
જગન મહેતા
પ્રાણલાલ પટેલ
બંસીલાલ વર્મા 'ચકોર'
ગજેન્દ્ર શાહ

નટુ પરીખ
અનિલ રેલિયા
રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ
હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
અશોક હર્ષ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)
ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)

જયન્ત પાઠક (સુરત)
ભગવતીકુમાર શર્મા (સુરત)
રમેશ બી. શાહ (સુરત)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
ખોડીદાસ પરમાર (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
કાન્તિ કાપડિયા (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ છે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. *શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.*

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન
તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૫મું

અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગના પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.

★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સપ્ટેમ્બર ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૮૯૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

વાચકો લખે છે

વાદ્યોની ચાર શ્રેણીમાં બંસરી સુષિર વાદ્યશ્રેણીમાં ગણાય છે, જે ફૂંક મારીને વગાડાય છે. બીજાં એટલે કે તાર છેડીને વાગે તે સિતાર-સરોદ-વીણા. અન્ય એક પ્રકાર એટલે કે તાર પર ગજ ચલાવીને વગાડાય તે-જેમ કે, સારંગી, વાયૉલિન અને છેલ્લે Parcussan-અવનદ્ધ વાદ્ય, જેમાં તબલાં, પખાવજ વગેરે આવે છે.

'કલાસ્મૃતિ' લેખમાળામાં બાંસુરીને તંતુવાદ્યમાં ભૂલથી ગણાવાઈ છે. એ જ લેખમાં અન્ય એક સામાન્ય, પણ સુધારી લેવા જેવી ભૂલ છે તે, હરિપ્રસાદ મહિયર ઘરાણાના છે (છપાયું તેમ મહિપર નહીં).

જુલાઈના અંકના પૂંઠા પરના સરસ ચિત્રને યોગ્ય મથાળું મળ્યું હોત તો વધુ યોગ્ય થાત. થડ છે તે વૃક્ષના અવશેષ જેવું છે, વૃક્ષ નહીં. 'વાસ્તુ' વાર્તા ગમી. ખૂબ ગમી.

'કુમાર' અંક ૮૯૬ મળ્યો. પૂંઠા પર સરસ મજાનું ચિત્ર સોહે છે. અંદરનાં પાનાંમાં વપરાયેલ કાગળ ગમે છે. એથી છપાઈ ઉઠાવદાર લાગે છે. વિષયોની વિવિધતા પણ છે.

જ્યોતિ ભટ્ટની કલમે રંગ વિશે ઘણી પ્રાથમિક માહિતી આપી છે. થોડું ઉમેરણ : આપણો અનુભવ છે કે સૂર્ય સામે - સફેદ પ્રકાશ - જોઈ પછી આંખો બંધ કરીએ એટલે સૂર્ય આકારના કાળા કાળા ધબ્બા દેખાય! કોઈ લાલ રંગના ધબ્બા સામે જોયા કરે, પછી આંખ બંધ કરે ત્યારે એ જ ધબ્બાનો આકાર લીલા રંગનો દેખાય, જાંબલી આકાર પીળા રંગનો દેખાય. આ પૂરક રંગ છે એ કમ્પ્યૂટરના ડિઝાઈન સૉફ્ટવેરની મદદથી ત્વરિત જાણી શકાય છે. જે રંગ સ્ક્રીન પર હોય તેને ઈન્વર્સ કરવાથી સ્ક્રીન પરના રંગો બદલાઈને પૂરક રંગો દેખાડશે!

જશોદાનો કાનો ઊંચાઈ ઘટી એટલે ચિત્ર બેડોળ બન્યું એ હવે મૂળ સાથે મેળવતાં ધ્યાનમાં આવ્યું હશે!

- *રમેશ શાહ (સુરત)*

'કુમાર'માં પ્રસિદ્ધ થતાં નિર્મિશ ઠાકરનાં કૅરિકેચર ખૂબ સરસ હોય છે, પણ જાન્યુઆરી-૨૦૦૨માં (સૂચક રીતે) 'બારી બહાર' ડોકાતા પ્રહ્લાદ પારેખનું ચિત્ર બરાબર નથી. કૅરિકેચર હૂબહૂ ન હોય તે સમજું છું, પરંતુ પાત્રની લાક્ષણિકતા તો ઊપસવી જોઈએ જ. આ તો કોઈક બીજા જ ભાઈ હોય તેવું લાગે છે. શ્રી પ્રહ્લાદભાઈ અમારા કુટુંબમિત્ર હતા - લગભગ ૭૦ વર્ષથી. - *ભરત પંડ્યા (ભાવનગર)*

*

'કુમાર'ના ૮૯૫મા અંકમાં કલા-સ્મૃતિમાં શ્રી હરિપ્રસાદ ચોરસિયા વિશે શ્રી ગજેન્દ્ર શાહનો લેખ સરસ છે. બાંસુરી અતિપુરાણું 'તંતુવાદ્ય' નથી. એને 'સુષિર' વાદ્ય કહેવામાં આવે છે.

આજથી લગભગ છ-સાત વર્ષ પહેલાં મેં બિલ ગેઈટ વિશે સાંભળ્યું હતું કે 'બિલ ગેઈટ અત્યારે આટલે પહોંચ્યો છે તો આગળ ઉપર તો એ ક્યાં પહોંચશે!!' આજે આપણે એને સિદ્ધિના શિખરે બેઠેલો જોઈએ છીએ.

મરાઠી વાર્તા 'વાસ્તુ' બહુ ગમી.

- *તરુબહેન આચાર્ય (વલસાડ)*

*

'કુમાર'ના મે અંકમાં શ્રી નૌતમભાઈ વખારિયા દ્વારા 'ગણિતગમ્મત' આપેલ છે. તેમાં છેલ્લી લીટીમાં જણાવેલ છે કે, 'ઉપરાંતમાં, ગમે તેટલી મોટી રકમનો છેલ્લો અંક જો ૨, ૩, ૮ કે ૯ હોય તો તે સંખ્યા પણ પૂર્ણવર્ગ ન જ હોઈ શકે.' વળી, 'કુમાર'ના જુલાઈ અંકમાં 'વાચકો લખે છે'માં આવેલ શ્રી દોલતકુમાર નથુભાઈ પરીખના પત્રમાં જણાવેલ છે કે તે વાક્ય 'છેલ્લો અંક જો ૨, ૩ કે ૮ હોય તો તે સંખ્યા પૂર્ણવર્ગ ન જ હોઈ શકે.'

આ બંને અભિપ્રાયો બરાબર નથી. આમ જોવા જઈએ તો છેલ્લો અંક એક જ હોય અને તે '૦ થી ૯' સુધીનો કોઈ પણ હોય. બીજું, કોઈ પણ બે સંખ્યાનો ગુણાકારનો છેલ્લો અંક તે બંને સંખ્યાઓના છેલ્લા અંકોના ગુણાકારવાળી સંખ્યાનો છેલ્લો અંક જ હોય–

(૧) ૨૩૭ X ૪૩૧ = ૧૦૨૧૪૭

૭ X ૧ = ૭

(૨) ૪૩૮ X ૫૬૯ = ૨૪૯૨૨૨

૮ X ૯ = ૭૨

આ બંને બાબતોને લક્ષ્યમાં રાખતાં ૧ થી ૯/૧૦ સુધીની સંખ્યાઓના પૂર્ણવર્ગના છેલ્લા અંક જોઈએ તો તે અંક તરીકે ફક્ત ૨, ૩, ૭ કે ૮ નથી આવતા.

અંતે તારણ એ જ નીકળે કે 'ગમે તેટલી મોટી રકમનો છેલ્લો અંક ૨, ૩, ૭ કે ૮ હોય તો તે સંખ્યા પણ પૂર્ણવર્ગ ન જ હોઈ શકે. કારણ કે આ ચાર અંકો ૧ થી ૧૦ સુધીની સંખ્યાના પૂર્ણવર્ગના અંતે આવતા નથી જ.

શ્રી નૌતમભાઈ વખારિયા ઘણું સારું કામ કરી રહ્યા છે અને આવાં ઘણાં-ઘણાં ગણિત-ગમ્મતનાં ઉદાહરણો આપે એવી અભિલાષા. - *મુનિશ વખારિયા (મુંબઈ)*

*

'કુમાર' માસિકના ફેબ્રુઆરી-'૮૦ના અંકમાં ૭૯મા પાના ઉપર અમદાવાદના શ્રી વી.ડી.રિસવડકરનો લેખ હતો. તેમાં તેમણે 'કુમાર'ના સપ્ટેમ્બર-'૭૪ના અંકમાં આપેલો લેખ ટાંક્યો છે. લેખનું મથાળું છે 'એરોપ્લેનનો સૌપ્રથમ આવિષ્કાર ભારતમાં થયો હતો.' તેમાં એવી માહિતી છે કે ૧૮૯૫માં મુંબઈના ચીરા બજારમાં ડુક્કરવાડીમાં રહેતા શ્રી શિવકર બાપુજી કે જેમનું માનસ વિજ્ઞાન તરફ ઢળેલું હતું તેમણે ઋગ્વેદના ૧૦-૧૦૯ મંત્રોને આધારે ઍરોપ્લેન બનાવેલું, જેનું નામ તેમણે 'મારુત સખા' રાખેલું. તેને મુંબઈની ચોપાટીથી ૧૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી ઉડાડેલું અને પાછું રેતીના પટ પર સફળતાપૂર્વક સહિ-સલામત ઉતાર્યું હતું. હજારો લોકોએ ચોપાટી પરથી જોયું હતું. બરાબર આઠ વર્ષ પછી ૧૯૦૩માં રાઈટ બ્રધર્સે પ્રથમ ઍરોપ્લેન કિટિહોકમાં ઉડાડ્યું હતું. આ વિગત ૧૯૯૬માં લખાયેલા પુસ્તક 'વૈશ્વિક ચેતના'ના લેખક શ્રી લેફ. કર્નલ ચંદ્રશંકર બક્ષીએ તેમાં દર્શાવી છે. સાથે સાથે ઉંમર-લાયક શ્રી રિસવડકરદાદા જે મણિનગરમાં દક્ષિણી સોસાયટીમાં રહે છે અને તેઓ પાસે પ્રાચીન ગ્રંથો, વૈજ્ઞાનિક માહિતી અને તેમની વ્યવસ્થિત નોંધો તેમજ સંશોધનાત્મક વલણની વિગત જણાવી છે. આ રીતે 'કુમાર'ના લેખનો વ્યવસ્થિત જગ્યાએ યોગ્ય ઉપયોગ થાય છે તે જોતાં તંત્રી તેમજ લેખકની કદર કરીએ તેટલી ઓછી છે.

-*ભીખુભાઈ એચ. પરમાર (આણંદ)*

ન શક્યો / *રામચંદ્ર પટેલ*

(વસંત-મૃદંગ • સૉનેટ)

વેરાન સીમ, વચમાં ધૂળ આભ ચીતરે;
એમાં સમીરની તણાય લકીર આછી.
વૃક્ષો પડ્યાં ધડ શું વાદળનાં? અહીંતહીં
ભીની જમીન નહિ ક્યાંય, પહાડ ભસ્મ
છાંટે : વિહંગ નજરે ઊડતું ચડે તો
અંગાર, ના પશુ; ક્યહીં નહિ છોડ છોડ,
ના ઘાસ : એક તરણુંય ન ક્યાંય દીઠું.
ગાળે નિરાંત ઝડઝાંખર ગૂંચ વચ્ચે:
શું સૂર્ય સૈનિક સમો ગબડી પડેલો?
—ત્યાં શ્વાન સાથ ટટળી રહી વક્તિ-તીતી...
સૂકું તળાવ ઝબકી ઘડી શાંત થાતાં
આછુંક કર્કશપણું તરડાઈ તૂટે.
દોડ્યો ન કૃષ્ણ સમ કુંજર ઘંટ સાહી;
શા કાજ અન્ય જીવ-ને ન શક્યો હું ચાહી!

મુક્તક / *'પ્રણય' જામનગરી*

સમય કોલાહલનો છે; અહીં કલરવ નહીં ચાલે,
બધું નિયમ મુજબ ખપશે, હૃદય-વૈભવ નહીં ચાલે.
હૃદય મજબૂત કરીએં જીવવા માટે વધુ આંહી,
અહીંયાં જીવવું હો તો હવે અવઢવ નહીં ચાલે.

દુહાષ્ટક / *હસમુખ કે. રાવલ*

કૂવા, કોતર કે નદી પાંખા સૌ આધાર
સેવું શરણું આભનું વરસે અનરાધાર.
ભીતર ભીંજે ભોમકા નદીઓ ગાંડીતૂર
વ્હાણાં વાયાં રાતમાં આંબે ટૌક્યા સૂર.
પકવી કાચું ચામડું ને તેં ધોઈ છાપ
હું તો કેવળ ઢોલકી તું મંગલમય થાપ.
નિશદિન ખેડું જાત ત્યાં તારા કણ વેરાય
હર રોમે તું ઊગતો હર શ્વાસે લહેરાય.
તારી સોબતમાં મને બંને વાતે સુખ
રીઝે રાખે બાથમાં રુઠે રહેતો મુખ.
ઝળહળ ઝળહળ જે ઝગે તે તો તારું રૂપ
હું તો દર્પણ કાચનું તારા રૂપે રૂપ.
ચારે હાથે હું થયો જ્યાં તું બેઠો પાસ
થાળ ધરું બે હાથ, તું પંખો લૈ દે ગ્રાસ.
હાથ જ તારો હેતનો સ્પર્શે વાધી વેલ
જન-વન છલક્યાં હેતથી આંખો મારી હેલ.

સાંજ / *જયેશ ભટ્ટ*

(પૃથ્વી • સૉનેટ)

પ્રશાંત દરિયો અહીં ઘૂઘવતો રહી છંદમાં
અવાક તરુઓ ચૂમે નીતરવા જરી ભેજથી,
હવા હીંચકતી રહે, પકડી પર્ણ સંધાનને.
વિરાટ જળસેજમાં અગનપીડને ઠારવા
પડે ક્ષિતિજ રેખથી સૂરજ બ્હાવરો વ્યોમથી.
ઘડીકભર પૃથ્વી થૈ અડવી તેજ-શૃંગારથી,
તહીં પલક વારમાં અવનિ રૂપ શંગારવા
અધીર શશી ઊગતો મધુર તેજના કોડિયે.

લઈ નુપૂર શબ્દના નીરવ મંદિરે નાદથી,
અનાદિ ધ્વનિ ચેતવે વિમળ જ્યોતની આરતી.
ઝીલે સુરભિ તેજની મન અને ત્વચા હર્ષથી,
કશું ભીતર ઝળહળે રણઝણે નરી ઝાલરી.
નિસર્ગ મહીં ઓગળી ગયું શરીર મારું અને
મળી ઝલક એમના હૂબહૂ વૈભવી રૂપની.

હાઈકુ / *પરાગ ત્રિવેદી*

ખર્યું પીળું જ્યાં
પર્ણ, ફફડી ઊઠ્યું
ત્યાં કંઈ લીલું!

મ્હેરબાની જોઈએ / *દિનેશ દેસાઈ*

(ગઝલ)

છે નદીની વાત પાણી જોઈએ,
સરહદોને પણ રવાની જોઈએ.
એટલે તરતી રહી કે લાશ છે,
ડૂબવા તો જિંદગાની જોઈએ.
વારતા નહિ તો અધૂરી લાગશે,
એક રાજા એક રાણી જોઈએ.
ને તરસને કોડ જાગે છે પછી,
એ નિશાની ઝાંઝવાની જોઈએ.
એક વળગણ પાંગરે છે શ્વાસમાં,
રાતભર બસ રાતરાણી જોઈએ.
એ પુછાવે કે, હવે શા હાલ છે?
ફક્ત એની મ્હેરબાની જોઈએ.

હોજો સદાયે નિષ્કુળ / *ધીરુ પરીખ*

(વનવેલી)

મૃત્યુશય્યા પર સૂતા છે અહીંયાં બુદ્ધ.
ત્યાં તો કારુણ્યસભર સંભળાયો કંઠઃ
'ભગવાન, હવે અમારું શું થશે?'
પડખે ઊભેલો આનંદ શો ગદ્‌ગદિત!
બુદ્ધે કહ્યું : 'અપ્પો દીપ અપ્પો ભવ.'
ને આનંદ થઈ ગયો દીવો!
બુદ્ધ પછી બુદ્ધ ઘણું જીવો,
વિચારના ખોળિયામાં, આચારના ડોળિયામાં.
ભગવાન શ્રીકૃષ્ણને ગાંડિવધારીએ કહ્યું :
'મારાં ગાત્રો શિથિલતા અનુભવે.'
સ્મિત ધરી વદ્યા કૃષ્ણ ;
'બધા ધર્મો ત્યજી આવ મારા શરણમાં.'
ને શરણે જઈ બોલ્યો પાર્થ :
'પ્રભુ, આપ કહેશો તેમ જ કરીશ.'
ઘણું બધું કહ્યા પછી વળી કૃષ્ણે કહ્યું :
'તારી ઈચ્છા પ્રમાણે તું કર.'
અને અર્જુન થઈ ગયો સ્વયં ઈચ્છા!
ગયો એડિસન, રહ્યો કેવળ સિદ્ધાંત.
વિજ્ઞાનીને હોતો નથી વંશવેલો;
કારણ કે અજ્ઞાનને મારે છે તે હડસેલો.
ગયા કૃષ્ણમૂર્તિ, રહી માત્ર વિચારોની પૂર્તિ.
ગયા ગાંધી, તો ય 'વાદ'ની તો શમે નહિ આંધી.
બુદ્ધ હો કે ઈસુ, રમણ મહર્ષિ કે હો અરવિન્દ:
વિચારો છે વહેતી નદીનાં નીર
વાવમાં પુરાઈ માને નિજને શાં સ્થિર!
મહાનુભાવો એટલે વિચારોનું મૂળ
એનો વંશ વેલો હોજો સદાયે નિષ્કુળ.

મારી ગઝલ / *હરબન્સ પટેલ 'તન્હા'*

ધડકનોમાં ફાંસ વાગી હોય છે જો કૈં જરી
દર્દ ઝમતું જાય જે એ શૂળમાં મારી ગઝલ.
મીટ્ટી સાથે મીટ્ટી થઈને મેં મને જોયા પછી
ચરણરજ જેની લીધી એ ધૂળમાં મારી ગઝલ.
કોઈની લીલી હશે તો કોઈની ભગવી ગઝલ
શ્વેતરંગી જે હશે એ મૂળમાં મારી ગઝલ.
દાદુ પલટુ તુલસી રૈદાસ મીરાં ને કબીર
મસ્ત થઈ ડોલી રહી એ કુળમાં મારી ગઝલ.
ધૂળધોયા જેમ 'તન્હા' રોજ બસ ધોયા કરો
એ પછી રહેશે નહિ કોઈ સ્થૂળમાં મારી ગઝલ.

સૂત્રસાર

કોને સર્પ અને કોને સીડી માનવી?

રાધેશ્યામ શર્મા

ગમો અને અણગમો માણસમાત્રના મનોમાળાનાં બે પ્રખ્યાત ભાવપ્રધાન ઈંડાં છે! માણસ પંખી જેવો છે અને એના માળાનાં બે ઈંડાં તે ગમો અને અણગમો.

ગમોનો અર્થ થાય છે રુચિ. અણગમો એટલે અરુચિ. રુચિ પ્રિય હોય છે જ્યારે અરુચિ અપ્રિય. રુચિમાં રાગ અને ક્યારેક મોહ પણ રાજ્ય કરતો વરતાય. અરુચિમાં દ્વેષ અને વૈરાગ્ય ઉપસ્થિત હોય.

આખું જગત અને જગતનું લોક, વ્યક્તિ લેખે કેવળ રાગ અને દ્વેષ, પ્રિય અને અપ્રિય, રુચિ અને અરુચિની માયાજાળ-જંજાળમાં સંકડાઈ ગયેલું માલૂમ પડે. ગમા તેમજ અણગમાથી પર, પ્રિય-અપ્રિયની પાર રહેનારું વિરલ આદર્શ પાત્ર તો પુરાણકથાઓની છબિ-પ્રતિમાઓમાંથી અધિક મળે. ઈતિહાસનાં પાને આવાં ચરિત્રો અને પાત્રો ચમકી ગયાં છે ત્યારે એ સર્વની સ્થિતપ્રજ્ઞતા અને વીતરાગિતાના કારણે એમને વિભૂતિ કે મહાનુભાવ માનીને પૂજવામાં આવ્યા છે.

રુચિ-અરુચિનો ગમા-અણગમાની જેમ એક ઈતિહાસ પણ છે. એવી તવારીખની તાસીર જ જુદી છે. વિલક્ષણ છે. જેમ કે એક કાળે એક વ્યક્તિ કે એક પ્રસંગ પ્રત્યે આપણને ગમો હોય એ જ વ્યક્તિ અને એના સંગ માટે બીજી કોઈ પળે - પ્રસંગે અણગમો ઉભરાઈ આવે! દોસ્ત દુશ્મન જેવો પ્રતીત થઈ જાય. અને સંયોગોના લીલાચક્રમાં અપ્રિય પાત્ર પાક્કું અપ્રિય પણ બની જાય. જીવનની શેતરંજબાજીમાં દુશ્મનનું સોગઠું દોસ્તના ખાનામાં ખડું થઈ જાય અને દોસ્તનું સોગઠું દુશ્મનના ખાનામાં હરતુ-ફરતું આવી જાય! આવા લીલાચક્રમાંથી ગુજરનાર ઘણી વાર વિમાસણમાં પડી જાય. સાપસીડીની રમતમાં પ્રશ્ન થાય કે કોને સાપ અને કોને સીડી માનવી? ગમાની સીડી સર્પ જેવી કળાય અને અણગમતો સાપ બિલ્વમંગળ સૂરદાસની જેમ સીડી જેવો ભળાય! જાદુગરની બહુસ્વરૂપી માયારંગીન આલમમાં સાપની પૂંછડીમાંથી સીડી નીકળે અને સીડીની ટોચે સર્પ સળવળે!

એક રાજાની રાજ્યસભામાં એક નગરશેઠનું પ્રતિદિન આવાગમન રહેતું. રાજાના માનીતા, રાજાના લાડકા વણિક શ્રેષ્ઠિ તરીકે શહેરમાં એમની પ્રતિષ્ઠા હતી. જેમ હોશિયાર મોનિટર વિદ્યાર્થી વિના શિક્ષકને પિરિયડ-વર્ગ લેવો ના ગમે તેમ રાજાને એમના ગમતા શેઠ વગર રાજસભા અણગમતી રાણી જેવી દીસતી! લોકોને એ વાતની નવાઈ લાગતી કે આ રાજાજીને ગમતા શેઠે કોઈ દિવસ પ્રેમની ભેટરૂપે કાણી કોડીયે પરખાવી નહોતી અને છતાં રાજાને શેઠની હાજરી વગર ચાલતું નહોતું. ઘણી વાર રાજાને પોતાને નવાઈ લાગતી કે શેઠ ઉપર મને આટલું હેત શાથી ઉભરાય છે? બીજો જવાબ ના જડે એટલે મન વાળી લેતા કે આગલા ભવનો કોઈ ૠણાનુબંધી સંબંધ હશે.

> એકસમાન વસ્તુઓને ગમાડવી અને ન ગમાડવી, એમાં પણ સાચી મૈત્રી સંનિહિત છે.
>
> \- સેલ્લુસ્ત

પણ આ કથામાં આગળ એવો સ્ફોટક પલટો આવે છે કે રાજા તેમજ પ્રજા માટે આશ્ચર્યોનું આશ્ચર્ય સર્જાઈ જાય છે. જે નગરશેઠને પૂછીને રાજા પાણી પીતા હતા, શેઠની પનોતી પધરામણીથી રાજસભામાં સોનાનો સૂરજ ઊગતો હતો એ જ નગરશેઠ કોઈ જ કારણ વગર રાજાને એકાએક અણગમતા બની પડ્યા! સભામાં શેઠ આવે તો ય શું અને ન આવે તોયે શું! આવવું પણ ન આવવા સરખું બની ગયું, તેથી શેઠને પણ નવાઈ જેવું લાગવા માંડ્યું. કોઈ એવી અણઘટતી ઘટના બની નહોતી, બિયાબારુ સમી બોલાચાલી થઈ નહોતી, તીખીતેજ ગરબડ થઈ નહોતી તોયે અણગમતો અવરોધ ઊભો થઈ ગયો. ચાલાક રાજાએ શાણા મંત્રીને ગમા-અણગમાનો કૂટ કોયડો સોંપ્યો અને ચાલાક મંત્રીજી ચાર જ દહાડામાં એનો ગળે ઊતરે એવો ઉકેલ શોધી લાવ્યા.

શેઠની સુખડના લાકડાની ગંજાવર વખાર હતી. વેપાર મરવાની હદે મંદ અને માંદો પડી ગયો હતો. શેઠે ભૂલેચૂકે મંત્રીને મોંએ હૈયાની વાત બાફી મારી કે હવે તો રાજાનું મોત થાય તો જ મારાં લાકડાં ચંદનની ચિતા ગોઠવવા વેચાય! જેવો રાજા માટે ભાવ ફર્યો એવો જ બિનતારો તાર રાજાના હૈયે રણઝણી પહોંચ્યો ને શેઠ માટે રાજાને ઓચિંતો અભાવનો ભાવ થઈ ગયો! ❑



સતીશ ધવન

— પ્રહ્લાદ છ. પટેલ —

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સ (I.I.Sc.)ના પૂર્વ-નિયામક, અવકાશ પંચના અધ્યક્ષ અને ઇન્ડિયન ઍકેડેમી ઑવ સાયન્સીસના પ્રમુખ (૧૯૭૭-૧૯૭૯) સતીશ ધવન ૨ જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ દિવંગત થયા. જો કે તે પૂર્વે છેલ્લા છ મહિનાથી તેઓ શારીરિક રીતે જીર્ણ બની રહ્યા હતા તે છતાં જિંદગીના છેલ્લા શ્વાસ સુધી બિલકુલ ખુશમિજાજમાં રહ્યા. છાતીમાં દુખાવાની ફરિયાદ કર્યા બાદ માત્ર વીસ મિનિટમાં જ અત્યંત શાંતિપૂર્વક તેમણે આ જગત-માંથી દૈહિક રીતે વિદાય લીધી. તેમના જવાથી ભારતે પનોતો પુત્ર અને વિજ્ઞાનજગતે અજાતશત્રુ વિજ્ઞાની ગુમાવ્યો છે. તેઓ પોતાની કારકિર્દી દરમ્યાન શિક્ષક, સંશોધક વિજ્ઞાની, ઇજનેર, ટેક્નોલૉજિસ્ટ, પ્રબંધક, માર્ગદર્શક નેતા અને સલાહકાર તથા કોઈક વખતે આ બધુંય એક સાથે રહ્યા. તેમણે જીવનમાં જે કાંઈ કર્યું છે તેમાં સંપૂર્ણ સમર્પિતતા, દૃષ્ટિની વિશાળતા, ચોકસાઈ અને માનવતા સાથે કર્યું છે. પ્રારંભમાં જે કંઈ અશક્ય કે મુશ્કેલ લાગ્યું તે બધું, આ ગુણોને લીધે, સિદ્ધ કરીને જ જંપ્યા. તેને લીધે તેમની વૈજ્ઞાનિક અને ટેક્નોલૉજિકલ પ્રવૃત્તિઓનો અનેરો સમન્વય થયો. આથી જે જે સંસ્થાઓ અને સંગઠનોને તેમની દોરવણી મળી તે બધાં જ સર્વોપરિતાની દિશામાં આગળ ધપ્યાં.

૨૫ સપ્ટેમ્બર, ૧૯૨૦ના રોજ શ્રીનગર ખાતે સતીશ ધવનનો જન્મ થયો. તેમણે દેશ-પરદેશ (યુ.એસ.)માંથી શિક્ષણ લીધું. પંજાબ યુનિવર્સિટી (લાહોર)માંથી તેઓ સ્નાતક થયા હતા. ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાન સાથે બી.એ., અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. અને યાંત્રિકીય ઇજનેરીમાં બી.ઈ. થયા. ૧૯૪૭માં મિનેસોટા યુનિવર્સિટી (યુ.એસ.)માંથી વૈજ્ઞાનિક ઇજનેરી સાથે એમ.એસ. થયા. ત્યાર બાદ તે કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નોલૉજી (કૅલ્ટેક) ગયા અને ત્યાંથી વૈમાનિક ઇજનેરીની ઉપાધિ મેળવી. ૧૯૫૧માં વૈમાનિકી અને ગણિતશાસ્ત્રમાં પીએચ.ડી. થયા. આ ઉપાધિ માટે તેમણે પૃથ્વીના વાતાવરણ અને તેની બહારના અવકાશમાં વિમાન ઉડ્ડયનની તાંત્રિક વિદ્યાના વિજ્ઞાની અને તરલ ગતિકીના નિષ્ણાત હાન્સ ડબ્લ્યુ લીપમેનના માર્ગદર્શન હેઠળ મેળવી. તેમનું જીવન એટલે ગણિત, વિજ્ઞાન, સાહિત્ય અને ઇજનેરી જેવા વિવિધ વિષયોનું અદ્‌ભુત રસાયણ. વિશાળ માનવ-દૃષ્ટિકોણ અને પારિવારિક સંસ્કારિતાએ તેમને શક્તિ અપાવી જેથી તે જગતને જુદા જુદા ખૂણેથી જોવા સક્ષમ થયા. આ બધા અનોખા ગુણો તેમના નેતૃત્વનું કારણ બન્યા.

હિન્દુસ્તાન ઍરક્રાફ્ટ (હવે હિન્દુસ્તાન ઍરોનોટિક લૅબોરેટરી, HAL)માં એક વર્ષ કામ કર્યું. તે પછી સરકારની શિષ્યવૃત્તિ મળતાં વધુ અભ્યાસર્થે યુ.એસ. ગયા. કૅલ્ટેકમાં એક વિદ્યાર્થી તરીકે અનન્ય છાપ ઊભી કરી. ૧૯૫૧માં સ્વદેશ પાછા ફર્યા તે પહેલાં ઝળહળતી યાદ છોડતા આવ્યા. ધવન એવા ભારતીય નાગરિક હતા કે જેમણે હોશિયારીથી નવા નવા વિકટ પ્રયોગોનું નિરાકરણ કર્યું. એ તો ખરું પણ વિશેષમાં હાઈપરજ્યૉમેટ્રીના વિધેયો સાથે રમત કરતા, અવારનવાર શેક્સ્પીઅરનો રસાસ્વાદ કરાવે અને વાર્તા-ટુચકાથી મિત્રોને પ્રસન્ન કરતા. જે કોઈ તેમના પરિચયમાં આવે તે બધા તેમના મોહક વ્યક્તિત્વથી પ્રભાવિત થતા. તેઓ અનુગ્રહ અને નમ્રતા-સભર હતા.

તેમણે જ્યારે વાયુગતિવિદ્યામાં સંશોધન કારકિર્દી શરૂ કરી ત્યારે પરાધ્વનિ (supersonic) પ્રવાહો અને પ્રઘાતી (shock) તરંગો એ વિલક્ષણ (exotic) ઘટનાઓ ગણાતી હતી. તેમના પ્રારંભિક સંશોધન લેખો આ સંબંધે હતા. વિશેષતઃ પ્રઘાતી તરંગો વિમાનની પાંખો જેવી ઘન સપાટી સાથે અથડાઈને પાછાં પડે ત્યારે તે સ્થિતિનાં વિગતવાર અવલોકનો કર્યાં. તેમના પીએચ.ડી.ના મહાનિબંધમાં ઘર્ષણ-ખેંચાણના માપનની બુદ્ધિગમ્ય શોધ કરી. તેમાં તેમણે ઇલેક્ટ્રૉનિક પદ્ધતિ અને તટસ્થ ટેક્નિકનો ઉપયોગ કર્યો હતો. કેટલાંય પુસ્તકોમાં

તેમના આ સંશોધન-લેખોનો ઉલ્લેખ જોવા મળે છે - જેમ કે શ્લિકિંટગના પુસ્તક 'બાઉન્ડ્ર લેયર થીઅરી'માં તેમનું લખાણ તે સમયે સૌપ્રથમ વાર પ્રકટ થયું. છેલ્લાં પચાસ વર્ષમાં પ્રકટ થયેલાં આ વિષયનાં પુસ્તકોમાં તેમના સંશોધનનો ઉલ્લેખ અચૂક રીતે જોવા મળે છે.

૧૯૫૧માં ધવન I.I.Sc.માં વિરિષ્ઠ વૈજ્ઞાનિક અધિકારી તરીકે જોડાયા. ૧૯૫૫ સુધીમાં ક્રમશઃ તેઓ વાયુગતિવિદ્યા ઈજનેરીના પ્રાધ્યાપક અને પછી તે વિભાગના અધ્યક્ષ બન્યા. ૧૯૬૨માં તેઓ I.I.Sc.ના નિયામક બન્યા. ત્યાં રહીને તેમણે, આજથી પચાસ વર્ષ પહેલાં, રાષ્ટ્રના પ્રથમ પરાધ્વનિક બૉગદુની રચના કરી. તે સમયે તે કદાવર, રૂપાળા અને તરવરિયા હતા. પોતાની કારમાંથી ચપળતા સાથે બહાર નીકળે. બબ્બે પગથિયાં એકસાથે ફટાફટ ચઢીને પોતાના વિભાગમાં પહોંચે, વર્ગખંડના બારણામાં દાખલ થતાંની સાથે વિદ્યાર્થીઓને 'ગુડ મોર્નિંગ' કહે. આ સંસ્થામાં તેમણે યૌવનનું સિંચન કર્યું. તાજગી આણી, આધુનિકતા અને સાતા માનવભાવનું પ્રદાન કર્યું. કૅલિફોર્નિયન ઔપચારિકતા અને સદ્‌ગુણોથી સાથીદારો અને વિદ્યાર્થીઓનું ચિત્ત હરી લેતા. ટૂંકમાં તેઓ વિદ્યાકીય ક્ષેત્રનો સિતારો બન્યા.

વિવિધ કારણોસર વિદ્યાર્થીઓને તેમના વર્ગમાં જવું ગમતું હતું. પ્રથમ તો વિદ્યાર્થીઓ અને વિષય પ્રત્યે તેમનો અભિગમ મોહક રહેતો. તે પૂરી સહૃદયતા સાથે શિક્ષણકાર્ય કરતા. વિષયની નોંધો, આકૃતિઓ, માહિતી જેવી શૈક્ષણિક સામગ્રી ભરપેટ આપતા. આખો દિવસ કાર્યરત રહેવું અને મોડી રાત સુધી સંશોધન-અભ્યાસકાર્ય એ તેમનો રોજિંદો વ્યવહાર હતો. તેમના વિદ્યાર્થીઓ તેમના જેટલી જ ગંભીરતાથી કામ કરે તેવી સમુચિત અપેક્ષા તે રાખતા.

તેમણે તૈયાર કરેલી સંસ્થાની પ્રયોગશાળામાં જતાં બધું જ ભિન્ન ભિન્ન જોવા મળે તે છતાં સુંદર રીતે કાર્ય થતું હોય. પ્રયોગશાળામાંથી જ વિજ્ઞાન અને ઈજનેરી એમ બંનેની સુંદર તસ્વીરનો સંદેશો મળી જાય. તેમાં ૧૦૦ હો.પા. કૉમ્પ્રેસર્સ ચાલતાં હોય, લેન્સ અને ગેલ્વેનોમીટર તેમનાં કાર્ય કરતાં હોય. વાસ્તવમાં તેમણે I.I.Sc. અને દેશની અન્યત્ર આવેલી સંસ્થાઓમાં ઈજનેરી સમસ્યાઓ ઉપર વૈજ્ઞાનિક સંશોધન કરવાની પરંપરાઓ સ્થાપિત કરી. પ્રયોગકર્તાઓને સરળતા રહે અને ઝડપ વધે તે માટે નાનીનાની વિવિધ પ્રયુક્તિઓ તેઓ તૈયાર કરી રાખતા. તે સમયે તરલ ગતિકી ઉપર સંશોધન કાર્ય સમયની માંગ હતી. પ્રક્ષુબ્ધ પ્રવાહોમાં વધઘટ તથા વેગનાં માપનો કરવાં એક મોટી કડાકૂટ હતી. તે માટે અન્વેષી (probe)ની જરૂર પડતી. તે તૈયાર કરવા ધાર્મિક પૂજા જેટલી સ્વસ્થતાથી કાર્ય કરવું પડતું. આવા અન્વેષી બનાવવા માટે સૂક્ષ્મ તારની જરૂર હતી, જે તેમણે અમેરિકાસ્થિત તેમના મિત્ર પાસેથી પ્લેટિનમ અને ટંગસ્ટનના ટુકડારૂપે મેળવી આપતા.

વાયુગતિકી પ્રયોગશાળામાં વિન્ડ ટનલનું અંકન રસપ્રદ ઘટના હતી. તે સમયે આ બધું કંઈક અજીબોગરીબ લાગતું. સુવિધાઓ માટે તેમણે માર્ગદર્શી યોજનાઓ તૈયાર કરી. આ બધું જ તેમણે પાછળથી નૅશનલ ઍરોટોનિક્સ (હાલ નૅશનલ ઍરોસ્પેસ લૅબોરેટરીઝ-NAL)બૅંગ્લોરમાં આમેજ કર્યું હતું. I.I.Sc.માં જે વિદ્યાર્થીઓ અને સહકાર્યકરો આ વિષય પર કાર્ય કરતા હતા તે બધા NAL સાથે જોડાયા. ત્યાં નૅશનલ ટ્રાયસોનિક ઍરોડારનેમિક ફૅસિલિટીની સ્થાપના કરી. NTAF તે અદ્યતન રીતે સુસજ્જ કરેલી બ્લોડાઉન ટનલ સુવિધા છે જે વૈશ્વિક સ્તરે મહત્ત્વ ધરાવે છે. આ સાથે તરલ ગતિકી વિષય ઉપર તેમનું સંશોધન તો ચાલુ જ રહ્યું. તેમણે તેમાં વિદ્યાર્થીઓ સાથે સીમા સ્તર આગળ સરળ અને સ્તરીય પ્રવાહ વધુ અનિયમિત, વમળયુક્ત અને પ્રક્ષુબ્ધ સ્થિતિમાં સંક્રમણ કરે ત્યારે ઉદ્‌ભવતી જટિલ ઘટના ઉપર પુરોગામી સંશોધન કાર્ય કર્યું. આ સાથે તેમણે પ્રવાહના પ્રતિસંક્રમણનો પણ અભ્યાસ કર્યો.

સંશોધન બાબતે ધવન બે વિચારધારાઓ ધરાવતા. વિદગ્ધ વિકાસ અથવા સમય પ્રમાણે જે કોઈ સામગ્રી, કૌશલ્ય અને સાધનો પ્રાપ્ત થાય તેના વડે પરવડે તે રીતે તેવું સંશોધન કરવું. બીજું, ઍરક્રાફ્ટ-ઉદ્યોગોમાંથી નવેસરથી ઊભી થતી સમસ્યાઓ ઉપર પ્રયોગશાળામાં પાયાગત સંશોધન કરવું અને તે માટે વિજ્ઞાનીઓને પ્રોત્સાહિત કરવા. આ સાથે આ ઉદ્યોગના વિકાસ માટે પ્રેરકબળ પૂરું પાડવું. તે માટે નીતિનિર્ધારણ કરવા અને પ્રબંધન માટે HALને વિશ્વસ્ત કરવામાં આવ્યું, જેને કારણે અવકાશ પ્રકલ્પ માટેનો વિભાગ શરૂ કરી શકાય.

૧૯૭૨માં ધવન અવકાશ પંચ અને ઈસરો(**Indian Space Research Organisation**)ના અધ્યક્ષ નિમાયા. તે સાથે ભારત સરકાર સંચાલિત અવકાશ વિભાગના સેક્રેટરી તરીકે કામગીરી બજાવવાની આવી. આમ તો આ બધા અવકાશ કાર્યક્રમો માટે સદ્‌ગત ડૉ. વિક્રમ સારાભાઈનું સ્વપ્ન જ પ્રભાવક રહ્યું છે. તે માટે જરૂરી ઉચ્ચ કોટિના ટેક્નોલૉજિકલ વિકાસ અને સંગઠનની પ્રક્રિયાનું સર્જન તો ધવને જ કર્યું. અવકાશ પંચના અધ્યક્ષ નિમાયા બાદ દસ વર્ષમાં ભારતીય અવકાશ કાર્યક્રમનો અનન્ય વિકાસ સધાયો અને ભવ્ય સિદ્ધિઓ ઉપલબ્ધ થઈ છે. મહત્ત્વના પ્રકલ્પોને સુવ્યાખ્યાયિત (સુગ્રથિત) કર્યા અને તેમનો અમલ કર્યો. આ પ્રકલ્પોમાં ભારતીય રૉકેટ પ્રમોશન વાહનો તથા ઉપગ્રહોને અવકાશમાં તરતા મૂકવાનો સમાવેશ થાય છે. ગ્રામીણ શિક્ષણ, દૂરસંવેદન અને ઉપગ્રહ સંદેશા-વ્યવહારને લગતા પુરોગામી પ્રયોગો શરૂ કર્યા. આ પ્રયોગો ઈન્સેટ જેવા કાર્યરત તંત્ર ભણી દોરી ગયા.

આજે આ બધું ભારતના નાગરિક જીવનનો એક ભાગ બની રહ્યું છે!

વિકસતા રાષ્ટ્રની જરૂરિયાતો પ્રત્યે તેમની સંવેદનશીલતાએ ભિન્ન ભિન્ન પ્રકલ્પોનું આયોજન કર્યું. આ બધું ખાનગી અને જાહેર ઔદ્યોગિક ક્ષેત્રે વિજ્ઞાનીઓ અને ઇજનેરોની સામેલગીરીની કદરરૂપે હતું. વળી, છેલ્લા બે દાયકાના ભારતીય અવકાશ કાર્યક્રમો ટેક્નોલૉજિકલ વિકાસનો નમૂનો બની રહ્યા છે. ધવને અબ્દુલ કલામ અને ઇસરોના વિજ્ઞાનીઓ તથા ઇજનેરો સાથે ચર્ચાવિચારણા કરીને ૧૫ વર્ષ (૧૯૮૦-૧૯૯૫) માટે અવકાશ સંશોધન અને ઉપયોગો માટે બ્લ્યુ-પ્રિન્ટ તૈયાર કરી આપી. અવકાશ મિશનની રૂપરેખા તેમણે પોતાના હસ્તાક્ષરોમાં જ તૈયાર કરી. તેને આધારે ધ્રુવીય અને ભૂસ્થિર ઉપગ્રહો માટે પ્રમોચન વાહનો (**PSLV** અને **GSLV**)નું નિર્માણ થયું. તે સાથે ભારતીય દૂરસંવેદન ઉપગ્રહો (**IRS**), ઇન્સેટ શ્રેણી અને તેમને આનુષંગિક ટેક્નોલૉજિકલ અન્વયો સાકાર થયા.

ધવને જે સિદ્ધાંતોને સૂત્રબદ્ધ કર્યા અને અમલ કર્યો તેનો તેમણે ક્યાંયે લાક્ષણિક રીતે ઉલ્લેખ કર્યો નથી. પણ તેમની કાર્યપદ્ધતિ ઉપરથી બધું જ સુવિદિત થાય છે. સૌપ્રથમ તેમણે સરળતાથી સમજી શકાય તેવા હેતુ સાથે સામાજિક જાગરૂકતાના વિસ્તૃત કાર્યક્રમોનું આયોજન કર્યું. તેની કેટલીક વિગતો વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (**V.S.S.C.**), ત્રિવેન્દ્રમના સભાખંડમાં પ્રદર્શિત કરેલી છે. આ કાર્યક્રમોમાં હવામાન, કુદરતી સંસાધનો, સંદેશાવ્યવહાર વગેરેનો અભ્યાસ અને જાણકારીનો સમાવેશ થાય છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નોલૉજી (**I.I.T.**) કે પરદેશની ઉપાધિ ધરાવે કે ન ધરાવે પણ ભારતીય વિજ્ઞાનીઓ અને ઇજનેરો પ્રત્યે તે અદ્ભુત વિશ્વાસ ધરાવતા હતા. શક્તિશાળી નિર્દેશકના માર્ગદર્શન હેઠળ નાનાં નાનાં જૂથોની રચના કરી, જે તે પ્રકલ્પની સંપૂર્ણ જવાબદારી તેમને સોંપી દેતા. પાછળથી કોઈ માથું મારવાનું નહીં. તેમની કાર્યપદ્ધતિનો આ એક તરીકો હતો. આવાં જૂથોના સારા અને સફળ કાર્ય માટે સૌને તે ખુલ્લા મનથી યશ આપી બિરદાવતા અને અસફળતા માટે જવાબદારી પોતાને શિરે લઈ લેતા. જે તે સંસ્થામાં તેમણે મૂલ્યાંકન અને પદોન્નતિની પરંપરા પણ ઊભી કરી હતી, જેથી સૌકોઈને પ્રોત્સાહન મળતું અને વધુ ધગશથી કામ થતું. આ બધામાં ખોટી ઉતાવળ ન થાય તેની તકેદારી રાખતા. આ રીતે પોતાના સાથીદારોનો આત્મવિશ્વાસ વધતો અને તંત્ર સુદૃઢ બનતું. અવકાશ કાર્યક્રમ હર હાલતમાં નાગરિક સાહસ બની રહે તેવો તે આગ્રહ રાખતા.

તેમની પ્રબંધન શૈલી અનોખી હતી. તે કદાપિ સમાચાર માધ્યમો આગળ દેખા દેતા નહીં. કાઉન્સિલ કે કમિશનની ચાર દીવાલો વચ્ચે રહીને કામ અને પ્રબંધન કરવું. હરેક કામ કે



વૈજ્ઞાનિક યુવકો સાથે આનંદિત મુદ્રામાં સતીશ ધવન

પ્રવૃત્તિ પૂરા આશાવાદ સાથે હાથ ધરતા.

રાષ્ટ્રનો અવકાશ કાર્યક્રમ ચલાવતા હતા ત્યારે તે **I.I.Sc.** નિયામકની ફરજો પણ બજાવતા. અવકાશ કાર્યક્રમની સેવાઓ બદલ તે માસિક માત્ર એક રૂપિયો પ્રતીક વેતન લેતા હતા અને પોતાનું અસલ વેતન **I.I.Sc.** માંથી મેળવતા હતા. તેમને **I.I.Sc.** સાથે ભારે લગાવ હતો અને તે તેમનું સર્વસ્વ હતું. આથી વિક્રમ સારાભાઈના અવસાન બાદ જ્યારે ઇન્દિરા ગાંધીએ ઇસરોનો કાર્યભાર સંભાળી લેવા ધવનને કહ્યું ત્યારે તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે તે **I.I.Sc.**માં રહીને જ ઇસરોની કામગીરી કરશે અને ત્યારથી બૅંગ્લોર ઇસરોને વડુ મથક બનાવ્યું. ૧૯૭૭માં ઇન્દિરા ગાંધી ચૂંટણી હારતાં વડાપ્રધાન પદ ગુમાવ્યું. તેમના પછી વડા પ્રધાન તરીકે મોરારજી દેસાઈ આવ્યા. જ્યારે નિયુક્ત કરનાર સરકાર બદલાય ત્યારે અગાઉની સરકારે નિયુક્ત કરેલી વ્યક્તિઓ પોતાના હોદ્દાનું રાજીનામું આપી દે તેવી એક નૈતિક પરંપરા છે. આ અન્વયે શ્રી ધવને ઇસરોના અધ્યક્ષ તરીકે રાજીનામું આપ્યું, જેનો મોરારજી દેસાઈએ અસ્વીકાર કર્યો.

વયમર્યાદાને કારણે તે નિવૃત્ત થયા પછી અવકાશપંચના સભ્ય તરીકે તો ચાલુ રહ્યા અને ઍરોસ્પેસના સમુદાયને ભીષ્મપિતાની જેમ માર્ગદર્શન આપતા રહ્યા. બધી બાજુએ ધ્યાન રાખી વિગતો એકઠી કરે અને તેનું વિશ્લેષણ કરતા તેને આધારે વિજ્ઞાન અને ટેક્નોલૉજીની જાહેર નીતિ તૈયાર કરતા. સમાજની વૈજ્ઞાનિક માગણીઓ ઉપર પૂરેપૂરું ધ્યાન આપવા વિજ્ઞાનીઓને અનુરોધ કરતા.

ઇસરો ખાતે ઉચ્ચ ટેક્નોલૉજી અને વિજ્ઞાનની ભૂમિકા તૈયાર કરવાની સાથે તેમણે યુવાનો માટે લઘુવિજ્ઞાન સ્વરૂપે શાળા-કૉલેજની પ્રયોગશાળાઓ પ્રત્યે એટલી જ દિલચસ્પી રાખી. અવકાશ કાર્યક્રમના ભારેખમ કાર્યબોજમાંથી ઍકેડેમીનાં હળવાંફૂલ વ્યાખ્યાનોમાં અદ્ભુત રીતે સરકી જતા. કોઈ પણ વ્યાખ્યાન માટે જરૂરી ગણતરીઓ અને આકૃતિઓ જાતે જ તૈયાર કરતા. આવું કામ તેમણે પોતાના મદદનીશો પાસે કદાપિ કરાવ્યું નથી.

I.I.Sc.માં ૧૯ વર્ષ તેમણે ગાળ્યાં તે દરમિયાન તેમણે તરલગતિકી અને વૈમાનિકીમાં પોતાનો રસ અકબંધ રાખ્યો. ઇન્ડિયન ઍરલાઈન્સ માટે ઉડ્ડયન કરતાં 'એવ્રો'નું મૂલ્યાંકન કર્યું અને તે સાથે નાગરિક ઉડ્ડયન સંબંધે સંશોધનોની ધૂણી ધખાવી. I.I.Sc.માં સ્વયંસંચાલિત યંત્ર-તંત્ર, નિયંત્રણ સિદ્ધાંત, દ્રવ્યવિજ્ઞાન, આણ્વિક જૈવવિજ્ઞાન, ગ્રામીણ ક્ષેત્રો માટે ટેક્નોલૉજી, સૈદ્ધાંતિક ભૌતિકી, ઘનાવસ્થા રસાયણશાસ્ત્ર, પ્રયુક્ત ગણિતશાસ્ત્ર, વાતાવરણ-વિજ્ઞાનના કાર્યક્રમો સંગીન બનાવવા માટે તે ઘણો સમય ફાળવતા હતા. જી.એન. રામચંદ્રન, સી.એન.આર. રાવ, ઈ.સી.જી. સુદર્શન જેવા ખ્યાતિપ્રાપ્ત વિજ્ઞાનીઓને I.I.Sc.માં જોડાવા સમજાવ્યા. ચીલાચાલુ શૈક્ષણિક કાર્યક્રમને નવો ઓપ આપ્યો. તે સમયે ત્યાં ભૌતિકશાસ્ત્ર વિભાગ પ્રતિષ્ઠિત અને વિકસિત હતો. બધા જ વિભાગોને તેની હરોળમાં લાવ્યા. આ સાથે તેમણે રાષ્ટ્ર માટે વિજ્ઞાન અને ટેક્નોલૉજીની નીતિ સૂત્રબદ્ધ કરી. તેમાં કૅબિનેટની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિનો સહયોગ મળી રહ્યો. **NAL, R.R.I. (Raman Research Institute)** જેવાં સંગઠનોનું તેમણે નેતૃત્વ કર્યું છે; તે બધાંને આધુનિક ઘાટ આપ્યો છે.

માનવતા, વૈયક્તિક - મોહકતા અને સામાજિક જાગૃતિ જેવા ઉત્કૃષ્ટ ગુણોથી તેમની નેતાગીરી દીપી ઊઠી. જ્યારે શ્રીહરિકોટા (ઓરિસ્સા) ખાતે ઉડ્ડયન-રેન્જ તૈયાર કરવાની હતી અને સમગ્ર વિસ્તારની ફરતે કાંટાવાળી તારની વાડ કરવાની તૈયારીઓ કરવામાં આવી ત્યારે તેમણે એકદમ તે કામ અટકાવી દીધું; કારણ કે તે વિસ્તાર પશુઓને મુક્ત રીતે ચરવા તથા આદિવાસીઓ માટે છે. તેમને તેમના અધિકારથી વંચિત રાખી શકાય નહીં. વાડ કરતાં પહેલાં વૈકલ્પિક વ્યવસ્થા કરવા જણાવી દીધું. તે સ્થળે સ્થાનિક કુદરતી કે કૃત્રિમ ચીજવસ્તુઓનું સંગ્રહ-સ્થાન બનાવી આપ્યું. તે પોતે કડક હતા અને સખ્તાઈથી કામ લેતા, પણ પોતે વ્યક્તિગત રીતે કદાપિ કોઈ ફાયદો ઉઠાવ્યો નથી.

વિવિધ દૃષ્ટિબિંદુઓ અને પરિબળોને લીધે જ્યારે અનિર્ણાયક અવસ્થામાં આવવાનું થાય ત્યારે માનસિક સમતુલા જાળવતા, સાથીદારો સાથે વિચાર-વિમર્શ કરીને સ્વસ્થ ચિત્તે નિર્ણય કરતા. ઘણાને લાગતું હતું કે તેઓ ભારતીય ફિલસૂફી અને ધર્મમાં ઝાઝો રસ ધરાવતા નથી; પણ વાસ્તવમાં તે સંપૂર્ણ ભારતીય હતા. બીજા ફિલસૂફી-ચાહકોની જેમ કદી દેખાડો કરતા નહીં. ખરા અર્થમાં તે જીવનપર્યંત 'કર્મયોગી' રહ્યા.

વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે એમણે જે અદ્વિતીય ફાળો આપ્યો છે તે માટે તેઓ દેશ અને પરદેશની ઘણી બધી સંસ્થાઓ દ્વારા સન્માનિત થયા છે. જ્યારે રૉયલ ઍરોનૉટિકલ સોસાયટી ખાતે કૉમનવેલ્થ પ્રવચન આપવા બોલાવ્યા ત્યારે તેમણે ભારતની વિવિધ ઍરોનૉટિકલ સંસ્થાઓમાં જે કાંઈ ચાલતું હતું તેનું બયાન કર્યું. ૧૯૭૭માં ધવન ઈન્ડિયન ઍકૅડેમી ઑવ સાયન્સીઝના અધ્યક્ષ પદે વરાયા. યુ.એસ. નૅશનલ ઍકૅડેમી ઑવ એન્જિનીઅરિંગમાં જૂજ ચૂંટાયેલા ભારતીઓમાં તેઓ એક હતા. I.I.Sc. અને કૅલ્ટેકના તે નામાંકિત સભ્ય હતા. તેમના વિશ્વભરના મિત્રો અને ચાહકોએ તૈયાર કરેલ વિજ્ઞાનના સંશોધનના લેખોનાં બે દળદાર પુસ્તકો તેમને અર્પણ કરવામાં આવ્યાં. ૧૯૯૯માં રાષ્ટ્રિય સમાકલન માટે ઇન્દિરા ગાંધી ઍવૉર્ડ આપવામાં આવ્યો. તેના પ્રશસ્તિપત્રમાં તેમનું જીવન નીચે પ્રમાણે શબ્દબદ્ધ કર્યું છે :

'આપણે ત્યાં અગાઉ થઈ ગયેલા અગ્રગણ્ય વિજ્ઞાનીઓ, શિક્ષકો, રાષ્ટ્રના ઘડવૈયા સાથે બરાબર બંધ બેસતા આવે તેવા પ્રો. સતીશ ધવનને આ ઍવૉર્ડ આપવામાં આવે છે. તેમણે વિજ્ઞાન-શિક્ષણ, સંશોધન, નીતિ-નિર્ધારણ અને અમલ તથા વિજ્ઞાનના માધ્યમથી રાષ્ટ્રિય સંસ્થાઓના ઉકેલ પરત્વે ઊંડી નિસબત સાથે બહુપારિમાણિક યોગદાન કર્યું છે.'

તે જ્ઞાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતવાદથી પર હતા. I.I.Sc.ને તેમણે જ્ઞાન-સંશોધનનું કેન્દ્ર બનાવ્યું. લોકશક્તિને ઉજાગર કરવા માટે ઇસરોને વાહન બનાવ્યું. આકાશ અને ધરા વચ્ચેનું અંતર શૂન્યવત્ કરી દીધું. આ છે તેમનાં કાર્યોનો સરવાળો કે સારાંશ.

સંપૂર્ણ શાંતિ અને મોભા સાથે કોઈ પણ જાતનો ગણગણાટ કે દોડધામ કર્યા સિવાય તે આપણને છોડીને ચાલ્યા ગયા. ફ્લડ-લાઈટ ચાલુ હોય ત્યારે તે હંમેશાં તેની પાછળ ઊભા રહ્યા છે અને લોકોને પ્રકાશ આપી પ્રગતિનો માર્ગ ચીંધ્યો છે. ધવન એટલે મૂર્તિમંત સંનિષ્ઠા - આ જ તેમની ઓળખાણ હોઈ શકે. સતીશ ધવન સદેહે આપણી વચ્ચે નથી. અલબત્ત, તેમની ભારે ખોટ વર્તાશે. પણ તેમનાં કાર્યો અને સૂચિત કાર્યક્રમો સ્વરૂપે લાંબા સમય સુધી તેઓ આપણી વચ્ચે હોવાના. ❒

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે 'કુમાર' ટ્રસ્ટને મળેલાં દાન

૧૧.	શ્રી શારદાબ્હેન નટુભાઈ પરીખ (ચિત્રકાર) અમદાવાદ	રૂ. ૨,૦૦૦
૧૨.	સદ્‌ગત શ્રીમતી નિર્મળાબહેન વસોવાળા C/o. શ્રી કાન્તિભાઈ એમ. સુતરિયા (નડિયાદ)	રૂ. ૧,૨૦૧
૧૩.	પ્રા. સુરેશ મ. શાહ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૪.	શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)	રૂ. ૭૦૦
૧૫.	શ્રી હિમ્મતભાઈ જોશી 'પુષ્પમ્' (ગાંધીધામ)	રૂ. ૫૨૫
૧૬.	શ્રી રમણીક સોમેશ્વર (અંજાર-કચ્છ)	રૂ. ૫૦૦
૧૭.	શ્રી શિવલાલ જેસલપુરા (અમદાવાદ)	રૂ. ૫૦૦

દાનની રકમ 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવી.

કલમ ૮૦જી અન્વયે આ દાન આયકર રાહતને પાત્ર છે.

રૂપેરી તડકો

મુનિકુમાર પંડ્યા

સ્ટેશને પહોંચ્યાં અને ટ્રેન ઊપડવાની સિટી સંભળાણી. ઝટપટ ટિકિટ લઈને લગભગ દોડતાં અમે બંને પ્લૅટફૉર્મ ઉપર પહોંચ્યાં અને ટ્રેન ઊપડી. સામે જે આવ્યો એ ડબ્બો ખોલીને હિનાને મેં અંદર ધક્કેલી. બૅગ અને થેલો તેને અંબાવીને હું પણ ડબામાં ચડી ગયો અને બારણા પાસે ઊભો રહ્યો. હિના થેલો લઈને અંદર ખાનામાં જગ્યા ગોતવા ગઈ. પ્લૅટફૉર્મ પસાર થવા લાગ્યું.

રૂપાને ડબામાં ખેંચી લેવા મેં બહાર હાથ લંબાવ્યો. 'રૂપા, રૂપા, અંદર આવી જા, ડબામાં જગ્યા છે... જગ્યા છે હોં... આવી જા ને રૂપા...'

એટલામાં તો ટ્રેન પ્લૅટફૉર્મ વટાવી ચૂકી. ટ્રેને સ્પીડ પકડી લીધી હતી. ધધડ ધડ ધધડ ધડ... વિસ્તરતી સોસાયટીઓ વચ્ચે ટ્રેન દોડી રહી. મારો હાથ પાછો પડ્યો. હવામાં ખાલી હાથ વીંઝી હિનાની બૅગ મેં ઊંચકી. તેણે મારા માટે જગ્યા રોકી હતી ત્યાં જઈને હું ગોઠવાયો.

હિનાએ વૉટરબૅગ ખોલી. ઊંચી ડોક કરીને તે પાણી પીવા લાગી. ગટ્ટ... ગટ્ટ... ગટ્ટ... એના ફૂલતા ગળામાંથી પાણી પેટમાં ઊતરવા લાગ્યું. મને ચીડ ચડી; 'ઊંહ, આ શું? કેવું બેહૂદું લાગે છે? હમણાં જ ઘરેથી નીકળ્યાં ત્યારે પાણી પીધું હતું અને એટલી વારમાં આવડી આ પાછી તરસી થઈ ગઈ?'

પાણી પીને હિનાએ વૉટરબૅગ સીટની નીચે મૂકી. ઊભા થઈને ઉપરની સીટ માથે બૅગ મૂકી. એની ઉપર થેલો મૂક્યો. ધબ્બ દઈને તે પોતાની જગ્યાએ ગોઠવાઈ. એના શરીર સાથે મારું શરીર ઘસાયું. પાછી એ ઊભી થઈ. આળસ મરડીને બગાસું ખાધું. ધબ્બ કરતીકને બેઠી.

તેની આ ઊઠબેસ મને વાગી. મનમાં ત્રાસ થયો. બીજી જગ્યા માટે મેં આમતેમ નજર દોડાવી પણ ક્યાં છે જગ્યા? હિના પાસેની જગ્યાએ બેસીને જ મારે મુસાફરી પૂરી કરવાની રહી. બીજો કોઈ ઉપાય ખરો?

મને રૂપા યાદ આવી.

બારીની બહાર મેં નજર કરી. પાછળ મૂકી દીધેલું ગામ વધુ ને વધુ દૂર ખેંચાતું જાય છે અને ટ્રેન તો આગળ ને આગળ દોડી રહી છે.

'ગઈ ત્રીજના દિવસે આપણાં લગ્ન થયાં. આજે એક મહિનો અને માથે બે દિવસ થયા. ખરું કે?' હિનાએ વાતની શરૂઆત કરી.

'હં' - એટલું જ હું બોલ્યો.

'જુઓને! આઠ મહિના પહેલાં તમે મને જોવા માટે આવ્યા હતા. દિવાળી પછીના અઠવાડિયે તમે આવેલા. તમારી સાથે તમારા પેલા ભાઈબંધ પણ હતા. શું નામ હતું એનું?' હિના નામ યાદ કરવા લાગી.

મને એ મિત્રનું નામ યાદ હતું. એ સુભાષ હતો. પણ જાણીજોઈને મેં નામ કહ્યું નહીં. હું મૂંગો રહ્યો.

'અને આપણાં લગ્નનું ગોઠવાયું ત્યારે મારા પપ્પા બિચારા કેટલા તો રાજી થયેલા! હા...' હિનાના મોં ઉપર એના પપ્પાનો એ વેળાનો આનંદ ડોકાઈ રહ્યો. 'પપ્પાના ત્યારના શબ્દો આજે પણ મને યાદ છે. તેમણે કહેલું કે આખરે તો નસીબની વાત છે આ બધી.'

હિના પોતાના નસીબ માટે ખુશ હતી. એની ખુશીમાં મને પણ સામેલ કરવા આમંત્રણ આપ્યું : 'બોલો, સાચી વાત છે ને?'

'હા, સાચું છે.' હું વધુ ના બોલ્યો, પણ મનમાં ને મનમાં એ વાક્ય ફરી વાર કહ્યું : 'હા, સાચું છે.'

પૂરી સ્પીડથી ટ્રેન આગળ અને આગળ દોડ્યે જાય છે. વિસ્તરતી સોસાયટીઓ અટકી. ખુલ્લાં ખેતરો આવવા લાગ્યાં. તારના થાંભલા એક પછી એક પસાર થતા રહ્યા. ખેતરોમાં ઠેરઠેર લોકો વાંકા વળીને કામ કરી રહ્યા છે. ચડતી બપોરનો તડકો ગરમી પકડવા લાગ્યો. વૃક્ષોની ગતિ ઊલટી દિશામાં છે. ડબાની અંદર અને બહાર બધે જ મૌન ફેલાયેલું છે.

બારીની બહાર ડોકું કાઢીને મેં પાછળ નજર કરી. નહીં, નહીં. વૃક્ષો ત્યાંનાં ત્યાં જ છે. બધું જ્યાંનું ત્યાં. જેમ હતું એમ અટકીને ઊભું છે. ટ્રેન આગળ દોડી રહી છે. જે ટ્રેનમાં હું બેઠો છું એ આગળ દોડી રહી છે. જેમાં હું હિના સાથે બેઠો છું એ ટ્રેન આગળ દોડી રહી છે.

અચાનક હિનાએ પૂછ્યું : 'આપણાં લગ્ન થયાં એ પહેલાં તમારે કોઈ છોકરી સાથે સંબંધ અં... અં... ફ્રેન્ડ કે લફરું હતું?'

ટ્રેનના કરવતની પેઠે વહેરાતા ઘરઘરાટમાં હિનાના આ શબ્દો ઊછળીને મને વાગ્યા. અચાનક મને કશો અણગમો થવા માંડ્યો. ઊતરી જાઉં ટ્રેનમાંથી? ઊતરી જાઉં ટ્રેનમાંથી? પાટે પાટે પાછો ચાલ્યો જાઉં? પાછો ચાલ્યો જાઉં? ધડધડ ધડધડ ટ્રેનની ધડધડાટી સાથે વિચારો માથામાં ધબકવા માંડ્યા. ઊંઘવાનો ઢોંગ કરવા મેં આંખો મીંચી દીધી.

બંધ આંખોમાં ભ્રાંતિ ઊપજી કે ટ્રેન પાછી જઈ રહી છે. ઊલટી દિશામાં દોડી રહી છે. એનું એ સ્ટેશન પાછું આવ્યું. એનું એ ગામ પાછું આવ્યું. એની એ શેરી, એનાં એ માણસો, એ વીતી ચૂકેલો સમય. એ વીતી ચૂકેલી સુંદર ક્ષણો. એની એ...

એક ધક્કા સાથે ટ્રેન ઊભી રહી અને મારી આંખો ઊઘડી ગઈ. ભ્રાંતિ તૂટી. ગતિ પાછળ નહીં પણ આગળ હતી. બધું

વેરવિખેર થઈ ગયું. સામે સ્ટેશન હતું. નજર સામે હિનાનો પ્રશ્ન હતો : 'આપણાં લગ્ન અગાઉ તમારે કોઈ છોકરી સાથે સંબંધ હતો?'

હું ઊભો થયો. બારણા પાસે ગયો. સ્ટેશન ખાસ્સું મોટું હતું. ઘાંઘાં થઈને આમતેમ દોડતાં પેસેન્જરો, ફેરિયાઓ, લારી લઈને ફરતા હમાલો. ઘોંઘાટ અને ધમાલથી પ્લૅટફૉર્મ ઊભરાતું હતું.

બારણા પાસે ઊભા રહીને મેં ભરચક્ક ટોળા ઉપર નજર દોડાવી. આ અજાણ્યા ચહેરાઓમાં એક જાણીતા ચહેરાને શોધવાનો વાંઝિયો પ્રયાસ મારી આંખો કરી રહી.

પાંચ મિનિટમાં તો ટ્રેન ઊપડી. પ્લૅટફૉર્મ પરથી મારી નજર હઠી નથી. પસાર થતા ચહેરાઓને તાકી રહું છું. અચાનક મારો હાથ લંબાયો. 'રૂપા... રૂપા... મારો હાથ પકડીને અંદર આવતી રહે. અંદર તારા માટે જગ્યા છે. રૂપા... આ... આ...'

ખીઈઈઈ... ચાળા પાડતી સિસોટી સાથે ટ્રેનની સ્પીડ વધી. ભોંઠા પડેલા હાથ સાથે હું મારી સીટ પાસે આવ્યો. આટલી વારમાં હિનાને ઊંઘ આવી ગઈ છે! ઊંઘતી હિનાએ પોતાની સીટ ઉપરાંત મારી અર્ધી સીટ પણ દબાવી છે. સાંકડે-માંકડે દબાઈને હું બેસી પડ્યો. હાલક-ડોલક થતી ટ્રેનને લીધે હિનાનું માથું વારંવાર મારા ખભા સાથે અથડાવા લાગ્યું.

ઘટક ઘટક પાણી પીતી હિના. તમારે કોઈની જોડે લફરું હતું એવું બેહૂદું બોલતી હિના. ઘરડ ઘરડ નસકોરાં બોલાવી ઊંઘતી હિના. મારી અર્ધી જગ્યા દબાવીને બેસી ગયેલી હિના.... અમારાં લગ્નને હજી તો બે જ મહિના થયા છે.

મુસાફરી લાંબી છે. તડકો ચડી રહ્યો છે. કંટાળો ઊપજે છે.

હિના ઘોરે છે. ટ્રેન આગળ અને આગળ દોડ્યે જાય છે. આગલું સ્ટેશન આવતાં વાર લાગવાની છે, હું જાણું છું. ટ્રેનના એક ધારા અવાજ વચ્ચે તીણી વ્હિસલ પણ ક્યારેક ગર્જી ઊઠે છે. અગાઉ વરાળથી ચાલતાં એન્જિનો હતાં. ડીઝલ એન્જિનો આવ્યાં. કોઈ કોઈ જગ્યાએ તો ઇલેક્ટ્રિક ટ્રેનો પણ આવી ગઈ છે. જમાનો આગળ નીકળી ગયો છે. વાહ ભાઈ વાહ, કમાલ છે સાયન્સની!

ઘણુંબધું પરિવર્તન પામ્યું છે. સ્મશાનમાં પણ ઇલેક્ટ્રિક મશિન ગોઠવાઈ ગયું છે. તે દિવસે મેં પહેલવહેલું જોયું.

'... હેં? ગુજરી ગઈ? કેમ કરતાં...? શું થયું?' અવનીશે મને સમાચાર આપ્યા. એ મને ઘડીભર તો સાચા લાગ્યા નહીં. પણ અવનીશના મોઢા ઉપર ગંભીરતા હતી.

વધારે સાંભળવા હું રોકાયો નહીં. તેના ઘર પાસે પહોંચતાં સોસાયટીના નાકે જ મને ખબર પડી ગઈ કે વાત સાચી છે. હમણાં જ સ્મશાને લઈ ગયા.

સ્કૂટર સ્મશાન ભણી મારી મૂક્યું.

શબને ભઠ્ઠીમાં ચડાવી દીધું હતું. આજુબાજુમાંથી આછી ઝાળ જોઈ શકાતી હતી. ઝાળે બધું લપેટી લીધું. બળીને બધું ખાક થયું. માત્ર શરીર જ નહીં એની સાથે કાંઈ કેટલું ય રાખ થઈ ગયું. અંત આવી ગયો એક ઘટનાનો.

થોડી વારમાં શબની રાખ બહાર આવી. પવનના આછા ઝપાટામાં ઊડેલી રાખે સૂર્યનાં કોમળ કિરણો રૂપાનો સ્પર્શ પામ્યાં. સમય વીત્યો. વરસ વીત્યું.

ટ્રેને વળાંક લીધો. બહાર ફેલાયેલો રૂપેરી તડકો ડબામાં પ્રવેશ્યો. સીધો હીનાના મોઢા ઉપર ઢોળાયો.

મોઢા ઉપર તડકો પડવાથી હિના ઝબકી ઊઠી. આંખો ખોલી મારા સામું જોઈ આછું હસી. મેં પણ સ્મિત કર્યું.

'તમે એકલા હતા ત્યારે ખાવા-પીવાની તો તકલીફ પડતી હશે ને?'

'હા' - મેં એકાક્ષરી જવાબ આપ્યો.

'મને દરરોજ જમતી વખતે તમારો વિચાર આવતો. થતું કે બિચારા શું ખાતા હશે? લૉજનું ખાવાનું ફાવતું હશે કે નહીં? સાચું કહું છું; કોઈ કોઈ વાર તો પૂરું જમી શકી પણ નથી.' હિનાના શબ્દોમાં સચ્ચાઈ રણકતી હતી. તેણે આંખો લૂછી. હું તેની સામે જ જોઈ રહ્યો.

અચાનક મેં પૂછ્યું, મારાથી પુછાઈ ગયું : 'તરસ લાગી છે હિના? પાણી પીવું છે?'

તેણે હકારમાં ડોકું ધુણાવ્યું.

સીટ નીચેથી વૉટરબૅગ લઈને મેં હિનાને આપી. ગટક ગટક ઊંચેથી પાણી પીતી હિનાને હું તાકી રહ્યો. રૂપેરી તડકો એના ગળામાં ઊતરી રહ્યો છે.

થોડી વારે સ્ટેશન આવ્યું.

બારણા પાસે જવાને હું ઊભો થવા ગયો પણ ઊભા થવાયું નહીં. કફનીની ચાળ હિનાની મુઠ્ઠીમાં પકડાયેલી છે. એને પણ ખબર નથી. રૂપેરી તડકાથી છવાયેલા તેના ચહેરાને જોતો હું બેસી રહ્યો.

આછા આંચકા સાથે ટ્રેન ઊપડી. એ જ દિશામાં અને એ જ ગતિમાં. ❑

મનહર મોદીને કલાપી ઍવૉર્ડ

અમદાવાદસ્થિત ગુજરાતના પ્રસિદ્ધ ગઝલકાર મનહર મોદીને તાજેતરમાં આઈ.એન.ટી. (ઇન્ડિયન નૅશનલ થીએટર) મુંબઈનો ગુજરાતી ગઝલક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કર્યા બદલનો ૨૦૦૨ના વર્ષ માટેનો રાજવી કવિ કલાપી ઍવૉર્ડ પ્રમુખ શ્રી પ્રવીણચંદ્ર ગાંધીના હસ્તે ભારતીય વિદ્યાભવન હૉલ, મુંબઈમાં અર્પણ થયો. રૂ. ૨૫,૦૦૦/- તથા સન્માનપત્રથી યુક્ત આ ઍવૉર્ડ ગુજરાતી ગઝલકારો માટે લાઈફ ટાઈમ એચિવમેન્ટનો ગૌરવ પુરસ્કાર છે.

આ પ્રસંગે બોલતાં કવિ શ્રી ચિનુ મોદી-ઈર્શાદે જણાવ્યું કે મનહર માત્ર ગઝલકાર જ નથી, એ છંદોબદ્ધ અને અછાંદસ કવિતાનો પણ મોટા ગજાનો કવિ છે. આ આપણો પ્રથમ આધુનિક ગઝલકાર છે.

ભારતનાં રાજ્યો -૧૯

રાજસ્થાન

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની ઉત્તરે રાજસ્થાનનું રાજ્ય આવેલું છે. તેની પશ્ચિમની આંતરરાષ્ટ્રિય સરહદે પાકિસ્તાન આવેલું છે. તેની ઉત્તરમાં પંજાબ, તેના ઈશાન ખૂણે હરિયાણા, અગ્નિ ખૂણે મધ્યપ્રદેશ અને નૈર્ઋત્યમાં ગુજરાત આવેલાં છે. તેનો વિસ્તાર ૩,૪૨,૨૩૯ ચોરસ કિ.મી. છે. તેની સત્તાવાર ભાષા હિન્દી તથા રાજસ્થાની છે. ઈ.સ. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે તેની વસ્તી ૪,૪૦,૦૫,૯૯૦ છે. તેમાંથી ૨૨.૮૮ ટકા લોકો શહેરોમાં વસે છે. રાજ્યની વસ્તીના ૧૭.૨૯ ટકા લોકો શિડ્યુલ કાસ્ટ તથા ૧૨.૪૪ ટકા શિડ્યુલ ટ્રાઈબના છે. રાજ્યમાં ૧ ચોરસ કિ.મીમાં ૧૨૯ માણસોની વસ્તીની ઘનતા છે. રાજ્યના ૪૦ ટકા લોકો સાક્ષર છે. રાજ્યમાં ૮૯ ટકા હિંદુ, ૮ ટકા મુસ્લિમ તથા ૧.૫ ટકા શીખ લોકો વસે છે. કુલ વસ્તીના ૯૦ ટકા લોકો હિંદી, ૨ ટકા ઉર્દૂ, ૨ ટકા પંજાબી તથા બાકીનાં લોકો સિંધી, ગુજરાતી વગેરે ભાષા બોલે છે.

રાજસ્થાનમાં ખેતમજૂરોને લઘુતમ દૈનિક વેતન રૂપિયા ૩૨ ચૂકવવાનો નિયમ છે. રાજ્યના ૨૪ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. રાજ્યના લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૨,૦૧૬ છે. રાજસ્થાનમાં ૩૧,૫૫૯ ચોરસ કિ.મી. વિસ્તારમાં જંગલો પથરાયેલાં છે.

સરકાર : વહીવટ કરવા વાસ્તે રાજ્યને ૩૨ જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે. ત્યાંના જિલ્લાઓમાં અજમેર, અલ્વર, ચિત્તોડગઢ, જયપુર, જેસલમેર, કોટા, ઉદયપુર, સાજસમંદ, ડુંગરપુર વગેરેનો સમાવેશ થાય છે. તેની વિધાનસભાની સભ્યસંખ્યા ૨૦૦ની છે. રાજ્યમાંથી ૨૫ સભ્યો લોકસભામાં તથા ૧૦ સભ્યો રાજ્યસભામાં બેસે છે. રાજ્યનું પાટનગર જયપુર છે.

ઈતિહાસ : સિંધુ ખીણની સંસ્કૃતિ પહેલાં, ઈ.સ. પૂર્વે ૨૫૦૦માં પણ આ પ્રદેશમાં લોકોનો વસવાટ હતો. ઈ.સ. પૂર્વે ૧૪૦૦ના અરસામાં આ વિસ્તારમાં આર્યોનું આગમન થયું. ઈ.સ.ની સાતમી સદીમાં આ પ્રદેશમાં રાજપૂતોનાં રાજ્યો સ્થપાયાં અને તેઓએ ૫૦૦ વર્ષ પર્યંત ત્યાં રાજ્ય કર્યું. ત્યાર બાદ અલવર, મારવાડ, જયપુર, બુંદી, કોટા તથા ભરતપુર રાજ્યોની આસપાસ અનેક રાજપૂત રાજ્યો સ્થપાયાં. આ ભૂમિ રાજાઓની હોવાથી તે રાજપુતાના નામથી ઓળખાય છે. મુઘલ શહેનશાહ અકબર સામ્રાજ્યવાદી હતો. તેણે ભારતના રાજકર્તા વર્ગના લોકો એટલે કે રાજપૂતોનો સહકાર મેળવી પોતાના



રાજ્યનો વિસ્તાર વધારવાના ઈરાદાથી રાજપૂતો સાથે લગ્નસંબંધો બાંધ્યા. મુઘલોનું પતન થયા બાદ, રાજપૂતો ક્રમશઃ સ્વતંત્ર રાજ્યોમાં છૂટા પડ્યા. ઈ.સ. ૧૮૧૮માં આ રાજ્યો બ્રિટિશ સરકાર સાથે સહાયકારી સંધિથી જોડાયાં. ત્યાર બાદ રાજપૂત રાજાઓએ પોતાની શૂરવીરતા ગુમાવી અને મોજશોખમાં જીવવા લાગ્યા.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા બાદ, શરૂમાં કેટલાંક રાજ્યો ભેગાં કરીને મત્સ્ય સંઘની રચના કરવામાં આવી. તે પછી નવ રાજ્યોનો સંઘ રચીને રાજસ્થાનની રચના થઈ. તેમાં ઉદયપુરનું મોટું રાજ્ય જોડાયું ત્યારે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ રાજસ્થાન બન્યું. ૧૯૪૯માં મત્સ્યસંઘ અને બિકાનેર, જયપુર, જોધપુર તથા જેસલમેર આ ચાર મોટાં રાજ્યો જોડીને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ ગ્રેટર રાજસ્થાનની રચના કરવામાં આવી. તેમાં ૧૯૫૦માં સિરોહી જોડાયું. ૧૯૫૬માં બાકીનાં રાજ્યો ઉમેરીને રાજસ્થાન રાજ્ય બન્યું હતું.

પાટનગર : મહારાજા જયસિંહે ઈ.સ. ૧૭૨૭માં જયપુર શહેર વસાવીને રાજધાની અંબરથી જયપુર લઈ ગયા. વિદ્યાધર ભટ્ટાચાર્ય નામના બંગાળી સ્થપતિએ આ શહેરનો લંબચોરસ આકારનો નકશો બનાવ્યો હતો. તે હિંદુ વાસ્તુશાસ્ત્ર મુજબ બનાવવામાં આવ્યો હતો. આયોજનપૂર્વક બાંધેલાં તેનાં મકાનો, લાઈટ ગ્રે રંગનાં હતાં, પરંતુ તે પછી ૧૮૬૩માં રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ આલ્બર્ટને આવકારવા સમસ્ત શહેરનાં મકાનો ગુલાબી રંગનાં કરવામાં આવ્યાં હતાં. તે પછી પણ શહેર વધુ મોટું થયું છે.

રાજસ્થાનમાં જયપુર, જોધપુર, બિકાનેર, ઉદયપુર અને જેસલમેર ઍરપોર્ટ છે.

નૃત્ય : ત્યાંનું ઘૂમર નૃત્ય પ્રચલિત છે. ત્રીજ અને ગંગોરના તહેવારો ઊજવતી વખતે રાજસ્થાની સ્ત્રીઓ ગોળ ગોળ ફરીને ઘૂમર નૃત્ય કરે છે. અન્ય નૃત્યોમાં 'પનિહારી', 'ચારી', 'કચ્ચી ઘોડી' વગેરે નૃત્યોનો સમાવેશ કરી શકાય. ખયાલ નામથી ઓળખાતો રાજસ્થાની લોકકલાનો આંતરિક ભાગ નૃત્ય તથા સંગીત છે.

ઉત્સવો તથા મેળા : રાજસ્થાન ઉત્સવો તથા મેળાની ભૂમિ છે. હોળી, વિજયાદશમી, મોહરમ, નાતાલ ઉપરાંત દેવોની જયંતી, સંતોની જયંતી, શિવરાત્રિ, જન્માષ્ટમી વગેરે


સહેલીઓની વાડી - ઉદેપુર

તહેવારો પણ ત્યાં પારંપરિક ઉત્સાહ તથા ઉમંગ સહિત ઊજવવામાં આવે છે. ચોમાસાના આગમન ટાણે પાર્વતીના માનમાં સ્ત્રીઓનો ખાસ કરીને જયપુર તથા આસપાસના પ્રદેશમાં ત્રીજનો વિશિષ્ટ તહેવાર ઊજવવામાં આવે છે. જેસલમેરમાં રણનો ઉત્સવ પ્રચલિત છે. આ ઉપરાંત ગૌરી દેવીના માનમાં સ્ત્રીઓ ગંગોર નામનો ઉત્સવ ઊજવે છે. આદિવાસી લોકોનો બાણેશ્વરનો મેળો, પુષ્કરમાં ઉજવાતો ઢોરનો મેળો તથા અજમેરમાં ઉજવાતો વાર્ષિક ઉર્સનો ઉત્સવ જાણીતા છે. કાર્તિક પૂર્ણિમાના પવિત્ર દિવસે આશરે એક લાખ માણસો પુષ્કરના પવિત્ર સરોવરમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરે છે.

પ્રાણીજીવન : રાજસ્થાનમાં પ્રાણીઓનાં ચોવીસ અભયારણ્યો છે. અરવલ્લી તથા વિંધ્ય પર્વતમાળામાં ફેલાયેલ રણથંભોર વાઘનું અભયારણ્ય છે. ત્યાં દિવસે પણ વારંવાર વાઘ જોવા મળે છે; પરન્તુ હેવાલ મુજબ ત્યાં વાઘની સંખ્યામાં ઘટાડો થાય છે. સારિસ્કા પણ ત્યાંનું જાણીતું વાઘનું અભયારણ્ય છે. 'કેવલદેવ ઘાના પક્ષી અભયારણ્ય' ભરતપુર રાષ્ટ્રિય ઉદ્યાનમાં આવેલું છે. દેશમાં વસતાં તથા સ્થળાંતર કરીને આવતાં પક્ષીઓનું તે ભારતનું સૌથી મોટું અભયારણ્ય છે. ત્યાં પ્રતિવર્ષ ૩૭૪ પ્રકારનાં જુદાં જુદાં પક્ષીઓ ભેગાં થાય છે. ચોમાસામાં પાણીમાં રહેતાં અને શિયાળામાં ઉત્તરના દેશોની અતિશય ઠંડીથી બચવા પક્ષીઓ ત્યાં નિયમિત આવે છે. પ્રતિવર્ષ આશરે ૪૦ સાઈબિરીઅન ક્રેન્સ શિયાળો ગાળવા આવે છે. બીજાં અનેક વિદેશી પંખીઓ જેવાં કે બારહેડેડ, હંસ, પિન્ટેલ્સ વગેરે ત્યાં ભેગાં થાય છે.

પ્રવાસન : રાજસ્થાનનું પાટનગર જયપુર, પુષ્કર, બિકાનેર, જેસલમેર, જોધપુર, ભરતપુર, દેલવાડાનાં દહેરાં માટે માઉન્ટ આબુ તથા પૂર્વનું વેનિસ ગણાતું ઉદયપુર જોવાલાયક સ્થળો છે અને ત્યાં પ્રવાસીઓની અવરજવર ચાલુ રહે છે.

હસ્તકૌશલ્યની વસ્તુઓનું મોટું બજાર જયપુરમાં છે. સોના અને ચાંદીમાં હીરાજડિત ઝવેરાત, રાજસ્થાની ભરતકામ, ઊંટના ચામડાની મોજડી, રમકડાં, કઠપૂતળીઓ, ચિત્રકામના નમૂના, આરસની મૂર્તિઓ વગેરે વખણાય છે. જોધપુરની અને શિકરની બાંધણી (સાડીઓ), ઊનની શેતરંજી, ધાબળા વગેરે જાણીતાં બજારો પ્રવાસીઓને આકર્ષે છે.



જયપુર પેલેસ

હવાખાવાનાં સ્થળો : અરવલ્લી પર્વતમાળામાં આવેલ માઉન્ટ આબુ જાણીતું હવાખાવાનું સ્થળ છે. ત્યાં આવેલ નખી તળાવની આસપાસ અગાઉના કેટલાક રાજાઓના મહેલો છે. હિમાલય સિવાય,ભારતમાં બીજે કોઈ ઠેકાણે આટલા ઊંચા સ્થળે સરોવર આવેલ નથી. એવી માન્યતા પ્રવર્તે છે કે દેવોએ તેમના નખ વડે આ તળાવ ખોદ્યું હતું. આબુ પરના દેલવાડા ગામમાં આવેલાં જૈન દહેરાં શિલ્પકલાના કૌશલની દૃષ્ટિએ સમસ્ત ભારતનાં ભવ્ય દર્શનીય દેરાસરોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેના આસપાસના સ્તંભો ઉપરની કોતરણી શ્રેષ્ઠ છે. પ્રજાપિતા બ્રહ્માકુમારીનું આંતરરાષ્ટ્રિય મુખ્ય મથક ઓમ્ શાંતિભવન ત્યાં આવેલું છે.

વિશિષ્ટતાઓ : હિન્દુ ધર્મનાં પવિત્ર તીર્થોમાંનું એક પુષ્કર છે. કાર્તિકી પૂર્ણિમાના દિવસે ઘણી મોટી સંખ્યામાં યાત્રીઓ પુષ્કરના સરોવરમાં સ્નાન કરવા આવે છે. આ સરોવર પાસે પર્વતમાંથી પસાર થતા રસ્તે બ્રહ્માનાં કેટલાંક મંદિરો આવેલાં છે. આ પ્રસંગે ત્યાં ભારતનો એક મોટો મેળો યોજાય છે. તેમાં આશરે એક લાખ લોકો ભાગ લે છે. બિકાનેરમાં પ્રતિવર્ષ ઊંટનો મેળો યોજવામાં આવે છે ત્યારે આખી દુનિયામાં સૌથી મોટી સંખ્યામાં ઊંટ ત્યાં ભેગાં થાય છે. એક ઊંટની કિંમત રૂા. ૨૫,૦૦૦ કરતાં વધારે થાય છે.

સમુદ્રની સપાટીથી ૨૫૦૦ ફૂટની ઊંચાઈ પર ઉદયપુર શહેર આવેલું છે. અરવલ્લી પર્વતમાળાની લીલોતરીની વચ્ચે - લેઈક પિચોલા, ફતેહસાગર અને ઉદયસાગર એ ત્રણ સરોવરોને કિનારે ઉદયપુર વસ્યું છે. લેઈક પિચોલામાં નાના ટાપુઓ ઉપર સફેદ આરસના સુંદર મહેલો છે. મુઘલ શહેનશાહ જહાંગીર સામે બળવો પોકારીને નાસી ગયેલ શાહજાદો ખુર્રમ (શાહજહાન) જગમંદિર મહેલમાં રહ્યો હતો. મેવાડના મહારાજાઓનું ઉનાળાનું રહેઠાણ જગનિવાસમાં આજે વર્લ્ડ ક્લાસ હોટેલ બની છે. તે પાણીમાં તરતો મહેલ લાગે છે.

વીરગાથા : ચિતોડનો સમસ્ત ઇતિહાસ શૂરવીરોની વીરગાથાઓથી ભરેલો છે. સુલતાન અલાઉદ્દીન ખલ્જીએ રાણી પદ્મિનીને મેળવવા ચિતોડગઢ પર ચડાઈ કરી હતી. પરન્તુ



ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ - અજમેર



હવેલીદ્વાર - જેસલમેર



શીશમયૂર - ઉદેપુર

ઈ.સ. ૧૩૦૩માં રાજપૂતાણીઓએ જૌહર કરીને તેની અધમ યોજના નિષ્ફળ બનાવી હતી.

ગુજરાતના સુલતાન બહાદુરશાહે ઈ.સ. ૧૫૩૪માં મેવાડ પર ચડાઈ કરી, રાજધાની ચિતોડને ઘેરો ઘાલ્યો. તેમાં પંદર હજાર જેટલી બહાદુર રાજપૂત સ્ત્રીઓ જૌહર કરી બળી મરી હતી.

શહેનશાહ અકબરના સમયમાં મુઘલ સૈન્ય સામે રાણા પ્રતાપની સરદારી હેઠળ રાજપૂતો અપૂર્વ શૂરવીરતાથી લડ્યા હતા. મેવાડના રાજપૂતો દુશ્મનોના શરણે જવાને બદલે છેલ્લા શ્વાસ સુધી લડીને માતૃભૂમિના રક્ષણ કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરવામાં ગૌરવ સમજે છે. રાજપૂતાણીઓ શત્રુના હાથે પકડાઈ જઈને માનભંગ થવાને બદલે જૌહર કરીને દેહનું બલિદાન દેવાનું પસંદ કરે છે.

જયપુરની રાજસ્થાન પોલો ક્લબ પ્રતિવર્ષ પોલોની પાંચ ટુર્નમેન્ટ યોજે છે. ત્યાં ઘોડા પોલો ઉપરાંત સાઈકલ પોલો, ઊંટ પોલો અને હાથી પોલો પણ રમાય છે, જે એક વિશિષ્ટતા છે.

ઉદયપુરના લોકકલાના સંગ્રહાલયમાં ભારતીય લોકકલા મંડળ દરરોજ કઠપૂતળીના ખેલ યોજે છે. પરદેશોમાં પણ ભારતીય ઉત્સવોમાં તે દર્શાવવામાં આવે છે, એટલું એનું મહત્ત્વ છે. રાજસ્થાની કઠપૂતળીના કલાકારો ઢોલક તથા સંગીત સહિત વિવિધ દંતકથાઓના રસપ્રદ ખેલ કરે છે.

ભારતમાં અજમેર મુસલમાનોનું સૌથી વધુ પવિત્ર યાત્રાધામ છે. ત્યાં ઈરાની સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ગરીબ નવાઝ તરીકે જાણીતા)એ ઉપદેશ આપ્યો હતો અને દરઘા ખ્વાજા સાહિબમાં દફનાવ્યા હતા. ઈ.સ. ૧૨૫૬માં તેમની ૧૧૪ વર્ષની વયે ખ્વાજા છ દિવસ માટે પ્રાર્થના કરવા સારુ એકાન્ત ઓરડીમાં ગયા અને અવસાન પામ્યા. પ્રતિવર્ષ ઉર્સનો મેળો ત્યાં આ છ દિવસની ઉજવણી માટે ભરાય છે. શહેનશાહ અકબરે ૧૫૫૬માં તેમની સમાધિનાં દર્શન કર્યાં બાદ બે ઘણાં મોટાં વાસણ ભેટ આપ્યાં, જેમાંથી એકમાં ચોખા ને બીજામાં દૂધ રેડીને ભેગાં થયેલાં લોકોને પ્રસાદરૂપે વહેંચવામાં આવે છે.

મુખ્ય પાક : આ રાજ્યના કેટલાક પ્રદેશો ઘણા સૂકા છે અને ત્યાં થરનું રણ ફેલાયેલું છે. તેમ છતાં રાજ્યમાં ખેડી શકાય એવી ૨૭,૪૬૫ હજાર હૅક્ટર જમીન છે અને ૨૦,૧૬૭ હજાર હેક્ટર જમીનમાં ખેતી થાય છે. ચોખા, જવ, ચણા, ઘઉં, તેલીબિયાં, કઠોળ, સરસવ, જીરુ, કપાસ, તમાકુ ત્યાંનો મુખ્ય પાક છે. આ ઉપરાંત રાઈ, મરચાં, મેથી, હિંગ વગેરે પણ પકવવામાં આવે છે.

ખનીજ : રાજ્યની ખાણમાંથી જસત અને તાંબુ જેવી મહત્ત્વની ધાતુઓ મળે છે. કાચા તાંબાનો ૭૨.૫૧ મિલ્યન ટન તથા જસતનો ૧૫૮.૭૬ મિલ્યન ટનનો જથ્થો ત્યાં છે. આ ઉપરાંત કાચું લોઢું, ટંગસ્ટન, સીસું, ચૂનાનો પથ્થર, ક્વાર્ટ્ઝ, ચાંદી, ઍસ્બેસ્ટોસ, ડોલોમાઈટ, માણેક, જિપ્સમ, ફ્લોરાઈટ વગેરે ત્યાંથી મળી આવે છે. જયપુર જિલ્લામાંથી ફેલસ્પાર અને ક્વાર્ટ્ઝ ઘણું મળે છે.

ઉદ્યોગો : રાજસ્થાનમાં ખાંડ, સિમેન્ટ, કાપડ, કાચ, જંતુનાશક દવાઓ, જસતનાં પતરાં, તાંબુ શુદ્ધ કરવું, ખાતર, કૉસ્ટિક સોડા, કીમતી પથ્થરો, વગેરેના ઉદ્યોગો વિકસ્યા છે. ઝવેરાત, ભરતકામ, આરસની કોતરણી વગેરે હસ્તકારીગરીના ઉદ્યોગો પણ વિકસ્યા છે. □

'કુમાર'ના અમૃતપર્વે

સ્વ. શ્રીમતી નિર્મળાબહેન કવિતાસ્પર્ધા

સહુ કવિમિત્રોને આ સ્પર્ધા માટે પોતાની અપ્રકટ મૌલિક રચના તા. ૧૫ નવેમ્બર, ૨૦૦૨ સુધીમાં મોકલી આપવા નિમંત્રણ છે. નીચે પ્રમાણે બે કૃતિઓને પ્રથમ પારિતોષિક આપવામાં આવશે.

ગઝલેતર કવિતા રૂ. ૫૦૧ ગઝલ રૂ. ૩૦૧

ફિલ્માકાશ-૨૧

મહારથીઓ ઉપર પણ ન્યૂ થીએટર્સની અસર પડી

રજનીકુમાર પંડ્યા

હિમાંશુ રાય પણ બંગાળી ભૂમિનો જ એક ચમત્કાર હતા. ૧૮૯૫માં જન્મેલા કલકત્તાના ધનાઢ્ય પરિવારના એ નબીરાને શાંતિનિકેતનમાં અભ્યાસની તક પણ મળી હતી. પણ પછી કાયદાની ડિગ્રી હાંસલ કરી એ લંડન બૅરિસ્ટરીનું ભણવા ગયા અને ત્યાં રંગમંચ અને સિનેમા પ્રતિ આકર્ષાયા, ને ત્યાં જ તેમણે દેવિકારાણી અને આગળ ઉપર કાયમી સાથ નિભાવનારા સાથી નિરંજન પાલનો પરિચય થયો હતો. એ દેવિકારાણી સાથે પછીથી એમણે ૧૯૨૯માં લગ્ન પણ કર્યાં. દેવિકારાણી પણ ૧૯૦૭માં કર્નલ ડૉક્ટર એમ. એન. ચૌધરી અને શ્રીમતી લીલા ચૌધરીનું લાડકું સંતાન હતાં અને નાનપણથી જ પ્રતિભાશાળી હતાં. લંડનમાં ભણતાં હતાં ત્યારે પણ લંડનના એક સુવિખ્યાત આર્ટ સ્ટૂડિઓમાં ટેક્સટાઈલ ડિઝાઈનરનું કામ કરીને પોતાની આજીવિકા રળી લેતાં હતાં. આમ તો એ કવિવર ટાગોરના દૂરના સગપણમાં - ભત્રીજીની પુત્રી- પણ થાય. લંડનમાં ૧૯૨૮માં હિમાંશુ રાયના સર્જનાત્મક ચમકારા જોઈને પ્રેમમાં પડ્યા ત્યારે હિમાંશુ રાય તો ત્યાંના કલાજગતમાં સક્રિય થઈ ચૂક્યા હતા. ત્યાંનાં નાટકોમાં કામ કરતા હતા. 'ધ ગૉડેસ' (દેવી) નામના નિરંજન પાલના લંડનમાં ચાલતા નાટકમાં તેમની ભૂમિકા વખણાઈ હતી અને ફિલ્મ બનાવવાના વિચારથી જર્મન નિર્માતા પીતર ઑસ્તિરમેવર સાથે ભાગીદારીમાં પણ જોડાયા હતા. આ પીતર ઑસ્તિરમેવર તે જ ફ્રાંસ ઑસ્ટીનના ભાઈ. આ ફ્રાંઝ ઓસ્ટીને જ ત્યાં રહીને હિન્દી ફિલ્મ 'પ્રેમસંન્યાસ' ઉર્ફે 'લાઈટ ઑફ એશિયા'નું દિગ્દર્શન કર્યું, કે જેમાં હિમાંશુ રાયે બુદ્ધની મુખ્ય ભૂમિકા ભજવી હતી. આમ, નાટકીયતાભર્યા સંજોગોમાં હિમાંશુ રાય, ફ્રાંઝ ઑસ્ટીન, નિરંજન પાલ અને પાછળથી દેવિકારાણી ચતુર્સંગમ પરદેશની ભૂમિ પર રચાયો, જેનાથી બૉમ્બે ટોકીઝ જેવી ધરખમ યુગસર્જક ફિલ્મનિર્માણ સંસ્થા ભારતની ભૂમિ પર અસ્તિત્વમાં આવી. મુંબઈના મૅક્સમેલુર ભવન દ્વારા આદરણીય ફિલ્મઈતિહાસવિદ્ શ્રી અમૃત ગંગર દ્વારા ફ્રાંઝ ઑસ્ટીન અને બૉમ્બે ટોકીઝના સંબંધોની એક મૂલ્યવાન પુસ્તિકા મુંબઈના આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ફોટો આર્ટિસ્ટ શ્રી પ્રફુલ્લ પટેલ પાસેથી પ્રાપ્ત થઈ છે. તેમાં ઘણી રસપ્રદ વિગતો છે જે આ ન્યૂ થીએટર્સ વિશેની લેખ-



હિમાંશુ રાય અને સીતા દેવી - લાઈટ ઑફ એશિયામાં (પ્રેમસંન્યાસમાં)

માળામાં લંબાણથી પેશ કરવાનું અપ્રસ્તુત છે. થોડી ઝીણી-મોટી વિગતો બૉમ્બે ટોકીઝમાં એક વખતના આધારસ્તંભ અને 'બંધન', 'કંગન' જેવી ફિલ્મના ગુજરાતી દિગ્દર્શક, હળવદના બ્રાહ્મણ પુત્ર શ્રી એન. આર. આચાર્ય પાસે કવિ પ્રદીપજી મને લઈ ગયા ત્યારે પ્રાપ્ત થઈ હતી, જે મારા પુસ્તક 'અક્ષરની આંખે' (પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ)માં 'સિતારાના શિલ્પી' શીર્ષક તળેના તેમના ચરિત્રલેખમાં છે. આ બધું લખવા પાછળનો ઉદ્દેશ ન્યૂ થીએટર્સ જેવી નિર્માણ સંસ્થાને કેવા કેવા દિગ્ગજો સાથે બાથ ભીડવી પડી તે જ પ્રતિપાદિત કરવાનો છે.

૧૮૭૬ની ત્રેવીસમી ડિસેમ્બરે જર્મનીમાં જન્મેલા ફ્રાંઝ ઑસ્ટીન ૧૯૦૭ની સાલથી જ ન્યૂરેમ્બર્ગમાં ફિલ્મોની રજૂઆતથી કામગીરી આરંભી હતી. એમાંની એક લઘુ ફિલ્મ તે 'લાઈફ ઈન ઈન્ડિયા' હતી. આથી સ્પષ્ટ થશે કે તેમના મનમાં પોતાના યૌવનકાળથી જ ભારત પ્રત્યે કોઈ ગૂઢ આકર્ષણ હતું, જે આખરે એમને ભારતની ભૂમિ પર ખેંચી લાવ્યું. ભગવાન બુદ્ધની જીવનકથા પર આધારિત ફિલ્મ 'લાઈટ ઑફ એશિયા' ઉર્ફે 'પ્રેમબંધન'માં ભારતીય 'લોકાલ' જ જોઈએ તેથી તેઓ કાફલા સાથે ૧૯૨૪માં પહેલી વાર મુંબઈ આવ્યા હતા. તેમની સાથે તેમના પ્રિય કૅમરામેન જોસેફ વર્શિંગ હતા, જે એ વખતે તો આ કાફલામાં મુખ્ય કૅમરામેન કેરમીરના મદદનીશ હતા પણ પાછળથી હિમાંશુ રાયની બૉમ્બે ટોકીઝની ટીમમાં મુખ્ય કૅમરામેન બની રહ્યા. ફ્રાંઝ ઑસ્ટીન અને વર્શિંગની જુગલબંધીએ ભારતીય ફિલ્મો ઉપર ઘણો પ્રભાવ પાડ્યો. વર્શિંગ પાસે યુરોપની વિશિષ્ટ એવી પ્રકાશ-સંયોજના હતી. ઑસ્ટીન સેટ ડિઝાઈનર, કાર્લ-ફોન-સ્પ્રેટી પણ જર્મન હતા. આમ, ભારતીય ફિલ્મોમાં જર્મન ધારાની પ્રબળ અસર પેદા થઈ.

અલબત્ત, ઑસ્ટીને ૧૯૩૬માં, એટલે કે આ જ



'અછૂત કન્યા'માં અશોકકુમાર અને દેવિકારાણી



ડાબેથી દેવિકારાણી, ફ્રાંઝ ઑસ્ટીન, જોસેફ વિર્શિંગ (બેઠેલા) અને શશધર મુકરજી

વર્ષમાં ભારતમાં નાઝી પાર્ટીની શાખાનું સભ્યપદ વિધિવત લીધું અને ત્યારથી જ બ્રિટિશ સરકારની આંખે તે ચઢી જ ગયા હતા, પણ ૧૯૩૯માં એની પરાકાષ્ઠા આવી. દુનિયામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને જર્મની ઈંગ્લન્ડથી સામી છાવણીમાં પડ્યું હતું. નાઝી લોકો અંગ્રેજોના દુશ્મન બની ગયા અને એમાં ય ફ્રાંઝ ઑસ્ટીન તો પાછા નાઝી પાર્ટીના ચોપડે ચડેલા સભ્ય! ૧૯૩૯ની છઠ્ઠી નવેમ્બરે એમની અને એમના જર્મન સહકર્મીઓની ધરપકડ થઈ અને એમને મલાડથી બાંદરાની જેલમાં બે દિવસ ગોંધી રાખીને પછી જર્મનીમાં ધકેલી દેવામાં આવ્યા. આમ, ચૌદ-પંદર વર્ષ જૂના હિમાંશુ રાય-ઑસ્ટીનના સાથ-સથવારાનો અંત આવ્યો. એના આઘાતથી અને કંઈક દેવિકારાણીના - નજમ હુસેન નામના હીરો સાથેના નાસી જવાના પ્રસંગથી - હિમાંશુ રાય ભાંગી પડ્યા. એ લગભગ પાગલ જેવા થઈ ગયા. એમના જૂના કર્મચારી સાઉન્ડ રેકોર્ડિસ્ટ વાચ્છાને એમણે એક વાર વગર વાંકે તમાચો ઝીંકી દીધો અને એને લોહી નીકળ્યું અને એમને પોતાને પણ એક નર્સિંગ હોમમાં દાખલ કરવા પડ્યા. અંતે ૧૯મી મે ૧૯૪૦ના દિવસે એ અવસાન પામ્યા.

પણ માત્ર ઑસ્ટીનની વાત લઈએ તો પોતાના ભારતના કાર્યકાળ દરમિયાન ફ્રાંઝ ઑસ્ટીને સોળ સવાક્ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું હતું. એમાં આ ૧૯૩૬ની 'અછૂત કન્યા' સીમાચિહ્નરૂપ હતી. 'વેણી'ના એક જૂના અંકમાં કહેવામાં આવ્યું છે કે ન્યૂ થીએટર્સના બી.એન.સરકાર આવા અસ્પૃશ્યતાના વિષયને છંછેડવાથી ડરતા હતા એટલે હિમાંશુ રાયે આ વિષય ઝડપી લીધો. જર્મન લોકો માટે અસ્પૃશ્યતા એ તદ્દન નવી વાત હોઈને એમને ફ્રાંઝ ઑસ્ટીનને એ વિષયની સંવેદનાત્મક બારીકીઓથી વાકેફ કરવામાં સારો એવો સમય લાગ્યો. પણ એમણે અંતે ૧૯૩૬માં ૧૯મી ઑગસ્ટે શનિવારે ફિલ્મ રજૂ કરી જ દીધી અને 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'થી માંડીને 'મોશન પિક્ચર મેગેઝીન', 'બૉમ્બે ક્રોનિકલ' અને 'બૉમ્બે સેન્ટિનલ' જેવાં વર્તમાનપત્રોએ એકીઅવાજે તેને વધાવી લીધી. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ તો એટલી હદે લખ્યું કે આ દેશની ધરતી પર આટલું ઉત્કૃષ્ટ ચિત્ર આજ લગી કદી આવ્યું નથી અને એની સફળતા આકાશને આંબશે.

એમ તો આ જ વર્ષમાં બૉમ્બે ટોકીઝે 'જન્મભૂમિ', 'જીવનનૈયા', 'મમતા' અને 'મિયાંબીબી' ફિલ્મો આપી હતી. એમાં છેલ્લી બે ફિલ્મો તો એકસાથે બનાવવાનો અનોખો પ્રયોગ બૉમ્બે ટોકીઝ દ્વારા થયો હતો. જો કે એને બહુ આવકાર મળ્યો નહોતો. 'બૉમ્બે ક્રોનિકલે' લખ્યું હતું : 'આ પ્રયોગ નથી પણ ગતકડું (સ્ટંટ) છે.'

ખેર, બૉમ્બે ટોકીઝની લંબાણ ચર્ચા ટાળીને આપણે ન્યૂ થીએટર્સને ટિકિટબારી ઉપર પડકારરૂપ નીવડેલી બીજી નિર્માણસંસ્થાઓ તરફ વળીએ તો આવાં ગતકડાં ન્યૂ થીએટર્સથી કંઈક ઊફરું કરી દેખાડવાના ધખારામાં જે.બી.એચ.વાડિયા જેવા સ્ટંટ ફિલ્મો બનાવનારા પણ કરતા હતા. એક અતિશય ઓછી જાણીતી અને છતાં રસપ્રદ વાત એ છે કે આમ કરવા જતાં જે.બી.એચ.વાડિયાના હાથે અનાયાસે જ મહત્ત્વની સાંસ્કૃતિક સેવા થઈ આવી અને તે એ કે પોતાની ફિલ્મો સાથે મફત દર્શાવવા માટે શ્રી વાડિયા ભારતના શ્રેષ્ઠ શાસ્ત્રીય ગાયકો ઉપરની લઘુ ફિલ્મો બનાવવા માંડ્યા. આ એક અજબ સંમિશ્રણ હતું. નાદિયા, જોન કાવસ, બોમન શ્રોફ, સાયાની, સરદાર મન્સુર, મંચી કુઠી, દલપત જેવા સી ગ્રેડ કલાકારો અને જેમાં ઘોડાનું નામ પણ 'પંજાબ કા બેટા' અને મોટરકારનું નામ પણ 'રૉલ્સ રૉય કી બેટી' તરીકે ક્રેડિટ ટાઈટલ્સમાં આવતું હોય તેવી ફિલ્મો સાથે આવા ક્લાસિકલ ગાયકોનાં જીવન-કવનને નિરૂપતાં લઘુચિત્રો બનાવવામાં આવે તેમાં એક પ્રકારનો કુમેળ (કાઠિયાવાડીમાં એને ક-મેળ કહેવાય) જણાતો હતો. છેવટે આવી સંખ્યાબંધ ફિલ્મો બનાવ્યાં પછી સિનેમા-માલિકોએ આવી ફિલ્મો સાથે આવી

'ઊંચી' ફિલ્મો બનાવવાનો ઈન્કાર ભણી દીધો. આજે હવે સિત્તેર વર્ષના ગાળા પછી આપણને સહેજે એવી લાગણી થઈ આવે કે આ લઘુચિત્રો જો ક્યાંક સચવાયાં હોય અને રિકંસ્ટ્રક્ટ થઈને ફરી જોવા મળે તો કેવું?

આવા પ્રયોગો કે ગતકડાં કરવા પાછળનો ઉદ્દેશ પણ માત્ર એક જ. જે લોકોનાં રસ-રુચિ બંગાળી ધારાની ફિલ્મોને કારણે, વિશેષતઃ ન્યૂ થીએટર્સની ફિલ્મોને કારણે પોષાયાં હતાં, તે લોકો પણ પિટક્લાસના લોકોની સાથેસાથે આમાં ખેંચાઈ આવે તેવો જ. જો કે, મનોવૈજ્ઞાનિક રીતે આ શક્ય નહોતું. પણ આપણે એનો કોઈ પણ રીતે ન્યૂ થીએટર્સ અને એણે રચી આપેલી ઊંચી માનસિકતાના સંદર્ભોમાં વિચાર કરવો જોઈએ.

૧૯૩૬ની સાલમાં એક નવી પ્રતિભાની ખરી ઓળખ ઊભી થઈ હતી, જેણે પછી ગુણવત્તા દ્વારા નહીં, ખર્ચાળ ફિલ્મો દ્વારા બંગાળી ધારાની ફિલ્મોની સફળતાને પડકારવાનો પ્રયત્ન કર્યો હતો અને તે હતા એ.આર.કારદાર, પૂરું નામ અબ્દુલ રશીદ કારદાર. વાડિયા બંધુઓએ જેમ 'જયભારત' જેવી સામાન્ય સ્ટંટ ફિલ્મમાં પણ દેશપ્રેમની કૃતક - સપાટી પરની - વાતને વણી લેવાનો પ્રયત્ન કર્યો હતો તેમ કારદારે પણ આ વર્ષમાં 'બાગી સિપાહી' દ્વારા, હોલીવુડના અનુકરણમાં બેફામ ખર્ચો કરીને, ભવ્ય સેટ્સ ઊભા કરીને દિલધડક દૃશ્યો અને દિલફરેલ નૃત્યો, ભવ્ય પ્રકાશ-આયોજન, મારામારીના ભરચક્ક પ્રયત્ન કર્યા હતા જે એકંદરે સફળ પણ રહ્યા હતા. ૧૯૨૨માં મૂક ફિલ્મોના જમાનામાં સ્ટાર ફિલ્મ કંપનીની ફિલ્મોમાં જૂનિઅર કલાકાર તરીકે માત્ર અઢાર વર્ષની વયે કામ શરૂ કરનારા, પોતાના અવસાન (૨૨-૧૧-૮૯) સુધી ફિલ્મોને જ સમર્પિત રહ્યા. ૧૯૨૯માં ઈમ્પિરિયલ ફિલ્મ કંપનીની મૂક ફિલ્મ 'હિરરાંઝા'માં પણ તેમણે અભિનેતા તરીકે કામ કર્યું. ઉપરાંત તે જ કંપનીની ૧૯૩૩ની બોલતી ફિલ્મ 'આબેહયાત'માં પણ અભિનય આપ્યો. (તેના સંગીતકાર કે.સી.ડે હતા!) જો કે નિર્દેશક તરીકે કામ કરવામાં તેમને વિશેષ રસ હતો. એટલે ૧૯૨૯થી જ 'મિસ્ટિરિયલ ઈગલ' જેવી મૂક ફિલ્મના દિગ્દર્શનથી તેની શરૂઆત કરી હતી અને ૧૯૩૨માં 'હિરરાંઝા'થી બોલતી ફિલ્મના દિગ્દર્શનની વધુ તક મેળવવા ૧૯૩૩માં સ્થળાંતર કર્યું અને ઈસ્ટ ઇન્ડિયા ફિલ્મમાં ત્રણ વર્ષ કામ કરીને શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી. આ 'બાગી સિપાહી' પણ એ જ કંપનીનું ચિત્ર હતું. પણ અત્યંત નવાઈની વાત એ છે કે બંગાળમાં અને ન્યૂ થીએટર્સની સાથે માનસિક રીતે પણ



એ.આર. કારદાર

નજીક રહેવા છતાં એમની ફિલ્મોમાં (છેલ્લી ૧૯૭૫ની 'દિલ દીયા દર્દ લીયા' સુધી) સંવેદનાત્મકતા માત્ર સપાટી પરની જ રહી. જે સ્પંદનક્ષમતા બંગાળી ધારાની ફિલ્મોમાં હતી તે કારદારમાં કદિ જોવા ના મળી. 'સીતા' ફિલ્મ (૧૯૩૪) તો આ જ કંપનીની હતી પણ તેમના પ્રયત્નો છતાં આ ફિલ્મમાં કારદારને એક નાનકડો રોલ જ મળ્યો અને મુખ્ય દિગ્દર્શક દેવકી બોઝના સહાયક તરીકે કામ કરવાની તક મળી છતાં તેમનામાં એ કોટીની ભાવપ્રવણતા પ્રકટી નહીં તે હકીકત છે.

ઈસ્ટર્ન ઇન્ડિયા ફિલ્મ કંપની કલકત્તાસ્થિત હતી અને એની સાથે ન્યૂ થીએટર્સના જ એક અંગભૂત એવા દેવકી બોઝ સંકળાયેલા હતા. આ કંપની પાસે બંગાળનો સર્વપ્રથમ સાઉન્ડ સ્ટૂડિઓ હતો અને એ રીતે એ ન્યૂ થીએટર્સ કરતાં વધુ સમૃદ્ધ સંસ્થા હતી. એના માલિક મારવાડી શેઠ બી.એલ. ખેમકા હતા. આમ છતાં, ૧૯૩૬માં એમની એક-માત્ર નોંધપાત્ર હિન્દી ફિલ્મ 'સુનહેરા સંસાર' હતી. જ્યારે 'બાગી સિપાહી' પોષાકચિત્ર હોવાથી બહુ ધ્યાન ખેંચી શક્યું નહીં. બીજી નોંધપાત્ર વાત એ છે કે 'સૂનહેરા સંસાર' પણ દેવકી બોઝનું દિગ્દર્શન અને કે.સી.ડેનું સંગીત હોવા છતાં ન્યૂ થીએટર્સની ઊંચાઈને આંબી શક્યું નહીં. મશ્કરીમાં એમ કહેવાતું કે છલાંગ લગાવનારા ન્યૂ થીએટર્સના દંતૂશળ સુધી તો ઠેકડો મારી શકે છે પણ એની આકાશને આંબતી ઊંચી સૂંઢને તો સ્પર્શી પણ શકતા નથી. (ન્યૂ થીએટર્સના સંસ્થા પ્રતીક તરીકે ઉન્નત સૂંઢવાળા હાથીનો આમાં સંદર્ભ છે.)

અલબત્ત, બીજા મોટા પ્રોડ્યૂસરોની ૧૯૩૬ના સંદર્ભમાં વાત કરીએ તે પહેલાં મહાગુજરાતની લડતના ભેખધારી લડવૈયા ઇન્દુલાલ યાજ્ઞિકના ભાઈ નવીનભાઈ યાજ્ઞિક (રાજા યાજ્ઞિક) સાથે મળીને હીરાલાલ ડૉક્ટર નામના ગુજરાતી ભડવીરે ફિલ્મ 'ગ્રૅજ્યુએટ' બનાવી હતી તેની પણ વાત કરવી જોઈએ. જિંદગીમાં અનેક ચડાવ-ઉતારના યાત્રી બનેલા ડૉક્ટર હીરાલાલે 'પાવાગઢનું પતન'થી માંડીને બીજી અનેક ફિલ્મો બનાવી હતી અને જીવનના અંતકાળે તેમણે અમદાવાદના મણિનગરના ઘરડાઘરમાં નિર્ધન અવસ્થામાં આત્મહત્યા કરીને જિંદગી ટૂંકાવી નાખી, તે પહેલાં હું એમના ગાઢ પરિચયમાં આવ્યો હતો. વૃદ્ધાવસ્થામાં પણ ઊંચા, પંજાદાર, પડછંદ મરદ લાગતા ડૉક્ટર હીરાલાલ વારંવાર મને પુત્રવત્ ગણી માથે હાથ ફેરવતા હતા અને ફિલ્મી જીવનની અંગત-તમ રંગીલી વાતો પણ કહેતા હતા. ન્યૂ થીએટર્સ ફિલ્મોને 'પલાણી જવાની' મતલબ કે ઉલ્લંઘી જવાની તેમની ઝંખના તેમની વાતોમાં વારંવાર વ્યક્ત થતી હતી. (ક્રમશઃ)

જાતિ-નિર્ધારક રંગસૂત્રો
(Sex-determining Chromosomes)

ડૉ. જે.પી.ત્રિવેદી

માનવીના કોષમાં ૨૩ રંગસૂત્ર-યુગ્મોને લંબાઈ અનુસાર ગોઠવીએ તો આઠમું રંગસૂત્ર X હોય છે. તેનું જોડિયું રંગસૂત્ર Y આકારનું નાનું અને લગભગ નિષ્ક્રિય હોય છે. X તથા Yને જાતિ (sex) રંગસૂત્રો કહે છે. પ્રત્યેક જીવ તેની માતા તરફથી X રંગસૂત્ર મેળવે છે. પરંતુ જો પિતા તરફથી Y રંગસૂત્ર મળ્યું હોય તો તે નર હોય છે. જો માતા તરફથી Yની અવેજીમાં બીજું રંગસૂત્ર X મળ્યું હોય તો તે માદા હોય છે. X રંગસૂત્ર ઉપર વર્ણાન્ધતા, માતૃ-પક્ષી રુધિરસ્રાવતા વગેરે માટે કારણભૂત જનીનો આવેલાં હોય છે.

પ્રાથમિક જાતિ નિર્ધારણ શુક્રગ્રંથિ તથા અંડપિંડ બનવા સાથે સંકળાયેલ પર્યાવરણીય કારકો અને/અથવા જનીનો દ્વારા આનું નિયંત્રણ થાય છે. ઉદાહરણ તરીકે મગરોમાં તેમનાં ઈંડાં કયા તાપમાને ઉષ્માયન (incubate) પામે છે તે અનુસાર નર કે માદા જન્મે છે. કેટલીય જાતિઓ ઉભયલિંગી હોય છે. મોટા ભાગની વનસ્પતિ ઉભયલિંગી હોય છે. દ્વિતીયક જાતિ-નિર્ધારણ ઉપર પણ જનીનોનો કાબૂ હોય છે.

આપણા સુદૂર ભૂતકાળમાં કોઈ એક વખતે આપણા પૂર્વજોએ ઈંડાના તાપમાન દ્વારા જાતિ નક્કી કરવાની એક સામાન્ય ટેવને બંધ કરી (switched off) દીધી હશે. પ્રત્યેક જાતિ નર કે માદા ગર્ભધારણવેળાએ તેનો ચોક્કસ ભાગ ભજવવાની તૈયારી કરી શકે તે માટે કદાચ આવું થયું હોય. જાતિ નક્કી કરતા જનીને આપણને નર બનાવ્યા જ્યારે તે વિનાનાંને માદા બનાવ્યા. સામાન્ય ભાષામાં Y રંગસૂત્રવાળાં પુરુષ બન્યાં તથા તે સિવાયના X રંગસૂત્રવાળાં સ્ત્રી બન્યાં. પક્ષીઓમાં આનાથી તદ્દન વિપરીત થયું.

એકકોષીય સસીમકેન્દ્રી (eukaryotes)માં જાતિ-નિર્ધારણ એક જ જનીનના બે યુગ્મવિકલ્પી (alleles) દ્વારા થાય છે. આ જનીનો સમયુગ્મી (homozygous) અથવા વિષમયુગ્મી (heterozygous) હોઈ શકે. દા.ત. hymenoptera (કીડી, ફૂદાં)માં એકજનીનની વિષમયુગ્મતા તેનું માદાપણું નક્કી કરે છે.

આમ, માનવીમાં Y રંગસૂત્રની હાજરી તેનું નરપણું નક્કી કરે છે. એકજનીન SRY (Sex Regulating Y) નરપણું પ્રેરિત કરવા માટે જવાબદાર છે. અને આ SRY જનીન રંગસૂત્ર Y ઉપર આવેલો હોય છે. કેટલીક વાર જનીનમાં ઉત્પરિવર્તન થવાથી XY રંગસૂત્રો ધરાવતી વ્યક્તિમાં દ્વિતીયક માદા પ્રકૃતિ જણાય છે.

જાતિ (sex) રંગસૂત્રો સમાનધર્મી સમમૂલક અલિંગ-સૂત્રો (homologous autosomes)ની જોડીમાંથી ઉદ્‌ભવે છે. અલિંગ રંગસૂત્રો (non-sex chromosomes)ને ઑટોસોમ્સ (autosoms) કહે છે અને તેમાં કોઈ જાતીય ફરક દર્શાવતા ન હોવાથી પુરુષ તથા સ્ત્રીમાં સરખી સંખ્યામાં હોય છે.

સૌથી સાદુ જાતિનિર્ધારણ પ્રક્રમ (machanism) યીસ્ટમાં જોવા મળે છે. એક જ જનીનના બે યુગ્મવિકલ્પીઓ તેનો સંગમપ્રકાર (mating type) નક્કી કરે છે. કીડી, મધમાખી, ભમરી વગેરેને જાતિનિર્ધારણ માટે ભિન્ન રીત હોય છે. નર મધમાખી બિનફલીકૃત અંડમાંથી જન્મે છે તથા અર્ધસૂત્રી (haploid) હોય છે. માદા મધમાખી (રાણી તથા મજૂર માખી) ફલીકૃત અંડમાંથી જન્મે છે તથા પૂર્ણસૂત્રી (diploid) હોય છે.

ફળમાખી(ડ્રોસોફિલા)માં નર કે માદા જાતિનિર્ધારણ તેના X રંગસૂત્રો તથા અલિંગસૂત્રોના ગુણોત્તર (ratio) દ્વારા નક્કી થાય છે. જો આ ગુણોત્તર 1 કે વધુ હોય તો માખી માદા બને, જો તે 0.5 થી ઓછો હોય તો નર બને છે.

જાતિ-રંગસૂત્રોની ત્રણ પ્રણાલિઓ વર્ણવાય છે : XX-XO, XX-XY, ZZ-ZW. જે જાતિમાં બે એકરૂપી (indentical) જાતિરંગસૂત્રો હોય તેને સમજન્યુકોષીય (homogametic) તથા જુદા રંગસૂત્રોવાળી જાતિને વિષમ-જન્યુકોષીય (heterogametic) કહે છે.

XX-XO પ્રણાલિ મોટાભાગનાં જંતુઓમાં જોવા મળે છે. માદા X રંગસૂત્રોની જોડી ધરાવે છે. નરમાં માત્ર એક જ X રંગસૂત્ર હોય છે. દા.ત. તીતીઘોડો, Grasshopper.

XX-XY પ્રણાલિ સસ્તનીઓમાં તથા ફળમાખીમાં જોવા મળે છે. અહીં માદાને X રંગસૂત્રોની બે કોષી તથા નરને X અને Y રંગસૂત્ર હોય છે.

ZZ-ZW પ્રણાલિ ઉપરની XX-XY પ્રણાલિથી વિપરીત છે. અહીં માદા ZW તથા નર ZZ રંગસૂત્રો ધરાવે છે. આ પ્રકાર પક્ષીઓમાં, પતંગિયાં તથા સર્પોમાં હોય છે.

XX-XY પ્રણાલિમાં માદા સમજન્યુકોષીય કહેવાય; કારણ બધાં જ પ્રજનનકોષ (gametes) એક X રંગસૂત્ર ધરાવે છે. ZZ-ZW પ્રણાલિમાં માદા વિષમજન્યુકોષીય કહેવાય; કારણ પ્રજનનકોષના બે પ્રકાર જેમાં Z અથવા W જાતિ-રંગસૂત્ર એકસરખી સંખ્યામાં હોય છે.

માનવો તથા ઉંદરોમાં Y રંગસૂત્ર દર્શાવતો ચોક્કસ જનીન SRY અલગ પાડી શકાયો છે, જે બીજગર્ભમાં જ નારીમાંથી નરમાં Switchover-પરિવર્તન કરવા માટે જવાબદાર છે. સંભવ છે કે દૂરના ભૂતકાળમાં જનીનોએ પોતાની પ્રત્યે એવાં દ્વિતીયક જનીનો આકર્ષવા માંડેલાં જે નરને લાભદાયી થાય. દા.ત. મોટાં સ્નાયુઓ, આક્રમક વલણ વગેરે. માદાને આવી

જરૂર ન હોવાને કારણે આ શક્તિ વેડફવાને બદલે બીજે - બાળકો ઉત્પન્ન કરવા - વાળવામાં આવી. આવાં દ્વિતીયક જનીનો એક જાતિ માટે લાભદાયી તથા બીજી વિપરીત જાતિ માટે બિનલાભદાયી રહ્યાં. આને જાતીય પ્રતિરોધાત્મક જનીનો (**Sexually antagonistic genes**) કહે છે. **Y** રંગસૂત્ર ઉપરની માહિતી કૅલ્શિયમનો ઉપયોગ શૃંગ બનાવવા માટે અને **X** રંગસૂત્ર ઉપરની માહિતી કૅલ્શિયમનો ઉપયોગ દૂધ (ધાવણ) બનાવવા માટે કરે છે.

સાદું આંકડાશાસ્ત્ર માંડીએ તો માદામાં **2X** રંગસૂત્ર અને નરમાં **1X** તથા **1Y** રંગસૂત્ર હોઈ બધી જ જાતિમાં ¾ રંગસૂત્રો **X** તથા ¼ રંગસૂત્રો **Y** હશે. આથી **X** રંગસૂત્ર **Y** રંગસૂત્ર સામે ત્રણગણું વિકસી શકે. **Y** રંગસૂત્ર ઉપરનું કોઈ પણ જનીન નવા જ વિકસેલા **X** જનીન દ્વારા આક્રમણ પામી શકે છે. આના કારણે **Y** રંગસૂત્રોએ સ્વબચાવ માટે તેનાં જનીનો એવાં બંધ કરી દીધાં છે કે તેની મોટા ભાગની લંબાઈ તો બિન-સંકેતકારી **DNA** (જેનો કોઈ ઉપયોગ નથી)થી ભરી દીધી છે.

SRY જનીન બીજગર્ભનું પૌરુષીકરણ કરવાની ઘટના માત્ર એક સ્વિચ દાબીને શરૂ કરે છે. પછીની પ્રક્રિયા સામાન્ય રીતે થાય છે. તેનાં ગુપ્તાંગો (**genitals**) વિકાસ પામતાં વૃષણ (**testes**) તથા શિશ્ન (**penis**) જેવાં થતાં જાય છે. તથા શરીરનું બંધારણ સ્ત્રી કરતાં જુદું પડે છે. જેને માટે અનેક અંતઃસ્રાવી હોર્મોન્સ તેના મગજમાં કાર્યરત બને છે. અન્ય જનીનોની સરખાણીમાં **SRY** જનીન ખૂબ જ ઝડપથી વિકાસ પામે છે તથા વ્યક્ત (**express**) થાય છે. આને ઍમોસ (**Amos**) તથા હાર્વુડ (**Harwood**) પસંદગીય માર્જન (**selective sweeps**) નામ આપે છે. **50** થી **100** લાખ વર્ષો અગાઉ જ્યારે ચિમ્પાન્ઝી તથા માનવોના પૂર્વજનું વિભાજન થયું હશે ત્યારે આવું એક માર્જન (**sweep**) થયું હશે.

એવી શક્યતા છે કે રંગસૂત્ર **15**ને જાતિ સાથે સંબંધ છે. **1980**માં ફિલાડેલ્ફિયા તેમજ કૅમ્બ્રિજ બંને સમૂહના વિજ્ઞાનીઓએ એક જનકવાળો પૈતૃકઉંદર (**uniparental**) - જે માત્ર એક (મા અથવા બાપ)માંથી ઉદ્ભવ્યો હોય - તૈયાર કરી તેનાં પ્રાક્નાભિકેન્દ્રો ઉપર પ્રયોગો કર્યા. તેમના પ્રયોગો એક અસાધારણ નિષ્કર્ષ તરફ લઈ જાય છે. પૈતૃક જનીનો જે પિતા તરફથી વારસામાં મળે છે તે ઓર (**placenta**) બનાવવા જવાબદાર હોય છે, જ્યારે માતૃક જનીનો બીજગર્ભનો મહદ્ ભાગ (મુખ્યત્વે મસ્તિષ્ક તથા મગજ) બનાવવા જવાબદાર છે. આનું કારણ **1985**માં ડૅવિડ હેઈગે સમજાવ્યું. હેઈગની ધારણા મુજબ સસ્તનીઓમાં ઓર ભ્રૂણના પોષણ માટે માતૃઅવયવ દ્વારા નથી બનતું, પરંતુ મહદ્અંશે ભ્રૂણઅવયવને માતૃરક્તના પુરવઠાને પરોપજીવી બનાવવા તથા તે વિધિમાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે બન્યું હોય છે. ઓર શબ્દશઃ માતાની શિરાઓમાં પ્રવેશી તેમને પહોળી બનાવી તેમાં અંતઃસ્રાવો (હોર્મોન્સ) બનાવે છે, જે માતાનું રક્તચાપ તથા રક્તશર્કરા વધારે છે. આવી પ્રતિક્રિયારૂપે માતાના ઈન્સ્યુલીનનું સ્તર ઊંચું થાય છે.

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

યુનિવર્સિટીના કામે રાજકોટથી ભાવનગર જવાનું થયું. શ્રી મનુભાઈ પંચોલી 'દર્શક'નો સ્નેહ એટલે સવારે 'લોકભારતી'. સણોસરામાં વિદ્યાર્થીઓ-તાલીમાર્થીઓ સાથે વાતો કરી.

આગલે દિવસે સાંજે શ્રી મનુભાઈ તેમનાં સંસ્મરણો વાગોળતા હતા. મેં પૂછ્યું, 'ગુજરાત રાજ્યના શિક્ષણ પ્રધાન તરીકે આપના અનુભવો કહેશો?'

'બધી જીવંત વ્યક્તિઓ છે, એટલે અને તેમનાં દૃષ્ટિબિંદુઓ કદાચ પૂરાં ન સમજાયાં હોય તો તેમની ગમતી/નગમતી વાતો કરીશ તો તેમને અન્યાય થશે. મારા પરત્વે એટલું જ કહીશ કે રાજકારણમાં ચારે તરફ વગ, વસીલો, દબાણ, અધિકારીઓની એક પ્રકારના કામને ટલ્લે ચડાવવાની વૃત્તિ, તો વળી સ્વાર્થ હોય તે કામ પૂરી ચોકસાઈ વિના ઉકેલવા આગ્રહ, વગેરેમાં હું તો ગૂંગળાઈ ગયો. 'સૉક્રેટિસ' વિશે મારા ચિત્તમાં ચિંતન ચાલુ જ હતું પણ લખવા માટે માહોલ મળતો નહોતો. પણ આ રાજકારણે મને જે રીતે વલોવ્યો છે, તેથી તેમાંથી ચિત્તને પલ્લવિત કરવા રાજકારણના સાચા સ્વરૂપને રજૂ કરવા - એક વિસામા તરીકે ફક્ત પંદર જ દિવસમાં મેં 'સૉક્રેટિસ' પુસ્તક લખી નાખ્યું.

સાચી રીતે સમજ મુજબ જીવનાર 'દર્શક'ની અકળામણ બહુ વિગતે સાંભળી અને સાહિત્યકાર-સર્જકનો વિસામો (તેનો આદર્શ) તેમનું સર્જન બની શક્યું તે જાણી આનંદ થયો.

જીવંત સર્જન માટે કેવું કેવું પ્રેરક બળ હોય છે! ❒

જો કોઈ કારણસર ભ્રૂણ-અંતઃસ્રાવ બન્યો ન હોય તો માતાનું ઈન્સ્યુલીન લૅવલ વધતું નથી અને નૉર્મલ ગર્ભાવસ્થા શરૂ થાય છે. પૈતૃક જનીનોને માતા તરફથી તેમને આશ્રય મળે તેટલો જ રસ હોય છે. પૈતૃક જનીનો જાતે જ ઓર બનાવી લે છે. હેઈગની પરિકલ્પનાને ઘણી સાબિતીઓ - ખાસ કરીને ઈંડાં મૂકતાં પ્રાણીઓ (જનાવરો) તરફથી - મળી છે.

રંગસૂત્ર **10** ઉપર એક **CYP17** નામનો જનીન આવેલો છે. એ જનીન એક ઉત્સેચક બનાવે છે જે શરીમાંના કૉલેસ્ટેરોલનું કોર્ટિસોલ, ટેસ્ટોસ્ટેરોન તથા ઉસ્ત્રાડાયોલમાં પરિવર્તનને મદદરૂપ થાય છે. આ ઉત્સેચક વિના કૉલેસ્ટેરોલ-માંથી માત્ર પ્રોજેસ્ટેરોન તથા ઉસ્ત્રાડાયોલ જ બને છે. જે માનવીમાં આ જનીનની કોપી હોતી નથી તેઓ અન્ય જાતીય અંતઃસ્રાવો (**Sex-hormones**) બનાવી શકતા ન હોઈ, (**Puberty, sexual maturity**) યૌવનારંભ અવસ્થામાંથી તેઓ પસાર થઈ શકતા નથી અને જનીનીય દૃષ્ટિએ પુરુષ હોવા છતાં સ્ત્રીઓ જેવા દેખાય છે. ❒

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

શિક્ષણ અને માતૃભાષા

તા. ૨૦-૮-૯૬ : ૪થી તારીખથી ધરોઈ ટ્રીપમાં **P.R.L.**ના એક ડૉ. ત્રિવેદી સહકુટુમ્બ અમારી સાથે હતા. તેની નાની દીકરી મને 'દાદા' કહીને વળગી રહેતી, ત્યારે મને થયું કે નાનાં બાળકોને રમાડવા અમારાથી એમ જલદી હૈદરાબાદ તો ન જવાય પણ વડોદરા કેના-સાત્ત્વિકને વહાલ કરવા તો જવાય. એટલે ૧૧મીએ વડોદરા ગયાં. સવારના ૧૦ થી સાંજના ૫ સુધી સાત્ત્વિક-કેના અમારી સાથે કે અમારી સામે રમતાં રહ્યાં. એકાદ કલાક તો કેના-સાત્ત્વિક મારી સાથે બજારમાં ફર્યાં ત્યારે મારે સાત્ત્વિક સાથે જે વાત થઈ તે જાણવા જેવી છે.

સાત્ત્વિક અંગ્રેજી માધ્યમમાં ભણ્યો છે. તે હવે ૮મા ધોરણમાં આવ્યો છે. ૭મી સુધી તેને **NCERT** (દિલ્હી)નાં અંગ્રેજી પાઠ્ય-પુસ્તકો ચાલતાં. ૮મીમાં હવે ગુજરાત રાજ્યનાં પાઠ્યપુસ્તકો ચાલે છે. સાત્ત્વિક મને કહે, 'સાતમીની ટેક્સ્ટ બુક અમને બહુ સહેલી લાગતી પણ ૮મીની આ બુક્સ અમને સમજાતી જ નથી.' ત્યારે મેં કહ્યું કે દિલ્હીવાળા તો બુક સીધી અંગ્રેજીમાં જ લખે પણ ગુજરાતવાળા તો બુક સીધી ગુજરાતીમાં લખે, પછી તેનું અંગ્રેજી ટ્રાન્સલેશન (ભાષાન્તર) તમને વાંચવા મળે. એટલે તમને મૂળ વાંચવા ન મળે. પછી મજા ક્યાંથી આવે. પછી મેં ઉમેર્યું કે આપણે ગુજરાતી થોડા જ નિશાળમાં શીખ્યા છીએ. ગુજરાતી તો ઘરમાં મા-બાપ સાથે વાત કરતાં શીખ્યા અને ગલીમાં મિત્રો સાથે રમતાં રમતાં પાકું થયું અને પછી આપણે સ્કૂલમાં ગયા એટલે મૂળ ગુજરાતી આપણને ઝટ સમજાય. તો સાત્ત્વિક કહે, હા, તમારી વાત સાચી છે. ઘણી વાર મારા ફ્રેન્ડને કોઈ દાખલો કે થિયરમ ન સમજાય અને મને પૂછે ત્યારે હું તેને ગુજરાતીમાં સમજાવું અને તે ઝટ સમજી જાય!

સમજપૂર્વકના શિક્ષણમાં માતૃભાષાનું કેવું મહત્ત્વ છે તે સાત્ત્વિક આપમેળે સમજી ગયો છે અને આમ જુઓ તો તેની મૌલિક રીતે વિચાર કરવાની શક્તિ દર્શાવે છે.

કૉલેજમાં ભણતી વિદ્યાર્થિનીની બે નોંધ

(ઘરમાં સફાઈ કરતાં કૉલેજમાં ભણતી દીકરીએ કરેલી નોંધનાં કાગળિયાં મળી આવ્યાં છે. આ નોંધોમાં બધાંને રસ પડશે તેથી અત્રે પ્રસ્તુત છે.)

તા. ૨૬-૯-૯૬ : *(૧) અસ્પૃશ્યતા :* આપણે અસ્પૃશ્યતાનું મૂળ શોધવું પડશે. વિચાર કરીએ તો જણાય છે કે અસ્પૃશ્યતાનું મૂળ છે તિરસ્કાર. આજે મારામાં કાંઈક વધારે હોવાને કારણે હું એક વ્યક્તિને મારાથી નીચી ગણું એટલે કે હું એનો તિરસ્કાર કરું અને એ તિરસ્કૃત થઈને ધૂંધવાતી વ્યક્તિ બીજા કોઈનો તિરસ્કાર કરીને પોતાની ગૂંગળામણ ઠાલવે અને આમ તિરસ્કારની સાંકળ લંબાતી રહે અને અન્તે એ મોટું સ્વરૂપ પકડે છે અસ્પૃશ્યતાનું... આમ, સમાજમાંથી અસ્પૃશ્યતા દૂર કરવી હોય તો સમાજને તિરસ્કારમુક્ત કરવો જોઈએ. સમાજ એટલે વ્યક્તિઓનો સમૂહ. આમ, આપણે વ્યક્તિઓને તિરસ્કારમુક્ત કરવાની છે. આ માટે ૧૦-૧૫ વ્યક્તિઓને ઓરડામાં ભેગી કરીને ભાષણ આપવાથી કંઈ વળશે નહિ. આ માટે તો સમાજની એક એક વ્યક્તિ સાથે કામ કરવાનું છે. તો મારે સમાજની પહેલી વ્યક્તિ કઈ પસંદ કરવી? કોઈને શોધવાની જરૂર નથી. હું પોતે જ સમાજની વ્યક્તિ છું અને મારાથી જ સુધારાની શરૂઆત કરવાની છે. રોજ રાત્રે સૂતાં પહેલાં હું વિચાર કરીશ કે શું આજે મેં કોઈનો તિરસ્કાર કર્યો? અને જો કર્યો તો કોનો કર્યો, કેવી રીતે, ક્યાં કર્યો? આ પ્રશ્નોના જવાબનું વિશ્લેષણ કરીશ... પછી બીજે દિવસે આ ભૂલનું પુનરાવર્તન ન થાય એવો પ્રયત્ન આગલી રાતના વિશ્લેષણને આધારે કરવાનો છે.

(૨) એક હળવો નમૂનો : લોકશાહીનું સાચું મૂલ્ય સમજાવતી એક વાત યાદ આવે છે. એક કૂતરો પાકિસ્તાનથી ત્રાસીને ભારત આવતો હતો. તેને સરહદ ઉપર એક ભારતીય કૂતરો મળ્યો. ભારતવાસીએ પૂછ્યું : 'તું ક્યાં ચાલ્યો?' જવાબ મળ્યો, 'ભાઈ, અમારા દેશમાં ભૂખથી ત્રાસી ગયો છું, તેથી ભારત આવું છું.' ભારતના કૂતરાએ જવાબ દીધો, 'ભાઈ, અમારે ત્યાં શું જોઈને આવે છે? હું પણ ભૂખથી ત્રાસીને પાકિસ્તાન આવું છું. લોકશાહી નથી એટલે પેટ પૂરતું ભોજન તો ત્યાં મળતું જ હશે.' ત્યારે સામો જવાબ મળ્યો : 'ભારતમાં ભલે ભૂખ્યા રહેવાય, પણ છૂટથી ભસવા તો મળશે. અમારે ત્યાં તો એય નથી મળતું.' આમ વાત છે. મુશ્કેલી અને સમસ્યા તો બધાંને હોય પણ તે વિષે તમને છૂટથી બોલવા મળે એ જ ખરાં અહોભાગ્ય છે...

ગુજરાતની પુસ્તક-અપ્રીતિ

તા. ૭-૧-૯૭ : વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટી તરફથી જ્ઞાન-ગંગોત્રી ગ્રંથમાળા નામની ૩૦ ગ્રંથોની એક શ્રેણી બહાર પડી છે. આ શ્રેણીની પહેલી આવૃત્તિ વેચાઈ ગઈ છે એટલે હવે બીજી સંવર્ધિત આવૃત્તિ બહાર પાડવાનું આયોજન થઈ રહ્યું છે. પુસ્તક ખરીદવા-વાંચવામાં ઘણાં જ સુસ્ત ગુજરાતમાં આવા ગ્રંથોની બીજી આવૃત્તિ કાઢવાની જરૂર ઊભી થાય તે ઘણી સારી નિશાની છે. પણ તે સાથે જ ગુજરાતમાં પ્રવર્તતી પુસ્તક-અપ્રીતિની વાત યાદ આવે છે. આ શ્રેણીનો પહેલો ગ્રંથ 'બ્રહ્માંડ દર્શન' છોટુભાઈ સુથારે લખ્યો છે. છોટુભાઈ તો ગુજરી ગયા છે એટલે સુધારેલી આવૃત્તિનું સંપાદન મારે કરવાનું છે. પણ

(અનુસંધાન પૃષ્ઠ ૫૮૭ ઉપર)

૧૪મો એશિયન રમતોત્સવ

ડૉ. પી. ડી. શર્મા

આજે એશિયાખંડના દરેક રમતપ્રેમીની નજર દક્ષિણ કોરિયાના પુશાન શહેરમાં આ વર્ષે ૨૯મી સપ્ટેમ્બરથી ૧૪ ઑક્ટોબર દરમ્યાન રમાનાર '૧૪મા એશિયન રમતોત્સવ' પર હોય તે સ્વાભાવિક છે, કારણ કે આજે એશિયાખંડ માટે એશિયન રમતોત્સવને 'ઑલિમ્પિક' સમાન દરજ્જો આપવામાં આવ્યો છે તથા એને 'મિની ઑલિમ્પિક' પણ કહેવામાં આવે છે. આજે તો 'રમતગમતની દુનિયા'માં 'એશિયન રમતોત્સવ'નું આગવું મહત્ત્વ અને સ્થાન છે, કારણ કે વિશ્વની કુલ વસ્તીની અડધીથી વધુ વસ્તી એશિયાખંડ ધરાવે છે તથા આ સમગ્ર વસ્તીનું પ્રતિનિધિત્વ 'એશિયન રમતોત્સવ'માં થાય છે, એટલું જ નહિ પણ એશિયાખંડના ખેલાડીઓ ઑલિમ્પિક રમતોત્સવમાં સારો દેખાવ કરી શકે તે દષ્ટિને નજર સમક્ષ રાખીને જ એશિયાઈ રમતોત્સવનું આયોજન દર ચાર વર્ષે બે ઑલિમ્પિક રમતોત્સવની વચ્ચે કરવામાં આવે છે.

દક્ષિણ કોરિયામાં એશિયન રમતોત્સવનું આયોજન બીજી વાર થઈ રહ્યું છે, કારણ કે ૧૯૮૬માં દક્ષિણ કોરિયાએ સિઓલ મુકામે એશિયન રમતોત્સવનું ખૂબ જ ભવ્ય રીતે આયોજન કર્યું હતું. એટલું જ નહીં, પણ આ રમતોત્સવને આધારે દક્ષિણ કોરિયાએ ૧૯૮૮માં સિઓલ મુકામે ખૂબ જ સફળ અને ભવ્ય રીતે 'ઑલિમ્પિક રમતોત્સવ'નું આયોજન પણ કર્યું હતું. આ રીતે દક્ષિણ કોરિયા પાસે 'એશિયન રમતોત્સવ' તથા 'ઑલિમ્પિક રમતોત્સવ'નું સફળ રીતે આયોજન કરવાનો અનુભવ હોવાથી આ વર્ષે ૨૯મી સપ્ટેમ્બર થી ૧૪મી ઑક્ટોબર દરમિયાન આયોજિત થનાર '૧૪મો એશિયન રમતોત્સવ' ખૂબ જ સફળ રહેશે તેમાં બે મત નથી.

એશિયન રમતોત્સવનો જનક ભારત : જેવી રીતે આધુનિક ઑલિમ્પિક રમતોત્સવને શરૂ કરવા માટેનું શ્રેય ફ્રાન્સના શ્રી બેરન ડી. કુબરટીનને ફાળે જાય છે. તેવી રીતે એશિયાઈ રમતોત્સવને શરૂ કરવાનું શ્રેય ભારતના પ્રો. જી.ડી.સોંધીને જાય છે. પ્રથમ એશિયાઈ રમતોત્સવનું આયોજન પણ ભારતના પાટનગર દિલ્હીમાં ઈ.સ. ૧૯૫૧માં ૪ માર્ચથી ૧૧ માર્ચ દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧ દેશોના ૪૮૯ ખેલાડીઓએ ૬ રમતોમાં ભાગ લીધો હતો. ભારતે ૧૯૮૨માં નવમા એશિયાઈ રમતોત્સવનું પણ ખૂબ જ ભવ્ય રીતે આયોજન કર્યું હતું અને આજે ભારત પાસે દિલ્હી મુકામે 'આંતરરાષ્ટ્રિય સ્તર'ની રમતગમતની જે સુવિધાઓ છે તેનું સંપૂર્ણ શ્રેય ૧૯૫૧ તથા ૧૯૮૨માં દિલ્હી મુકામે આયોજિત 'એશિયન રમતો-ત્સવો'ને જાય છે. આજે તો ભારત ભવિષ્યમાં ગમે ત્યારે 'એશિયન રમતોત્સવ' યોજી શકે તેટલી ક્ષમતા ધરાવે છે એટલું જ નહિ, પણ ભારત ભવિષ્યમાં 'ઑલિમ્પિક રમતો-ત્સવ' યોજી શકે તેવી ક્ષમતા વિકસાવવા માગે છે અને તેથી ભારતે 'આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિ'ને ૨૦૧૨ અથવા ૨૦૧૬માં ભારતને 'ઑલિમ્પિક રમતોત્સવ' યોજવા માટે વિનંતી કરી છે. આશા રાખીએ કે ભારતની આ વિનંતી મંજૂર થાય તથા ભારતને ૨૦૧૨ અથવા ૨૦૧૬માં 'ઑલિમ્પિક રમતોત્સવ' યોજવાની તક મળે.

વિવિધ રમતોનું ભવ્ય આયોજન : દક્ષિણ કોરિયામાં પુશાન મુકામે આયોજિત થનાર



જશપાલ રાણા (શૂટિંગ)



મિલ્ખાસિંઘ (દોડવીર)



ગોપીચન્દ (બેડમિન્ટન)



અંજલિ વેદપાઠક (શુટિંગ)

રમતોત્સવમાં સૌથી વધુ ૩૮ રમતોનું આયોજન થનાર છે તથા તેમાંથી ભારત ૨૬ રમતોમાં ભાગ લેનાર છે. ૧૯૫૧ની ૨૦૦૨ સુધીમાં એશિયન રમતોત્સવે ખૂબ જ પ્રગતિ કરી છે અને તે અહીં પહેલા કોઠામાં 'એશિયન રમતોત્સવની આગેકૂચ' તરીકે દર્શાવવામાં આવી છે. આજે એશિયન રમતોત્સવનું આયોજન કોઈ સરળ બાબત નથી. અબજો રૂપિયાનો ખર્ચ ઉપરાંત ચાર થી છ વર્ષની સતત અને સખત જહેમત માગી લે છે. હાલમાં એશિયન રમતોત્સવનું સમગ્ર સંચાલન 'ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા' કરે છે તથા આ રમતોત્સવનું આયોજન જે તે દેશ સારી રીતે કરી શકે તે માટે આશરે છ વર્ષ અગાઉ નવા સ્થળની જાણ કરી દેવામાં આવે છે અને તેને કારણે જ ૨૦૦૬માં કતારમાં દોહા મુકામે આયોજિત 'એશિયન રમતોત્સવ'ની ભવ્ય તૈયારીઓ રાતદિવસ ચાલી રહી છે.

ભારતનો દેખાવ : ભારત 'એશિયન રમતોત્સવ'નો ફક્ત જનક નથી, પરંતુ તેના વિકાસમાં તેનો મોટો ફાળો છે. એટલા માટે જ ભારતે આ રમતોત્સવનું બે વાર સફળ રીતે આયોજન કર્યું છે તથા ભારતના રમતગમતના વહીવટદારોએ 'ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા'ના સફળ સંચાલનમાં મદદ પણ કરી છે. આજે પણ ભારતના મહાન શૂટર તથા આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિના સભ્ય શ્રી રણધીરસિંઘ 'ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા'ના જનરલ સેક્રેટરી છે.

ભારતના ખેલાડીઓએ આ રમતોત્સવમાં અત્યાર સુધી ખૂબ જ સારો દેખાવ કર્યો છે. દા.ત. ૧૯૯૮માં વીસમી સદીના અંતિમ અને ૧૩મા એશિયન રમતોત્સવમાં ભારતે કુલ ૩૫ ચંદ્રકો મેળવ્યા હતા તથા ૩૨ વર્ષ પછી હૉકીમાં પુરુષોમાં સુવર્ણચંદ્રક જીતીને ભારતની આ રમતની ઈજારાશાહી જાહેર કરી હતી એટલું જ નહિ, પરંતુ ૨૦૦૦માં સિડની ઑલિમ્પિક્સમાં હૉકીમાં ભાગ લેવાનો હક પણ મેળવ્યો હતો. એવી રીતે જ ભારતની આમજનતાની રમત 'કબડ્ડી'ને ૧૯૯૦માં જપાનમાં હીરોશિમા મુકામે આયોજિત 'એશિયન રમતોત્સવ'માં સમાવેશ કરી તેને 'એશિયન રમતનો દરજ્જો' મળ્યો હતો. ત્યારથી આજ સુધી ભારતે કબડ્ડીનો સુવર્ણચંદ્રક જાળવી રાખ્યો છે અને આશા રાખીએ કે ૨૦૦૨માં પણ આ સુવર્ણચંદ્રક ભારત પાસે જ રહે (જુઓ કોઠો-૨). ભારતના ઘણા ખેલાડીઓ જેવા કે 'ફ્લાઈંગ શીખ' મિલ્ખાસિંઘ, એશિયન ટ્રેકક્વીન પી.ટી. ઉષા, જ્યોતિર્મય સિકંદર, શાઈની વિલ્સન, ગીતા જુત્સી, અજમેરસિંહ, પ્રવીણકુમાર, વિજયસિંહ ચૌહાણ, શક્તિ-સિંઘ, બહાદુરસિંઘ વગેરેએ ઍથ્લેટિક્સમાં ખૂબ જ સારો દેખાવ કર્યો છે. એવી જ રીતે કુસ્તીમાં સતપાલસિંઘ, કરતારસિંઘ; શૂટિંગમાં ઉદયન ચીનુભાઈ, જસપાલ રાણા; બૉક્સિંગમાં ડિંકોસિંઘ; સ્વીમિંગમાં ખજાનસિંઘ; બિલિયર્ડ્સમાં અશોક શાંડિલ્ય, ગીત શેઠી વગેરે. ભારતે હૉકી ઉપરાંત ફૂટબૉલ, વૉલીબૉલ, વેઈટલિફ્ટિંગ, વૉટરપોલો જેવી રમતોમાં પણ સારો દેખાવ કર્યો છે. ભારતે અત્યાર સુધી 'એશિયન રમતોત્સવ'માં કરેલ દેખાવ પણ ત્રીજા કોઠામાં દર્શાવવામાં આવ્યો છે.


જ્યોતિર્મય સિકંદર (ખેલકૂદ)

૨૦૦૨માં પુશાન મુકામે આયોજિત થનાર 'એશિયન રમતોત્સવ'માં ભારત ૨૬ રમતોમાં ભાગ લેનાર છે. આશા રાખીએ કે ભારત દરેક રમતમાં સારો દેખાવ કરે તથા ૫૦થી પણ વધુ ચંદ્રકો મેળવે, કારણ કે હાલમાં ઈંગલન્ડમાં મેનચેસ્ટર મુકામે યોજાયેલ કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતે ખૂબ જ સારો દેખાવ કર્યો છે. ❒


શક્તિસિંહ (ગોળાફેંક)


ધનરાજ પિલ્લઈ (હોકી કેપ્ટન)


પી.ટી. ઉષા (દોડ)


એમ.ડી.વલ્સામા (ખેલકૂદ)

કોઠો-૧ : એશિયાડ રમતોત્સવની આગેકૂચ

અ.નં.	વર્ષ	સ્થળ	દેશ	રાષ્ટ્રોની સંખ્યા	ખેલાડીઓની સંખ્યા	રમતોની સંખ્યા
૧.	૧૯૫૧	નવીદિલ્હી	ભારત	૧૧	૪૮૯	૦૬
૨.	૧૯૫૪	મનીલા	ફિલિપાઈન્સ	૧૮	૧૨૮૦	૦૮
૩.	૧૯૫૮	ટોકિયો	જાપાન	૨૦	૧૮૨૦	૧૩
૪.	૧૯૬૨	જકાર્તા	ઈન્ડોનેશિયા	૧૬	૧૪૬૦	૧૩
૫.	૧૯૬૬	બેંગકોક	થાઈલેન્ડ	૧૮	૨૪૮૬	૧૯
૬.	૧૯૭૦	બેંગકોક	થાઈલેન્ડ	૨૮	૨૪૦૦	૧૩
૭.	૧૯૭૪	તેહરાન	ઈરાન	૨૪	૩૦૦૦	૧૬
૮.	૧૯૭૮	બેંગકોક	થાઈલેન્ડ	૨૫	૩૮૪૨	૧૯
૯.	૧૯૮૨	નવીદિલ્હી	ભારત	૩૩	૪૯૯૫	૨૧
૧૦.	૧૯૮૬	સેઉલ	દ.કોરિયા	૨૭	૪૮૦૦	૨૫
૧૧.	૧૯૯૦	બેજિંગ	ચીન	૩૭	૬૫૦૦	૨૭
૧૨.	૧૯૯૪	હિરોશિમા	જપાન	૪૨	૭૩૦૦	૩૪
૧૩.	૧૯૯૮	બેંગકોક	થાઈલેન્ડ	૪૩	૮૦૦૦	૩૬
૧૪.	૨૦૦૨	પુશાન	દ.કોરિયા	---	---	૩૮
૧૫.	૨૦૦૬	દોહા	કતાર	---	---	---

કોઠો-૨ : ૧૯૯૮ બેંગકોક એશિયાડમાં ભારતે મેળવેલા ચંદ્રકો

અ.નં.	રમત	સુવર્ણ	રજત	કાંસ્ય	કુલ
૧	ઍથ્લેટિક્સ	૨	૬	૭	૧૫
૨	બિલિયર્ડ-સ્નૂકર	૨	૧	૧	૪
૩	બોક્સીંગ	૧	૦	૧	૨
૪	ઈક્વેસ્ટ્રેઈન	૦	૦	૧	૧
૫	હૉકી	૧	૧	૦	૨
૬	કબડ્ડી	૧	૦	૦	૧
૭	રોવિંગ	૦	૦	૨	૨
૮	શૂટિંગ	૦	૨	૧	૩
૯	ટેનિસ	૦	૦	૪	૪
૧૦	વેઈટલિફટિંગ	૦	૧	૦	૧

કોઠો-૩ : એશિયાડમાં ભારતની ચંદ્રકયાત્રા

અ.નં.	વર્ષ	સુવર્ણ	રજત	કાંસ્ય	કુલ	સ્થાન
૧	૧૯૫૧	૧૭	૧૭	૨૧	૫૫	બીજું
૨	૧૯૫૪	૫	૪	૮	૧૭	પાંચમું
૩	૧૯૫૮	૫	૪	૪	૧૩	સાતમું
૪	૧૯૬૨	૧૦	૧૩	૧૦	૩૩	ત્રીજું
૫	૧૯૬૬	૭	૩	૧૧	૨૧	ચોથું
૬	૧૯૭૦	૬	૯	૧૦	૨૫	છઠ્ઠુ
૭	૧૯૭૪	૫	૧૨	૧૦	૨૭	સાતમું
૮	૧૯૭૮	૧૧	૧૦	૭	૨૮	છઠ્ઠું
૯	૧૯૮૨	૧૩	૧૯	૨૫	૫૭	પાંચમું
૧૦	૧૯૮૬	૫	૯	૨૩	૩૭	પાંચમું
૧૧	૧૯૯૦	૧	૮	૧૪	૨૩	અગિયારમું
૧૨	૧૯૯૪	૪	૩	૧૫	૨૨	આઠમું
૧૩	૧૯૯૮	૭	૧૧	૧૭	૩૫	નવમું

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૪

ડૉ. પી. ડી. શર્મા

(૧) પોલો રમતમાં 'પદ્મભૂષણ' પ્રાપ્ત કરનાર ભારતીય ખેલાડી કોણ છે ?
(અ) રાવ રાજા દનુતસિંહ (બ) કિશનસિંહ
(ક) પ્રેમસિંહ (ઈ) વિરેન્દ્રપાલસિંહ

(૨) લૉસ એન્જિલસ ઑલિમ્પિક્સમાં ૮૦૦ મી. દોડની સેમીફાઈનલમાં દોડનાર પ્રથમ ભારતીય મહિલા દોડવીર ખેલાડી કોણ હતી ?
(અ) પી.ટી.ઉષા (બ) શાઈની વિલ્સન
(ક) આશા અગ્રવાલ (ઈ) અનસૂયાબાઈ

(૩) કયા ભારતીય ટેનિસ ખેલાડીએ સૌપ્રથમ 'જુનિયર વિમ્બલડન' ટાઈટલ મેળવી હતી ?
(અ) રામનાથ કૃષ્ણન (બ) વિજય અમૃતરાજ
(ક) પ્રેમજિતલાલ (ઈ) નરેશકુમાર

(૪) 'હેલ્મસ ઍવોર્ડ' પ્રાપ્તકરનાર હૉકીનો એકમાત્ર ભારતીય ખેલાડી કોણ હતો?
(અ) મેજર ધ્યાનચંદ (બ) પરગરસિંહ
(ક) કે.ડી.સિંહ 'બાબુ' (ડ) બલબીરસિંહ

(૫) એશિયન ગેમ્સમાં દોડમાં ભારતને સૌપ્રથમ સુવર્ણચંદ્રક અપાવવાનો શ્રેય કઈ મહિલા ખેલાડીને જાય છે?
(અ) પી.ટી.ઉષા (બ) શાઈની વિલ્સન
(ક) ગીતા જુત્સી (ડ) કમલજિતસંધુ

(૬) ૨૦૦૬માં એશિયન ગેમ્સ ક્યાં યોજાશે?
(અ) જપાનમાં હિરોશિમા મુકામે (બ) કતારમાં દોહા મુકામે
(ક) પાકિસ્તાનમાં લાહોર મુકામે (ડ) ભારતમાં દિલ્હી મુકામે

(૭) સૌથી નાની વયે બિલિયર્ડમાં વિશ્વ ચૅમ્પિયન શ્રેય કોને જાય છે?
(અ) માઈચલ ફરેરા (બ) એમ. બી. અગ્રવાલ
(ક) ગીત શેઠી (ડ) વિલ્સન જોન્સ

(૮) ૧૯૮૬માં વેઈટલિફ્ટિંગમાં 'બેરન ડી. કુબરોટન ફેર પ્લે ટ્રોફી' મેળવનાર ભારતીય વેઈટલિફ્ટર કોણ હતો?
(અ) એલ. કે. દાસ (બ) મોહનલાલ ઘોષ
(ક) ઈ. કરુણાકરન (ડ) બલબીરસિંહ ભાટિયા

(૯) પ્રથમ એશિયન ગેમ્સમાં ૧૦૦ મી. અને ૨૦૦ મી. દોડ જીતનાર ભારતીય દોડવીર કોણ હતો ?
(અ) લેવી પીન્ટો (બ) મિલ્ખાસિંહ
(ક) અજમેર સિંહ (ડ) અમૃતપાલ

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૩ના સાચા ઉત્તરો

૧. જર્મની, ૨. ઇટાલી, ૩. વેસ્ટઇન્ડિઝ, ૪. ૧૯૩૦માં કેનેડામાં હેમિલ્ટન મુકામે, ૫. બુલફાઈટ, ૬. ૧૯૩૨માં, ૭. ૧૯૧૬, ૧૯૪૦ અને ૧૯૪૪, ૮. ૧૯૫૧માં ભારતમાં દિલ્હી મુકામે, ૯. સતત ૨૮ વર્ષ, ૧૦. ઈંગ્લન્ડમાં.

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર સાંજ, ૧૯મી જાન્યુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

હું (વળી મેં શરૂ કર્યું છે!) નથી જાણતી શું થયું છે, પણ પેલા સ્વપ્ન પછી હું બદલાઈ ગઈ છું. એવું મને વારે વારે લાગે છે. હા, મને ગઈ કાલે ફરી એક વાર સપનામાં પીટર આવ્યો હતો. અને ફરી એક વાર એની આંખો મારી આંખોને ઊંડે ઊંડે સુધી નીરખી રહી હતી, પણ સ્વપનું પહેલાં જેવું સ્પષ્ટ અને સુંદર નહોતું.

તને ખબર છે કે પહેલાં મને માર્ગટ અને પપ્પાને જેવું બનતું એ જોઈને ઈર્ષા આવતી. હવે ઈર્ષાનો અંશ પણ રહ્યો નથી. હજી પણ જ્યારે પપ્પા ગુસ્સાના આવેશમાં મારી સાથે અન્યાયી વર્તન કરે છે ત્યારે મને દુઃખ થાય છે પણ મેં વિચાર્યું કે, 'તમે જેવા છો એ માટે મારે તમારો વાંક કાઢવો પણ યોગ્ય નથી. તમે બાલમાનસ અને કિશોરવયનાં છોકરાંઓ વિશે વાતો તો ઘણી કરો છો પણ એ વિષયમાં તમે કાંઈ જ જાણતા નથી.' પિતાનાં વહાલા પ્રેમ અને ચુંબનો કરતાં એમની પાસેથી મારી અપેક્ષા થોડી વધુ છે. આ મારા જ વિચારોમાં ખોવાઈ જવાની મારી ટેવ જ ખરાબ છે નહિ? મારે જ જો સારા ને ભલા માણસ બનવું હોય તો, પહેલાં મારે જ એમને માફ કરવા જોઈએ નહિ? મેં મમ્મીને પણ માફ કર્યાં છે, અને જ્યારે જ્યારે મને ટોણા મારે કે મારી પર હસે ત્યારે ત્યારે મારા મનને કાબૂમાં રાખવા માટે એ સિવાય બીજું કરું પણ શું?

મને જાણ છે કે હું જેવી બનવા ચાહું છું એવી હજી છું નહિ. શું હું ક્યારેય એવી બની શકીશ ખરી?

લિ. ઍન ફ્રેંક.

તા.ક. : પપ્પાએ પૂછ્યું કે મેં તને કેકની વાત લખી કે નહિ? જન્મદિવસ નિમિત્તે મમ્મીને ઑફિસ તરફથી મોચા કેક યુદ્ધ પહેલાં મળતી હતી તેવી મળી. એ દિવસે ખરેખર મજા આવી. પણ આ ક્ષણે આવા બધા વિચારોને મારા મનમાં સ્થાન નથી.

શનિવાર, ૨૨મી જાન્યુઆરી ૧૯૪૪
પ્રિયતમ કિટી,

તું મને કહી શકીશ કે લોકો પોતાની ખરી જાતને સંતાડવા આટઆટલો પ્રયત્ન શા માટે કરતાં હશે? કે પછી બીજાંની સંગાથમાં મારું વર્તન કેમ બદલાઈ જાય છે? લોકો એકમેક પર આટલો અવિશ્વાસ કેમ કરતાં હશે? એનું કારણ તો હશે જ એની મને ખાત્રી છે. પણ ઘણી વાર મને થઈ આવે છે કે તમે તમારા મનની વાત કોઈને પણ ન કહી શકો, તમારાં નજીકનાં સગાંને પણ ન કહી શકો એ જ ભયંકર છે.

એવું લાગે છે કે એ રાતના સ્વપ્ન પછી હું અચાનક મોટી થઈ ગઈ છું, હું એક સ્વતંત્ર વ્યક્તિ બની ગઈ છું. તને આશ્ચર્ય થશે કે મારા વૅનડાન કુટુંબ માટેના વિચારો પણ બદલાઈ ગયા છે. અમારા વચ્ચે થતી ચર્ચાઓ અને દલીલોને મેં મારા કુટુંબના પૂર્વગ્રહ-દૂષિત દૃષ્ટિકોણથી જોવાનું બંધ કર્યું છે. આ અચાનક ફેરફાર કેમથી થયો? તો જો, મને અચાનક ભાન થયું કે જો મમ્મીનો સ્વભાવ થોડો જુદો હોત અને જો એ સાચા અર્થમાં માતા બની શક્યાં હોત, તો અમારા સંબંધો ઘણા ઘણા જુદા હોત. શ્રીમતી વૅનડાન કોઈ પણ દૃષ્ટિએ બહુ ગમી જાય એવી વ્યક્તિ તો નથી જ, છતાંય કેટલીક બાબતમાં મમ્મીએ કઠોર વર્તન ન કર્યું હોત તો અડધોઅડધ દલીલબાજીમાંથી અમે બચી ગયાં હોત. જો કે એક કહેવું પડે કે શ્રીમતી વૅનડાનમાં એક ગુણ છે : એમની સાથે વાત કરવી શક્ય છે. એ સ્વાર્થી, કંજૂસ અને લુચ્ચાં હશે પણ જ્યાં સુધી એમને છંછેડો નહિ ત્યાં સુધી નમતું જોખવા તૈયાર હોય છે. આ યુક્તિ હંમેશાં કામ લાગે છે એવું નથી, પણ ધીરજ રાખી પ્રયત્ન ચાલુ રાખો તો શક્ય એટલો ફાયદો થાય ખરો.

જો અમે દરેક મતભેદની વરવી બાજુ ન જોતાં જરાક નિખાલસતાથી અને મૈત્રીભાવભર્યું વર્તન કર્યું હોત તો અમારા બધા જ મતભેદોએ જુદું જ સ્વરૂપ લીધું હોત, એ પછી છોકરાં ઉછેરવાની બાબતમાં હોય કે છોકરાંને લાડ ન કરવાની બાબતમાં હોય કે ખોરાકની બાબતમાં હોય.

મને ખબર છે કે કિટી તું શું કહેવાની છે. 'પણ ઍન, આ ખરેખર તારા જ શબ્દો છે? આ તું જ બોલે છે જેને ઉપરવાળાંના અનેક અપશબ્દો પચાવવા પડ્યા છે ? જેને એમણે કરેલા અન્યાયોની જાણ છે!'

ને છતાં પણ આ હું જ કહું છે. મારે ફરી એક વાર એ પરિસ્થિતિને મારી પોતાની દૃષ્ટિએ નિહાળવી છે, નહિ કે મારાં મા-બાપની દૃષ્ટિએ. 'વડ એવા ટેટા' એ કહેવત પ્રમાણે નહિ. મારે વૅનડાન કુટુંબનું ફરી એક વાર પરીક્ષણ કરવું છે અને મારી મેળે

નક્કી કરવું છે કે શું સાચું છે અને શેની અતિશયોક્તિ કરવામાં આવી છે. જો મને એમની બાજુ અયોગ્ય લાગશે તો હું મમ્મી-પપ્પાની બાજુ લઈ શકીશ. પણ જો એમ નહિ થાય તો હું મારું વર્તન બદલવા પ્રયત્ન કરીશ. મારે મારાં મંતવ્યો અને નિર્ણયોને વળગી રહેવું છે. અને મળતી દરેક તકે હું શ્રીમતી વૅનડાન સાથે અમારા મતભેદો વિશે નિખાલસતાથી વાત કરીશ અને લોકોની મારા વિશેની માન્યતાની ઉપરવટ જઈને કોઈ પ્રકારના ડર વિના મારો નિષ્પક્ષ અભિપ્રાય જણાવીશ. મારા કુટુંબને હું નીચું નહિ પાડું અને કોઈ એમ કરશે તો હું મારા કુટુંબનો જ પક્ષ લઈશ. પણ આજથી કુથલી કરવી એ મારા માટે ભૂતકાળની વાત છે.

આજ સુધી હું માનતી કે બધા જ ઝગડાનું મૂળ વૅનડાન કુટુંબ છે પણ હવે મને ચોક્કસ ખાતરી નથી કે અમારો વાંક નહોતો. જ્યાં સુધી ઊભા થયેલા પ્રશ્નોનો સવાલ છે - અમે સાચા હતા પણ બુદ્ધિશાળી લોકો (જેવા કે અમે!)ને આ પરિસ્થિતિને કેમ સંભાળવી એની સમજણ વધારે હોવી જોઈએ. આશા રાખું કે આ સમજણ મારામાં હોય, અને એનો સદુપયોગ કરવાના પ્રસંગો પણ મને મળે.

લિ. ઍન

સોમવાર, ૨૪મી જાન્યુઆરી, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

હું કાંક બદલાઈ ગઈ છું. ('બદલાઈ ગઈ છું' એ શબ્દો પણ બરોબર બંધબેસતા નથી.)

અમે અહીં આવ્યાં એ પહેલાં, ઘરમાં કે શાળામાં જાતીય સંબંધો વિશેનો કોઈ પણ ઉલ્લેખ છાનોછપનો અને ઘૃણાસ્પદ કરવામાં આવતો. એને લાગતા-વળગતા શબ્દો હંમેશાં ધીમા અવાજે ઉચ્ચારાતા. અને જેને એ વિશે ખબર નહોતી એ બધાં હાંસીને પાત્ર બનતાં. આ મને હંમેશાં વિચિત્ર લાગ્યું અને આ બાબતમાં લોકોનું વર્તન આવું રહસ્ય ભરેલું ને ઘૃણા થઈ આવે એવું કેમ રહેતું હશે. પણ હતી એ પરિસ્થિતિમાં ફેરફાર કરવાનું મારે માટે શક્ય નહોતું. એટલે આ વિષયમાં હું ખપ પૂરતું જ બોલતી અને જરૂર પડ્યે વધુ માહિતી બહેનપણીઓને પૂછતી.

આ વિષયમાં મારી જાણકારી સારી એવી છે એ જોઈને એક દિવસ મમ્મીએ મને શિખામણ આપી : 'ઍન, એક વાત હંમેશાં યાદ રાખજે, કોઈ દિવસ આ વિષયની ચર્ચા છોકરાઓ સાથે કરવી નહિ. શરૂઆત એ લોકો કરે તો આપણે જવાબ આપવો નહિ.'

ત્યારે મેં શું જવાબ આપ્યો હતો એ મને આજે પણ યાદ છે : 'અલબત્ત, હું ધ્યાન રાખીશ.' એવું કોઈ દિવસ બને! વાત ત્યાં જ અટકી.

અમે અહીં રહેવા આવ્યાં ત્યારે, શરૂઆતમાં પપ્પાએ મને એવી વાતો સમજાવીને કહી જે મને મમ્મીએ કહી હોત તો મને ગમત. બાકીનું જ્ઞાન મેં પુસ્તકોમાંથી વાંચીને અને વાતોમાંથી મેળવ્યું.

શાળાના બીજા છોકરાની જેમ પીટર વૅનડાન નહોતો, આ વિષયમાં એનું બોલવું ક્યારેય ઘૃણાસ્પદ નથી હોતું. શરૂ શરૂમાં જ્યારે એ મને ટાળવાનો પ્રયત્ન કરતો ત્યારે એ બે વાર એનું એવું વર્તન હતું. એક વાર શ્રીમતી વૅનડાને કહ્યું હતું કે આ બાબતની વાતો એમણે ક્યારેય પીટર સાથે કરી નહોતી. અને જ્યાં સુધી એમને ખબર હતી ત્યાં સુધી શ્રી વૅનડાન પણ એવી વાતો પીટર સાથે કરતા નહિ. આ પરથી એમને લાગ્યું કે પીટરને કેટલી ખબર છે અને ક્યાંથી જાણી આવે છે એ ય શ્રીમતી વૅનડાન જાણતાં નહોતાં.

ગઈ કાલે હું, માર્ગાટ અને પીટર બટાકા છોલતાં હતાં ત્યારે ક્યાંકથી બોશનો વિષય નીકળ્યો. મેં કહ્યું, 'આપણને તો હજી સુધી એ પણ ખબર નથી કે બોશ નર છે કે માદા નહિ?'

'ખબર છે ને, કેમ નહિ.' એણે જવાબ આપ્યો. 'બોશ તો બિલાડો છે.'

મને હસવું આવ્યું, 'જોયો મોટો બિલાડો, એને તો બચ્ચાં આવવાનાં હતાં ને!'

પીટર અને માર્ગાટ પણ હસવા માંડ્યાં. જો, વાત એમ છે કે એક બે મહિના પહેલાં પીટરે સમાચાર આપ્યા કે થોડા વખતમાં નક્કી બોશને બચ્ચાં જનમવાનાં છે, કારણ કે એનું પેટ ફૂલવા માંડ્યું છે. પણ પછી પેટ ફૂલવાનું કારણ તો ચોરી ખાધેલાં હાડકાં નીકળ્યું. એમ બચ્ચાં જનમવાનાં તો દૂર રહ્યાં, પેટમાં બચ્ચાં જ નહોતાં.

હવે પીટરને લાગ્યું કે એણે કરેલો દાવો સાબિત કરવો જ રહ્યો. 'ચાલ મારી સાથે, ને તું જ જોઈ લે. એની સાથે રમતો હતો ત્યારે મને ખાતરી થઈ ગઈ કે એ બિલાડો જ છે.'

મારી જિજ્ઞાસાને હું પણ ખાળી ન શકી અને હું એની સાથે ગોદામની દિશાએ જવા માંડી. પણ ત્યારે બોશને કોઈને મળવામાં રસ નહોતો ને ત્યાં નહોતો. થોડી વારે એની અમે રાહ જોઈ પણ અમને ઠંડી વાવા માંડી એટલે અમે પાછાં ઉપર જતાં રહ્યાં.

એ દિવસે બપોરે મેં ફરી વાર પીટરને નીચે જતાં જોયો. હિંમત કરીને શાંત મકાનમાં એકલી એકલી ચાલતી હું પણ ગોદામમાં પહોંચી ગઈ. પૅકિંગ ટેબલ પર બોશ હતો. અને એની સાથે રમતાં રમતાં પીટર એને વજન કાંટા પર મૂકવાની તૈયારી કરતો હતો.

'હૅલો, તારે જોવું છે?' કોઈ પ્રકારની પૂર્વતૈયારી વિના એણે બિલાડીને ઉપાડી ઊંધી કરી એનાં માથું ને પગ પકડીને લેસન ભણાવવાની શરૂઆત કરી, 'જો, આ પુરુષ જાતિનો અવયવ છે, આ છે થોડા વાળ અને એ એની પૂંઠ.'

બિલાડી ફરી ચત્તી થઈ ને પોતાના નાના નાના પગ પર ઊભી થઈ ગઈ.

જો બીજા કોઈ છોકરાએ મને 'પુરુષ જાતિનો અવયવ' બતાવ્યો હોત તો મેં એની સામે ફરી કદી પાછું ફરીને જોયું પણ ન હોત. પણ પીટરે આવી વાત પોતાના સ્વાભાવિક અવાજમાં જ કહી. એના મનમાં કોઈ બીજો ઈરાદો પણ છુપાયેલો નહોતો. એણે

વાત પૂરી કરી ત્યારે મને કાંઈ જ અસ્વાભાવિક બની ગયું હોય એવું ન લાગ્યું, એથી મારું વર્તન પણ સ્વાભાવિક બની ગયું. થોડો સમય અમે બોશ સાથે રમ્યાં, થોડીક વાતો કરી અને પછી મોટા ગોદામમાંથી ટહેલતાં ટહેલતાં અમે દરવાજા સુધી પહોંચી ગયાં.

'માઉશીને બંધાવી ત્યારે તું ત્યાં હતો?'

'હાસ્તો, એને કાંઈ વાર નથી લાગતી. બિલાડીને એનેસ્થેશિયા આપી દે છે, દેખીતા કારણ માટે.'

'એ લોકો એમાંથી કાંઈ બહાર કાઢે?'

'ના, ઘોડાડૉક્ટર એમાં એક ટ્યૂબ ખોસી દે. બહારથી જોવા જેવું ખાસ કાંઈ જ હોતું નથી.'

હવે મારે જે પ્રશ્ન પૂછવો હતો એ માટે થોડી હિંમત એકઠી કરવી પડી. કારણ કે પ્રશ્ન જ જરા વિચિત્ર હતો, 'પીટર, જર્મન શબ્દ ગેશ્લેખ્સ્તેઈલનો અર્થ જાતીય અવયવને? પણ નર અને માદાનાં અવયવોનાં નામ તો જુદાં જુદાં હોય છે.'

'એ તો મને ખબર છે.'

'માદાના અંગને યોનિ કહેવાય એની તો મનેય ખબર છે પણ નરના અંગને શું કહેવાય એની મને ખબર નથી.'

'હં...'

'ઠીક છે.' મેં કહ્યું, 'આના નામની આપણને ખબર પણ કેવી રીતે પડે, મોટા ભાગે તો આવા શબ્દો અચાનક જ કાને પડી જાય છે.'

'શું કામ? હું મારાં મમ્મી-પપ્પાને પૂછી જોઈશ. મારા કરતાં એ લોકોને આ બધી વધારે ખબર છે અને એમને અનુભવ પણ વધારે છે.'

હવે અમે દાદરા સુધી પહોંચી ગયાં હતાં. એટલે વધુ વાત થઈ શકી નહિ.

હા આ ખરેખર બન્યું હતું. આટલી સ્વાભાવિક રીતે આ વાત મેં મારી બહેનપણીઓ સાથે પણ આ પહેલાં કરી નહોતી. અને મને વિશ્વાસ છે કે મમ્મીએ આપેલી શિખામણ આ રીતે કરેલી વાતો માટે નહોતી.

અને તેમ છતાં એ પછી હું પહેલાં જેવી રહી શકી નહોતી. જ્યારે અમારી વાતો વિશે મેં પછીથી વિચાર કર્યો ત્યારે મને પણ જરા અજુગતી જ લાગી. પણ એક વાતની મને જાણ થઈ કે આ પ્રકારની વાત સ્વાભાવિક રીતે, મજાક ઉડાડ્યા વિના કરી શકે એવા યુવાનો પણ છે.

શું ખરેખર પીટર એનાં મા-બાપને ઘણા બધા પ્રશ્નો પૂછશે? ગઈ કાલે મને લાગ્યો એવો શું એ ખરેખર હશે ખરો?

હવે, મને શી ખબર?!!!

લિ. ઍન.

(ક્રમશઃ)

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૫૮૧ થી

મારી પાસેની આ બ્રહ્માંડ-દર્શનની નકલ એક કૉલેજના રિટાયર્ડ આચાર્યશ્રી વાંચવા માટે લઈ ગયા, પણ તે પછી ૧૫ દિવસમાં તો તે આચાર્યશ્રી ગુજરી ગયા. તેમના દા'ડા-પાણીના ૧૩ દિવસ પછી મેં તેમને ઘેર જઈને 'બ્રહ્માંડ દર્શન' વિશે તપાસ કરી તો જાણવા મળ્યું કે આચાર્યસાહેબનાં બધાં જ પુસ્તકો વેચી દીધાં છે! એટલે મારું પુસ્તક 'બ્રહ્માંડ દર્શન' પણ વેચાઈ ગયું!!

ઘરમાં રખેને એકાદ પુસ્તક રહી જાય તે ભણેલા-ગણેલા ગુજરાતીને પોષાતું નથી. પ્રસંગ મળે તેના રોકડા કરી લેવામાં જ જાણે તે માને છે.

ભૂતળ-જળ અને વૃક્ષો

તા. ૬-૩-૯૭ : પોન્ડિચેરી પાસે આવેલા મહર્ષિ અરવિંદ આશ્રમમાં ભૂતળ-જળ સપાટી ઘણી નીચી ઊતરી ગઈ છે અને આનું કારણ વધારે પડતું વૃક્ષારોપણ તો ન હોય! આ માટે એક વૈજ્ઞાનિક પ્રયોગ ગોઠવાયો. અરવિંદ આશ્રમમાં વૃક્ષોરોપણથી ઉગાડેલાં વનમાંથી બે જાતનાં વૃક્ષો પસંદ કર્યાં. તેમાં એક તો ઓસ્ટ્રેલિયાથી આણેલો બાવળ (**A ouriculiformis**) અને બીજું શૃંગાર વૃક્ષ (**P. Pterocarpum**). થડમાં એક બિન્દુએ આરપાર જાય તેવો ખીલો ભરાવ્યો. વિદ્યુતની મદદથી ખીલામાં ગરમીનું મોજું મોકલ્યું. આ ગરમી, થડ મારફતે વૃક્ષ જે રીતે પાણી ચૂસે છે (**Convection**), ઉષ્ણતા પરિવર્તનની રીતે આગળ વધે છે. ખીલાથી ૧૫ મિ.મી.ને અંતરે ખોસેલા થર્મોમીટરની મદદથી તાપમાન વધી વધીને કેટલા મહત્તમ સુધી પહોંચે છે અને તેમ કરતાં કેટલો સમય લાગે છે તે માપવાની મુખ્ય વાત હતી. અને પછી કેટલીક ગણતરીઓ કરીને, થડ મારફતે કેટલું પાણી જમીનમાંથી ઉપર વહી જાય છે તે જાણવું હતું. પ્રયોગમાં જણાયું કે એપ્રિલ માસમાં એક દિવસમાં બાવળમાં ૧૪ લિટર પાણી ચૂસાય છે અને શૃંગારવૃક્ષ ૧૧૦ લિટર પાણી પી જાય છે. આ અવલોકનોને યોગ્ય રીતે મે, જૂન... વગેરે મહિનામાં મેળવીને આ અન્દાજ પ્રમાણે આખા વરસમાં કેટલું પાણી ચૂસાઈ જાય છે તે તેમણે શોધી કાઢ્યું. તેમને જણાયું કે બાવળ ૨૩૫૦ લિટર અને શૃંગાર વૃક્ષ ૮૧૫૦ લિટર પાણી આખા વરસમાં ચૂસે છે. આ બધું પાણી જે તે વિસ્તારમાં આ ઝાડ આવેલાં છે તેમાંથી ચુસાય છે અને તે તે વિસ્તારમાં પડતા વરસાદના ૧૩ ટકા જેટલું છે. આ પહેલવારકા થયેલા પ્રયોગમાં ત્રૂટી હોય તેમ માની લઈએ તો પણ આ ચુસાતું પાણી વધી વધીને પડતા વરસાદના ૩૦ ટકા જેટલું થાય. આમ, જમીન ઉપર પડતા વરસાદ કરતાં આ વૃક્ષો વડે ચુસાતું પાણી તો ઘણું ઓછું છે એટલે ઓરોવિલના ભૂતળ-જળની સપાટી ઊતરવાનું કારણ આ વૃક્ષો નથી. આવો પ્રયોગ સૌરાષ્ટ્રમાં કર્યો હોય તો?

(ક્રમશઃ)

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૮. સુંદર સ્થાને રસભર ઉત્સવ

કાઠમંડુમાંની ભીડ પછી ભક્તાપુરની ગલીઓ અને ચૉક સરસ ખાલી લાગે છે. ૧,૪૦૧ મીટરની ઊંચાઈ પર આવેલા, કાઠમંડુથી ચૌદ કિ.મી. પૂર્વમાં આવેલા આ પ્રાચીન ગામને ભડગાંવ પણ કહે છે. પંદરમી સદીનાં કળા અને સ્થાપત્ય માટે એ જાણીતું છે, તો માટીકામ તથા વણાટકામ આજે એના પ્રથાગત, પ્રચલિત ગૃહ-ઉદ્યોગો છે. જર્મનીએ એને દત્તક લીધું છે, અને એની સાચવણી માટે એ પ્રયત્ન કરી રહ્યું છે. ભક્તાપુરમાં હજી નવાં મકાનોને માટે પણ એ જ લાક્ષણિક શૈલીનો આગ્રહ છે, તો સદીઓજૂની, ખરવા ને તૂટવા જતી ભીંતોને આધાર આપવા માટે લાકડાના લાંબા ડંડા ટેકવવામાં આવ્યા છે, જે ત્રાંસા મૂકેલા હોવાથી ઠેર ઠેર છેક ગલીઓની વચ્ચે પડતા રહે છે.

દત્તાત્રેય ચૉકમાં રાજા યક્ષ્ય મલ્લાએ પંદરમી સદીમાં બંધાવેલું મંદિર છે. એની બાજુમાં આવેલા પૂજારી મઠના મકાન પર ખૂબ જ સુંદર કોતરણી છે અને એની એક દીવાલ પર નેપાળમાં લાક્ષણિક એવી, મયૂર આકારની બારીક કોતરણીવાળી લાકડાની બારીઓ જોવા મળે છે. મેં બાજુના એક ખુલ્લા બારણામાં ડોકિયું કર્યું. ત્યાં લાકડા પર કોતરણીકામ માટેની કાર્યશાળા હતી. કેટલાક કારીગરો સ્થિર હાથે કુશળતાપૂર્વક ચોક્કસ રીતે ટાંકણાં મારીને વિવિધ ડિઝાઈન તથા પ્રતિકૃતિઓ કંડારી રહ્યા હતા.

ત્યાંથી પાછલી સાંકડી ગલીઓમાં થઈને થોડી જ વારમાં હું દરબાર ચૉક પર પહોંચી ગઈ. અહીં વાહનોને છૂટ નથી, અને ઘોંઘાટ પણ ઓછો હોય છે તેથી સારું લાગ્યું. જો કે ગલીઓની અંદરની દુકાનોમાંના રેડિયો પરથી હિંદી ફિલ્મી સંગીતના રાગડા સંભળાતા રહેલા - જાણે બીજા કોઈ દેશમાં હતાં જ નહીં. ભક્તાપુરના આ મુખ્ય ચૉકમાં કેટલાંક મંદિર આવેલાં છે - જેમ કે વત્સલાદેવી, પશુપતિનાથ વગેરે અને સિંહદ્વાર, રાજા ભૂપતીન્દ્ર મલ્લાની પ્રતિમા, પંચાવન બારીઓ-વાળો મહેલ વગેરે અનેક જોવાલાયક સ્થાપત્યો છે.

સિંહદ્વાર પર હનુમાન, ભૈરવ તથા નરસિંહ નારાયણની પથ્થરમાંથી બનાવેલી મૂર્તિઓ છે. ભક્તિભાવે પ્રણામ કરી રહેલા રાજાની પ્રતિમા નેપાળમાંનાં અસંખ્ય શિલ્પોમાં ઉત્તમો-ત્તમ ગણાય છે. સુવર્ણદ્વારમાં થઈને, રાજા રણજિત મલ્લા દ્વારા



'હાડપિંજર' નૃત્ય

રચાયેલા, વિશ્વ-વિખ્યાત પ્રાસાદના પ્રાંગણમાં પ્રવેશ મળે છે. આ દ્વાર પર દેવી કાલી, ગરુડ તથા બે અપ્સરાઓનાં શિલ્પ છે. પ્રાસાદની ઈંટોની દીવાલોમાં નાના, બંધ ઝરુખાઓથી યુક્ત એવા પંચાવન ગવાક્ષ જડેલા છે, જે કાષ્ઠ-કારીગીરીનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે.

મહેલમાંના કળા-સંગ્રહાલયમાં હિન્દુ તેમજ બૌદ્ધ પ્રથાનાં તાંત્રિક ચિત્રો-'થાન્કા', મંડલા વગેરે જોવા મળે છે. કેટલાંય ઝાંખાં થઈ ગયાં છે, તો અમુકના રંગ હજી ઘેરા અને ચમકતા છે. ઓગણીસમી સદીની એક ચિત્રમાળામાં કૃષ્ણનું જીવન આલેખાયેલું હતું - કાલીનાગ-દમન, ગોપી-વસ્ત્રહરણ, કંસવધ, પૂતનાવધ, રાધા સાથે હિંડોળા પર કૃષ્ણ વગેરે. અન્યત્ર રાજાઓની વંશાવલિનાં તૈલચિત્રો લટકાવેલાં હતાં - રાજેન્દ્ર, સુરેન્દ્ર, ત્રિભુવન, મહેન્દ્ર, વીરેન્દ્ર, વીર વિક્રમ. બધા જ ઓરડાઓમાં અત્યંત અપૂરતો પ્રકાશ છે અને કળાકૃતિઓને ન્યાય મળતો નથી લાગતો. છતાં આ સંગ્રહ ચુકાવો તો ના જ જોઈએ, એ ખાતરી તો થઈ જ.

વત્સલાદેવીનું મંદિર શબ્દાતીત કોતરણી તથા શિલ્પ-શોભાથી યુક્ત છે. વળી, એનું ઊંચું શિખર નેપાળી લાક્ષણિક શૈલી માટે ધ્યાનાર્હ છે. એની એક પડસાળમાં ખૂબ મોટો લોખંડી ઘંટ લટકાવેલો છે. એક વાયકા એમ છે કે અઢારમી સદીમાં, રાજા રણજિત મલ્લાના કાળ દરમ્યાન સંચારબંધી જાહેર કરવા માટે એ વગાડાતો. બીજી વાયકા પ્રમાણે રાજા ભૂપતીન્દ્ર મલ્લાને એના અવાજમાં મૃત્યુનો સાદ સંભળાતો. આ ઉપરાંત એમ પણ કહેવાય છે કે આ ઘંટ વાગવાની સાથે સ્થાનિક કૂતરા ભસવા માંડે છે. શું એમને મૃત્યુના દેવ નજીકમાં દેખાતા હશે?

કાઠમંડુમાં બાઘમતીને તીરે આવેલા પશુપતિનાથના મહા-મંદિરની પ્રતિકૃતિ ભક્તાપુરમાં છે, જેના પર સુંદર કોતરણી તેમજ મિથુન-શિલ્પો છે. સત્તરમી સદીમાં ભૂપતીન્દ્રના પિતા રાજા સુમતિ જય જિતમિત્ર મલ્લાએ એને બંધાવેલું. આ મંદિર



મહાકાલ

અમુક જ સમયે ખૂલે છે ને તેથી દર્શન ના થયાં. દેવી લક્ષ્મી માટે બનાવાયેલું, ખૂબ ઊંચા પાંચ માળના પેગોડાથી પ્રભાવશાળી દેખાતું, ન્યાતપોલ મંદિર એની ઉપરનાં શિલ્પોથી સુવિશિષ્ટ છે. એના દરેક માળ પર બબ્બે શિલ્પ છે - બે મલ્લ, બે હાથી, બે સિંહ, બે 'ગ્રિફિન' (ગરુડનાં માથાં, સિંહના દેહ) તથા બાઘિની અને સિંહિની નામની વાઘ અને સિંહની દેવીઓ. આ સુંદર મંદિરનું અવલોકન પાસેના ઉપલા માળ પરના કોઈ નાના આહાર-ગૃહમાંથી નિરાંતે ને શાંતિથી કરી શકાય છે.

ભક્તાપુરનાં સ્થાપત્યો અને લાલ નળિયાંનાં ગામનાં ઘરોનાં છાપરાં જોતાં મને થયું કે સદીઓનો ઈતિહાસ ભક્તાપુર અપાર લાલિત્ય અને નયનપ્રિયતા સાથે પ્રદર્શિત કરી રહ્યું હતું. જો કે ગામની પાછલી બાજુ પર જતાં, બજારના રસ્તાઓમાં ભાગ્યે જ કશું આકર્ષક દેખાય - એકાદું નાનું સ્થાનક, જૂના મંદિરમાં વસાવાયેલી શાળા, જાહેર સ્નાન-કુંડ પરનાં શિલ્પ. પછી અચાનક ગામ પૂરું થઈ જાય, ને છીછરી નદી તથા મોટાં ગંદાં કાદવમાં ખરડાયેલાં ભૂંડની નજીકમાં મંદિર-સંપુટ આવી ચડે - શિવલિંગ, નંદી, ગણેશ, હનુમાન. છેલ્લે ગામની સીમા દર્શાવતું માતાનું મંદિર, થોડાં ખેતરો ને ખરેખર ભાગોળે પહોંચ્યાનો ભાવ થાય.

થોડાં વર્ષો પછી ફરીથી ભક્તાપુર ગઈ ત્યારે વળી 'સાપારુ' અથવા 'ગાય જાત્રા'નો દિવસ હતો. દરબાર ચોક સુધી જતો દરેક રસ્તો સ્ત્રી-પુરુષો અને બાળકોથી ઊભરાયેલો હતો. કાઠમંડુમાં પણ આ ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો, પણ ભક્તાપુર એને માટે વધારે વખણાય છે. મેં નોંધ્યું કે જર્મનીની સહાયને કારણે આખું ભક્તાપુર પાતળી, લાલ ઈંટોથી ચણવામાં આવ્યું હતું, ને એના રસ્તા કાદવિયા નહોતા. ક્યાંયે વાહનો નહોતાં, પણ હજારોનાં હજારો લોકો જ્યાં જુઓ ત્યાં-બેઠેલાં, ઊભેલાં-દેખાતાં હતાં, અને ખૂબ રસથી જાતજાતનાં પ્રદર્શન જોઈ રહ્યાં હતાં.

ગામના અગ્રગણ્ય ઉત્સાહી યુવકો ગાયોની પ્રતીકાત્મક પ્રતિકૃતિઓ ઉપાડીને રસ્તે ફરી રહ્યા હતા. સારા, નવા કાપડથી ઢંકાયેલા લાંબા ડંડાની ટોચે ગાયનું મોઢું ચિતરેલો કાગળ, ને ઘાસ બાંધીને બનાવેલાં શિંગડાં, એનીયે ઉપર નાની છત્રીઓ, તેમજ દરેક ડંડા પર લટકાવેલી કુટુંબનાં મૃત વડીલોની તસ્વીરો. દરેક જૂથની સાથે વાજિંત્ર વગાડનારનું ટોળું હોય. કિશોરો એ સૂરને યોગ્ય તાલ વાંસની લાકડીઓથી ઢોલ પર આપતા હોય. પુરુષો નાચતા હતા. કેટલાક સ્ત્રી-ઓના વેશમાં હતા.



વૈતાલ કે 'હાડપિંજર' નૃત્ય

એક વાદક-જૂથની પાસે વાંસળી, ઢોલક અને હાર્મોનિયમ પણ હતાં. જોનારાં લોકો એકદમ શાંત હતાં. કોઈ બૂમ-બરાડા નહીં, કશી ધક્કામુક્કી નહીં. વૃદ્ધ તેમજ યુવાન સ્ત્રીઓ ફૂટપાથ પર કે ઓટલાઓ પર બેસી ગયેલી. ભક્તાપુરના ત્રણેય ચૉકમાં દત્તાત્રેય, દરબાર, ન્યાતપોલ-થઈને આ જૂથો ગોળ ગોળ ફરતાં રહ્યાં. અમુકને મેં ફરી પણ જોયાં.

એક જૂથવાળાઓએ ડંડા પર છ ગાયનાં મોઢાં લગાવેલાં. એ સૌથી વધારે શ્રમસિદ્ધ વિરચન હતું. પણ એમ તો દરેકે દરેક 'ગાય-ગઠન' અવનવું હતું, ને આખું વાતાવરણ રંગરંગીન, સંગીતમય, તાલબદ્ધ, રસપ્રદ અને ઉત્સાહમય બનેલું હતું. દિવસ વાદળિયો હતો, છતાં મેં ઘણા ફોટા લીધા. ભાગ્યવશાત્ એક તદ્દન જુદો જ પ્રસંગ મને નેપાળમાં જોવા મળી ગયો હતો. કારીગરી અને કોતરણીથી ભરપૂર ભક્તાપુરમાં પ્રાચીન કાળ અને ઈતિહાસ શાંત-સ્તબ્ધ થયેલાં હતાં, તો આ દિવસે વર્તમાન લોકજીવન જીવંત બનીને રંગ-ઉમંગ પ્રસરાવી રહ્યું હતું.

દરબાર ચૉક હકડેઠઠ હતો. અનેક સ્થાનિક પુરુષો ઊંચાં મંદિર-સ્થાપત્યો પર ચઢીને બેઠા હતા. ઘણાં પરદેશીઓ બીજા-ત્રીજા માળ પરનાં આહાર-ગૃહોમાં બેસી ગયાં હતાં. આવાં સ્થાને કૃત્રિમ રીતે ભાવ ખૂબ ઊંચા ચઢાવેલા હોય, એટલે હું કોઈ નાની, સાદી જગ્યા ઘણી વાર શોધી લઉં! પછી મેં જાણ્યું કે ભક્તાપુરમાં પ્રવેશ કરતા દરેક પરદેશી પાસેથી ત્રણસો રૂપિયા (નેપાળી) લેવામાં આવતા હતા. ભક્તાપુર 'સાંસ્કૃતિક વારસાનું કેન્દ્ર' નિમાયું છે, ને તેથી આ વેરો પણ તે શ્વેત પરદેશીઓ માટે જ, ભારતીઓ માટે નથી. મને આ ઉત્સવ દરમ્યાન ઍન્જેલિકા નામની એક જર્મન બાઈ મળી ગયેલી. વેરાને કારણે એ ખૂબ ગુસ્સે ભરાયેલી. ને કહે, 'આ ગામની સાચવણી અને સુરક્ષા માટે જર્મનીએ જ તો અનહદ પૈસા ખર્ચ્યા

(અનુસંધાન પૃષ્ઠ ૫૯૬ ઉપર)

વાત્સલ્ય

કાન્તિ કાપડિયા

કોઈ પણ ભાષાની સમૃદ્ધિ એના શબ્દભંડોળ પરથી અંકાય છે. એક સમય એવો હતો કે સંસ્કૃત ભાષામાં સૌથી વધુ શબ્દભંડોળ હતો. એક જ શબ્દના અનેક પર્યાય મળે. જ્યારે બીજી ભાષામાં પર્યાય એટલા નહોતા.

અંગ્રેજી ભાષામાં પ્રેમને માટે **Love** અને **Affection** બે જ શબ્દો છે. જ્યારે માતા અને બાળકના પ્રેમને વ્યક્ત કરવો હોય તો **Mother and Child** લખાય છે. જ્યારે આપણી ભાષામાં પ્રેમને માટે અનેક શબ્દો છે અને તે જુદી જુદી જાતનો પ્રેમ વ્યક્ત કરે છે - જેમ કે પ્રેમ, સ્નેહ, પ્યાર, વ્હાલ, મમતા, વાત્સલ્ય, અનુકંપા વગેરે.

પ્રેમ એટલે આકર્ષણ - હૃદયનું આકર્ષણ. ખાસ કરીને મા અને બાળકનું જ્યારે આકર્ષણ દર્શાવવું હોય ત્યારે 'વાત્સલ્ય' શબ્દ વપરાય છે. વાત્સલ્ય એક પ્રકારનું અમીઝરણું છે, જે હૃદયમાંથી સ્વયંભૂ ઉત્પન્ન થાય છે. માતાને પોતાના બાળક માટે અનન્ય પ્રેમ હોય છે, જેનો વિકલ્પ કોઈ જ નથી!

કવિઓ અને ચિત્રકારોએ એને માટે અનેક કાવ્યો કર્યાં છે અને ચિત્રો દોર્યાં છે. આપણા કવિ બોટાદકરે કહ્યું છે કે –

પળ પળ પીવા કોઈક જગતનાં ઝેર જો
મીઠો વરસે માવલડીનો મેહ જો
માડીના કરમાંય (હૃદયમાંય) સજીવન સોગઠી.

જગતના કોઈ પણ દેશની કલા જોશો તો માલૂમ પડશે કે એમાં માતા અને બાળકનો પ્રેમ દર્શાવતાં કલાકારો થાક્યા નથી. ધર્મે ચિત્રકાર કે શિલ્પકારને મોકળું મેદાન કરી આપ્યું છે.

જૂના વખતથી આપણા ત્રણ મુખ્ય ખંડો – એશિયા, આફ્રિકા અને યુરોપ – માં ધર્મને સહારે કલા ખૂબ જ વિકાસ પામી છે. બીજા બે ખંડો અમેરિકા અને ઑસ્ટ્રેલિયા તો યુરોપની સંસ્કૃતિની ઊપજ છે.

આફ્રિકા ઘણો મોટો દેશ છે. પરંતુ ઉત્તર આફ્રિકાનો ઉત્તર-પૂર્વનો ભાગ જે ઇજિપ્ત તરીકે ઓળખાય છે તે આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે મૂળ વિકાસ પામ્યો હતો. એને પોતાની આગવી સંસ્કૃતિ અને કલા હતી. એ લોકોમાં રાજા એ રાજ્ય સિવાય ધર્મનો પણ વડો હતો અને સૂર્યપૂજક હતો. ચાલુ જીવન કરતાં મરણોત્તર જીવનને ઘણું મહત્ત્વ અપાતું. ચાલુ જીવન અને મરણોત્તર જીવનનો મુખ્ય દેવતા **Osiris**-ઓસીરીસ ગણાતો અને એની પત્ની દેવી **Isis**-ઈસીસ ગણાતી. એમનો પુત્ર તે **Horus** -હોરસ.

ઈસીસ અને હોરસનું વાત્સલ્યભર્યું શિલ્પ ઈજિપ્શીઅન કલામાં સુંદર રીતે આલેખાયું છે. જગતમાં મા અને બાળકના પ્રેમનું આ શિલ્પ જૂનામાં જૂનું કહી શકાય.

ત્યાર બાદ ભારતમાં આર્ય સંસ્કૃતિનો વિકાસ થયો અને આર્યો મધ્ય એશિયામાંથી આવ્યાં. આર્ય સંસ્કૃતિ એક વાર સમગ્ર એશિયામાં વિકસી હતી. પરંતુ ભારતમાં આર્યો આવતાંની સાથે ભારતમાં વિશેષ પ્રસરી અને વિકાસ પામી. કલાક્ષેત્રે એમાં બે વ્યક્તિઓ એવી જન્મી - જેના વિચારો ફિલસૂફી અને કલા સારાએ એશિયા(રશિયા બાદ કરતાં)માં પ્રસરી - એ બે વ્યક્તિ તે ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન બુદ્ધ. ભગવાન બુદ્ધનાં વાત્સલ્યભર્યાં શિલ્પો કે ચિત્રો જોવા મળતાં નથી પરંતુ શ્રીકૃષ્ણનાં અને શ્રી રામનાં વાત્સલ્યભર્યાં ચિત્રો રાજસ્થાન અને પહાડી (કાંગડા, વશોલી), ગઢવાળ વગેરે શૈલીઓમાં સારા પ્રમાણમાં જોવા મળે છે.

પરંતુ ભગવાન બુદ્ધ તો પ્રેમ, અહિંસા, દયાના ઉપાસક હતા. એમણે તો માનવજાતને માટે પ્રેમનું આહ્વાન કર્યું અને જીવ્યા ત્યાં સુધી એનો જ પ્રચાર કર્યો. ભગવાન બુદ્ધને મનુષ્ય નહીં પણ પ્રાણીઓ માટે પણ એટલો જ પ્રેમ હતો.

યુરોપમાં ખ્રિસ્તી ધર્મનો જ્યારથી પ્રચાર થયો તેની સાથે નાનાં-મોટાં અનેક દેવળો બંધાયાં. ઈ.સનની ૧૦મી સદી પછી



ફ્રાન્સનું વાત્સલ્યમય ચિત્ર



ઇટાલીઅન શિલ્પ (૧૫મી સદી, માઇકેલેન્જેલો)



ભારતીય શિલ્પ (૮મી સદી)



ઈંગ્લન્ડનું શિલ્પ
(અડીથ એમ. ગેબ્રિઅલ)



૨૦મી સદીનું શિલ્પ
(ડબ્લ્યુ. એમ. મેકમિલન)



કૃષ્ણ-યશોદા (૨૦મી સદી)
(ચિત્રકાર : જગન્નાથ અહિવાસી)

તો કોઈ શહેર કે ગામ એવું નહીં હોય જ્યાં નાનું-મોટું ચર્ચ નહીં હોય! એ ચર્ચમાં મોખરે અથવા સિંહાસન, પ્લેટફૉર્મ ઉપર ભગવાન ઈસુ અને એની માતા મેરીનાં ચિત્રો-શિલ્પો દરેક ચર્ચમાં સ્થપાયાં; પરંતુ ૧૫મી સદીથી યુરોપમાં રેનેસાં કાળથી યુરોપના અગ્રગણ્ય ચિત્રકારો લીઓનાર્દો-દ-વીન્સી, બોતીસેલી, માઈકેલૅન્જેલો, રાફેલ, રેમ્બ્રાં, રૂબીન્સે ખૂબ સરસ ભાવવાહી મા અને બાળકને નામે વાત્સલ્ય નિરૂપણનાં ચિત્રો જગતને સમર્પિત કર્યાં છે. એ યુરોપિયન કલા અને સંસ્કૃતિનો જગતને અનન્ય વારસો છે.

આફ્રિકાના કાષ્ઠ અને ધાતુશિલ્પોમાં પણ કેટલાક સુન્દર નમૂના છે. ૧૯મી સદી એટલે યુરોપના અનેક દેશોએ આફ્રિકા, ભારત, ઑસ્ટ્રેલિયા વગેરેમાં પોતાનો અડ્ડો જમાવી સામ્રાજ્ય સ્થાપ્યાં અને ત્યાં પણ યુરોપિયન કલાને સારું એવું સ્થાન મળ્યું. યુ.એસ.એ. ઉપરાંત કૅનૅડા અને દક્ષિણ અમેરિકામાં પણ યુરોપના દેશોએ મોટાં સામ્રાજ્ય સ્થાપ્યાં. તેની સાથે યુરોપિયન કલાને મોકળું સ્થાન મળ્યું. એક વાર એવું કહેવાતું કે **sun never sets on British Empire.** આ બ્રિટનમાં જ્યારથી સર જોશુઆ રેનોડઝે ૧૭૬૮માં ઈંગ્લન્ડના રાજા જ્યોર્જ દ્વિતીયના સમયમાં **Royal Academy**ની સ્થાપના કરી ત્યારથી કલામાં સારી એવી પ્રગતિ થઈ અને સુન્દર ચિત્રોશિલ્પો સર્જાયાં.

યુરોપીઅન કલા મનુષ્યઆકૃતિ એના તાદૃશ સ્વરૂપે આલેખાય તેના પર ભાર મૂકે છે. ગ્રીક અને રોમન કલામાં મનુષ્યની તાદૃશ આકૃતિ જોવા માટે એની રચના, એનું પ્રમાણ, શરીરનો બાંધો ઈત્યાદિ. જ્યારે પૌરસ્ત્ય કલામાં રેખા અને રંગને મહત્ત્વ અપાયું છે, જેની રાજસ્થાન અને પહાડી શૈલીનાં ચિત્રો સાક્ષી પૂરે છે.

એ જ રીતે અર્વાચીન ચિત્રકારો નન્દલાલ બોઝ, યામિની રૉય, સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર અને દક્ષિણના કલાકારોનાં ચિત્રો આપણી પરંપરાગત પદ્ધતિની સાક્ષી પૂરે છે. જ્યારે ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં અને ૧૯મી સદીમાં યુરોપીઅન પ્રજા ત્રિકોલમ્બિયન, સાઉથ સી આઈલૅન્ડ અને બીજા દેશ અને તેની કલાના સમાગમમાં આવ્યા, ત્યારે તેની અસર યુરોપીઅન કલા પર પડી, જેનું **Modern Art** નામ પડ્યું અને એ કલાના પુરસ્કર્તા હતા **Henri Moor, Hepworth, Ismat Naguchi, Bourde** વગેરે.

ખાસ કરીને હેન્રિ મૂર તથા ઈસ્મત નાગુચીએ વાત્સલ્યનાં સુન્દર શિલ્પો બનાવ્યાં છે, જેમાં આપણને 'વાત્સલ્ય'ની ભારોભાર અનુભૂતિ થાય છે.

ઈંગ્લન્ડ રૂઢિચુસ્ત દેશ છે અને એના કલાકારો જૂની શૈલી ઝટ છોડી શકતા નથી. એમાં શરીરરચના અને પ્રમાણ તથા હાવભાવ અદ્ભુત જોવા મળે છે. વીસમી સદીના પૂર્વાર્ધમાં એવાં શિલ્પો જોવા મળે છે. આપણે ત્યાં આધુનિક શિલ્પના પુરસ્કર્તા છે પ્રદોશ દાસગુપ્તા, ચિન્તામની કાર, અજિત ચક્રવર્તી, ભાવેશ સન્યાલ વગેરે. પ્રદોશ દાસગુપ્તાનાં શિલ્પમાં વાત્સલ્ય ખૂબ સરસ રીતે અંકાયું છે.

કલાનું ગમે તેટલું વર્ણન કરીએ તો પણ તેનો તાદૃશ ચિતાર આપી શકાતો નથી. એને માટે તો ચિત્ર-શિલ્પના ફોટોગ્રાફ અને શક્ય હોય ત્યાં કૃતિ પોતે જ દર્શકને ખયાલ આપી શકે એટલે ઉદાહરણરૂપે કેટલીક આગવી કૃતિઓ આ લેખને ખરેખર ન્યાય મળે એ રીતે અહીં રજૂ કરી છે.

ઈંગ્લન્ડ રૂઢિચુસ્ત દેશ છે. એની કલાનું સ્તર ઊંચું લાવવા માટે ઈ.સ. ૧૭૬૮માં સર જોશુઆ રેનૉલ્ડે રૉયલ ઍકૅડેમીની સ્થાપના કરી તેમજ કલાનો શાસ્ત્રીય અભ્યાસ થાય તે માટે રૉયલ ઍકૅડેમી આર્ટ સ્કૂલ તથા રૉયલ કૉલેજ ઑફ આર્ટની સ્થાપના થઈ. પરિણામે વીસમી સદીના પૂર્વાર્ધમાં કેટલાંક સુન્દર **Mother & Child**નાં ચિત્રો બન્યાં જે ખૂબ જ ભાવવાહી છે અને આમજનતાને આકર્ષે છે. ત્યાર બાદ મૉડર્ન આર્ટનો જમાનો આવ્યો. તેમાં હેન્રિ મૂરે સુન્દર પ્રયોગો



વાત્સલ્ય (ડ્રોઇંગ : નંદલાલ બોઝ)



વાત્સલ્ય (ડ્રોઇંગ : સોમાલાલ શાહ)



મા (ચિત્રકાર : યામિની રોય)



માતૃત્વ
શિલ્પકાર : કાન્તિ કાપડિયા
(૧૯૭૦)

કર્યા. આજે દુનિયામાં મૉડર્ન આર્ટ નામે અનેક પ્રયોગો ચાલી રહ્યા છે, પરંતુ તે સામાન્ય મનુષ્યને આકર્ષી શકતા નથી. અલબત્ત, આમાં કેટલીક સુન્દર કલાકૃતિઓ જોવા પણ મળે છે.

આ તો આપણે યુરોપીઅન અને સાંપ્રત કલાની વાત કરી પરંતુ ભારતમાં જે પરંપરાગત શિલ્પો થયાં તે અજોડ નહીં પણ અદ્‌ભુત છે.

૧૨મી સદીમાં પાલ સેન સમયમાં માતા અને બાળક સૂતેલાં હોય એવાં શિલ્પો, બાળકને કેડ પર સ્નેહ વ્યક્ત કરતી હોય એવી સ્ત્રીઓનાં તથા બાળકને અધ્ધર ઊંચકી પ્રેમનિરૂપણ કરતી સ્ત્રીનાં શિલ્પોનો જોટો જગતભરમાં મળે એમ નથી. નન્દલાલ બોઝ તથા જગન્નાથ અહિવાસીએ જે ડ્રૉઈંગ કર્યાં છે તેની શૈલી પણ ઉત્તમ છે.

આમ, પૂર્વ અને પશ્ચિમે એક જ વિષય પર જે પરંપરાગત શૈલીનાં ચિત્રો, શિલ્પો બનાવ્યાં છે તે જગતને કલાનો અનેરો વારસો છે.

માણસને પહેરવા માટે કપડાં, રહેવા માટે ઘર અને ખાવા માટે અન્નની જરૂર ખરી, પરંતુ જો જીવનમાં કલા ન હોય તો જીવન શુષ્ક લાગે. એને લીધે જ માનવજાત ટકી રહી છે. પ્રાચીન કાળમાં એને ધર્મનો સહારો મળ્યો છે. આજે સંકુચિત ધર્મ રહ્યો નથી, પરંતુ જાહેર સંસ્થા અને બાંધકામમાં ચિત્રો-મ્યુરલ, શિલ્પ જ્યારે મૂકવામાં આવે છે ત્યારે એની રોનક ફરી જાય છે અને અનેરો આનંદ પ્રાપ્ત થાય છે.

સામ્પ્રત સમયમાં યુરોપ-અમેરિકાને એનું મૂલ્ય સમજાયું છે અને ત્યાં જાહેર સંસ્થામાં એનો ભરપૂર ઉપયોગ થયો છે. ઉપરાંત મ્યૂઝીઅમ ઑફ મૉડર્ન આર્ટ પણ અસ્તિત્વમાં આવ્યાં છે.

ચિત્ર અને શિલ્પ તો કલાનાં માધ્યમ ખરાં. શિલ્પ બનાવતાં સારો એવો સમય લાગે, પરંતુ વધુ ટકાઉ ખરાં. ચિત્રને પણ સમય તો લાગે પણ શિલ્પ જેટલો નહીં. આજે એક નવા માધ્યમમાં ચિત્રો સર્જાય છે અને તે માધ્યમ કૅમેરાની મદદથી બનતા ફોટોગ્રાફનું. થોડા જ સમયમાં કૅમેરાની મદદથી પણ વાત્સલ્યનાં મનોરમ અદ્‌ભુત ચિત્રો સર્જાયાં છે અને ઉચ્ચ કલાના નમૂના તરીકે પંકાયાં છે.

યુરોપમાં એક બીજું માધ્યમ સ્ટેનઈન્ડ ગ્લાસ અને મોઝેકમાં પણ વાત્સલ્યના નમૂના જોવા મળે છે. ફ્રાંસમાં શાર્તના દેવળની સ્ટેઈન્ડ ગ્લાસ બારીઓ અને ઈટલીના પૂર્વકાંઠે આવેલા રેવેન્નાના દેવળમાં બનેલા મોઝેકનાં ચિત્રો અદ્‌ભુત છે.

પાશ્ચાત્ય કલામાં ખાસ કરીને ચિત્રકલામાં ભગવાન ઈસુ અને મેરીનાં ખૂબ જ ભાવવાહી ચિત્રો થયાં છે. ત્યાંના મોટા મોટા મહાન ચિત્રકારો લીઓનાર્દો-દ-વીન્સી, માઈકેલૅન્જેલો, રાફેલ, રેમ્બ્રાં, બોતીસેલી, સર એડવર્ડ બર્ન જોન્સ વગેરે ચિત્રકારોએ જે ચિત્રો સર્જ્યાં છે તે પાશ્ચાત્ય ચિત્રકલાનો અદ્‌ભુત વારસો છે.

આપણે ત્યાં અજંતા, કાંગડાની ચિત્રશૈલીમાં રામ-કૌશલ્યા, કૃષ્ણ-જશોદાનાં ખૂબ જ સુન્દર અને ભાવવાહી ચિત્રો બન્યાં છે. આ સદીના પૂર્વાર્ધમાં કેટલીક નારી શિલ્પકારોએ ભાવવાહી શિલ્પો બનાવ્યાં છે તેમાં માતૃહૃદયનો મહિમા સ્પષ્ટ માલૂમ પડે છે.

આમ, માનવજીવનનું મોટામાં મોટું અંગ વાત્સલ્ય જેનાથી આ જગત ટકી રહ્યું છે તેના સમર્થનમાં કેટલાંક ચિત્રો, શિલ્પો અને છબીઓ અહીં આપ્યાં છે. તે ઉપરથી વાત્સલ્યનો તાદૃશ ખયાલ આવશે.

શિલ્પના કેટલાક ઉત્કૃષ્ટ નમૂના ઈંગ્લન્ડમાં વીસમી સદીના પૂર્વાર્ધમાં બન્યા છે. તેની કર્તા મોટાભાગે સ્ત્રીઓ છે, કારણ કે માને જેટલી વાત્સલ્યની અનુભૂતિ થાય છે તેટલી પુરુષને થતી હોતી નથી. ❒

સમ(મો)વસરણ

— ડૉ. પ્રિયબાળા શાહ —

સમવસરણનો શબ્દાર્થ માનવોનું એકત્ર થવું. વળી તે જિન માટેની વ્યાખ્યાનશાળા માટે વપરાય છે. વ્યાખ્યાનશાળાની ઈમારત દેવોએ ઊભી કરી હતી તેથી તેમાં વૈભવ અને ઠાઠ ઉચ્ચ કોટિનાં જણાય છે. દેવો, માનવો અને પશુઓ સમગ્ર એકત્ર થઈને પોતાની યોગ્ય જગાએ બેસીને તીર્થંકરનું પ્રવચન સાંભળી શકે. તીર્થંકરને પોતાના કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછીનું પ્રવચન શાંતિથી સાંભળવા માટેની જગા તે સમવસરણ.

શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયોની માન્યતા એકસરખી છે પરંતુ ઈન્દ્રના હુકમથી વ્યંતર દેવોએ સમવસરણ બનાવ્યું તેમ શ્વેતામ્બર કહે છે, જ્યારે દિગમ્બર પ્રમાણે ઈન્દ્ર પોતે જ સ્થપતિ હતો તેથી તેણે બીજા દેવોની મદદથી આ કૃતિ બનાવી.

સમવસરણની રચના પણ બે પ્રકારની જોવા મળે છે. એક વર્તુળાકાર અને બીજી ચોરસાકાર. વર્તુળાકાર જેવી રંગભૂમિ મજબૂત કિલ્લાની બનાવેલી હતી. લોકો શાંતિથી જિનનું પ્રવચન સાંભળી શકે તે માટે શ્રી સમવસરણની રચના કરવામાં આવી હતી છતાં પણ આ સ્થળનો ધાર્મિક અને નૈતિક પ્રવચનો સાંભળવા માટે ઉપયોગ થતો. ક્યારેક કોઈ શક્તિશાળી દેવ જિનની મુલાકાતે જાય ત્યારે તેની યાદગીરીમાં આવી ઈમારત ઊભી કરવામાં આવતી. જૈન પુરાણો આવી વ્યાખ્યાનશાળાની રચનાનું વર્ણન કરે છે. ત્રિષષ્ટીશલાકાપુરુષ ચરિત (પર્વ ૧)માંથી શ્વેતામ્બર સંપ્રદાય માટેના વ્યાખ્યાનગૃહની વિગતો મળી આવે છે જ્યારે જિનસેનાના મહાપુરાણમાંથી દિગમ્બરની સમવસરણની વિગતો પ્રાપ્ત થાય છે. પરંતુ કલ્પસૂત્રમાં સમવસરણની વિગતો પ્રાપ્ત થતી નથી ઉપરાંત મહાવીર સ્વામીને કેવલજ્ઞાન થયું અને તે પ્રસંગની દેવોની ઉત્સવોની ઉજવણીનું વર્ણન પણ તેમાં નથી. જ્યારે આવશ્યક નિર્યુક્તિ તેનું વર્ણન આપે છે. કુશાન સમયની મથુરામાંથી (હાલમાં લખનઊ મ્યૂઝીઅમમાં) જે ખંડિત તોરણ કમાન મળી આવી છે તેમાંથી કાંઈક ખયાલ મળી આવે છે. તેમાં દેવો અને મનુષ્યો જિનની પૂજા કરવા જાય છે. મહાવીર સ્વામી ચંપા પાસે પૂર્ણભદ્ર ચૈત્યની મુલાકાતે જાય છે ત્યારે લોકોની ઉપાસના માટે એકત્ર થાય છે તેમાંથી સમવસરણનો વિચાર ઉદ્ભવ્યો હોય એમ જણાય છે.

હેમચન્દ્રાચાર્ય પ્રમાણે ઋષભદેવે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે ઈન્દ્રએ વ્યંતર દેવોને સમવસરણ ઊભું કરવા એકત્ર કર્યા હતા. આ રચના માટે વાયુકુમારોએ સૌ પ્રથમ એક યોજન જમીન સાફ કરી મેઘકુમારોએ સુગંધીદાર પાણીનો છંટકાવ કર્યો. વાન-વ્યંતરોએ તેમાં પુષ્પવૃષ્ટિ કરી, વ્યંતર દેવોએ આ ભૂમિને ચમકતાં રત્નો અને સોનાથી મઢી દીધી. ચારે દિશાએ ઝવેરાત-લાલ માણેક અને સોનાની કમાનો કરી. તેના ઉપર ઊંચી કઠપૂતળીઓ (શાલભંજિકા) ઊભી કરી. કમાનો ઉપર ધજાઓ, સફેદ છત્રો અને અષ્ટમંગલ ચિહ્નો ઊભાં કર્યાં.

વિમાનવાસી દેવોએ વિવિધ રત્નોથી સૌથી ઉપરનું રક્ષણ માટેની દીવાલનું આયોજન કર્યું. મધ્ય ભાગમાં જ્યોતિષ્ક દેવોએ રક્ષણ માટેની દીવાલ (વપ્ર) સોનાની બનાવી અને તેમાં રત્નોનું જડતર કર્યું. ત્રીજી અને છેલ્લા કિલ્લાની દીવાલ ભવનપતિ દેવોએ બનાવી. તે ચાંદીની હતી અને તેમાં ટોચના ભાગે કાંગરા કર્યા. ઉપરાંત ટોચના પથ્થરોમાં સોનાનાં કમળોનું સુશોભન કર્યું.

દરેક દીવાલને ચાર ગોપુરમ્ (તોરણદ્વાર) હતાં. દરેક દરવાજે વ્યંતર દેવોએ ધૂપદ્રવ્યોમિશ્રિત ઘડાઓ ગોઠવ્યા. દરેક દરવાજા પાસે એક તળાવ (વાપી) બનાવ્યું, જેમાં સોનાનાં કમળો ચમકતાં હતાં. ચારે દરવાજા સમવસરણની દીવાલ (વપ્ર) જેવા બનાવ્યા હતા.

ઈશાન કોણમાં બીજી દીવાલની અંદર દેવછંદ અથવા વ્યાસપીઠ દેવોને આરામ કરવા બનાવ્યા. પૂર્વના દરવાજાની બંને બાજુની પહેલી દીવાલ પાસે બે સુવર્ણરંગી વૈમાનિક દેવોને દ્વારપાળ તરીકે મૂક્યા. તેના દક્ષિણના દરવાજે શ્વેત વ્યંતર દેવો અને પશ્ચિમ તરફના દરવાજે બે વ્યંતર દેવો લાલ રંગના અને ઉત્તરના દરવાજે બે ભવનાધિપતિ મેઘ જેવા શ્યામરંગી દ્વારપાળ તરીકે મૂકયા. બીજી દીવાલના ચારે દરવાજા આ ક્રમ પ્રમાણે તૈયાર કર્યા. પૂર્વ બાજુએ દેવીઓ



જયા, વિજયા, અજિતા અને અપરાજિતાનો એક હાથ અભય મુદ્રામાં અને બીજા ત્રણ હાથમાં પાશ, અંકુશ અને મુદ્દગર આપ્યાં. દરેક દરવાજે છેવટની દીવાલ પાસે તુમ્બુરૂ દ્વારપાળ તરીકે મૂક્યા. તેમના હાથમાં ખટ્વાંગ હતાં અને મનુષ્યની ખોપરીઓના હાર પહેરાવ્યા હતા અને મસ્તક ઉપર જટામુકુટ શોભતા હતા.

સમવસરણની મધ્યમાં વ્યન્તર દેવોએ ચૈત્ય વૃક્ષ ઊભું કર્યું. તેની નીચેની પીઠિકામાં અનેક પ્રકારનાં રત્નોથી તેને શોભાવ્યું. તેના ઉપર રત્નોનો વ્યાસપીઠ (છન્દક) બનાવ્યો. તેની મધ્યમાં પૂર્વ તરફનું રત્નજડિત સિંહાસન ગોઠવ્યું. સિંહાસન ઉપર સફેદ ત્રિદળ છત્ર બનાવ્યું. તેની બંને બાજુએ ચામરધારી યક્ષો મૂક્યા. સમવસરણના દરવાજે તેઓએ ઝળહળતાં સુવર્ણ કમળ, ધર્મચક્ર વગેરે ગોઠવ્યા.

દેવોએ નવ કમળોનો ઉપયોગ કર્યો, જેથી જિન જનસમુદાય સુધી ચાલીને પહોંચી શકે. પૂર્વના દરવાજેથી સમવસરણમાં પ્રવેશતા જિન ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરીને સમુદાય (તીર્થ)ને નમસ્કાર કરીને પોતે સિંહાસન ઉપર બેસે છે. વ્યંતર દેવો માનવ કદની ત્રણ મૂર્તિઓ જિનની બનાવે છે, તેને ત્રણ દિશાએ મૂકે છે. જેથી સભાજનો જિનનાં દરેક બાજુએથી દર્શન કરી શકે. જિન ભામંડલથી શોભે છે. આકાશમાં દેવદુંદુભી વાગે છે. તેઓની સન્મુખ રત્નજડિત ધ્વજ શોભે છે.

પ્રથમ દીવાલ સાધુ-સાધ્વી માટે છે. વૈમાનિક સ્ત્રીઓ પૂર્વના દરવાજેથી પ્રવેશીને અગ્નિકોણમાં બેસે છે. દક્ષિણના દરવાજેથી ભવનવાસી દેવોની સ્ત્રીઓ પ્રવેશે છે. જ્યોતિષ્ક અને વ્યંતરો નૈર્ઋત્ય બાજુ ઊભા રહે છે. પશ્ચિમના દરવાજેથી ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરો પશ્ચિમ બાજુ ઊભા રહે છે. ઉત્તરના દરવાજેથી કલ્પવાસી દેવો, મનુષ્યો અને સ્ત્રીઓ ઈશાન બાજુ વ્યવસ્થિત ઊભાં રહે છે. પશુઓનો વાહન તરીકે ઉપયોગ કરવામાં આવે છે તે ત્રીજી દીવાલ પાસે ઊભા રહે છે.

દરેક દરવાજે ધ્વજસ્તંભ તેમજ રત્નજડિત કમાનો કરવામાં આવે છે. ઉપરાંત અષ્ટમંગલચિહ્નો દોરવામાં આવે છે. કલશ, ફૂલનો હાર, નાની મૂર્તિઓ અને છત્રોથી દરવાજાને સુશોભિત કરવામાં આવે છે. સમવસરણ આપણે જોઈ ગયા તેમ વર્તુળાકાર અથવા ચોરસાકાર હોય છે. જો વર્તુળાકાર હોય તો તેમાં બે વાવ-કૂવા કરવામાં આવે છે અને ચોરસાકારમાં દરેક કોણમાં એક એક વાપી કરવામાં આવે છે.

ઈંદ્ર પોતે સમવસરણનો સ્થપતિ હતો, તેણે વર્તુળાકાર સમવસરણ કર્યું તેને ઈન્દ્રનીલ મણિથી શોભાવ્યું. તેને ફરતી માટીની દીવાલને પણ રત્નજડિત કરી. વિવિધ રત્નોને કારણે તેમાં મેઘધનુષની આભા ઊભી કરી. તેની દરેક બાજુએ તોરણદ્વારના સ્તંભો સુવર્ણના બનાવ્યા. આ સુવર્ણસ્તંભનો આકાર મકરમુખ જેવો કરીને તેના ઉપર સુંદર રત્નજડિત તોરણો લટકાવ્યાં.

માટીની દીવાલ (ધૂતિશલ)ની અંદરની બાજુએ રસ્તા ઉપર માનસ્તંભો દરેક દિશાભિમુખ સુવર્ણના કર્યા. જગતીના મધ્યમાં આ સ્તંભો પીઠિકા ઉપર બનાવ્યા અને ત્યાં પહોંચવા માટે સોનાનાં સોળ પગથિયાં બનાવ્યાં. આ સ્થળને પવિત્ર કરવા માટે જિનના સ્નાનવિધિનાં જળથી છંટકાવ કર્યો. માનસ્તંભના મૂળમાં જિનેન્દ્રની સોનાની મૂર્તિઓને ક્ષીરસાગરથી ઈંદ્રે પવિત્ર કરી. તેની બાજુમાં પૂજાનો સામાન, પુષ્પો વગેરે પથરાયેલાં પડ્યાં હતાં. સંગીત અને નૃત્ય અવિરત જિનની મૂર્તિઓ આગળ સ્તંભની સન્મુખ ચાલુ હતાં. ઈન્દ્રએ તેની સ્થાપના કરી તેથી તે ઈન્દ્રધ્વજ નામે ઓળખાય છે.

દરેક દિશામાં શુદ્ધ પાણીથી ભરેલી વાવ હતી અને તેમાં કમળો શોભતાં હતાં. આ સુંદર દેખાવને કારણે સ્તંભો વધુ સુંદર દેખાતા હતા. અહીંનાં સોપાન રત્નજડિત અને સ્ફટિક જેવાં પગથિયાં હતાં. તેની બાજુમાં પગ સાફ કરવા નાના કુંડો બનાવેલા હતા.

આ વાપીથી થોડે દૂર એક ફરતી ખાઈ પાણીથી ભરપૂર અને કમળથી શોભતી સમવસરણના ક્ષેત્રને વીંટળાયેલી હતી. તેની મધ્યમાં લતાવન ફૂલોથી શોભતું, ઉપરાંત નાનાં નાનાં વૃક્ષો, ક્રીડાપર્વત અને લતાકુંજથી વીંટળાયેલું ગ્રીષ્મભવન વગેરે હતાં.

સમગ્ર કિલ્લો હાથીયુગ્મો, ઘોડા, વાઘ વગેરેથી શોભતો હતો. ઉપરાંત અહીં પોપટ, હંસ, મોર તથા માનવયુગ્મો પણ હતાં. તેની અંદરની અને બહારની તળભૂમિ કોતરકામથી ઉપસાવેલી કલ્પલતાથી શોભતી હતી. ચારે દિશામાં તોરણ-દ્વારો ચાંદીનાં હતાં. તેના શિખરો રાતા પદ્મરાગના મણિઓથી શોભતાં હતાં. દરેક તોરણદ્વાર પાસે નવનિધિ હતા. ત્યાં બે નાટ્યશાળા નાટકો ઉપરાંત સંગીત-નૃત્ય માટે બનાવેલી હતી. દરેક રંગભૂમિ ત્રણ ભાગમાં વહેંચાયેલી હતી; તે પણ ચકચકિત દીવાલો અને સુવર્ણસ્તંભથી શોભતાં હતાં. સ્વર્ગીય અપ્સરાઓ રંગભૂમિમાં સંગીત અને નૃત્યના કાર્યક્રમો આપતી હતી.

આ રંગભૂમિથી થોડેક અંતરે ધૂપ-ઘટ મૂકેલા હતા. તેમાંથી સુગંધિત ધૂમ્રસેરો નીકળતી હતી. અશોક, સપ્તપર્ણ, ચમ્પક અને આમ્રવૃક્ષો વગેરેની ગીચ ઝાડી મુખ્ય રસ્તાની બાજુએ હતી. તેમાં ચોરસ અને ત્રિકોણાકાર વાપી (વાવ)માં સ્વર્ગીય અપ્સરાઓ સ્નાન કરતી હતી. કેટલેક ઠેકાણે કમળનાં સરોવર, તો બીજી બાજુએ ક્રીડામંડળો, કૃત્રિમ ટેકરીઓ, હર્મ્ય,

પ્રેક્ષાગૃહ, ચિત્રશાલાઓ તથા મહાપ્રાસાદ હતાં. ત્યાં સુંદર રેતીના પટવાળી નદીઓ તથા લીલોતરી ભૂમિ જણાતી હતી. અશોકવન મધ્યમાં હતું. ત્યાં ચૈત્યવૃક્ષ હતું. તે ઘંટ અને તોરણોને લીધે વધુ શોભાયમાન લાગતું. તેના નીચેના ભાગમાં જિતેન્દ્રની ચાર મૂર્તિઓ હતી. તેની પૂજા ઈંદ્ર અને બીજા દેવો ઉપરાંત મનુષ્યો અને પ્રાણીઓ પણ કરતાં. અન્ય જંગલોમાં પણ સપ્તપર્ણ, ચમ્પકવૃક્ષ અને આમ્રવૃક્ષ હતાં.

જંગલના અંતભાગમાં સુવર્ણવેદિકામાં બેઠકોવાળો મંડપ અને ઊંચાં તોરણદ્વારો હતાં. તોરણદ્વારો ઉપર ઘંટા અને કાંગરા તેમજ મોતીનાં આલમ્બક તોરણો અને પુષ્પો, જરઝવેરાત, અષ્ટમંગલો લટકતાં હતાં. વેદિકાની આગળ સુવર્ણનો ધ્વજસ્તંભ ઊંચી પીઠિકા ઉપર રોપ્યો હતો. ત્યાં દસ પ્રકારનાં પ્રતીકો હતાં જેમ કે હાર, વસ્ત્ર, મયૂર, કમલાકૃતિ, હંસ, ગરુડ અને આરામ કરતો મોર.

ધ્વજસ્તંભની નીચે એક ઊંચો થર ચાંદીનો બનાવેલો છે. તેને ચાર તોરણદ્વારો છે. તેની સાથે નાટ્યશાળા ઉપરાંત કલ્પવૃક્ષનું વન છે. આ વનની વચમાં સિદ્ધાર્થ વૃક્ષો છે. સિદ્ધની મૂર્તિઓ વૃક્ષના મૂળ પાસે મૂકેલી છે. આ દીવાલોના ગોપુરમ્ પાસેથી રાજપથ જેવા રસ્તા છે. તેની બંને બાજુએ સુંદર મકાનો સ્વર્ગીય કલાકારોએ બનાવેલાં છે. અહીં કૂટાગાર, સભાગૃહ, પ્રેક્ષાગૃહ છે. કૂટાગારમાં આરામદાયક આસનો અને સુંદર બેઠકો છે. ત્યાં દેવો, ગંધર્વો, સિદ્ધો, કિન્નરો, વિદ્યાધરો, નાગકુમારો વગેરે રમે અથવા નૃત્યસંગીત પણ પીરસી શકે.

અહીંના ચારે રાજપથ એકબીજાને કાટખૂણે કાપતા. ત્યાં નવ ઊંચા સ્તૂપો છે, જે પદ્મરાગ મણિથી શોભે છે. તેની ચારે બાજુએ સિદ્ધો અને અર્હંતોની મૂર્તિઓ છે. આ સ્તૂપોનો (ઘૂમટોનો) મધ્યભાગ રત્નોનાં તોરણો તેમજ ફૂલનાં તોરણોથી શોભે છે. મધ્યભાગની બહારની દીવાલો છત્રો, ધ્વજાઓ અને મંગલ ચિહ્નોથી લદાયેલી છે. અહીં મૂકેલી મૂર્તિઓની જે આત્માઓ પૂજાવિધિ તથા સ્નાન કરાવીને પ્રદક્ષિણા કરે છે ત્યારે તેમનાં હૃદય પુલકિત થાય છે.

આ સ્તૂપો અને મકાનોની પંક્તિથી થોડે દૂર સ્ફટિકની રક્ષણ માટેની એક દીવાલ છે. અહીંની તમામ વિગતો પહેલી જ દીવાલ જેવી છે. પહેલી દીવાલ પાસે વ્યંતરદેવો દ્વારપાળ તરીકે, બીજા દરવાજે ભવનવાસી દેવો, ત્રીજા દરવાજે કલ્પવાસી દેવો તેમના હાથમાં દંડ અને તેનાં જેવાં આયુધો લઈને ઊભા છે. છેલ્લી દીવાલ અને તેની ચારે બાજુએ રાજપથ આગળ બીજી નાની દીવાલો છે. આ રીતે ૧૬ દીવાલો મુખ્ય-મધ્યના પીઠ સુધી વિસ્તરેલી છે. આ દીવાલ ઉપર શ્રીમંડપ છે. ત્યાં સભાગૃહનાં સભાજનો ઉપર યક્ષો ફૂલની વર્ષા કરે છે. જિનની અલૌકિક શક્તિઓને કારણે બધાં દેવો, મનુષ્યો અને પશુઓ વગેરે પોતાને માટે જરૂરી સગવડ શ્રીમંડપમાં મેળવે છે. કેન્દ્રમાં પ્રથમ પીઠિકા વૈદૂર્ય મણિની છે. તેને ૧૬ સોપાન છે. આ પીઠિકા ઉપર અષ્ટમંગલ મૂકેલાં છે. યક્ષો ધર્મચક્રો સાથે ઊભેલા છે. તેની બીજી પીઠિકા સોનાની છે. તેની આઠે દિશામાં ધજાઓ ફરકે છે. ત્રીજી પીઠિકા વિવિધ રત્નોથી શોભે છે. અહીં ધર્મચક્ર અને ધજાઓ છે. આ છેલ્લી પીઠિકામાં કુબેરે ગંધકુટીની રચનાં કરી. આ ગંધકુટી સ્વર્ગીય વિમાનો કરતાં પણ સૌન્દર્યમાં અદ્‌ભુત હતી. તેમાં ઘણી ધજાઓ અને કળશ તેમજ ટોચ ઉપરની શોભા મોતીનાં તોરણોથી કરેલી હતી. ઉપરાંત તેમાં સુવર્ણજાળીની અદ્‌ભુત કારીગરી હતી. ગંધકુટીમાં સિંહાસન વિવિધ રત્નોનું હતું. તેના ઉપર જિનપ્રભુ વિરાજતા અને દેવોની પુષ્પવૃષ્ટિ થતી. જિન પાસે અશોકવૃક્ષ હતું. તેના ઉપર ત્રિદલ સફેદ છત્રો હતાં. તેમની બાજુએ ૬૪ યક્ષો ચામર હલાવતા હતા. જિનની પાછળ ભામંડળ ચળકતું હતું. દેવોના દુંદુભિનો અવાજ ગગનમાંથી આવતો હતો.

બંને સંપ્રદાયનાં સમવસરણમાં અદ્‌ભુત સામ્ય જણાતું- જેમ કે જિન માટેનો શમિયાણો ઊંચા પ્રાકાર ઉપર હતો અને ત્રણ વિવિધ કિલ્લાઓથી ઘેરાયેલો હતો. તેને ચારે દિશામાં કમાનો હતી. પ્રારંભમાં સમવસરણ વર્તુળાકાર કરવામાં આવતું, સમચોરસ સમવસરણ કરવાની કલ્પના ઘણા સમય પછી થઈ. સમવસરણનો ખયાલ મોટા સ્તૂપ જેવો, તેના પ્રદક્ષિણાપથને નાના કઠેડા જેમ કરવામાં આવતું. ત્યાં પહોંચવા માટે પગથિયાં કરાતાં. સ્તૂપના નીચેના ભાગ ઉપર વિશાળ કઠેડો કરાતો. તેને ચાર અલંકૃત તોરણદ્વારોની રચના થતી. તો ઉપર એવી જ ત્રીજી દીવાલ ઉમેરવાથી સમવસરણનો નકશો તૈયાર થાય.

જિનસેનના મહાપુરાણમાં દિગમ્બર સંપ્રદાયના સમવસરણનું વિસ્તૃત વર્ણન આપેલું છે. તે પ્રમાણે એક મહાનગરને ત્રણ બાજુએ કિલ્લેબંધી, તેને ફરતી ખાઈ, આનંદ-પ્રમોદ માટેનું સ્થળ, આરામગૃહ, વાવ, થીએટર, લીલીછમ જાજમ બિછાવેલી હોય તેવી ઘાસની પથારી, સરોવરો, મહેલો વગેરેનો સમાવેશ તેમાં કરવામાં આવે છે. તેની મધ્યમાં રાજમહેલ હોય છે. સમગ્ર રચના સ્થાપત્યની દૃષ્ટિએ અદ્‌ભુત જણાતી.

કલ્પસૂત્રમાં નાના(લઘુ) સમવસરણ વર્તુળાકાર

આપેલાં છે પરંતુ ક્વચિત્ ચોરસાકારનું વર્ણન મળે છે. મહાવીર સમવસરણના મધ્યમાં પદ્માસન પર બિરાજેલા છે. તેમની દરેક બાજુએ યક્ષો ચોકીદાર તરીકે ઊભા છે. અહીં મહાવીર સાધુના વેશમાં નથી, તે અલંકારોથી લદાયેલા છે. ઘણી વાર શ્વેતામ્બરમાં પણ આ જાતનું વર્ણન મળી આવે છે. ચાર મુખ્ય રસ્તાઓ કેન્દ્ર તરફ દોરી જાય છે. વર્તુળાકાર કમાનો અલંકૃત છે, જે જિનને ઘેરાયેલી છે. સામાન્ય રીતે તે કિલ્લેબંધીનો ખયાલ આપે છે. સમગ્ર રચના સમચોરસ છે. દરેક કોણમાં પશુયુગ્મ છે. તેઓ તેમનો વિરોધાભાસી સ્વભાવ આધ્યાત્મિક વાતાવરણમાં ભૂલી જાય છે. જ્યારે પાર્શ્વનાથનું સમવસરણ વર્તુળાકાર છે. તેમાં પશુદ્વન્દ્વ દર્શાવેલા નથી.

સિત્તનવાસલના છત ઉપરનું ભિત્તિચિત્ર મહેન્દ્રવર્મન્ પહેલાના સમયનું છે, જેમાં કમળના મોટા સરોવરમાં હાથી, બળદ, પક્ષીઓ, માછલી વગેરે જણાય છે. માણસો કમળને એકત્ર કરતાં દેખાડ્યાં છે. તિરુમલા (ઉત્તર આર્કોટ જિલ્લો : અગિયારમો સૈકો)ની દીવાલ અને છત પરનાં ચિત્રો સમવસરણનું સ્વરૂપ બતાવે છે પણ આ ભિત્તિચિત્ર સામાન્ય કક્ષાનું છે. તે દેખાવે ચક્રવ્યૂહના જેવું લાગે છે. જિન કાંચીમાં વર્ધમાન મંદિરમાં સમવસરણનું ચિત્ર બતાવેલું છે.

જુદા જુદા જિનના જીવનનાં શિલ્પોમાં સમવસરણની આકૃતિઓ આપેલી છે. આબુના વિમલવસહીમાં શાંતિનાથનું જીવન બતાવેલું છે તે ધ્યાનાકર્ષક છે. તેની મધ્યમાં સમવસરણનું ચિત્ર તથા છૂટાંછવાયાં શિલ્પો મુખ્યત્વે વર્તુળાકાર છે. તેમાં ત્રણ દીવાલો બતાવેલી છે. તે એક ઉપર બીજી એમ જણાય છે. તેના ઉપર ચોરસ બેઠક છે. તેમાં જિન દરી બાજુ બેઠેલા બતાવેલા છે. ધાતુનું એક સમવસરણ કે જે અગિયારમા સૈકાનું છે તે મારવાડના મંદિરમાંથી લાવેલું છે. તે હાલમાં સુરતના જૈન-મંદિરમાં છે. તેના જેવાં કેટલાંયે છૂટાંછવાયાં ધાતુનાં કે પાષાણનાં શિલ્પો મંદિરની આસપાસ ભારતમાંથી મળી આવે છે.

સમવસરણનો ઉપરનો ભાગ જે બેઠક જેવો છે તેમાં જિન દરેક દિશાભિમુખ જણાય છે. તે ચોમુખ પ્રતિમા સર્વતોભદ્રિકા છે, જે મથુરા શિલ્પોમાં જણાય છે. તેનો સમય કુશાનકાળનો છે. આ ચોમુખ પૂજાનો એક પ્રકાર છે. પ્રાચીન કાળમાં આવા ચોમુખી સ્થાપનાને સમવસરણના પ્રતીક તરીકે ગણવામાં આવતા. ચૈત્ય પૂજાના એક પ્રકારમાં આવાં શિલ્પો ચૈત્યની ચારે બાજુએથી કે તેના સ્તંભની સ્થાપના પૂજા માટે કરાતી. બીજા અગત્યના ભાગ તરીકે સમવસરણ દિગમ્બર સંપ્રદાય પ્રમાણે માન-સ્તંભ અથવા ઈન્દ્રધ્વજ છે, જે દિગમ્બર જૈનોમાં વધુ લોકપ્રિય છે. આવા સ્વતંત્ર ઊભેલા સ્તંભો મંદિરની સામે અથવા તેના પ્રાંગણમાં ઊભા કરાતા. આવા માનસ્તંભ દક્ષિણમાં ઘણા મળી આવે છે. ગુપ્તકાળમાં સ્તંભના મૂળ ભાગમાં ચાર વિવિધ જિનની મૂર્તિઓ ઉત્તર પ્રદેશમાં મળી આવી છે.ત્યાર પછીના સમયના માનસ્તંભો દેવગઢ કિલ્લામાં છે અને છેવટનો દાખલો શ્રવણ બેલ્ગોલા ઉપરાંત દક્ષિણના ઘણા ભાગોમાં જણાયા છે.

સમવસરણ ચાંદી, સોના કે રત્નદ્રવ્યને બદલે પાષાણના એક જ વર્ણના સમવસરણમાં થાય છે. તેમાં વિશેષ પ્રકારના સફેદ, પીળા કે લાલ વર્ણના આરસના સમવસરણ થાય છે. ઉપર કહ્યા પ્રમાણે સમવસરણની રચના કરવાનું શાસ્ત્રકારોએ બુદ્ધિમાન શિલ્પીને કહ્યું છે. ❐

અનુસંધાન] દેવી સદા સમીપે [પૃ. ૫૮૯ થી

છે, ને તો યે અમારે જ આટલો બધો વેરો ભરવો પડે છે.' એની અકળામણ વાજબી તો લાગે, કારણ કે ભક્તાપુરના હજારો વસવાટીઓ એને ઘણુંય ગંદું કરતાં હતાં, નુકસાન પણ પહોંચાડતાં હતાં. પણ આવા વેરા ગામની કે દેશની આવકમાં ઉમેરો કરે છે અને દુનિયાના ઘણા દેશો પોતાનાં અદ્વિતીય સ્મારકોના જતન માટે લે છે પણ ખરા. ભારત પણ હવે આ યુક્તિ શીખી ગયું છે.

નેપાળની સ્ત્રીઓ હાથવણાટની સુતરાઉ શાલ ઓઢતી હોય છે. મને એ બહુ ગમે, ને એકાદ ખરીદવાનો મારો વિચાર હતો. ભક્તાપુરની ભીડમાં ઘણી સ્ત્રીઓએ આવી શાલ ઓઢેલી. એમાંની એકને મેં એની શાલ વિશે પૂછ્યું તો એણે જાતે જ એ વણેલી. પછી પોળો ને શેરીઓમાં થઈને એ મને પોતાને ઘેર લઈ ચાલી. વરસાદ પડવા માંડેલો, એટલે એણે પાછી છત્રી મારા પર ધરી રાખી! ત્રણ માળ પર નાના ઓરડા હતા, અંધારી સીડી હતી, પણ બેસવાના ઓરડામાં જાજમ, ટેલિવિઝન વગેરે વસાવેલું હતું. યુવાન દીકરો ભણી રહ્યો હતો. શાલો હતી સરસ, પણ સોનેરી-રૂપેરી તારવાળી હતી. મને ઇચ્છા હતી તેમાંની નહોતી. વળી, વધારે મોંઘી પણ લાગી. મને જરા સંકોચ થયો પણ એના ચહેરા પર સહજ સ્મિત હતું. ને એ જ રીતે એણે મને પાછી દરબાર ચૉક તરફ દોરી.

ગામને છેડે મિનિ-બસો તો ઘણીયે ઊભેલી, પણ કાઠમંડુ તરફ કઈ જવાની? એ રમત રમતાં હું થાકી ગઈ, કારણ કે બે વાર હું ચઢી, ને બે વાર ઊતરી જવું પડ્યું. કહે, 'આ નહીં, પેલી પહેલાં જશે.' મારે ઊભાં ઊભાં જવું નહોતું. છેવટે એકમાં બેઠક મળી ને એ બસ ઊપડી પણ ખરી. બધું મળીને થાક ઘણો લાગી ગયો હતો, પણ છેવટે ઠંડક પણ થઈ હતી. (ક્રમશઃ)

એક હાસ્યલેખિકા - એમના પતિના શબ્દોમાં...

રિદ્ધિ દેસાઈ

ગઈ કાલે રાત્રે લેખિકા વિષયાસક્ત થઈ ગયેલાં, કહેવા લાગ્યાં કે લખવા વિષય સુઝાડો! મેં કહ્યું : તકિયો! એમણે તકિયાનો છૂટો પ્રહાર કર્યો. જો કે વાગ્યો નહીં... ફૂલના દડુલિયા જેવો!

આજે તેઓ વહેલા ઊઠી ગયા. તાજ્જુબ! સવારે સાડા અગિયારના પહોરમાં તો પથારીમાંથી બેઠા થઈ ગયા. ખૂબ મૂડમાં લાગ્યા. આંખ મિચકારતાં મને કહ્યું : 'મીઠડા કારેલાં લઈ આવો!' મેં કહ્યું, 'મીઠડાં તે વળી કેવાં?' એમણે ફોડ પાડ્યો કે 'મીઠડા' તો તમને કરેલ સંબોધન હતું કે, હે મીઠડા, કારેલાં લઈ આવો! આજે એ ખરેખર મૂડમાં લાગ્યાં. હું હરખાતો હરખાતો કારેલાં લઈ આવ્યો. એમણે કહ્યું કે ઘરડાં કારેલાં લઈ આવ્યા છો! મેં કહ્યું, 'હું ઘરડો!' એમણે વળી ફોડ પાડ્યો કે 'ઘરડાં' તો કારેલાં માટે પ્રયોજેલ વિશેષણ હતું કે ઘરડાં કારેલાં લઈ આવ્યા છો!

આટલી ગંભીર ઘટના ઘટવા છતાં એમણે કારેલાંની પસંદગી અંગેની પ્રલંબ ચર્ચા ન કરી. મને આશ્ચર્ય થયું. પછી મને હેતપૂર્વક પાસે બેસાડતાં હળવેકથી કહ્યું, 'ડીઅર, કારેલાં પર લેખ લખવો છે. કંઈ સુઝાડો!' મેં માથું ખંજવાળ્યું. એમણે એમના કોમળ હસ્તે મને બે બદામ ખવડાવી. મને સૂઝ્યું. મેં કહ્યું, 'ડીઅર, કારેલાં પરનાં ભીંગડાં... તારા ખીલ જેવાં...!' સામેથી એક મોટું કારેલું ઝીંકાયું. જો કે મેં ચશમાં પહેર્યાં હોવાથી ખાસ ફરક પડ્યો નહીં. હા, ચશમાં લૂછવાં પડ્યાં. એમના મોં પર ક્રોધમિશ્રિત વૈરાગ્ય દેખાયો. હું મૂંગો રહ્યો. એમણે તરત જ કહ્યું : 'બોબડા માણસ પર હાસ્યલેખ લખાય?' મેં કહ્યું : 'મારે બીઝનેસના કામ માટે બહારગામ જવાનું છે.' આશ્ચર્ય! એમણે મારા માટે થેપલાં, ભજિયાં અને દૂધીનો હલવો બનાવ્યો. એમના દાદા માટે બચાવી રાખેલ પર્ફ્યૂમની બાટલી ખૂબ ઉદારતાપૂર્વક મારી સૂટકેસમાં નાખી આપી. રામો મારાં કપડાં સારી રીતે ઈસ્ત્રી કરે એવા શુભાશયે ઈસ્ત્રી-કાર્ય દરમિયાન એને પોતાનો નવો હાસ્યલેખ 'તુંબડાનાં ભજિયાંની જ્યાફત' વાંચી સંભળાવ્યો. રામાએ ત્રણ મિનિટમાં છ જોડી કપડાં ઈસ્ત્રી કરી નાખ્યાં. મારાં બ્રશ, પેસ્ટ, દાંતિયો, હાથરૂમાલ, સાબુ, મોજાં... તેઓ કશું પૅક કરવાનું ભૂલ્યાં ન હતાં. લેખિકા સાચે જ ભૂલકણાં નહોતાં એનો અહેસાસ બસમાં બેઠા પછી થયો. મને ખિસ્સામાં મૂકવા આપેલ હાથરૂમાલમાંથી એક ચબરખી મળી - બસના પ્રવાસ વિશે હાસ્યલેખ લખવો છે. પાછા ફરો ત્યાં સુધીમાં વીસેક મુદ્દા એકઠા કરતા આવજો.

એમને બિચારાને હાઈડ્રો-ફોબિયા (પાણીને લગતો મનોરોગ) છે. હાલ તિહાર જેલમાં છે તે એમના પ્રિય જ્યોતિષાચાર્યે એમને એક વેળાએ કહેલું કે તમને પાણીની ઘાત છે. તેઓ પાણીથી ખૂબ ડરે છે. ઘરમાં પાણી આવવાના સમયે તેઓ ગોદડી ઓઢીને સૂઈ જાય છે. પાણી ભરાઈ ગયાં પછી હું એમને હળવેકથી ઉઠાડું છું. બિચારાની જળભીતિ તો જુઓ! મનદુઃખ થાય છે ત્યારે 'ડોલનાં પાણીમાં પડીને આત્મહત્યા કરી લઈશ!' એવી વેદનાભરી ધમકી આપે છે. નદી-કૂવાનાં તો ઠીક પણ બાપડા ડોલનાં પાણીને જોઈનેય ગભરાય છે કે ક્યાંક ડૂબી ન જાઉં! છ-છ દિવસ એમને હિંમત આપું છું ત્યારે સાતમે દિવસે હનુમાનચાલીસા બોલતા બોલતા એનો ઉપયોગ કરે છે. જો કે તેઓ પર્ફ્યૂમના શૉખીન છે એટલે ખાસ વાંધો આવતો નથી.

'તમે જ મારી પ્રેરણામૂર્તિ છો!'-એક સાંજે એમણે મને ખૂબ શ્રદ્ધાપૂર્વક કહ્યું. પછી મારા મસ્તકપ્રદેશ પર દૃષ્ટિપાત કરતાં કહ્યું: 'મારે ટાલિયા માણસ પર હાસ્યલેખ લખવો છે' મેં તરત જ ખાનામાંથી એમના પપ્પાનો ફોટો કાઢીને આપ્યો. એમણે લેખવાળો વિચાર માંડી વાળ્યો. એ રાતે તેઓ પ્રશાંત જણાયાં. મને ચિંતા થઈ. 'ચંદ્ર જોવા ચાલો!' એમણે અચાનક ટહુકો કર્યો. મને ગભરામણ થઈ ગઈ. તેઓ મને ઝભ્ભા વડે ખેંચીને પ્રેમપૂર્વક અગાસીમાં તાણી ગયાં ને ત્યાં મારા કપાળ પર ચુંબન ચોડ્યું. મને પરસેવો છૂટી ગયો. 'વહાલા, પેલા ટાંકા પર ચઢો!' એમણે સોલ્લાસ ચિત્કાર કર્યો. મારા પગ ધ્રૂજવા માંડ્યા. એમણે મારા પગ પર કલમનો ગોદો માર્યો. મારે ચઢવું પડ્યું. 'હવે ત્યાંથી છલાંગ મારો! હું આત્મહત્યા પર લખી રહી છું. મારે ઊંચેથી પડી રહેલ વ્યક્તિના હાવભાવ નોંધવા છે!' એમણે ઉત્સાહ-પૂર્વક કહ્યું. મને તમ્મર આવતાં રહી ગઈ. 'પડો હવે! બહુ ઊંચું થોડું છે? ટાંકા પરથી અગાશીમાં તો પડવા કહું છું. નીચે પડતું મૂકવા થોડું કહું છું!' હું પડ્યો. મારે પડવું પડ્યું. બંને ઢીંચણ છોલાયાં. એ પોતાની સાથે ટીંચર અને રૂનું પૂમડું લાવ્યાં હતાં. કેટલાં સહૃદયી! મારી કેટલી દરકાર રાખે છે! એમણે ફરી વાર ટાંકા પરથી પડવાની ગુજારીશ કરી. મેં એ માન્ય ન રાખી એટલે એ કહેવા લાગ્યાં : 'જો, જો! હવે હું નિષ્ઠુર પતિ પર હાસ્યલેખ લખીશ!' મેં કહ્યું : 'એ માટે હું તને સારી એવી-પુષ્કળ પ્રેરણા પૂરી પાડીશ.' એ ચૂપ થઈ ગયાં.

એમની સંસ્કૃત-પ્રીતિ અજોડ છે. વાપરવા માટે પૈસાની માગણી પણ સંસ્કૃત ભાષામાં જ કરે છે. ગૉળ અને ગાળ બધું સંસ્કૃતમાં જ આપે છે. એટલું જ નહીં ઝગડો થાય ત્યારે છૂટું મારવા માટે પણ સંસ્કૃત ભાષાનું પુસ્તક જ પસંદ કરે છે. અમારી પ્રથમ મેરેજ-ઍનિવર્સરીને દિવસે એમણે 'દશકુમાર ચરિત'નો દશવાર પ્રહાર કર્યો હતો. પણ ઘા ચૂકી ગયો એટલે અગિયારમી વાર 'ગંગાલહરી' મારી. થોડી ઘણી વાગી! એમના મિત્રો એમને સંસ્કૃત ભાષાનાં વિદુષી કહે છે ત્યારે એ ચૂપકીદી સેવે છે. વિશેષણ કદાચ નાનું લાગતું હશે. લાગે જ ને! દર વર્ષે એમનાં પુસ્તકો માટે-નું કબાટ બનાવવું પડે એ કંઈ નાની-સૂની વાત છે? જો કે કબાટને એક વાર તાળું માર્યા પછી ચાવી ક્યાં મૂકી છે એ એમને વર્ષો લગી યાદ આવતું નથી. પુસ્તકોને એ જીવની જેમ જાળવે છે.

સંપાદકની તેઓ મનુષ્યમાં ગણતરી કરે છે. મનુષ્યમાં જ.

નહીં બલકે મહાન મનુષ્યમાં! એમનું કહેવું છે કે વાચકો એમનો લેખ વાંચે ન વાંચે પણ સંપાદક જરૂર વાંચે છે. વાચનનો ભારે શોખ. પોતાની છપાયેલી તથા ન છપાયેલી કૃતિઓ પંદર પંદર વખત વાંચે છે છતાંય સંતુષ્ટ થતાં (ધરાતાં) નથી. પુસ્તક તો ઠીક પણ ઘણી વાર અરીસામાં કલાકો પોતાનો ચહેરો પણ વાંચે છે. હોલીવુડનટી મેરેલીન મનરો અમુક એંગલથી એમના જેવી લાગે છે એવું એમનું 'વાચન'-પ્રતિપાદિત સંશોધન છે. એમની બાવીસમી (એમના કથન મુજબ) વર્ષગાંઠે એમણે મેરેલીન મનરો જેવા બૂટ અપાવવાની જીદ કરી હતી. મેં કહ્યું, બૂટ અપાવીશ, પણ સાથે એક જોડી વસ્ત્ર પણ! વસ્ત્ર પરથી એક ઘટનાનું સ્મરણ થાય છે. એક વાર લેખિકા ખૂબ બેચેન થઈ ગયેલાં. મૂંઝારો અનુભવતાં હતાં. પિંજરામાં પુરાયેલ સિંહણ પેઠે ઓરડામાં આમ-તેમ આંટા મારતાં હતાં. સાંજે એમને લાયનેસ ક્લબમાં 'ગરીબોની વસ્ત્રસમસ્યા' પર ભાષણ આપવા જવાનું હતું. મે આઈ હેલ્પ યૂ? - મારાથી ભૂલથી પુછાઈ ગયું. એટલે પોતાનાં ત્રણ તોતિંગ કબાટ ખોલીને એમાં શોભી રહેલાં સાડા ત્રણસો (લગભગ) ડ્રેસીઝ બતાવતાં અત્યંત ગમગીન ચહેરે એમણે પૂછ્યું : 'ક્યો ડ્રેસ પહેરું? પીળો ચૂડીદાર?' મેં કહ્યું : 'મીનીસ્કર્ટ! વસ્ત્રસમસ્યાને અનુરૂપ વસ્ત્ર ગણાશે!' એ ખીજાઈ ગયાં. જો કે ભૂલ મારી હતી . મારે યાદ રાખવું જોઈતું હતું કે સાહિત્ય-સભા સિવાય તેઓ ક્યાંય મીનીસ્કર્ટ પહેરતાં નથી. સાહિત્યકાર વર્ગમાં તેઓ ખૂબ જ લોકપ્રિય છે.

આમ તો જ્ઞાતિએ તેઓ અર્ધબ્રાહ્મણ છે. પણ શંકર ભગવાન સાથે એમને પૂરેપૂરું બને છે. એમનું કહેવું છે કે શિવજીથી ઉત્તમ ત્રિલોકમાં કોઈ નહીં. શિવજી તો લગભગ દિગંબર એટલે એમનાં કપડાં ધોવાની કે ઇસ્ત્રી કરવાની કોઈ ઝંઝટ નહીં. વળી, વરસો સમાધિસ્થ અવસ્થામાં રહે એટલે રસોઈ-પાણીનીયે કડાકૂટ નહીં. ગળે કાળોતરો નાગ, શરીરે ભભૂતિ, હાથમાં ખોપરી અને દિગંબર અવસ્થા એટલે ઘેર મહેમાનો પણ આવે નહીં! એક રાત્રે ખૂબ લાડ-પૂર્વક મારા ગાલે ચૂંટી ખણતાં એમણે કહ્યું, 'એ જી, સાંભળો છો! તમે શિવજી જેવા બની જાઓને!' મેં કહ્યું, 'તને ઊંઘની જરૂર છે.' એ ગુસ્સે થઈ ગયાં. મેં કહ્યું, 'સૂઈ જાઓ! કાલે શૉપિંગ કરવા નથી જવાનું?' એ ચૂપચાપ સૂઈ ગયાં.

એક રવિવારે સવાર સવારમાં એમની પર ફોન આવ્યો કે 'બહેન, કવિતા લખતાં હો તો!' કો'ક હિતશત્રુનો ફોન હતો. તુરત જ તેઓ શૂન્ય પાલનપુરીના કાવ્યસંગ્રહનાં પાનાં ઉથલાવવા માંડ્યાં. એમાંથી અમુક પંક્તિઓ બેઠી ઉતારી ને ત્યાર બાદ 'આનો સમાનાર્થી... સમાનાર્થી' એવો કંઈક અસ્પષ્ટ બબડાટ કરવા માંડ્યાં. મેં કહ્યું : 'આ શું કરો છો?' એમણે કહ્યું : 'શૂન્યમાંથી સર્જન.' શૂન્યમાંથી સર્જન કરવાની એમને ખરેખર સારી ફાવટ છે. મૌનમાંથી વાત, વાતમાંથી ચર્ચા, ચર્ચામાંથી વિવાદ, વિવાદમાંથી કલહ અને કલહમાંથી યુદ્ધનું સર્જન કરવાની કળા એમને સહજ-સાધ્ય છે, એટલું જ નહીં, બલકે એમ કહી શકાય કે શૂન્યમાંથી સર્જન કરવાની બાબતમાં તેઓ બોર્ન આર્ટિસ્ટ છે. બાળપણમાં એમને પરીક્ષામાં લગભગ તમામ વિષયોમાં શૂન્ય ગુણાંક મળતા. એની આગળ તેઓ તેમની આગવી સ્વયંસૂઝથી બે, ચાર, પાંચ જેવા અંક ઉમેરી શૂન્યમાંથી સર્જન કરતાં. હજુ આજેય કરે છે. ગઈ કાલે તેઓ સાહિત્ય પરિષદમાં સાવ ખાલી હાથે ગયેલાં અને પાછાં ફર્યાં ત્યારે એમના હાથમાં ત્રણ-ચાર પુસ્તકો અને આઠ-દસ કલમો હતી.

એક વાર સવાર સવારના પહોરમાં એ દાંત હલાવતાં (કચકચાવતાં) હતાં. મુઠ્ઠીઓ ખોલતાં-ભીંસતાં હતાં. વકરેલા વાઘની પેઠે ઓરડામાં આંટા મારતાં હતાં. મેં પૂછ્યું : 'જાનેમન! કસરત કરો છો?' એમણે અમારા પાલતુ શ્વાનને ઝૂડી નાખ્યો. મેં કહ્યું, 'આ શું કરો છો?' એમણે કહ્યું : 'કસરત!' 'ચાલ! બહાર જમવા જઈએ!' મેં એના વીર (રસ)ને શાંત પાડ્યો. અમે રેસ્ટોરાંમાં ગયાં. રેસ્ટોરાંનો દરવાજો ખોલવામાં થોડો ભારે હતો. મૅનેજર!- એમણે બરાડો પાડ્યો. આવું કેવું મૅનેજમેન્ટ? કલ્પના કરો કે ગાંધીબાપુ અહીં જમવા આવે તો? એ વૃદ્ધ દરવાજો કેવી રીતે ખોલે? મૅનેજરે ગળગળાં થઈ જતાં બે હાથ જોડીને માફી માગી. આવું દૃશ્ય સર્જાય ત્યારે માફ કરી દેવાની એમની ઘરની આદત હોવાથી એમણે મૅનેજરને માફ કર્યો. રેસ્ટોરાંમાં એરકંડિશનર થોડું હાઈ હતું. એમણે વેઈટરને બોલાવીને કહ્યું : 'કારગિલમાં બેઠાં હોઈએ એવું લાગે છે!' વેઈટરે ધ્રૂજતા હસ્તે એ.સી. લો કર્યું. હોટેલના ટેબલ પર ચમચા સુંદર રીતે ગોઠવેલા હતા, પણ કાંટા ન હતા. મૅનેજર! - લેખિકાએ ત્રાડ પાડી. 'કાંટા ક્યાં?' કલ્પના કરો કે આ જ પળે કોઈ યૌવનનો લૂંટારો અહીં આવી ચઢે ને મારી છેડતી કરે તો? સ્વરક્ષણ કેવી રીતે કરવું? મૅનેજરે કાંટા સાથે બબ્બે છરીઓ પણ મુકાવી આપી. લેખિકાએ એમનો પ્રિય કરચલાનો સૂપ મંગાવ્યો. એમાં કંઈક નજરે ચઢી ગયું. હવે શૅફ (રસોઈયા)નો વારો હતો. કિચનમાંથી શૅફને બોલાવવામાં આવ્યો. 'આ શું? સૂપમાં માંખ?'- લેખિકા તાડૂક્યાં. નો મૅડમ! માંખ નહીં આંખ છે! કરચલાની ! નો! માંખ છે! આંખ છે! માંખ છે!... અંતે સાક્ષરાનો સત્યાગ્રહ વિજયી નીવડ્યો. એમને માટે બીજો સૂપ પીરસવામાં આવ્યો. હોટેલના સ્ટેજ પર ઓર્કેસ્ટ્રા વાગતું હતું. લેખિકાની 'દિવ્યદૃષ્ટિ'ની અડફેટે ચડી ગયું. 'બિલાડી મરશિયાં ગાતી હોય તેવું લાગે છે!' - ગાયિકા તરફ તીક્ષ્ણ દૃષ્ટિપાત કરતાં એમણે કહ્યું. વેઈટર પાસે રૂનાં બે પૂમડાં મંગાવી કાનમાં ખોસ્યાં અને ત્યારબાદ પાકીટમાંથી વિક્સની ગોળી કાઢી ગાયિકાને મોકલી. મેઈન કોર્સ (મુખ્ય ખાણું) તરીકે એમણે વેઈટરને બોનલેસ ચિકનનો - 'જો એમાં હાડકું આવશે તો હાડકાં ભાંગી નાખીશ' એ પ્રમાણેના સૂચન સાથેનો ઑર્ડર આપ્યો. અંતે ડેસર્ટ તરીકે ફ્રુટસલાડ મંગાવ્યું. પણ એમાં દ્રાક્ષ ખાટી હતી. એટલે એમનું મન ખાટું થઈ ગયું. અમારાં 'એ' ખૂબ સંવેદનશીલ! ખાણું લઈને અમે ઘેર આવ્યાં. ત્યાં સોફા પર એક પોસ્ટકાર્ડ જડ્યું. એની પર તેલના ડાઘા હતા. કદાચ સવારનું એમણે વાંચીને મૂકેલું. ઉપર મોટા અક્ષરે લખ્યું હતું - સાભાર પરત. 'અમારાં લેખિકા ખૂબ જ સેન્સિટિવ હોં!'

અંતે અમારું એટલું જ કહેવાનું કે ભગવાન લેખિકા પર અને (ખાસ કરીને) એમના વાચકો પર દયા કરે. *-લેખિકાના પતિ* □

અંગ્રેજી સાહિત્યનું આચમન

— ડૉ. મધુસૂદન પારેખ —

પીકૉક અને કૉબેટ

ટોમસ લવ પીકૉકનો આયુષ્યકાળ (ઈ. ૧૭૮૫ થી ૧૮૬૬). કાચના વેપારીનો દીકરો. એના સાતમાથી તેરમા વર્ષ દરમ્યાન ખાનગી શાળામાં એનું શિક્ષણ. વિદ્યાર્થી તરીકે કુશળ અને ઉદ્યમી, અને અંતરના નાદે એ સાહિત્ય પ્રતિ આકર્ષાયો. જિંદગીનાં ઘણાં વર્ષો તેણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નોકરીમાં આપ્યાં. પણ એને ચળ હતી સાહિત્યની. ઈ. ૧૮૨૦માં વેલ્સની કોઈ કન્યા જેન ગ્રીફીટ સાથે તે લગ્નથી જોડાયો.

લગ્ન પૂર્વે કાવ્યો રચવાનો અભરખો તેણે પૂરો કરી લીધો હતો, પણ કાવ્ય રચવા કરતાં નવલકથા સર્જન તેને વધારે અનુકૂળ નીવડ્યું. લૅન્ડોરની જેમ એની પણ વિલક્ષણ-દ્વિમુખી પ્રતિભા હતી. રોમૅન્ટિસિઝમ પ્રત્યે તેનો લગાવ ઠીકઠીક, છતાં ઊર્મિના ઊભરા ઠાલવતી રોમૅન્ટિક કવિઓની કવિતા પ્રત્યે તે ઉન્નતભ્રૂ હતો. આશ્ચર્યની વાત તો એ છે કે રોમૅન્ટિક કવિ શેલી તેનો પરમ મિત્ર. તેની સાથે ઘણો સમય તેણે વિતાવ્યો. તેના અંગત વ્યવહારમાંય તે મદદરૂપ બની રહ્યો અને છતાં લેક પોએટ્સ પ્રત્યે તેનો તીવ્ર અણગમો હતો. એના માનસિક બંધારણે એ અઢારમી સદીના બુદ્ધિવાદીઓ સાથે સંકળાયેલો હતો. એનો દૃષ્ટિકોણ પચરંગી હતો. અંગ્રેજી સમાજના જડ રિવાજો પ્રત્યે તેને તિરસ્કાર હતો. સામાજિક, નૈતિક અને રાજકીય બાબતોમાં પોતે ઉદારમતવાદી હોવાના ખયાલમાં રાચતો. અંગ્રેજી પ્રજાના રૂઢિવાદની તેણે આકરી ટીકા કરી હતી.

રોમૅન્ટિક કવિઓની કવિતાને તે પડકારતો છતાં એની નસોમાં એ જ રોમૅન્ટિકવાદનું રક્ત હંમેશા વહેતું હતું. પોતે રોમૅન્ટિકવાદી નહિ હોવાનો ભ્રમ સેવતો પણ એ મિથ્યા હતો.

પીકૉકનો રસ સાહિત્યમાં હોવા ઉપરાંત સંગીતમાં પણ હતો. કેટલાંક વર્ષો તેણે 'ઑપેરા' જોવામાં વિતાવ્યાં હતાં અને 'ગ્લોબ' તથા 'એક્ઝામિનર'માં તે અવલોકનો પણ લખતો. ઓગણીસમી સદીના આરંભનાં વર્ષોમાં તેના સાહિત્યસંપર્કો ઘણા અને વિવિધ હતા. એનાં લખાણોનાં, ખાસ કરીને એની નવલકથા 'મેલિનકોર્ટ'ની કવિ બાયરને પણ પ્રશંસા કરી હતી. પીકૉકની સાહિત્યકૃતિની અસર પણ તેણે ઝીલી હતી. બીજા પણ કેટલાક લેખકોએ - થૅકરે, ફેડરિક લૉકર - પણ તેની સર્જનશક્તિને બિરદાવી હતી. પીકૉકની નવલકથાઓ મોટે ભાગે નાટ્યાત્મક સંવાદોમાં રાચે છે. સમકાલીન પ્રસિદ્ધ મહાનુભાવોને તેણે પાત્ર તરીકે નિરૂપીને તેમને કટાક્ષથી રંગ્યા છે. એનાં રૂઢિચુસ્ત પાદરી છે, રંગરાગી યુવા સુંદરી છે, ગપ્પીદાસ જમીનદાર છે અને ઊર્ધ્વગમનની ફિલસૂફી ડહોળનારા તત્ત્વચિંતકો અને રાજકીય તકસાધુઓ છે. એની નવલકથાઓમાં તેણે તત્કાલીન વિશ્વ-વિદ્યાલયોને ય કટાક્ષથી ઝાટક્યાં છે, અને ચર્ચની ય મશ્કરીઓ ઉડાવી છે. ટૂંકમાં, પીકૉકને જે કંઈ હાસ્યાસ્પદ કે ના પસંદ લાગ્યું તેની મનભર ઠેકડી ઉડાવી છે.

એની 'હેડલૉન્ગ હૉલ'-૧૮૧૬માં કેટલીક પ્રતિનિધિરૂપ પાત્રો રજૂ કરી, પોતાને જે મજાકરૂપ લાગ્યા હતા તેવા વિષયો પર તેમના સંવાદો રચ્યા છે. નવલકથામાં પ્રસન્ન મને પૅરડિનું મિશ્રણ છે, પણ નવલકથા નબળી પડી છે. એની 'મેલિનકોર્ટ'માં તો તરંગ અને તુક્કાનું સામ્રાજ્ય છે અને એ દ્વારા તેણે અમુક વ્યક્તિઓ કે સંસ્થાઓ પર અંગત આક્ષેપોનો મારો ચલાવ્યો છે. ખાસ કરીને કોલરિજ પર તેનાં સીધાં નિશાન મંડાયાં છે તો કવિ વર્ડ્ઝવર્થ પણ તેમાં બાકી નથી. પીકૉકના અંગત પૂર્વગ્રહ આ અંગત આક્ષેપોમાં જણાઈ આવે છે અને અહીં હાસ્ય પણ નિકૃષ્ટ કક્ષાનું છે. એની 'નાઈટમેર ઍબિ'-(૧૮૧૮) પણ પ્રસન્નાત્મક તો છે જ પણ અહીં તેણે પરિસ્થિતિ અને પાત્રોના સંકલનમાં સારી કુશળતા દાખવી છે. વાસ્તવિકતાના રંગવાળી આ કૉમિક કૃતિમાં પીકૉક જેને હાસ્યાસ્પદ ગણતો હતો તેની સરસ મજાક છે. 'ધ મિસફોર્ચ્યુન્સ ઑવ્ એલ્ફિન'-૧૮૨૯માં પીકૉક સમકાલીનતામાંથી ખસીને સોળમી સદીના ઈંગ્લન્ડમાં પ્રવેશ્યો છે અને ઐતિહાસિક નવલકથાની મિષે એની કટાક્ષકલા અજમાવે છે. અગાઉની નવલકથાઓની જ રીતિ અહીં પણ છે. એની 'ક્રોલેત કૅસલ'-૧૮૩૧ અને 'ગ્રિલ ગ્રેન્જ'-૧૮૬૧માં વળી પાછો તે સમકાલીન અંગ્રેજી સમાજનાં ચિત્રો તરફ વળે છે. અહીં તેની કળા પરિપકવ બનતી દેખાય છે. સંબંધાત્મક નવલકથાનો તેણે કટાક્ષ યોજવામાં અહીં સારો ઉપયોગ કરી દેખાડ્યો છે. ઠઠ્ઠાચિત્રોથી આ નવલકથાઓ મુક્ત છે. પીકૉક સતત એક કટાક્ષદૃષ્ટિયુક્ત સર્જક રહ્યો છે અને તેના જમાનાના જે નવા વિચારો તેને જચ્યા નહિ તેની હાસ્યાસ્પદતા તેણે પોતાની નવલકથાઓમાં રજૂ કરી છે. એની નવલકથાઓમાં વેરાયેલી કવિતા વાચકોને મધુર નાદશ્રવણનો અનુભવ કરાવે છે.

ટૂંકમાં કહીએ તો પીકૉકની બધી નલકથાઓ મુખ્યત્વે ફૅન્ટસી છે. એમાં જે તાર્કિકતા છે તે ય મશ્કરી માટેના માધ્યમ-રૂપ છે. અલબત્ત, કેટલીક વિગતો તે વાસ્તવિક જગતમાંથી ઉપાડે છે અને તેમાં તે યથાયોગ્ય રંગપૂરણી કરે છે. સમકાલીન રીતરસમોને તે ચિત્રાત્મક શૈલીમાં આલેખતો માનસશાસ્ત્રી પણ

છે. નવલકથાઓમાં વસ્તુ એ તો માત્ર નિમિત્ત છે. વસ્તુની સંકલના સાથે તેને ભાગ્યે જ કશી લેવાદેવા હોય અને પાત્રો પણ રમૂજરંગી આલેખવામાં જ તેનો રસ છે. એ પાત્રો ય સમાજનાં પ્રતિનિધિરૂપ આવે છે.

અલબત્ત, પીકૉકની નવલકથાઓએ કોઈ કોઈ સમકાલીન સર્જકોને પ્રસન્ન કર્યા હશે, પણ એક ગણનાપાત્ર સર્જક ગણવો પડે તેવું કશું દૈવત તેની નવલકથાઓમાં નથી. એની નવલકથાઓમાં કશું નક્કર ભાગ્યે જ જણાય. હાસ્ય અને પ્રહસન વચ્ચેની ભેદરેખા પણ તેમાં બહુ ઓછી જળવાઈ છે. ઊંડાણથી જોતાં, વિવેચકોને તેની કૃતિઓમાં ખાસી અસંગતતા વરતાઈ છે. તેની નવલકથાઓમાં તાત્પર્ય પણ ગ્રહણ કરવાનું મુશ્કેલ બને. અલબત્ત, સંવાદોના આલેખનમાં અને કટાક્ષયુક્ત વિવેચનોમાં તે ઠીક ઠીક શક્તિ દાખવે છે પણ અંગ્રેજી સાહિત્ય સૃષ્ટિમાં તેની અપીલ બહુ થોડા વિવેચકોને થઈ શકી છે.

ઓગણીસમી સદીના આરંભનાં વર્ષોમાં પત્રો-સામયિકો પણ ઠીકઠીક પ્રમાણમાં પ્રકટ થવા માંડ્યાં હતાં. ઈંગ્લન્ડમાં સામયિકોનો ઉદય સામાન્ય રીતે જોતાં ૧૭મી સદીના આરંભથી થવા માંડ્યો હતો.

ડિફોના 'રિવ્યૂ' પત્ર પછી 'ધી ઍથેનિયન મર્ક્યુરી', 'જેન્ટલ મેન્સ જનરલ' અને તે પછી રિચાર્ડ સ્ટીલ અને જોસેફ ઍડિસનનાં 'સ્પેકટેટર' અને 'ટેટલર' તો અઢારમી સદીમાં ખ્યાતનામ સામયિકો/પત્રો હતાં. તત્કાલીન સમાજનું અને સાહિત્યનું એ પ્રતિબિંબ પાડનારાં હતાં.

ઓગણીસમી સદીમાં 'ધી એડિનબર્ગ'-૧૮૦૨માં, 'ધ ક્વાર્ટરલી'-૧૮૦૯માં અને 'બ્લૅકવુડ્ઝ મૅગેઝીન'-૧૮૧૭માં પ્રકટ્યાં હતાં. તત્કાલીન વિચારકો-સાહિત્યકારો, રાજકીય આગેવાનો આદિના વિચારોને પ્રકટ કરવાનાં માધ્યમ તરીકે એ પત્રોની પ્રતિષ્ઠા હતી. અલબત્ત, રાજકીય પક્ષાપક્ષીના લેખો સાહિત્યવિચારને ઢાંકી દેતા હતા. એમાં વ્હિગ અને ટોરીસના આક્ષેપો-પ્રતિઆક્ષેપોની રમઝટ પર વિશેષ ધ્યાન હતું.

એ પત્રો દ્વારા એક રાજકીય પત્રકાર પ્રકાશમાં આવ્યો તે વિલિયમ કૉબેટ (૧૭૬૨-૧૮૩૫). એ હતો ખેડૂતનો દીકરો. ઈ. ૧૭૬૨માં ફાર્નહામમાં જન્મેલો. પિતા અને પિતામહનો ખેતીનો વારસો તેનામાં હતો અને એક સાચા કૃષિકારનું રક્ત તેની નસોમાં વહેતું હતું. એણે જુદાં જુદાં ક્ષેત્રોમાં નોકરી માટે મથામણ કરી, પણ એના અહંકેન્દ્રી લડાયક સ્વભાવને ક્યાંય અનુકૂળતા મળી નહિ. એ રાજકીય કે સામાજિક અનિષ્ટોનો કડક ટીકાકાર હતો. શાસકવર્ગ તરફથી એને ખરીદી લેવાના પ્રયત્નો પણ થયા હતા. તેનો જવાબ એ હતો કે, **'No, if I cannot be fat I will at least be free. No one loves chains,**

લઘુકથા

મજબૂરી

હરેશ કાનાણી

કોર્ટનો સમય પૂરો થઈ ગયો હતો તેથી જિતેન્દ્ર તળાવિયા પોતાની ઑફિસમાં આવીને બેસી ગયા. તેની સાથે લીલાધર ખૂંટ પણ વકીલાત કરતા હતા.

બન્ને પ્રાઈવેટ વકીલ હતા અને સારા મિત્રો પણ ખરા. કોર્ટમાં સામા-સામા પક્ષોમાં પણ ઘણી વાર કેસ લડતા હતા, છતાં મિત્રતામાં કંઈ જ ફર્ક ન પડતો. લીલાધર ખૂંટ આજે જિતેન્દ્ર તળાવિયાની ઑફિસમાં આવીને કંઈક ગપસપ કરતા હતા. તેવામાં લીલાધર ખૂંટે વાતવાતમાં કહ્યું કે, 'છેવટે તેં રૂપિયાની લાલચમાં નિર્દોષ રમાને આજે છૂટાછેડા અપાવી જ દીધા.'

આટલું કહીને તેઓ થોભી ગયા... થોડી વાર પછી જિતેન્દ્ર તળાવિયાએ કહ્યું : 'શું કરું દોસ્ત! મારે પણ બે-બે દીકરીઓ છે. તેનાં પણ લગ્ન કરાવવા માટે મારે રૂપિયા કમાવા મારી મજબૂરી છે.'

લીલાધર ખૂંટ ઊભા થઈને જવા લાગ્યા. જતાં જતાં તેઓએ કહ્યું : 'ઠીક છે દોસ્ત... બસ, એટલું યાદ રાખજે કે તારે પણ દીકરી છે. એનો ભવિષ્યમાં કોઈ જિતેન્દ્ર તળાવિયા જેવા વકીલ સાથે ભેટો ન થઈ જાય.' આટલું બોલીને તેઓ ઑફિસ છોડી ચાલ્યા ગયા. □

though they be made of gold.' 'બેડી સોનાની હોય તો ય કોઈને ગમે નહિ. હું મુક્ત રહેવામાં માનું છું, ભલે એમાં કશું વળતર ના હોય.' એક અનુભવી કૃષિકાર તરીકે પોતાના જાતભાઈઓના શોષણની હકીકતો તેના મનમાં ઊંડી હતી. તેણે એમની શોષણમુક્તિ માટે જુસ્સાભેર કલમ ચલાવી, એ માત્ર એક વિષયનો જાણકાર નહોતો. તેની કલમ ઈતિહાસ, રાજકારણ, અર્થશાસ્ત્ર, ધર્મ, વ્યાકરણ, પાકશાસ્ત્ર, માળીકામ, કળા એમ અનેક વિષયોમાં વિચરી-વિહરી હતી. એણે નહિ નહિ તોયે પચાસેક જેટલાં પુસ્તકો જુદા જુદા વિષયો પર લખ્યાં છે. પણ એનું ઉત્તમ પ્રકાશન તો બે ખંડમાં વિભક્ત એવું 'રુરલ રાઈડ્ઝ' છે. એમાં ગ્રામજીવનનાં પ્રસન્નકર શબ્દચિત્રો છે. એને પોતાને કૃષિકાર સમાજની સ્થાપના કરવાના મનોરથ હતા. કાર્લાઈલ-રસ્કિનની જેમ જ તેણે પણ શ્રમકાર્યનો મહિમા કર્યો હતો. એની કલ્પનાના નગરમાં દરેકને મઝાનું ઘર, ગરમ કપડાં, દેશની સુરક્ષા માટે લશ્કર અને ગરીબોની દેખભાળ કરે તેવું ચર્ચ હતાં. કરવેરાની બાબતમાં સમધારણાની પણ તેની ખ્વાહિશ હતી.

ટૂંકમાં, અંગ્રેજી પ્રજાજીવન કેવું હોવું જોઈએ તેનું તેના ચિત્તમાં એક અંકાઈ ગયેલું ચિત્ર હતું. (ક્રમશઃ)

મહુધાના કવિ 'જેઠમ'કૃત

પાટલૂન અને ધોતિયાનો સંવાદ

ડૉ. મકરન્દ મહેતા

ઇતિહાસ માત્ર ભૂતકાળનો વિષય નથી. વસ્તુતઃ તે આપણા વર્તમાન જાહેર જીવનની મીમાંસા છે. ઇતિહાસ અને સાહિત્ય એકબીજાનાં પૂરક છે. ઈતિહાસકાર સમય અને સ્થળના સંદર્ભમાં સમાજદર્શન કરે છે. સાહિત્યકાર સર્જક હોવાને લીધે તે સમય અને સ્થળને ઓળંગીને પોતાના ખ્યાલાત્મક માળખાને આધારે વસ્તુસ્થિતિને અદ્‌ભુત, સાર્વત્રિક અને જીવંત બનાવે છે. વડોદરાની ૧૯૩૯માં પ્રસિદ્ધ થયેલી ૧૮૩ પૃષ્ઠ ધરાવતી ઉપરોક્ત કાવ્યકૃતિ રંજનનાં તત્ત્વોથી ભરપૂર હોવા ઉપરાંત સાંસ્થાનિક યુગના સમાજજીવન ઉપર પણ સારો પ્રકાશ નાખે છે. આજે સમય અને સંદર્ભ બદલાતાં 'જેઠમ'ની આ કૃતિનાં રસસ્થાનો એકસરખાં આસ્વાદ્ય રહ્યાં નથી. આમ છતાં, આજના ટી.વી. યુગમાં કેટલાંક જિજ્ઞાસુઓને 'પાટલૂન અને ધોતિયાનો સંવાદ' વાંચવાનું અને તેમાંથી કાંઈક જાણવાનું મન થાય તેવી તે ક્ષમતા જરૂર ધરાવે છે. 'જેઠમે' આ કૃતિ માટે નર્મ, મર્મ, કટાક્ષ, ઠઠ્ઠા અને અતિશયોક્તિનો આશ્રય લીધો છે. તેથી અભણ માણસ પણ તે સાંભળીને રાજી થાય તેવી નાટક શૈલીની આ રચના છે.

'જેઠમ'ને તેમના પૂર્વજો તરફથી મહુધાના 'મજમુદારી' હકો અને સાવલીની 'દેસાઈગીરી' મળ્યાં હતાં. તેથી તેઓ તેમનું નામ 'દેસાઈ જેઠાલાલ લાલજી મજમુદાર' (૧૮૬૧-૧૯૪૫) લખતા હતા. તેમણે અનેક કાવ્યકૃતિઓની રચના કરી હતી. જેમ કે 'ભીખ શતક' (૧૮૮૩), 'રેલરુદન' (૧૮૮૩), 'પુત્રોત્સવ' (૧૮૮૫), 'સુબોધસાગર' (૧૮૯૦), 'વતનવિગ્રહ' (૧૮૯૪), 'વાસુદેવને વિનંતી' (૧૯૨૦), 'સાક્ષરપુરાણ' (?), 'ભક્તિ ચિંતામણી' (૧૯૨૨), 'સનાતન ધર્મ અને સ્વરાજ' (૧૯૩૮) અને 'શ્રીરણછોડલીલામૃત' (૧૯૩૯). આમ છતાં ગુજરાતી સાહિત્યના ઈતિહાસોમાંથી 'જેઠમ' કે તેમની કૃતિઓ વિશેની માહિતી પ્રાપ્ત થતી નથી. 'ગુજરાતી સાહિત્યકોશ', ખંડ-૨ (અમદાવાદ, ૧૯૯૦, પૃ. ૪૩૨) જેવા દળદાર ગ્રંથમાં પણ માત્ર આટલો જ ઉલ્લેખ છેઃ - 'જેઠાલાલ લાલજી મજમુદાર, કવિ જેઠમ : 'સુબોધસાગર (૧૮૯૦) ઉપરાંત, 'ભીખ શતક' (૧૮૮૩), 'રેલરુદન' (૧૮૮૩), 'પુત્રોત્સવ' (૧૮૮૫), 'વતનવિગ્રહ' (૧૮૯૪) વગેરે. દલપત-શૈલીની કૃતિઓના કર્તા.'

'શ્રી રણછોડલીલામૃત'ના આમુખમાં કવિ નાનાલાલે 'જેઠમ'ને નીચેના શબ્દોમાં બિરદાવ્યા છે : 'ઐતિહાસિક દષ્ટિએ કવિ જેઠમ એટલે દલપતશાળાના આજના અવશેષ'. રમણલાલ વસંતલાલ દેસાઈએ તેમની આત્મકથા 'ગઈ કાલ' (૧૯૫૦)માં લખ્યું છે કે 'જેઠમ' રમૂજી સ્વભાવના શીઘ્ર કવિ હતા. તેમના શબ્દોમાં : 'મનોરંજન કરતી શૈલીનો સ્વીકાર નવા સાહિત્યે કર્યો નથી અને તેને કવિતામાં ગણવાનો પણ તેને સખ્ત વિરોધ છે. છતાં એ શૈલી ભારે અસર કરી શકે છે. એમાં જરા ય શક નહિ. વાતચીતમાં પણ કવિ જેઠમ બહુ રમૂજી, અને તેમાં પ્રસંગોચિત કવિતાઓ અને ટુચકાઓને વેરતી તેમની વાણી શ્રી જેઠમ કવિને એક આકર્ષક વ્યક્તિ તરીકે ઓળખાવી રહેલાં હતાં. પાંચેક વર્ષ ઉપર તેઓ સ્વર્ગવાસી થયા ત્યાં સુધી તેમનો અમારા કુટુંબ સાથેનો ગાઢ પરિચય સચવાયલો. એમને મુખેથી દુહા, છપ્પા, કુંડળિયા, સવૈયા અને મનહર છંદ સાંભળવામાં મોજ જરૂર આવતી.' (પૃ. ૩૭૯-૩૮૦)



જેઠાભાઈ લાલજીભાઈ દેસાઈ - 'જેઠમ'
(જન્મ : વિ.સં. ૧૯૧૭, ઈ.સ. ૧૮૬૦)

શીઘ્ર કવિ તરીકે 'જેઠમ'ની પ્રતિભા કેવી હતી તેનું દૃષ્ટાંત કવિ નાનાલાલે 'શ્રી રણછોડલીલામૃત'ના આમુખમાં આપ્યું છે. એક પ્રસંગે તેઓ ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટણીને મળવા ગયા. તેમની વચ્ચે લાંબો વાર્તાલાપ થયો, પણ વાતચીત દરમિયાન કવિને પોતાનું અપમાન થતું હોય તેમ લાગ્યું. કવિ સ્વમાની હતા. નાનાલાલના શબ્દોમાં 'ફટાકડાની લૂમ ફૂટે એમ જેઠમ કવિની શબ્દાવલી તાત્કાલિક શીઘ્ર કવિતામાં ફૂટી નીકળી.' જેઠમે દીવાનને કહ્યું :

ઓળખી બોલાવશે તો થઈશ હું ઓશિયાળો,
ગણી નહીં ગણે ત્હેની મ્હારે શી ગરજ છે?
મ્હોરા થઈ મ્હાલશે ને લાગશે મશાલ ધૂણી
ત્હેની શીર નામવાની મ્હારી શું ફરજ છે?
સામું જોતાં જોશે નહીં, પ્રાહુલાને પોષે નહીં,
મતીલાને માનીશ કે વાયુનો મરજ છે.
વ્હાય તેનો ચાકર છું, નહીં તો હું નાગર છું.
જેઠમ સ્પૃહા વિનાનું મ્હારે ક્યાં કરજ છે?

ઐતિહાસિક, સાહિત્યિક અને સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ 'પાટલૂન અને ધોતિયાનો સંવાદ' મહત્ત્વની કૃતિ છે. કવિને મન ધોતિયું ભારતીય પરંપરાનું અને પાટલૂન પશ્ચિમની પરંપરાનું - ભારતની સાંસ્થાનિક મનોવૃત્તિનું પ્રતીક છે. આ કાવ્યને અંતે જેઠમે લખ્યું છે કે તેમણે આ કૃતિ લોકબોલીમાં મનોરંજન માટે રચી છે, આમ છતાં તે પ્રાસાદિક અને બોધવાળી છે. કવિ માર્મિક રીતે કહે છે :

તનમનધને આ લોકસેવા મ્હેં કરી ઉલ્લાસથી,
દલપત કવિની રીત સ્હાઈ કાવ્યના અભ્યાસથી.
મ્હેં વિષય નૂતન વર્ણવ્યો લંબાણ પણ લખતાં થયું,
છે સ્હેજ બાબત તે તથાપી જ્ઞાન જેમાં છે રહ્યું.
ના પાટલુનના પ્હેરનારા ઉપર મ્હારે દ્વેશ છે;
ઈંગ્રેજ રીતી સમજી સ્હાવી એ જ મુજ ઉદ્દેશ છે!

આ ગ્રંથમાં ગુજરાતના અનેક સુપ્રસિદ્ધ સાહિત્યકારો અને વિદ્વાનો, વકીલો, વૈદો અને ડૉક્ટરો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ, મુત્સદ્દીઓ અને રાષ્ટ્રિય નેતાઓનાં નામઠામ આપવામાં આવ્યાં છે. કેવળ મનોરંજન માટે વાંચનારને તે જરૂર કંટાળો આપે, પરંતુ સાહિત્ય, સમાજ અને ઇતિહાસના અંકોડા સાંધવાનું ઇચ્છતા સંશોધકને તે સાચે જ મદદરૂપ છે. તેનાં નમૂનારૂપ દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે. (૧) રણછોડલાલ છોટાલાલ, પ્રેમાભાઈ હિમાભાઈ, ચીનુભાઈ બૅરોનેટ, લાલભાઈ દલપતભાઈ અને મફતલાલ ગગલભાઈ જેવા ઉદ્યોગપતિઓ અને પરોપકારીઓ, (૨) મણિભાઈ જશભાઈ, ગૌરીશંકર ઓઝા, હરિદાસ વિહારીદાસ અને પ્રભાશંકર પટ્ટણી જેવા મુત્સદ્દીઓ અને દીવાનો. (૩) ગાંધીજી, વલ્લભભાઈ અને દરબાર ગોપાળદાસ જેવા રાષ્ટ્રિય નેતાઓ, (૪) નર્મદ, દલપતરામ, ગોવર્ધનરામ, ઝવેરીલાલ, ઉમિયાશંકર યાજ્ઞિક, આનંદશંકર ધ્રુવ, દોલતરામ કૃપાશંકર પંડ્યા અને મણિલાલ નભુભાઈ જેવા સાહિત્યકારો અને પંડિતો તથા (૫) જામનગરના મણિશંકર વિઠ્ઠલજી ભટ્ટ, પોરબંદરના પ્રભુરામ જીવનરામ, જામનગરના કરુણાશંકર ઉર્ફે ઝંડુ ભટ્ટજી જેવા ૧૯મા સૈકાના મહાન વૈદરાજો. કેટલાક વૈદો કવિ અને જ્યોતિષી પણ હતા. આમ, આ ગ્રંથ એક ઐતિહાસિક સ્રોતની દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે. ગ્રંથને અંતે કવિ સાચું જ કહે છે –

પાટલુન ધોતીયાના પ્હેરનાર બહુજન
જાણવામાં આવ્યા ત્હેંના ગણાવ્યા છે નામને
એ તો ઇતિહાસને સંબંધ સ્નેહ ઓળખવા
આપવું ને લેવું નથી એમાં કાંઈ દામને
નામ નોંધવાનો હેતુ લેખકની જાત જાણે
જેઠમ જણાવે ઊંડો ભાવ શું તમામને?

ગ્રંથની શરૂઆત 'લેંઘાભાઈના અમલ'થી નાટકીય ઢબે થાય છે :

બાદશાહી અમલમાં સુરવાલે રાજ્ય કર્યું
દીવાને પ્હેરીને ડોળ જમાવ્યો ભક્તાઈનો,
રાજ અધિકારી મ્હેતા મુત્સદ્દીએ પાયજામે
નોકરી બજાવી લીધો મુસારો લખાઈનો
ઈંગ્રેજોએ હિંદમાં આવીને કોટ પાટલુન
દેહને પહેરાવી કંઠે નાખ્યો છે ટાઈનો
પાટલુન ને સુરવાળ એ તો દાળ-શાક થયા
જેઠમ અમલ બેઠો આજ લેંઘાભાઈનો
દીવસે દીવસે પ્હેરનારની ઘેલાઈ વધે
જેનો લ્હેંઘો પ્હોળો તેનો ભભકો જણાય છે.
બેઉ પગમાંહી મળી જાય લેંઘાભાઈ એમ
સ્હેલાણીઓ શીવડાવી પ્હેરી રાજી થાય છે.

હવે મલકાતા વદને પાટલૂન પ્રવેશ કરે છે. કવિ તેનો પ્રવેશ નીચેની પંક્તિઓમાં કરાવે છે :

પાટલુને એક સમે પોતીકો પ્રતાપ જોઈ
મુખ મલકાવ્યું નીજ જાતની સફાઈથી
અક્કડતા આરની નીહાળતાં આનંદ થયો
ઉભો અહંકારી રહ્યો શોખની શીલાઈથી
જુવાનીનું જોર તેથી ઠાઠ કર્યો ઠીક એણે
મ્હાલવાને માંડ્યું આવી હિંદમાં વડાઈથી
પશ્ચિમ નિવાસીએ પેસારો પગ પૂર્ણ કર્યો
જેઠમ વચન કહ્યું એમ હલકાઈથી.

હવે પોતપોતાની બડાઈ કરતા પાટલૂન અને ધોતિયા વચ્ચે સંવાદ રચાય છે.

પાટલૂન વાણી :

ત્હારૂં નથી વજન હે ધોતીયા, તું તો છે સ્વદેશી
તેથી વિદેશી જનમાં ન શકે પ્રવેશી
મેળા અને નવીન હોય કંઈ નાટક તમાશા
ત્યાં બેસવા ઘુસી જવા તુજને ન આશા

એવો પ્રસંગ મળતાં મુજને ન ભીતી
મારી જરૂર ભભકો તહીં જાઉં જીતી
હોયે સભા નૂતન રંગ ભરી કચેરી
કોઈ જઈ નવ શકે તહીં એક ફેરી
પ્હેરેગીરો ફરી રહ્યા ધરી સાવચેતી
ત્યાં ધોતીયા તુજ થશે ઘુસતાં ફજેતી
મ્હારે સદાય હરવું ફરવું મઝાથી
મોજી જનો પ્રિય મ્હને સુખદુઃખ સાથી.

ધોતીયું :

વખાણી વાત તું કરે શું પાટલુન તાહારી?
વડાઈ તો ગણાય છે સદાય અત્ર માહારી
વેદેશી હું નથી સ્પૃહા મ્હને ન ત્હેની જાતની
થયો વિવાદ મુખ્ય વાત બોલું હું ગુજરાતની
વિદેશ દેશમાં વણાયું તોય માન છે મ્હને
દલાલ દુકાનદાર તે કહીં જુએ ત્હને?
વિદેશીએ ભલે બનાવ્યું મૂજને વિલાયતે
તથાપી વિદેશ અર્થ સારૂં મોકલાવ્યું ભારતે
પાટલુન પૂરો તું તો વેષને ભજવનાર
ગ્રાહક તારા વરણાગી કરે છે વાળની
ઉમ્મરે પહોંચેલ પણ આયનો જોયા જ કરે
કેશને કપાવે ખૂબી જોઈ કળી કાળની
દેશીઓ વિદેશી થવા જાય બહુ હોંશધારી
મૂછને કપાવે એવી ફેશન છે હાલની
મ્હારૂં સાંભળ અલ્યા પાવલાના પાટલુન
અક્કલ વીનાના ત્યજ ફોગટ ફુલાશને
કોથળીયા લંબ દંભ મ્હને ન દેખાડ ત્હારો
ઉઘાડો કરીશ નહીં પાખંડી પ્રકાશને
ભારતના માનવીને ત્હારી શી જરૂર કહે?
પ્રથમ વિચારી જો તું તાહારી પેદાશને.

પાટલૂન :

પાવલાની કિંમત તો આજકાલ ત્હારી ગણું
અક્કલ વિનાનું પણ તું અહીં ગણાય છે.
કોથળીઓ લંબ મ્હને કહે છે વિચારવીના
કોથળીયાનું જ આજે વજન દેખાય છે.
દંભ વીના દુનિયામાં દામ કોઈ દેતું નથી
પાખંડ ભભકો ભાવ ભારથી પૂજાય છે.
મ્હારી તો જરૂર પુરી ધારાના હિમાયતીને
ત્હારી વપરાશ મ્હારા ગ્રાહક ક્યાં હ્રાય છે?

ધોતીયું :

ધારાના હિમાયતીને કચેરીએ ત્હારૂં કામ
કામ પતી ગયે કહીં તૂજ પર પ્યાર છે?
વકીલે આવીને ઘેર ક્યારે તને પ્રીય ગણ્યું?
પ્હેરી રાખવાને ત્હારી કોને દરકાર છે?
તુજ પર રાખે વ્હાલ એ તો વેષ ભજવવા
ચાંદરણું ચંદ્રમાનું એ તો દિન ચાર છે.
ત્હારો ભાવ પૂછનાર જગતમાં જૂજ હોય
ભાવ મુજ પૂછનાર વરણ અઢાર છે.

પાટલુન :

એકલા વકીલને વ્હાલો નથી મારો વેષ
આગગાડી નોકરને મ્હારી જ જરૂર છે.
જોની મને પ્હેરી કેવા હીંડે છે સડકે ભાઈ
ઉપરીઓ પણ ઠાઠ માંહી ભરપૂર છે.
ધક્કા ખાય ધોતીયા તું માનવીની મેદનીમાં
જયની નોબત મુજ વેશ થકી વાગે છે.

ધોતીયું :

સાંભળ તું વાત પાટલુન પતરાજીખોર
વકીલ બધાને ક્યારે તાહારી ગરજ છે?
સનદ મળી ક્યારે વકીલને તુજ થકી
ત્હને પહેરવાની શું જડજની ફરજ છે?
કવિ દલપતરામ ફાર્બસના સ્નેહી હતા
તદાપી ન લાગ્યા રંગ ત્હેને તુંને પ્હેરવા
નમદ કવિ બહુ રહ્યા મુંબાપુરી માંહી
પાટલુન ત્હને પ્હેરવાની ન લાગી જરાયે હવા
જોયા મનસુખરામ અને નનસુખભાઈ
ગોવર્ધનરામ હતા ગ્રાહી મુજ મતના
ગાંધીજીએ આવીને ગુણ તો મ્હારા જ જોયા
પ્હેર્યું મ્હને જેણે અષ્ટપ્રહર આરામથી
મ્હારો સંગ કરી ઉપકારી થયા ભારતને
રીઝ્યા નથી દીલ ત્હારા દેખાવ દમામથી
તું તો રાજી ભભકાથી સાદાઈથી મ્હારૂં કામ
ગરીબનો બેલી હું જ સાચવું છું લાજને.

'જેઠમ' મૂળભૂત રીતે તો ભક્તિરસના સર્જક હતા. તેઓ ભારતીય સાંસ્કૃતિક પરંપરા અને પરિવર્તનના અભ્યાસી હતા. તેમણે પ્રસ્તુત કૃતિ દ્વારા પરિસ્થિતિના મર્મને પારખીને નિર્દોષ હાસ્ય પ્રકટ કરવાનો પ્રયાસ કર્યો છે. જૂનાં ગુજરાતી નાટકોની પરંપરાને અનુરૂપ આ કૃતિની કેટલીક પંક્તિઓ એક જમાનામાં લોકજીભે વસી ગઈ હતી. ❐

'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ...'

બહાદુરભાઈ જ. વાંક

બે થિયોસૉફિસ્ટો એક સુંદર પુસ્તક લઈને ગુરુ બજુવા પાસે આશ્રમમાં આવ્યા, ને એક થિયોસૉફિસ્ટે એ પુસ્તક તેમના હાથમાં મૂકતાં કહ્યું : 'જે. કૃષ્ણમૂર્તિનું આ પુસ્તક 'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ'ને તમે વાંચ્યું છે? ન વાંચ્યું હોય તો પૂરેપૂરું વાંચી જવા માટે અમે તમને અનુરોધ કરીએ છીએ. ખૂબ સુંદર-મનનીય પુસ્તક છે.'

'ના, આ પુસ્તક હજુ સુધી મારા વાંચવામાં આવ્યું નથી. તમે ખાસ વાંચવા આપવા માટે જ આવ્યા છો એટલે હમણાં જ વાંચી જાઉં છું.' ને તેમણે ઝડપથી પ્રત્યેક પાન ઉપર નજર ફેરવીને માત્ર પાંચેક મિનિટમાં તો પુસ્તક પૂરું કરીને એ થિયોસૉફિસ્ટોના હાથમાં મૂકી પણ દીધું, ને પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો : 'પુસ્તકની વિશ્લેષણાત્મક રજૂઆત અને મનોવૈજ્ઞાનિક તથ્યપરક ઊંડાણ સ્પર્શી જાય તેવાં છે.'

'આવું ગહન પુસ્તક તમે માત્ર પાંચેક મિનિટમાં વાંચી પણ નાખ્યું?' એક થિયોસૉફિસ્ટે પૂછ્યું.

'હા, બહુ જ સમજીને મેં એ પૂરેપૂરું વાંચી નાખ્યું છે. એટલે જ તો મેં તમને મારો સ્પષ્ટ પ્રતિભાવ પણ આપી દીધો.' બજુવાએ કહ્યું.

'પણ માત્ર પાંચ મિનિટમાં જ તમે આ પુસ્તક કેવી રીતે વાંચી નાખ્યું?' બીજા થિયોસૉફિસ્ટે આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું.

'તમને હું મારો જવાબ પછી આપીશ, પણ પહેલાં તમને બંનેને કેટલાક પ્રશ્નો પૂછવા માગું છું, જો તમે અનુમતિ આપો તો...' બજુવાએ આજ્ઞા માગી.

'એમાં શું ? ખુશીથી પૂછો.'

'સૌપ્રથમ તમે આ પુસ્તક કઈ સાલમાં વાંચેલું?' બહુ જ નમ્રતાપૂર્વક બજુવાએ પ્રશ્ન કર્યો.

'ત્રીસેક વર્ષ પહેલાં જ્યારે અમે કૉલેજમાં તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે.'

'અને હજુ આજે પણ આ પુસ્તક વાંચો છો?'

'હા... જી... માત્ર આજે જ નહીં, પણ રોજ રોજ વાંચીએ છીએ.' બંને થિયોસૉફિસ્ટે કહ્યું.

'ત્રીસ વર્ષ પહેલાં પુસ્તક વાંચ્યું હતું ત્યારે તેમાંથી શું જાણવા મળ્યું હતું અને આજે વાંચો છો ત્યારે તેમાંથી શું નવું જાણી શક્યા એ વિશે કંઈ કહી શકો?'

બજુવાના પ્રશ્નને ઉડાડી દેતા હોય તેમ બંને થિયોસૉફિસ્ટોએ જવાબ આપ્યો : 'અમને આમાંથી રોજ રોજ નવાં સત્યો મળે છે. રોજ રોજ નવાં અર્થઘટનો અમારી બુદ્ધિને સતેજ કરે છે—અમારી ચેતનાને ઊર્ધ્વગામી બનાવે છે!'

'પુસ્તક રોજ રોજ ફરી ફરી વાંચતા રહો છો એ જ બતાવે છે કે તમે પુનરાવર્તનો કરો છો. પુનરાવર્તનો કરવાથી સત્યોનો નહીં પણ અસત્યોનો - જડતાનો જ સાક્ષાત્કાર થાય. બીજું સત્યોનું - તથ્યોનું અર્થઘટન કરવું એટલે તેમાં કંઈ ઉમેરવું અને તેમાંથી કંઈ બાદ કરવું અને ત્રીજું તે એ કે, સમજ વર્તમાનમાં જ તત્ક્ષણ પ્રાપ્ત થઈ શકે, અન્યથા ક્યારેય પણ નહીં. તમે મારાં આ મંતવ્યો વિશે શું માનો છો?

'અમે કંઈ પણ માનવાથી કે ધારણાથી હંમેશાં દૂર રહીએ છીએ. પછી શું કહીએ?'

'જે. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે એટલે શું માનવા - ન માનવાથી દૂર રહો છો?' બજુવાએ મર્મમાં પૂછ્યું.

'ના, આ અમારી ખુદની પ્રતીતિ છે - માન્યતા છે.'

'તો 'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ' વિશેની તમારી શું પ્રતીતિ છે?' ફરી બજુવાનો પ્રશ્ન.

'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ' એટલે સમયની બહાર છલાંગ...! એ છલાંગ એટલે જ ચેતનાનું સ્વાતંત્ર્ય - ચેતનાની તત્ક્ષણની મુક્તિ!!'

'વાહ, ઘણું સરસ. હવે મારા માટે પ્રશ્ન તો આ છે - આટલું સાફ સમજો છો, છતાં આજ સુધી હાથમાં 'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ' પુસ્તકને તમે કેમ પકડી રાખ્યું છે? પરિપક્વ સમજ તો અધ્યાત્મનું રસાયણ છે. આ સમજ ચેતનાનું તત્ક્ષણ રૂપાંતરણ કરી નાખે છે. આ અવસ્થામાં કોઈ પણ પ્રકારનાં પુનરાવર્તનો કે અભિનિવેશો શું શેષ રહી શકે ખરાં?' બજુવાએ પોતાનો છેવટનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

થિયોસૉફિસ્ટોએ જવાબ આપવાના બદલે બીજો જ પ્રશ્ન કર્યો : 'અમે સાંભળ્યું છે કે વર્ષોથી તમે રવીન્દ્રનાથની 'ગીતાંજલી' રોજરોજ વાંચતા રહો છો એનું શું? વારંવારના વાચનને શું પુનરાવર્તન કહી શકાય?'

'હું ગીતાંજલીને વાંચતો નથી, પણ જીવું છું. બીજી રીતે કહું તો મારા હોઠ ઉપર રવીન્દ્રનાથનાં ગીતોને સતત ગણગણ્યા કરું છું' ને જરા રહી તેમણે ઉમેર્યું : 'હવે હું તમે શરૂઆતમાં મને પૂછેલા પ્રશ્નનો જવાબ આપું છું-'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ' પુસ્તક મેં માત્ર પાંચેક મિનિટમાં જ પૂરું કરી નાખ્યું, એનું કારણ માત્ર એટલું જ કે હું ગીતાંજલીને હોઠ ઉપર સતત ગણગણું છું. એ ગીતોનો ગણગણાટ જ મારા માટે 'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ!...'

બંને થિયોસૉફિસ્ટો નારાજ થઈને ઊભા થઈ ગયા. એટલે બજુવા બોલ્યા : 'વ્યંગમાં નહીં, પણ કરુણાથી કહું છું — તમે 'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ ફ્રિડમ' પુસ્તકને નહીં પણ 'ફર્સ્ટ ઍન્ડ લાસ્ટ સ્લેવરી'ને વાંચી રહ્યા છો. એની હજુ પણ તમને ખબર પડી જાય તો કેવું સારું!!' ❐

ગણિતગમ્મત

નૌતમભાઈ વખારિયા

પ્રાકૃતિક સંખ્યાનો છેલ્લો અંક ૧, ૨, ૩... એમ ૯ અને ૦ સુધીનો કોઈ પણ હોઈ શકે. આ છેલ્લા અંક અંગેની એક ખૂબી જોઈએ. દસ અંક પૈકીનો ૧, ૫, ૬ અને ૦નો અંક છેલ્લો એટલે કે એકમના સ્થાને હોય તે સંખ્યાનો કોઈ પણ ઘાત લેશો તો છેલ્લો અંક પણ તેનો તે જ એટલે કે અનુક્રમે ૧, ૫, ૬ અને ૦ આવશે. દા.ત.–

$૧\underline{૧}^{૨} = ૧૨\underline{૧}$

$૨\underline{૫}^{૩} = ૧૫૬૨\underline{૫}$

$૩\underline{૬}^{૪} = ૧૬૭૯૬૧\underline{૬}$

$૮\underline{૦}^{૫} = ૩૨૭૬૮૦૦૦૦\underline{૦}$ વગેરે...

હવે, આપણે બીજા અંકો જોઈએ. કોઈ પણ સંખ્યાના એકમના સ્થાને ૪ કે ૯ હોય તો તેને એકી સંખ્યા વડે ઘાત કરવાથી એટલે કે ૩,૫,૭...નો ઘાત કરવાથી જે સંખ્યા આવે તેનો છેલ્લો અંક પણ હંમેશાં તેનો તે જ એટલે કે અનુક્રમે ૪ કે ૯ જ આવશે. દા.ત. –

$૪\underline{૪}^{૩} = ૮૫૧૮\underline{૪}$

$૪\underline{૪}^{૫} = ૧૬૪૯૧૬૨૨\underline{૪}$

$૧\underline{૯}^{૩} = ૬૮૫\underline{૯}$

$૧\underline{૯}^{૫} = ૨૪૭૬૦૯\underline{૯}$

હવે, બાકીના અંકો જોઈએ. કોઈ પણ સંખ્યાના એકમના સ્થાને ૨, ૩, ૭ કે ૮ હોય તો તે સંખ્યાના પાંચમા ઘાતથી મળતી સંખ્યાનો છેલ્લો અંક પણ હંમેશાં ૨, ૩, ૭ કે ૮ જ આવશે. દા.ત.–

$૧\underline{૨}^{૫} = ૨૪૮૮૩\underline{૨}$

$૫\underline{૩}^{૫} = ૪૧૮૧૯૫૪૯\underline{૩}$


$\underline{૭}^{૫} = ૧૬૮૦\underline{૭}$

$૨\underline{૮}^{૫} = ૧૭૨૧૦૩૬\underline{૮}$

આના ઉપરથી સામાન્ય નિયમ તારવી શકાય કે કોઈ પણ સંખ્યાનો પાંચમો ઘાત કરવાથી મળતી સંખ્યાનો છેલ્લો અંક મૂળ સંખ્યાનો જે છેલ્લો અંક હશે તે જ હોય.

ચેસ-કૉર્નર : કોયડો-૨૨

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.
મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kg6, Rb7, Be5, Bh7, Nc7, P-b6, C6**

કાળાં : **Ke7, Nc8, P-e6**

ઉપરોક્ત કોયડો ગણિત મહારથી પ્રો. એ. આર. રાવ તરફથી મને 'કુમાર'ના ચેસ કૉર્નરમાં મૂકવા મોકલવામાં આવેલ છે.

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમા નગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ નવેમ્બર ૨૦૦૨ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જુલાઈ ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૨૦નો ઉકેલ :

(૧) **Qg6** સફેદનું **Key move** છે.

જો... **Kc5**	(2)	**Bb7 #**
જો... **Qb8+**	(2)	**Be8 #**
જો... **QxR**	(2)	**Bd4 #**
જો... **Qb7**	(2)	**Qg1 #**
જો... **Qa8**	(2)	**BxQ #**
જો... **Bc8**	(2)	**Bd7 #**
જો... **Bd3**	(2)	**Be4 #**
જો... **Bb5**	(2)	**BxB #**
જો... **Bb7**	(2)	**BxB #**
જો... **Bc4**	(2)	**Bd5 #**

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝિંઝુવાડિયા, (૩) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૪) છત્રસિંહ બારડ (ધોળકા), (૫) કે.એમ. મુલિયા (સુરેન્દ્રનગર), (૬) કિરણ એન. શાહ (આણંદ), (૭) હર્ષદ દવે (રાજકોટ), (૮) એમ. એલ. ભકતા (મુંબઈ)

-અર્પી શાહે

∴ કલાવાર્તા ∴

વિશ્વના મહાન ચિત્રકારો-૯

રેન્વા

ચિત્રકલાને વરતાં પહેલાં રેન્વા એક કારખાનામાં ચિનાઈ માટીના પ્યાલા, રકાબી ને એવા-તેવા પર ચિતરામણ કરવાનું કામ કરતો. આ કામ પણ એ એટલું કલાત્મક કરતો



કે એની સાથે કામ કરનારા અન્ય કારીગરો એને રૂબન્સ કહેતા. રિસેસ દરમિયાન એ લુવ્ર સંગ્રહાલયની મુલાકાત લેતો. એને અઢારમી સદીનાં કલાકારો બહુ ગમતા.

રેન્વાના કંઠમાં ગજબની મીઠાશ હતી. એ જ કારણે એને માટે સંગીતની તાલીમની ગોઠવણ કરાયેલી પણ એની તેર વર્ષની વયે તો એણે જાહેર કરી દીધું કે પોતે એ માટે સર્જાયો નથી. છ વર્ષ બાદ એણે મનોમન નક્કી કરી નાખ્યું કે બનવું તો ચિત્રકાર જ.

મધ્ય ફ્રાન્સમાં વસેલ લિમોજીસમાં પીયરી ઑગસ્ટે રેન્વાનો જન્મ ૧૮૪૧ના ફેબ્રુઆરીની ૨૫મીએ થયેલો. એનાં માતા-પિતા દરજીનો ધંધો કરતાં. રેન્વાના ચાર વર્ષની વયે પિતા લિયોજીસ છોડીને સપરિવાર પૅરિસમાં રહેવા આવી ગયા.

૧૬મી સદીમાં નિર્મિત 'Fountain of Innocents' કલાકૃતિ જોઈને એ ભારે પ્રભાવિત થઈ ગયેલો. ચિત્રકાર બનવાની પ્રેરણા આ કલાકૃતિએ એને બક્ષેલી.

ચિત્રકલા શીખવા એ ચાર્લ્સ ગ્લેયરની ખાનગી ચિત્રશાળામાં વિદ્યાર્થી તરીકે જોડાઈ ગયો. આ શાળા ચિત્ર-કલાના ચિલાચાલુ સિદ્ધાંતોને વરેલી હતી. અહીં રેન્વાએ ચિત્રજગતના મહારથીઓનો અભ્યાસ કર્યો. એના ગુરુની એક શીખ એના દિમાગમાં બરાબર ઊતરી ગયેલી કે 'કુદરતને ખોળે બેસીને ખુલ્લામાં ચીતરવું.' ક્લોડ મૉનેત, ઑલ્ફ્રેડ સિસ્લે તથા ફ્રેડ્રીક બેઝીલ જેવો ભવિષ્યમાં ચિત્રકલા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરવાના હતા તેઓ આ શાળામાં રેન્વાના સહાધ્યાયીઓ હતા. આ સહાધ્યાયી દ્વારા એ ચિત્રકાર દેગાના પરિચયમાં આવ્યો. આ મૉનેત (ચિત્રકાર) પણ આ મંડળીમાં ખરો. આ બધા કલાકારો પૅરિસની એકાદ કાફેમાં રોજ મળતા અને ચિત્ર-કલા વિશે ચર્ચા કરતા. કાફેમાંની આ કલાકારોની ચર્ચાઓમાંથી જ છાયાવાદનો આવિર્ભાવ થયો.

ગુરુની શીખ અનુસાર રેન્વા અને મૉનેત, પૅરિસથી ચાલીસેક માઈલ દૂર આવેલ જંગલમાં પગપાળા જતા. ત્યાં પહોંચતાં બે દિવસ લાગતા. જંગલને પડખેથી વહેતી સીન નદીને કાંઠે આવેલી વિખ્યાત **La Grenouillere** રેસ્તુરાંમાં બેસીને બન્ને કલાકારો ચીતરતા. આ ચિત્રોમાં સૌપ્રથમ છાયાવાદી ચિત્ર શૈલીનો આવિષ્કાર થયેલો.

મૉનેત ભારે આર્થિક સંકડામણ અનુભવતો. એને ક્યારેક તો ખાવાનાંય સાંસાં પડતાં. રેન્વા પોતાને ત્યાંથી વધ્યું-ઘટ્યું ખાવાનું લઈ જઈને મિત્રને આપતો.



પુષ્પોનું પેઈન્ટિંગ

રેન્વાની સર્જન પ્રક્રિયા ચરમ-સીમાએ હતી, ત્યાં ફ્રાન્સ અને પ્રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. આ યુદ્ધ દરમિયાન રેન્વાને પીંછી અને કૅન્વાસને વેગળાં મૂકીને, સૈનિકોના ઘોડાઓની સાર-સંભાળ લેવાની કામગીરી માથે લેવી પડેલી. એનો આર્થિક સહાયક બેઝીલ તો આ યુદ્ધમાં શહીદ થઈ ગયો.

મૉનેત દ્વારા રેન્વાને આર્ટ ડીલર પૉલ દુરાંનો પરિચય થયો. છાયાવાદી ચિત્રકારો તરફ સાનુકૂળ વલણ દાખવનાર દુરાં પહેલો ડીલર હતો. દુરાં દ્વારા વેચાયેલાં ચિત્રોમાંથી રેન્વા પોતાનો સ્ટૂડિઓ ઊભો કરી શકેલો. આ પહેલાં એ બાપીકા મકાનમાં કાતરિયામાં બેસીને ચીતરતો.

એકવડિયા બાંધાનો રેન્વા દાઢી રાખતો. એ દેખાવે ફૂટડો હતો. સ્વભાવે એ વિવેકી અને મિલનસાર હતો. એ ઉદાર દિલનોય ખરો. એ કારણે એ સૌનો પ્રિય થઈ ગયેલો.

પરંપરાવાદી ચિત્ર-વિવેચકો રેન્વાની કૃતિઓની ઠેકડી ઉડાડતા. એના એક ન્યૂડ (અનાવૃત) વ્યક્તિચિત્રને **'Mass of Rotting Flesh'** કહીને ઉતારી પાડેલું એ વિવેચકોએ.

લગ્નને અને સંતાનોને રેન્વા ચિત્ર-કલાની સાધનામાં અંતરાયરૂપ લેખતો, ને છતાં ચાલીસ વર્ષની વયે, એનાથી વીસ વર્ષ નાની એલીન સાથે એણે લગ્ન કરેલાં ને



રેન્વાની પ્રેયસી અને ભાવિ પત્ની



ફ્રાન્સ અને પર્શિયાનું યુદ્ધ (ઈ. ૧૮૭૧)

એ ત્રણ સંતાનોનો પિતાય બનેલો. કાયમી વસવાટ પૅરિસમાં કરવો કે બર્ગન્ડીમાં એ બાબતે બન્ને વચ્ચે ચકમક ઝરેલી, ને એ કારણે બંને થોડા વખત માટે છૂટાંય પડેલાં. એલીનથી છૂટા પડીને રેન્વા ઈટલી, સ્પેન અને લ્યુથિરિયાના પ્રવાસે ઊપડી ગયો. ત્યાંથી પાછા ફર્યા પછી બંને ફરી ભેગાં થયાં. એલીન હવે એને અનુકૂળ થઈને રહેવા લાગી. એણે રેન્વાને કલાસર્જન માટે સાનુકૂળ વાતાવરણ સર્જ્યું. એણે રેન્વાના લગ્નજીવનને સુખ-શાંતિથી હર્યુંભર્યું કરી દીધેલું.

યુરોપમાં રેન્વાનાં ચિત્રોની માંગ ઘટતી ગઈ, પણ અમેરિકામાં એનાં ચિત્રોનાં ચાહકો વધતા ગયા. અમેરિકામાં એનાં ચિત્રોએ જે પૈસા રળી આપ્યા એમાંથી એ મોન્તમાર્ત્રમાં સારું મકાન ખરીદી શકેલો.

છપ્પન વર્ષની વયે સાઈકલ પરથી પટકાઈ પડતાં રેન્વાનો એક હાથ ભાંગી ગયેલો. પાછલી વયે એને સંધિવા લાગુ પડેલો. આ રોગે અંત સુધી એનો પીછો છોડેલો નહીં. છેલ્લે તો એ સાવ પરવશ બની ગયેલો.

૧૯૦૭ના અરસામાં રેન્વાએ વધુ સારું મકાન ખરીદ્યું. આ નિવાસ ફરતે નારંગી અને ઑલિવનાં વૃક્ષો લહેરતાં. સહેજ દૂર વિસ્તરેલા ભૂમધ્ય સાગરનાં ઘૂઘવતાં મોજાં દૃષ્ટિગોચર થતાં. આ માહોલમાં સર્જાયેલાં ચિત્રોમાં પ્રકાશ વધારે પ્રભાવક તરીકે ઊપસી આવે છે. અહીં રેન્વાની સર્જનપ્રક્રિયા વધુ વેગીલી બની. રંગીલી તેમજ પ્રશિષ્ટ શૈલીમાં અહીં ચિત્રો સર્જાતાં રહ્યાં.

ભૂચિત્રો કરતાં વ્યક્તિચિત્રોમાં રેન્વા વધારે ખીલી ઊઠે છે. એનાં વ્યક્તિચિત્રોએ જ એને સારી કમાણી કરી આપેલી. 'Luncheon on the boating Party' રેન્વાનું શ્રેષ્ઠ ચિત્ર લેખાય છે. આ ચિત્રમાં એલીનને પણ એણે ગોઠવી દીધી છે.

સ્પેન, ઈટલી અને અલ્જિરિયાના પ્રવાસ પછી રેન્વાની શૈલીમાં થોડો બદલાવ આવેલો જોવા મળે છે, એની રેખાઓમાં સખ્તાઈ વર્તાય છે.

રેન્વા પોતે ચિત્રકલાને જીવનના ઉલ્લાસને વ્યક્ત કરવાનું માધ્યમ લેખતો. વાસ્તવિક જીવનમાં ઘણી વાર વિરૂપતા ભરેલી છે. કમસે કમ ચિત્રકલમાં તો સૌંદર્યને ઉપાસીએ! એમ એ કહેતો. એ જ કારણે એનાં વ્યક્તિચિત્રો મોહક અને રૂપકડાં હોવાનાં. રૂપાળી સ્ત્રીઓને ચીતરવાનો એને ભારે શૉખ હતો. એણે ઘરકામ કરનારી બાઈઓ, દરજણો તથા નટીઓને ચીતરી છે. એ એનાં વિષયોની પસંદગી હિમ્મત ભેર કરતો.

શરૂમાં એ શીત બદામી અને શ્યામ રંગો પ્રયોજતો પણ પછી એ મેઘધનુષી રંગો વાપરતો થયેલો. સાઠના દશકમાં એણે ને મોનેતે નદીનાં ને પૅરિસ નગરીની ધબકતાં જીવનનાં વિવિધ પાસાંને કૅનવાસ પર ઝીલ્યાં છે. આ ગાળાનાં રેન્વાનાં ચિત્રો મૉનેતનાં ચિત્રો કરતાં વધારે નાજુક અને સુંવાળાં લાગે. રંગોને એકબીજાંમાં ભેળવવાને બદલે તેઓ ભિન્ન રંગોને એમના શુદ્ધ સ્વરૂપમાં એકમેકની જોડા-જોડ ગોઠવી દેતા. એમની આ પદ્ધતિ ચિત્રવિશ્વમાં છાયાવાદને નામે પ્રચલિત થઈ.

પૈસાની ખેંચને કારણે રેન્વા મૉડલ તરીકે મિત્રો, સંબંધીઓ ને એની પ્રેમિકા-ઓને જ પસંદ કરતો, એનાં વ્યક્તિ-ચિત્રોમાં પાત્રોની આંખો બદામ આકારની હોય, ઝુલ્ફાં ભરાવદાર હોય તથા એમની ત્વચા મોહક ચિતરાઈ હોય. એની આ કોમળ, છટાદાર શૈલી શિશુઓનાં વ્યક્તિ-ચિત્રો માટે શ્રેષ્ઠ પુરવાર થઈ. એનાં વ્યક્તિચિત્રોમાં પાત્રોના ચહેરા પર પરમ શાંતિની આભા વિલસતી દેખાય છે.

વૃક્ષોની ઘટામાંથી ચળાઈને માનવ ચહેરા પર રેલાતો સૂર્યપ્રકાશ કેનવાસ પર ઝડપવાનું રેન્વાને ગમતું. 'Le Moulin de la Galette' ચિત્રમાં એણે આવો સૂર્યપ્રકાશ નિરૂપ્યો છે. આ ચિત્રમાંનાં પાત્રો સ્થળના વાતાવરણ સાથે મજાનો સુમેળ સાધે છે. આ બધા છાયાવાદીઓમાં રેન્વા વધારે રૂઢિવાદી હતો. એનો મિત્ર પિઝારો લુવ્ર સંગ્રહાલયને દિવાસળી ચાંપવાની વાત કરતો, જ્યારે રેન્વા લુવ્રની મુલાકાત લેવાની એકે તક જતી કરતો નહીં.

ન્યુડ્ઝમાં જોવાં મળતાં ગુલાબી છાંટવાળાં ફૂલોય એણે ઘણાં ચીતર્યાં છે. પોતાનાં ન્યુડ ચિત્રો માટે એ કહેતો, 'જ્યાં સુધી મારાં આવાં ચિત્રોને હું ચૂંટી ખણી શકું એવું મને ન લાગે ત્યાં સુધી મેં મારું ન્યૂડ પૂરું કર્યું છે એવું મને ન લાગે.'

પાછલી વયમાં એણે શિલ્પ પર હાથ અજમાવેલો. એનાં કાંસાનાં ગોળ-

મટોળ, શિલ્પો માનવજાતમાંના એના ઊંડા રસનાં દ્યોતક છે. શિલ્પકૃતિનું સર્જન કરતાં એને અન્યની સહાય લેવી પડતી. આમ છતાં, એ રેન્વાનું શિલ્પ છે એમ લાગ્યા વિના ન રહે. વ્હીલ ચૅરમાં બેસીને એ એના બાગમાં જતો. એની ઠરડાઈ ગયેલી આંગળીઓમાં એના સહાયકો બ્રશ ખોસી આપતા ને એની સામે કેનવાસ ગોઠવી દેતા. આવી સ્થિતિમાં પણ એ ચીતરતો રહેલો. ચિત્રકલા માટે કેવી લગન!


૧૯૦૮ સુધીમાં તો રેન્વાને ચાલતાં લાકડીનો ટેકો લેવાનો વારો આવી ગયેલો. પછી તો એના હાથ-પગ નિશ્ચેષ્ટ થઈ ગયા. એને આખો વખત વ્હીલ-ચૅરમાં જ બેસી રહેવું પડતું. અધૂરામાં પૂરું, ૧૯૧૫માં એલીન પણ સ્વર્ગે સીધાવી ગઈ. ને એક દિવસ એને અણસાર આવી ગયો. એણે એના સહાયકને કહ્યું, **'I think. I am beginning to understand something about it.'** ને તે જ રાત્રે, ૧૯૧૯ના ડિસેમ્બરની ત્રીજી તારીખે એણે આંખો મીંચી દીધી, કાયમને માટે.


-નટુ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

વી.એલ.મેવાડાની અદ્ભુત ચિત્રસૃષ્ટિ

૧૯૪૨માં સૌરાષ્ટ્રમાં જન્મેલા કલાકાર વી. એલ. મેવાડાએ કલાનગરી વડોદરાને ઘણાં વર્ષોથી પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. તેમણે ૧૯૭૬માં ડ્રૉઈંગ અને ચિત્રકલામાં ગવર્નમેન્ટ ડિપ્લોમા મેળવ્યો. ૧૯૭૪માં રાજ્ય કલા પરીક્ષા બોર્ડ, ગુજરાત દ્વારા આર્ટ માસ્ટરની પદવી મેળવી. તેમની સુદીર્ઘ કલા-સાધનાના પરિણામરૂપે તેમણે વડોદરા, ન્યૂ દિલ્હી તથા મુંબઈમાં પણ





ઘટાટોપ અને શિલાઓની કલાકૃતિ



વૉટરપ્રૂફ કાળી શાહીમાં કરેલી કલાકૃતિ

વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં તથા મુંબઈ, અમદાવાદ, વડોદરા, ઉદેપુર ખાતે યોજાયેલાં જૂથ પ્રદર્શનોમાં ભાગ લીધો. તેમણે અત્યાર સુધીમાં સાત ઈનામો પ્રાપ્ત કર્યાં છે જેમાં બૉમ્બે આર્ટ સોસાયટીનું એક ઈનામ, મહાકૌશલ કલા પરિષદ (એમ.પી) રાયપુરનું એક ઈનામ તથા ગુજરાત લલિત કલા અકાદમીનાં બે પારિતોષિકો નોંધપાત્ર છે. ૨૦૦૦ની સાલમાં તેમને ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, ગાંધીનગર દ્વારા ચિત્રકલા માટે સીનિઅર ફેલોશિપ આપવામાં આવી. તેમનાં ચિત્રો અનેક જાણીતી સંસ્થાઓ તથા ખાનગી સંગ્રહોમાં સચવાયાં છે. તેઓ અમદાવાદના કેટલાક કલાકારો દ્વારા સ્થપાયેલાં 'ધ પેઈન્ટર્સ ઑવ ધ ડે'ના સ્થાપક સભ્ય રહ્યા છે. વડોદરાની નજીક બાજવામાં આવેલી સૌરાષ્ટ્ર સોસાયટીમાં તેમનું નિવાસસ્થાન તથા સ્ટૂડિઓ છે. તેમણે વર્ષો સુધી ડ્રૉઈંગ શિક્ષક તરીકે વડોદરાની એક માધ્યમિક શાળામાં સેવાઓ આપી છે. નિવૃત્ત થયા પછી તેમણે તેમનો સમય સંપૂર્ણતઃ ચિત્રસર્જનને જ અર્પિત કર્યો છે.

સ્વભાવે હસમુખા, મિલનસાર, નિખાલસ, ઉત્સાહી તથા કલાકારનો જીવ ધરાવતા મેવાડા છેલ્લાં બત્રીસ વર્ષથી ગંભીરપણે ચિત્રસર્જન કરતા રહ્યા છે.

વર્ષોથી મેવાડાના મન પર સતત ઘટાટોપ તથા શિલાઓનાં રૂપો ભુતાવળની માફક છવાઈ ગયાં છે. ઊંડે ઊંડે અસંપ્રજ્ઞાત મનમાં પડેલાં આ રંગરૂપો તેમના ચિત્રફલક પર અનેકવિધ સંરચનાઓ પામે છે અને પ્રેક્ષકને અધિવાસ્તવવાદી અનુભવ કરાવે છે. આ કૃતિઓ સૌંદર્યશાસ્ત્રીય, કલાત્મક તેમજ દૃશ્યાત્મક રીતે ખરેખર સંતર્પક બની છે. એક જ વિષયવસ્તુને વર્ષોથી વળગી રહીને ચિત્રસર્જન કરતા રહેવાથી કલાકારને માટે પોતાની જાતનું તેની કૃતિઓમાં થતું પુનરાવર્તન તથા એકવિધતા અને સ્થગિતતાનો ભય રહે છે, પરંતુ મેવાડા ઘટાટોપ તથા શિલાઓનાં રંગરૂપોનાં સંયોજનની સાથે સાથે પશ્ચાદ્ભૂમાં તથા ચિત્રાવકાશમાં વિવિધ આકર્ષક પોતસર્જન ઉપરાંત ભૌમિતિક તથા વનસ્પતિના જેવા આકારોનો સુભગ સમન્વય કરે છે. હિંમતપૂર્વક સર્જાયેલાં રંગના પટાઓ ચિત્રસંરચનામાં ખલેલ નથી પહોંચાડતા. તેથી તેમની તાજેતરની સર્જનકૃતિઓ અદ્ભુત, જીવંત અને ધબકતી લાગે છે.

અમૂર્ત ચિત્રકલાની કક્ષાએ પહોંચેલી મેવાડાની કૃતિઓમાં વિરોધાભાસી એવાં તેમનાં બે અતિપ્રિય, મનગમતાં રંગરૂપો, ઋજુ ઘટાટોપ તથા કઠણ શિલાઓ

એકબીજાંની સમીપે ઊભાં-આડાં મુકાયેલાં હોવા છતાં ચિત્રા-વકાશમાં અલગતાનો ભાસ કરાવી તેમાં જાણે તે તરતાં હોય તેવો દૃશ્યાનુભવ કરાવે છે. તેમણે શિલા-ઓમાંથી ઘટાટોપ બહાર નીકળી આવેલા દર્શાવ્યા છે. કેટલાંક ચિત્રોમાં એક મોટી શિલાનાં બે અડધિયાં દર્શાવવામાં આવ્યાં છે. પીળાં, ગુલાબી, ભૂરાં, લીલાં, જાંબલી અને ક્વચિત્ લાલ રંગની વિવિધ રંગકક્ષાઓ ધારણ કરેલાં તેજસ્વી રંગોથી પ્રકાશતાં આ રંગરૂપો આપણા મનોપ્રદેશ પર છવાઈ જાય છે. કેટલાંક ચિત્રોમાં તો તે મેઘધનુષી વાતાવરણ નિષ્પન્ન કરે છે. તો કેટલાંક ચિત્રોમાં એકરંગીય સંરચનાઓ રંગસભર સંરચનાઓ જેટલી જ આકર્ષક અને પ્રભાવશાળી બની છે. તેમાં એક જ રંગની વિવિધ છટાઓ, કક્ષાઓનો અનુભવ થાય છે. મેવાડાએ તેમની એક-રંગીય સંરચનાઓમાં પ્લાઈવુડ પર વૉટર-પ્રૂફ બ્લૅક ઈન્કનો કલાત્મક તેમજ સર્જના-ત્મક વિનિયોગ કર્યો છે અને તે દ્વારા એક સ્વપ્નિલ દુનિયાનો દૃશ્યાનુભવ કરાવવામાં તેઓ સફળ થયા છે. તેમણે આવી સંરચનાઓમાં સ્ક્રેપિંગનો કલાત્મક સૂઝ-પૂર્વકનો ઉપયોગ કર્યો છે.

મેવાડાએ તૈલરંગોમાં, ઑઈલ પેસ્ટલમાં, વૉટર પ્રૂફ બ્લૅક ઈન્કમાં પેપર પર, કૅનવાસ પર, પ્લાયવૂડ પર સંરચનાઓ તૈયાર કરી છે.

ચિત્રસર્જન કરવા માટેની ટૅકનિકની સૂઝ-સમજ, સુંદર, આકર્ષક, અનેકવિધ પોતસર્જન તેમજ ડ્રૉઈંગ પરનું પ્રભુત્વ તેમનાં ચિત્રોમાં ગતિ, લય તથા રૂપાંતર-ણનો અનુભવ કરાવે છે. તેમણે રંગરૂપોને જેટલું મહત્ત્વ આપ્યું છે તેટલું જ ચિત્રાવકાશને આપી ઉભયને સમન્વિત કર્યાં છે. તેમણે તેમની એક ચિત્રશ્રેણીને 'શ્રદ્ધા' શીર્ષક ખૂબ જ વિચારપૂર્વક આપ્યું છે. તેમને અતીવ પ્રિય અને મનગમતું વિષયવસ્તુ ઘટાટોપ અને શિલાઓને તેઓ શ્રદ્ધાપૂર્વક વળગી રહે છે. તે વાતને આ શીર્ષક પુષ્ટિ આપે છે.

-બંસીલાલ દલાલ

નટુ મિસ્ત્રીની નવ્ય ચિત્રશ્રેણી

૧૯૩૩માં જન્મેલા નટુ મિસ્ત્રી છેલ્લાં પાંચ વર્ષમાં તેમનાં દૃશ ત્રો તથા સ્થાપત્યકીય ડ્રૉઈંગ્ઝ, કલાવિવેચકો, કલા-કારો, કલાવિદ્યાર્થીઓ તથા કલારસિકોનો આદર પામ્યાં. તેમની તાજેતરની ચિત્રશ્રેણી આકૃતિપ્રધાન છે અને તે નાનાં-મોટાં માપ-તાલમાં પોતયુક્ત લાકડાની સપાટી પર તૈયાર થઈ છે. આ નોંધપાત્ર ચિત્રશ્રેણીમાં નટુભાઈ માનવાકૃતિઓને પક્ષીઓ અને કેટલીક વાર નારીરૂપો સંરચનાઓમાં આધિપત્ય ભોગવે છે. પ્રસંગોપાત્ત પુરુષરૂપો નારીરૂપોના સાહચર્યમાં વાંસળીવાદન કરતા દર્શાવવામાં આવ્યા છે. તે દ્વારા પ્રતીકાત્મકરૂપે સંગીતનું સૌંદર્યાત્મક વાતા-વરણ નિષ્પન્ન થાય છે. થોડાં પર્ણોનું સૂચના-ત્મક આલેખન પ્રકૃતિની ઉપસ્થિતિ દર્શાવવા ઉપરાંત સંરચનાના સમગ્ર સૌંદર્યમંડિત કલાનિર્માણમાં વધારો કરે છે.

દૃશ્ય લયો તથા રંગરૂપોના વળાંકો અને રૈખિક ગુણવત્તા સમતોલનયુક્ત, સંવાદી સંરચનાઓ સર્જે છે. નટુભાઈએ એક કલાકાર તરીકે ભારતીય ચિત્ર પરંપરાને અનુસરી અને તેમાં આધુનિક ચિત્રકલાનાં કેટલાંક જરૂરી તત્ત્વો ઉમેરી આ આકર્ષક, ધ્યાનપાત્ર ચિત્રોનું સર્જન કર્યું છે. તેમાં તેમણે ભારતીય ચિત્ર-



જીવનનું સંગીત



પુષ્પ-સખ્ય

પરંપરામાં મુખ્યત્વે જોવા મળતાં અલંકરણને યા સુશોભનાત્મકતાને દૂર રાખી છે અને આકૃતિઓનું સરળીકરણ કર્યું છે. આ આકૃતિઓ તે છતાં ભારતીય લઘુચિત્રોમાં જોવા મળતું આકૃતિઓનું લાલિત્ય જાળવી રાખે છે. એ ખાસ નોંધપાત્ર બાબત છે. પક્ષીઓ તથા પ્રાણીઓ પણ પારંપરિક શૈલી દ્વારા દર્શાવાયાં છે. બધી જ સંરચનાઓ 'ભારતીયતા'ના ગુણથી ધબકે છે. ભાવાત્મક આંખો, હસ્ત તથા હોઠ આપણી નજરને સર્વપ્રથમ તેમના તરફ ખેંચે છે. સાચેસાચ આ સંરચનાઓ દૃશ્ય તથા સૌંદર્યશાસ્ત્રીય રીતે આકર્ષક તથા સંતર્પક છે. સાંપ્રત ભારતીય ચિત્રકલામાં જ્યારે અનેકવિધ રીતે માનવરૂપોનું સર્જન થઈ રહ્યું છે ત્યારે નટુભાઈનાં માનવરૂપો અલગ તરી આવે છે અને તે તેમનાં વૈયક્તિક અભિવ્યક્તિનાં રંગરૂપો પણ બન્યાં છે.

-બંસીલાલ દલાલ



પ્રકાશ પ્રતિ

અડકો દડકો

ધમપછાડા... ધમપછાડા

લખવાનું પતાવી મુન્નાએ પાધરી પિચકારી પકડી. બારીમાં જઈ ફુવારો ઊડાડ્યો. લીલોછમ. જાણે પાંદડાં જ પાંદડાં. ભીનાં પાંદડાં સાથે રમવાની હવાને ખૂબ મજા પડી. તે બોલી : 'ચોટડૂક.' તે પાંદડાં સાવ ચોટડૂક. ઝાડ બની ઊભાં રહ્યાં. હવા હલાવે તો હલે, ડોલાવે તો ડોલે ને નચાવે તો નાચે. નવું નવું ઝાડ જોયું કે પંખીઓ પટાપટ ઊડી આવ્યાં. પોપટ, હોલાં, ચકલી ને મોર પાછળ બગલી. છેલ્લે આવ્યા કાગડાભાઈ. કાગડાભાઈ એટલે કાગડાભાઈ. માથે મૂકી કેસૂડાંની રાતી રાતી ટોપી ને પાંખે પહેર્યો લાંબો લાંબો કાળો-કાળો કોટ. મોટા ખાંસાહેબ. તે ડાળે બેસી રોફથી ચારે બાજુ જોતા જાય ને ટેસથી કેક ખાતા જાય. ત્યાં ગીત સંભળાયું :

'રાતી ટોપી કાળો કોટ
તો યે પંખી માને ભોટ
માટે શાણા, બોલો બોલ
શબ્દો કરશે સાચું મોલ.'

આ તો પેલી વાર્તાવાળા જૂના ને જાણીતા શિયાળભાઈ. ઝાડ નીચે લાળ ટપકાવતા ગાતા હતા. હવે તો કાગડાભાઈ પણ પાકા થઈ ગયા હતા. દાદીમા પાસે સત્તર વખત વાત સાંભળીને બેઠા હતા. તેમણે ચાંચની પકડ વધારે મજબૂત કરી. મુન્નાનો હાથ ખીસામાં હતો. તેણે ય મુઠ્ઠીમાં ચૉકલેટ દબાવી. પછી કાગડા સામે આંખ મિચકારી એટલે બંને મરક-મરક મલકાઈ પડ્યા.

શિયાળે પણ સત્તર સીરિઅલ જોયેલી. તે ય પાકો ઘંટ. તેણે પેંતરો બદલ્યો, 'લ્યો, આ ગિફ્ટ. હૅપી બર્થ ડે ટુ યુ' – કહી રમકડાની બંદૂક કાગડાભાઈ સામે ધરીને જેવું 'ઠૉપ... ઠૉપ...' કર્યું કે કેકનો ટુકડો સટાક નીચે. સીધો શિયાળભાઈના મોઢામાં. મુન્નો તો જોતો જ રહી ગયો. ખીસામાં હાથ ચોટડૂક ને હાથમાં ચૉકલેટ ચોટડૂક!

'કા... કા... કા...' કરી કાગડાભાઈ ધમપછાડા કરતા શિયાળભાઈ ઉપર ઊડાઊડ કરવા લાગ્યા. પણ તબડક... તબડક... કરતા શિયાળભાઈ આગળ આગળ ને રડમસ રડમસ કાગડાભાઈ પાછળ... પાછળ... બસ ધમપછાડા... ધમપછાડા... ધમપછાડા... કરતા જાય.

ત્યાં મમ્મી આવી, 'અલ્યા, મુનિયા! આજે સ્કૂલે જવાનું છે કે નહીં? હજુ તો ભાઈને ન્હાવાનું બાકી છે...' મમ્મીએ ઝટ મુન્નાને પકડ્યો ને પટ કપડાં ઉતારી દોડી સાબુનાં પાણીમાં બોળવા. પાછળ ધમપછાડા કરતો મુન્નો પગ પછાડતો ઘસડાવા લાગ્યો, 'મમ્મી... મમ્મી... મારો કેક... મારી ચૉક...' પણ મમ્મી જેનું નામ. નો કચકચ. કામ એટલે કામ. ઝટ કપડાં ઝબોળ્યાં; પટ લોટો ભર્યો ને...

—ને સૂનમૂન મુન્નાભાઈ નહાવા બેઠા.

– હસમુખ કે. રાવલ

ગુજરાતી પ્રજાજોગ

બ્રિટનની 'ગુજરાતી લિટરરી ઍકૅડેમી'એ ગયા ફેબ્રુઆરીમાં પચીસ વર્ષ પૂરાં કર્યાં. દર બે-ત્રણ વર્ષે બ્રિટનમાં યોજાતાં ભાષાસાહિત્ય સંમેલનોમાં તથા અન્ય પ્રસંગે ગુજરાતના સાહિત્યકારોને નોંતરીને તેમની ખાતર-બરદાસ તેણે કરી છે. આવી સંસ્થાના મકાનભંડોળ માટે તેણે લંબાવેલી ઝોળી છલકાવી દેવાની ઊલટ એકેએક ગુજરાતીને થવી જોઈએ. આપનો ફાળો નીચેના નામે ચેક અથવી ડી.ડી.થી દર્શાવેલા સરનામે મોકલવા વિનંતી છે.

'ગુજરાતી સાહિત્ય પરિષદ A/C. ગુજરાતી લિટરરી ઍકૅડેમી, યુ.કે. મકાન ભંડોળ'
ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯

*

શબ્દરંગ : ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત મેઘાણી જ્ઞાનપીઠ દૃશ્યશ્રાવ્ય કેન્દ્ર

પરિષદ દ્વારા, શબ્દને કેન્દ્રમાં રાખી વાચિક-આંગિક અભિનય, સંગીત, નૃત્ય તેમજ ફિલ્મ/વીડિયો જેવાં માધ્યમોને વિવિધ શબ્દરંગ મૂલક કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. આ માટે ઑક્ટો.-નવે. ૨૦૦૨થી અમલમાં આવી શકે તે રીતે દશ્ય-શ્રાવ્ય કેન્દ્ર અંતર્ગત 'શબ્દરંગ' નામે, ૨૫૦ સહૃદય ભાવકોનું એક મંડળ સ્થાપવાનો સંકલ્પ કર્યો છે. સૂચિત મંડળનું સભ્યપદ મેળવવા નીચેના સરનામે પત્ર લખવા વિનંતી. સંયોજક, દશ્ય-શ્રાવ્ય કેન્દ્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

સભ્યપદ અંગેની વિગતો નીચે મુજબ છે. 'શબ્દરંગ'ના વાર્ષિક સભ્યપદ માટે રૂ. ૫૦૦/- તથા એક પરિવારના બે સભ્યોના સંયુક્ત સભ્યપદ માટે રૂ. ૭૦૦/- સપ્ટે. ૩૦, ૨૦૦૨ સુધીમાં રૂબરૂ, ચેક/ડ્રાફ્ટ અથવા મનિઑર્ડર દ્વારા આપવાના રહેશે. વર્ષ દરમિયાન ૭ થી ૧૦ કાર્યક્રમોનું આયોજન કરાશે.

સાહિત્યસંપર્ક

'ગજેન્દ્રમૌક્તિકો'ના કવિની જન્મશતાબ્દી

ઈ.સ. ૧૯૨૮માં પ્રકટ થયેલા મરણોત્તર કાવ્યસંગ્રહ 'ગજેન્દ્રમૌક્તિકો'ના કવિ ગજેન્દ્રરાય બુચનો જન્મ ૧૯૦૨ના સપ્ટેમ્બરની ૧૫મી તારીખે વસાવડમાં થયો હતો. ૨૫ વર્ષની ભર-



યુવાન વયે ટાઈફૉઈડની બીમારીથી એ વખતના એક આશાસ્પદ કવિનું સુરતમાં ૧૯૨૭ના નવેમ્બરની ૧૩મી તારીખે અવસાન થયું. ગજેન્દ્ર ગુલાબરાય બુચનું વ્યક્તિત્વ મોહક હતું તેમ તેમની વાક્સરવાણી અને કાવ્યવાણી પણ મોહક હતી. એમણે પોતાનો અધિકતર શાલેય અભ્યાસ ગોંડલમાં કરેલો અને ત્યાંની સંગ્રામજી હાઈ સ્કૂલમાંથી મૅટ્રિક થયેલા. જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લઈ બી.એ.ની ઉપાધિ ઑનર્સ સાથે મેળવી હતી અને ડૉ. ભાવદાજી પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું. એમણે એમ.એની પરીક્ષા પણ દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ કરી સંસ્કૃતમાં સર્વાધિક ગુણ મેળવવા બદલ 'દીવાન શ્રી ગોકુળજી સંવતરામ ઝાલા' વેદાંત પારિતોષિક પ્રાપ્ત કરેલું. આમ, અનુસ્નાતક પદવી પ્રાપ્ત કર્યા બાદ ૧૯૨૫ના જૂનથી સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે એઓ જોડાયેલા.

ગજેન્દ્ર બુચ એમના ૪૯ કડીના દીર્ઘકાવ્ય 'ગિરનારની યાત્રા'થી ખૂબ જ ખ્યાતિ પામ્યા. ૧૩ વર્ષની ઉંમરથી જ કાવ્યલેખનનો આરંભ કરેલો અને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્ય તથા અંગ્રેજી સાહિત્યના ઊંડા વાચન-મનને એમની સિસૃક્ષાને યોગ્ય દિશામાં વાળી હતી. આપણા પંડિતયુગની કાવ્યબાની અને વિષયવ્યાપ સાથે અંગ્રેજી રૉમેન્ટિક કવિઓની કાવ્યશૈલીનો તેમના પર ઊંડો પ્રભાવ વર્તાય છે. …ક્તિત્વની અને વાક્છટાની સુઘડતા અને સચોટતાની જેમ એમની કાવ્યસૃષ્ટિમાં પણ સુઘડતા અને સચોટતાનાં દર્શન થાય છે.

એમના એકમેવમ્ કૃતિસંગ્રહ 'ગજેન્દ્રમૌક્તિકો'માં કાવ્યો ઉપરાંત ગદ્ય-લખાણોનો પણ સમાવેશ થાય છે. આ ગ્રંથના પ્રથમ ખંડમાં ૬૦ કાવ્યરચનાઓ સંગૃહીત છે. તેમના આ કાવ્યસંગ્રહના નામાભિધાન પાછળની દૃષ્ટિ તેના સંપાદકો આ પ્રમાણે વ્યક્ત કરે છે : 'ગજના ગંડસ્થળમાંથી મોતી ઝરે છે એવી પ્રાચીન માન્યતાને આધારે ગજેન્દ્રનાં મૌક્તિકો(Cameos)નું ઉપનામ સંગ્રહને આપ્યું છે.'

એમનાં કાવ્યોમાં કાન્ત-કલાપી-ન્હાનાલાલ આદિની શૈલી અને વિષયવસ્તુ પરત્વેની અસરો ઝિલાઈ છે. ક્યાંક ઊર્મિલતા તો વળી ક્યાંક વિચારોર્મિ એમનાં કાવ્યોને આસ્વાદ્ય બનાવે છે. સુઘડ સાફસૂતરો છંદોલય એમની રચનાઓનો સંમોહક વિશેષ છે. હૃદયોર્મિના નિરૂપણ સાથે તેમણે પ્રાકૃતિક વર્ણનો પણ સુપેરે આપ્યાં છે. ગ્રીષ્મના ઉત્તાપથી અકળાયેલાં પંખીનું આ ચિત્ર જુઓ :

'ચોપાસેથી સુસવતી ભરે ઝાળ લૂની દિગંત,
માળામાંયે બળી જળી રહ્યાં પક્ષીઓ કૈંક કલાન્ત,
ફાટી ચાંચે, વિવશ નયને, હાંફતા ઉર કંપે—
આ તાપોમાં કુસુમ-કુમળી કાય તે કેમ જંપે?

તો વળી ગિરનારના એક સ્થળની શબ્દચિત્રઝાંખી 'ગિરનારની યાત્રા'ની ૩૪મી કડીમાં આ પ્રમાણે વર્ણવે છે :

'ઊતરતી અહીંથી વનવાટ આ,
વિકટ પહાડ, બધે ઘન શી ઘટા;
કહીં કહીં વન વાનર હુંકતા,
કહીં બખોલ ભરી દીપડા પડ્યા.'

તો વળી તત્કાલીન વાતાવરણદીધો ભાવનાવાદ પણ, અને વિષાદ પણ, એમની કૃતિમાં ડોકાયા વગર રહેતો નથી જેમ કે —

'અધીરી આંખોમાં ક્યમ પરમ સૌંદર્ય ભરવાં?
અધૂરી પાંખો આ ગગનમહીં મ્હારે વિહરવાં,
ઘડીમાં મીંચાતાં નયન, મુજ પાંખે, પ્રબળ ના-
સમાવું શી રીતે જીવન સઘળાં એક પળમાં?

ઉપરાંત એમણે અંગ્રેજી ભાષામાં પણ થોડાં કાવ્યો રચ્યાં છે. પરંતુ 'ગજેન્દ્રમૌક્તિકો'માંની કાવ્યરચનાઓ જોતાં એમ લાગે કે આ કવિને જો વધુ આયુકાળ સાંપડ્યો હોત તો અસરમુક્ત થઈ કદાચ આગવી કેડી કંડારી શક્યા હોત. એમની આ માસમાં જન્મશતાબ્દી છે ત્યારે સદ્ગત કવિને આ સ્મરણાંજલી. - *ધીરુ પરીખ*

અવલોકન

વાર્તાસાહિત્યનું આસ્વાદ્ય સમ્યક્ દર્શન 'વાર્તાવિચાર'

દોસ્તોયેવ્સ્કીએ તેમના કથાપાત્રના માધ્યમ વડે કહ્યું છે : 'ચિત્રો અને ચિત્રાત્મકતા દ્વારા કલાકૃતિ પ્રકટ થાય છે.' વાર્તાકલા વિશે ઉમાશંકર જોશીએ નોંધ્યું છે કે, 'ટૂંકીવાર્તાઓ પુદ્ગલ છે. ભાવપ્રાણિત ઘટના, કહો કે ભાવપરિસ્થિતિ. ભાષામાં એનું પ્રફુલ્લ સુરેખ આકારિત થયું એનું નામ ટૂંકી વાર્તા.' ઍન્ટોન ચેખોવકૃત વાર્તાઓ માટે સમરસેટ મોમનું અભ્યાસવિધાન સાર્વત્રિક હોઈને ધ્યાનપાત્ર છે : '(ચેખોવની) વાર્તાઓમાં આંગળીઓ વચ્ચેથી જોવાયેલું એ દૃશ્ય હોવા છતાં એ જીવનનો જુદો અંશ નથી. પણ આ બાજુ અને પેલી બાજુ વિસ્તરતું અનંત અખંડ જીવન જ છે.' અહીં 'વાર્તાવિચાર'ની વાત કરવાનો ઉપક્રમ છે. 'વાર્તાવિચાર' એ પ્રયોગશીલ વાર્તાસર્જક-વિવેચક રાધેશ્યામ શર્માએ ગુજરાતી ટૂંકીવાર્તાઓ, વાર્તાસંગ્રહો અને વાર્તાસંપાદનો વિશે આપેલાં વિવેચન, આસ્વાદ, સમીક્ષાલેખોનો સંચય છે. અંતે તેઓએ વાર્તાસ્વરૂપની

ચર્ચા પણ છેડી છે. ગઈ સદીના '૭૦, '૮૦ અને '૯૦ના દાયકાઓમાં લખાયેલા લેખો અહીં સમાવિષ્ટ છે, જે સમકાલીન ઉપરાંત પુરોગામી વાર્તાસાહિત્યનું સમ્યક્ દર્શન કરાવે છે. પુસ્તકની મૂલ્યવત્તા સ્વયં સ્પષ્ટ છે.

અહીં ચાર ખંડોમાં ગુજરાતી ટૂંકી-વાર્તાનો પ્રવાહસાર વહે છે. ખંડ-૧માં 'પરમ્પરાસ્થિત અને પ્રયોગશીલ વાર્તાઓનું વિવેચન અને 'આસ્વાદ' શીર્ષક હેઠળ નાનાલાલ, ધૂમકેતુ, દ્વિરેફથી લઈને સુરેશ દલાલ સુધીના કુલ ૧૮ વાર્તાકારોની ૨૨ નીવડેલી કૃતિની સર્વગ્રાહી મીમાંસા સાંપડે છે. ખંડ-૨માં ૧૬ વાર્તાસંચયોની સમીક્ષા સાંપડે છે. ખંડ-૩માં પાંચ મૂલ્યવાન વાર્તાસંપાદનોની સમીક્ષા કરવામાં આવેલી છે; જ્યારે ખંડ-૪માં ત્રણ પ્રકરણો મારફતે વાર્તાસ્વરૂપચર્ચાને સ્થાન આપવામાં આવ્યું છે. 'વાર્તા-વિચાર'ના આરંભે લેખકે પોતાને સંડોવતાં કબૂલ્યું છે : 'એક પ્રયોગશીલ વાર્તાકાર અને સમ્પાદક વિશે અત્યાર સુધી મેં વિવેચનો, આસ્વાદો તેમજ અવલોકનો લખ્યાં છે, એમાંનો ઘણો મોટો ભાગ 'વાર્તાવિચાર' સ્વરૂપે અહીં એક સાથે પ્રસ્તુત છે. જે-તે લેખકની મૂળ વાર્તા-રચનાઓ નિકટ લઈ વાચકને પણ વાર્તાના વસ્તુરૂપ વિશે વિચારવા 'વાર્તા-વિચાર' પ્રેરશે એવી આશા અસ્થાને નહિ ગણાય.'

ગુજરાતી વાર્તાપ્રવાહના સબ્જેક્ટ-'થીમ' વિશે ચર્ચા કરતાં નોંધ્યું છે કે, "જ્યારે હું એમ કહું છું કે આજની વાર્તાનું લક્ષ્ય વસ્તુ નથી ત્યારે વસ્તુનો અર્થ સંદર્ભથી-'કન્ટેન્ટ' વિષય, સામગ્રી, સંભાર, પૂરણ એમ માનું છું, જેમાંથી યા જેના વડે 'ફૉર્મ'-સ્વરૂપ, આકૃતિ રચાય તેથઈ વસ્તુ, કન્ટેન." (પૃ.૨૫૮) સંચયના પહેલા ભાગમાં નાનાલાલની 'પાંખડીઓ' વાર્તા વિશે, ધૂમકેતુની વાર્તાવિભાવના વિશે, દ્વિરેફનાં પાત્રોમાં વિકૃતિતત્ત્વ વિશે, સુંદરમ્‌ની વાર્તા 'ખોલકી' વિશે, ઉમાશંકર જોશીની વાર્તા 'ગૃહપ્રવેશ' વિશે, સુરેશ હ. જોશીની વાર્તા 'કુરુક્ષેત્ર' વિશે, તેમજ મહેશ દવેની વાર્તા 'સદેવંત-સાવળિંગા' વિશેનાં પ્રકરણો આસ્વાદ્ય બન્યાં છે. બીજા ભાગમાં જુદા જુદા લેખકોના વાર્તાસંગ્રહો મારફતે જે તે ગદ્યકૃતિઓનાં ભાવવિશ્વ ખોલી આપવામાં આવ્યાં છે, જેથી જે તે લેખકની શબ્દ-સમીપે વાચક-ભાવક જઈ પહોંચે. મણિલાલ હ. પટેલના પ્રથમ વાર્તાસંગ્રહ 'રાતવાસો' માટે અહીં નોંધાયું છે : "એમ લાગ્યા કરે કે વર્ષાની જેમ 'કામની ઋતુ' મણિલાલની ફાવતી-ભાવતી ઋતુ હશે. 'રાતવાસો' આ દૃષ્ટિએ હતાશ કામનાના પ્રચ્છન્ન નિશ્વાસનું કરુણ કથાકાવ્ય ગણાય." જ્યારે હિમાંશી શેલતની વાર્તાકલા, રચનારીતિ અંગે કહેવાયું છે : "પ્રથમ વાર્તાસંગ્રહ 'અંતરાલ' પછી 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' નામના બીજા સંગ્રહમાં હિમાંશી શેલતે એક પ્રકારનું ધ્યાનાર્હ ગજું બતાવ્યું છે. એમની વાર્તાના વિષયો પ્રચલિત અર્થમાં સામાન્ય, પાત્રો પણ અદનાં, ભાષા પણ બોલ-ચાલની, મધ્યમવર્ગીય માહોલ વચ્ચે સ્ત્રીના સ્ત્રી સાથેના સંબંધો અને કૌટુંબિક પરિવેશ એમની વાર્તાઓમાં મુખ્યત્વે લહેરાયો છે, પણ લેખિકાની વિશિષ્ટ પ્રતિભા સાધારણ વિષયની જે સહજતાથી શુશ્રૂષા કરે છે એમાં કળાનો કસબ છે."

'વાર્તાવિચાર'ના ખંડ-૩માં વાર્તા-સમ્પાદનોની સમીક્ષા નિમિત્તે વિચક્ષણ ઢબે વિધાન છે : 'મારા મતે સંપાદક બાકોરામાં બમ્બઈ દેખાડનારો, પોતાની પસંદગીનો બાયોસ્કોપ જોવા બૂમ પાડી જોતરનારો માણસ છે.' રાધેશ્યામ શર્માની કલાપરખ દૃષ્ટિનો આ તો એક જ નમૂનો છે. આવા નમૂના સંચયમાં ઠેકઠેકાણે મળી રહે છે. ગુજરાતી વાર્તાસ્વરૂપના અભ્યાસીઓ તેમ સહુ ભાવકો માટે આ ઉત્તમ નજરાણું છે, વાર્તાદર્શન માટેનું ધારદાર ઓજાર પણ! (*વાર્તાવિચાર* (વિવેચન) : રાધેશ્યામ શર્મા, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. પ્ર.આ. ૨૦૦૧, ડિમાઈ સાઈઝ, પાકુ પૂઠું, પૃ. ૨૭૧, કિં. રૂપિયા ૨૦૦)

– *દિનેશ દેસાઈ*

શિક્ષકકથાઓ

આ પુસ્તકનાં ૧૮૨ પાનાંમાં ૧૬ પ્રાથમિક શિક્ષકો જે અત્યારે પણ પોતાના કાર્યક્ષેત્રમાં કાર્ય કરે છે અથવા તો નિવૃત્ત છે, છતાં શિક્ષણની વ્યાપક વ્યાખ્યામાં સંપૂર્ણ કાર્યરત છે, તેઓની વાતો દિલીપભાઈ રાણપુરાએ ઉમળકાભેર સાચને પોંખવા અને લોકસમસ્તની જાણકારી માટે રૂબરૂ મુલાકાતો લઈ આલેખી છે.

મનુભાઈ પંચોળી 'દર્શક' કહે છે તેમ ખરી ધરતીના લૂણ જેવા શિક્ષકોનાં રેખાચિત્રો સરળ અને ભાવવાહી રીતે આલેખવામાં આવેલાં છે.

સારા શિક્ષક થવું એ કોઈ એક વર્ગનો ઇજારો નથી. આ ૧૬ ચરિત્રોમાં બ્રાહ્મણ સાથે રજપૂત, કણબી, આદિવાસી, મુસ્લિમ બધા જ છે. આનો એમ પણ અર્થ થાય કે જન્મગત વર્ણવ્યવસ્થા એક જૂઠાણું છે. આ વાંચવાથી એ પ્રતીત થાય છે કે જે સમાજમાં શિક્ષકો, મોટા મનના, મહેનતુ તે સમાજ મોટા મનનો અને મહેનતુ.

આ બધા જ શિક્ષકો પોતપોતાના ક્ષેત્રમાં ધૂણી ધખાવીને બેઠા છે. આ બધા એવા માનવીઓ છે કે જેઓ અનુકરણ કરતાં નથી પણ પોતાની આંતર-ચેતનામાં પ્રકટાવેલી જ્યોતથી નવા ચીલા ચાતરે છે. અવગણના, અપમાન અને અભાવમાં પણ પાંગરે છે. અન્યોને પણ દોરે છે અને પ્રેરે છે. આ શિક્ષકકથાઓ વાંચતાં એવું થયા જ કરે છે કે વિભૂતિતત્ત્વ સહુમાં ધરબાયેલું પડ્યું જ હોય છે. જેઓ તેને પોતાની આંતર-સૂઝથી બહાર લાવે છે તેઓ જ સમાજમાં ઉજાસ ફેલાવી શકે છે.

લેખકે આ કથાઓ રજૂ કરી એ વાત તરફ આંગળી ચીંધી છે કે હજુ આવા ઘણા શિક્ષકો હશે જેમના વિશે લખવું ઘટે. કારણ કે આ સહુ આપણી વચ્ચે જીવંત, હરતા-

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



સાંજ, દરિયો, નાવ ને તારું સ્મરણ,
સાવ ડૂબી જાઉં તો કેવું સરસ!
- હર્ષદ ચંદારાણા



માછલી સાથે જ દરિયો નીકળ્યો,
લ્યો ઋણાનુબંધ પાછો નીકળ્યો.
- ધૂની માંડલિયા

ફરતા અને પોતાનો સહેજ પણ ઉલ્લેખ કર્યા વિના અવિરત કાર્ય કરતા સાચા મહાનુભાવો છે. (*શિક્ષકકથાઓ* : દિલીપ રાણપુરા, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૧૮૨, કિંમત રૂા. ૭૨) - *સુરેશ મ. શાહ*

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : *બરૅબલ* (મૂળ સ્વિડિશ નવલકથા) લે. પાર લાજરક્વિસ્ટ, અનુ. દિનેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૯૦. *દૃષ્ટિકોણ* (ટૂંકી વાર્તાઓ) લે. પ્રિતમ લખલાણી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭૦. *રિટર્ન ટિકિટ* (ટૂંકી વાર્તાઓ) લે. સુધીર દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૧૧૦. *દેવદાસ* (બંગાળી નવલકથા) લે. શરદબાબુ, અનુ. શ્રીકાન્ત ત્રિવેદી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૯૦. *પ્રભુની છત્રછાયામાં* (ચિંતનાત્મક લેખસંગ્રહ) લે. હરિભાઈ કોઠારી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૭૦. *પાનખરની કૂંપળ* (અમેરિકામાં પ્રૅક્ટિસ કરતા એક ભારતીય ડૉક્ટરના અનુભવોની વાર્તાઓ) લે. ડૉ. જયંત મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૮૦. *અસંગ લીલાપુરુષ* (ભગવાન શ્રીરામ વિષયક લેખો) લે. દર્શના ધોળકિયા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૧૦૪, રૂ. ૭૦. *તાણાવાણા* (ટૂંકી-વાર્તાઓ) લે. મહેશ દવે, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૭૦. *ભજનયોગ* (ભજનસંગ્રહ) સંકલન : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૫૦. *ધબકારાનો વારસ* (કાવ્ય સંગ્રહ) લે. અશરફ ડબાવાલા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું પૃ. ૯૬, કિંમત જણાવી નથી.

અન્ય પ્રકાશકોનાં

પુરુષોત્તમ ગણેશ માવળંકર સ્મૃતિ ગ્રંથ (સ્વ. પુ. ગ. માવળંકર વિષયક અંજલિલેખોનો સંગ્રહ) સંલકન સમિતિ : વસંતભાઈ ર. મહેતા, પ્રકાશ ન. શાહ, મનુભાઈ પંડિત, કાન્તિલાલ વ. રામી, ઘનશ્યામ ડી. જસુજા, કુ. મીનાક્ષી જ. શાહ, પ્રકાશક : પૂર્ણિમા પુ. માવળંકર, સન્નિષ્ઠ પ્રકાશન, 'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૬૦, રૂ. ૧૫૦.

ચાંદનીની ભૂમિ-લદ્દાખ
(દેશાટન-૪૪)



કાશ્મીરની ઘાટીઓથી લદ્દાખ જતા સમગ્ર સડકમાર્ગે ડાંગર ને મકાઈથી ભરપૂર ખેતરો નજરે પડે છે. આ સડકમાર્ગમાં વચ્ચે સિન્ધુ નદી આવે છે અને એ બધો વિસ્તાર હરિયાળાં ખેતરોથી આહ્લાદક લાગે છે. લદ્દાખ જવાનો મુખ્ય માર્ગ વર્ષમાં છ મહિનાથી ઓછા સમય માટે જ ખુલ્લો રહે છે. સોનમાર્ગથી લદ્દાખ જોજીલા થઈને જવાય છે. દ્રાસ ક્ષેત્રથી કૅપ્ટન મોર રસ્તો પસાર કરવો પડે છે. દ્રાસ પ્રદેશ ખૂબ જ ઠંડી માટે જાણીતો છે અને સાઈબિરિયા પછી દુનિયાના આ બીજા પ્રદેશમાં ખૂબ જ ઠંડી પડે છે. અહીં તાપમાન -૪૦° સેલ્સિયસ સુધી થાય છે.

અહીં રહેતાં લોકોની બોલચાલની ભાષા 'હમ્બાબસ' છે, જેનો અર્થ 'હિમપાત' થાય છે. દ્રાસ પાસેની સડકની ડાબી બાજુ ભગવાન બુદ્ધની સાતમી શતાબ્દીની પ્રતિમાઓ આવેલી છે. સડક દ્રાસથી સુરુ ઘાટી તરફ જાય છે.

લદ્દાખનું બીજું મોટું શહેર કારગિલ છે. તે સુરુ અને વાખા નદીના સંગમસ્થળે આવેલું છે. કારગિલથી ૩૩ કિ.મી. દૂર શેરગોલમાં ઘાટીનો વિસ્તાર વધે છે. 'મુલબેખ કી ઓર હૈ નમિકાલા' જેનો અર્થ થાય છે 'અહીં ધરતી આકાશને અડે છે.' મુલબેખના રસ્તે 'મૈત્રેય-આને વાલે બુદ્ધ'ની પ્રતિમા છે જે ઓછામાં ઓછાં બે હજાર વર્ષ પહેલાં ઘડાયેલી છે.

લદ્દાખ સરહદ પર આવેલું હોવાથી તેના પર્યટન માટે લેહ શહેરમાંથી ડૅપ્યુટિ કમિશનરનો અનુમતિ-પત્ર મેળવવો જરૂરી છે. *('યોગક્ષેમ'ને આધારે)*



મૂળથી ઊંચે વિકસવા આ જનમ લીધો હતો,
પાંદડાની જેમ ખરવા આ જનમ લીધો હતો.

તેં મને પૂર્યો સમયમાં અંત ને આરંભ દૈ,
મેં ક્ષણોને પાર કરવા આ જનમ લીધો હતો.


તું મને એક ઝાંઝવું સમજે કે સમજે વાદળું,
આંગણે તારા વરસવા આ જનમ લીધો હતો.

('ધબકારાનો વારસ'માંથી) *-અશરફ ડાબાવાલા*

ભારતના બારમા રાષ્ટ્રપતિ : ડૉ. અબ્દુલ કલામ

મિસાઈલ ટેક્નોલૉજીના ભીષ્મપિતા તરીકે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું નામ ગૌરવભેર લઈ શકાય. 'પદ્મભૂષણ' અને 'પદ્મવિભૂષણ' જેવા ગૌરવાન્વિત ખિતાબોથી નવાજાયેલા ડૉ. કલામને ભારત સરકારે દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન'થી વિભૂષિત કર્યા છે. વિજ્ઞાનજગત માટે આ ગૌરવની વાત એટલા માટે છે કે ભારતરત્ન બનનાર ડૉ. કલામ બીજા ભારતીય વૈજ્ઞાનિક છે, કારણ કે આ પહેલાં આવું સન્માન ભારતના અણુક્ષમતા વિકાસના શિલ્પી સ્વ. ડૉ. હોમી ભાભાને મળ્યું હતું.

અબ્દુલ પકીર જૈનુલાબદીન અબ્દુલ કલામ જેવું લાંબું નામ ધરાવતા આ વિજ્ઞાનીનો જન્મ ૧૯૩૧ની ૧૫મી ડિસેમ્બરે તામિલનાડુના રામેશ્વર ગામમાં થયેલો. ડૉ. કલામ વિદ્યાર્થી અવસ્થાથી જ વિમાન અને ઉપગ્રહ ટેક્નોલૉજીમાં ઊંડો રસ ધરાવતા હતા. તેમણે મદ્રાસની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીમાં એરો એન્જિનીઅરિંગ ક્ષેત્રે અભ્યાસ કર્યો. ૫૮ની સાલમાં ડી.આર.ડી.ઓ.માં કામગીરી બજાવી. ત્યાર બાદ ૧૯૬૩માં 'ઇસરો'માં જોડાયા. 'રોહિણી' ઉપગ્રહ છોડવા માટે 'એસ.એલ.વી.-૩' નામનું રોકેટ સાકાર કરવામાં તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ૧૯૮૨માં તેઓ ફરીથી હૈદરાબાદસ્થિત ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલમેન્ટ ઑર્ગેનાઈઝેશન (ડી.આર.ડી.ઓ.)ની લૅબોરેટરીમાં ડિરેક્ટર તરીકે જોડાયા. હૈદરાબાદ ખાતે તેમણે સ્વદેશી મિસાઈલ માટેના ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ કાર્યક્રમના ખયાલને વિકસાવ્યો અને કેળવ્યો. એરો સ્પેશ કાર્યક્રમની સ્વદેશી ડિઝાઈન તથા વિકાસ અને ઉચ્ચ ટેક્નોલૉજી માટેનો સંગીન પાયો ડૉ. કલામે નાખ્યો. ડૉ. કલામના રસના વિષયો પ્રક્ષેપાસ્ત્ર તાંત્રિકી



ને અંતરિક્ષ વિજ્ઞાન હતા, પરંતુ તેમને વિશેષ સિદ્ધિ પ્રક્ષેપાસ્ત્ર પ્રણાલીના વિકાસ માટે મળી છે.

ભારતે અત્યાર સુધીમાં કુલ પાંચ શ્રેણીનાં પ્રક્ષેપાસ્ત્રો વિકસાવ્યાં છે : અગ્નિ, પૃથ્વી, ત્રિશૂલ, આકાશ અને નાગ. વિવિધ રેંજ ધરાવતાં અને ટેક્નિક ધરાવતાં આ સર્વ પ્રક્ષેપાસ્ત્રોના વિકાસમાં ડૉ. કલામનો સિંહફાળો રહ્યો છે.

ડૉ. કલામની રાહબરી હેઠળ ભારતીય મિસાઈલોનો રોમાંચક વિકાસ થયો છે એમાં બેમત નથી. જમીન પરથી જમીન પર વાર કરતું 'પૃથ્વી' મિસાઈલ દુનિયામાં સૌથી વધુ ચોકસાઈવાળાં મિસાઈલની હરોળમાં આવેલું ભારતનું હુકમનું પાનું ગણાય છે. તા. ૨૨-૫-૮૯ના રોજ ભારતના પૂર્વ કાંઠે ચાંદીપુરથી હજારેક કિ.મી. દૂર ડૉ. કલામ સહિત દેશના ૪૦૦ ટેકનિશિયનોની હાજરીમાં 'અગ્નિ' મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું. તા. ૧૩-૭-૯૬ના રોજ દૂરદર્શન પર ઈન્ટર્વ્યૂમાં તેમણે જણાવેલું કે 'ભારત ગરીબ નથી, ભારતનાં લોકોના વિચારો ગરીબ છે. સાચી અને સમયસરની ટેક્નોલૉજી આપણે સમૃદ્ધ કરી શકીએ તેમ છીએ.'

અત્યારે આપણે સુરક્ષિત રહેવા આવાં મોંઘાં શસ્ત્રો બનાવવાં પડે છે, પણ તે સાધનો અને વિકાસાવેલ ટેક્નોલૉજીનો ઉપયોગ અનેક વિકાસકાર્યોમાં અને જીવનને વધારે સુખમય બનાવવા કરી શકાય એમ છે. ડૉ. કલામ તો એવું સ્વપ્નું સેવે છે કે આ ટેક્નોલૉજીથી સંદેશાવ્યવહારમાં, ભૂસ્તરવિજ્ઞાનમાં, તબીબી ક્ષેત્રે તથા મનોરંજન ક્ષેત્રે પણ આપણે વિશ્વમાં અગ્રેસર રહીશું. આપણે નાછૂટકે જ આ સાધનો અને શોધને સંહાર હેતુ માટે વાપરવાનાં છે. માનવતાવાદી વૈજ્ઞાનિક જ્યારે આવાં સંહારક શસ્ત્રો બનાવવાની ફરજ પડે છે ત્યારે તેમનાં હૃદય ઉપર કેટલી વીતતી હશે એ તેઓ પોતે જ જાણે.

૭૧ વર્ષની પાકટ વયે પણ પોતાના કાર્યક્ષેત્રમાં એટલા જ ઉમંગથી અને પુરુષાર્થપૂર્વક ડૉ. કલામ કાર્ય કરી રહ્યા છે. તેમની પાસે ઘણી નવી યોજનાઓ પણ છે, જેમાં લાઈટ કૉમ્બેટ વિમાન અને મેઈન બૅટલ ટૅન્ક 'અર્જુન'ની પરિયોજનાઓને પરિપૂર્ણ કરવા ઈચ્છે છે. આવા દેશ માટે દાઝ ધરાવતા, વિનમ્ર અને સરળ સ્વભાવના પ્રખર ઉમદા વિદ્વાન પુરુષે લગ્ન કર્યાં નથી એવું તેઓ જણાવે તો નવાઈ લાગે. લગ્ન બાબતે તમે એમને પ્રશ્ન કરો તો કહે, મારાં લગ્ન તો ક્યારનાંયે વિજ્ઞાન સાથે થઈ ગયાં છે. તેઓ માને છે કે વિજ્ઞાન ટેક્નોલૉજીના ક્ષેત્રે આત્મનિર્ભરતા જ દેશની સલામતીની એકમાત્ર ખાતરી હોઈ શકે.

'ભારતરત્ન'નું સન્માન જ્યારે એમને મળ્યું ત્યારે એમનો પ્રતિભાવ એવો હતો કે —'આનંદની આ અભૂતપૂર્વ ક્ષણે મારાં માતા-પિતાની કમી અત્યંત સાલે છે અને હું આભારી છું મારા અધ્યાપકોનો.' એમ જણાવી એ ક્ષણે ડૉ. કલામે ખાસ તેમના બે ગુરુઓ શિવ સુબ્રહ્મણ્યમ્ ઐયર અને પ્રો. કે.એ.બી. પંડવાઈને ખાસ આદરપૂર્વક યાદ કર્યા હતા. એટલું જ નહિ તેમણે અન્ય ત્રણ વિજ્ઞાનીઓ જેમણે એમના ઉપર ખાસ પ્રભાવ પાડ્યો છે તેવા વિક્રમ સારાભાઈ, સતીશ ધવન અને પ્રો. બ્રહ્મપ્રકાશને ખાસ આદરપૂર્વક યાદ કરી પોતાની વિનમ્ર ભાવના અને આદરની લાગણી પ્રકટ કરી હતી.

ડૉ. કલામ માટે ઍવૉર્ડ કે ખિતાબ ખાસ બહુ મોટી વાત નથી. કારણ કે આ અગાઉ એમને પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ ઉપરાંત નૅશનલ ડિઝાઈન ઍવૉર્ડ, ઓમપ્રકાશ ભસીન ઍવૉર્ડ, ડૉ. બિરેન રોય સ્પેશ ઍવૉર્ડ, નૅશનલ નેહરુ ઍવૉર્ડ, પ્રો. વાય તખુદાસા મેમૉરિયલ ગોલ્ડ મેડલ, જી. એમ. મોદી ઍવૉર્ડ જેવાં પ્રતિષ્ઠિત ઍવૉર્ડ મળી ચૂક્યાં છે.

ભારતના સંરક્ષણ મંત્રાલયમાં સલાહકાર તરીકેની ફરજ બજાવતા ડૉ. કલામ ભારે આશાવાદી છે. તેઓ કહે છે કે આપણે વિશાળ દિલથી વિચારવું જોઈએ અને મહાનતા મેળવવાનો આ જ રસ્તો છે. તેમનું એક વાક્ય તો જીવનમાં ઉતારવા જેવું છે કે, 'આપણી મહત્ત્વાકાંક્ષા તો આકાશને આંબતી હોવી જોઈએ. આપણે જે કંઈ કહીએ એને સર્વોચ્ચતા મેળવવાનું ધ્યેય હોવું જોઈએ.'

ડૉ. કલામ દેશવાસીઓને વધુ સારું ભવિષ્ય આપવા માટે દેશના નેતાઓ-આયોજકોને ઘણી સરળ રીતે જીવનને ઉન્નત બનાવવાની સલાહ આપે છે. તેઓ કહે છે કે, આપણે પ્રૌદ્યોગિકી વિકાસ સાધવો જોઈએ. એ એક શક્તિશાળી સાધન છે, પરંતુ ડૉ. કલામ આવી કોઈ ટેક્નોલૉજી આયાત કરવાના પક્ષમાં નથી. ઉજ્જ્વળ ભવિષ્ય માટે ટેક્નોલૉજી આયાત કરવાની જગ્યાએ ડૉ. કલામ વૈજ્ઞાનિકોને તથા દેશના યુવાનોને આત્મનિર્ભરતા માટે સખત પરિશ્રમ કરવા વિનંતી કરે છે. પોતાના દેશ પ્રત્યે અભિમાન ધરાવતા ડૉ. કલામ તો કહે છે કે — 'હું મારું શેષ જીવન મારી માતૃભૂમિની સેવામાં જ વિતાવવા ઈચ્છું છું.' તેમણે મુદ્દાની વાત કરેલી તે ધ્યાનમાં રાખવા જેવી છે અને તે એ કે ભારતે પોતાના પગ ઉપર જ ઊભા રહેવું પડશે. તો જ ભારત વિવિધ વિજ્ઞાન-ટેક્નોલૉજીને ક્ષેત્રે હજુ વધુ ઉન્નતિ સાધી શકશે.

ભારતની એક અતિ મહત્ત્વની સંસ્થા 'ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઈઝેશન' - ડી.આર.ડી.ઓ. સાથે ડૉ. કલામની સાથે બીજા ૭,૦૦૦ વૈજ્ઞાનિકો હાલ કામ કરી રહ્યા છે અને ભારતને ૨૧મી સદીની મહાસત્તા બનાવવા થનગની રહ્યા છે. આવા ડૉ. કલામ ભારતના બારમા રાષ્ટ્રપતિ બન્યા છે. તેમના વડપણ હેઠળ ભારતને આગવું નેતૃત્વ મળી રહેશે એવી આપણે આશા રાખીએ છીએ.

(ડૉ. કલામ વિશે પ્રહ્‌લાદ છ. પટેલે લખેલો વિસ્તૃત ચરિત્ર લેખ અમે 'કુમાર'ના સળંગ અંક માં પ્રકટ કરી ચૂક્યા છીએ. - *તંત્રી*)

(*'ગુજરાત'* માંથી ટૂંકાવીને) -દીપક જગતાપ

કુમારપાળ દેસાઈને ધનજી કાનજી સુવર્ણચંદ્રક

સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, સમાજસેવા, રમતગમત અને ધર્મદર્શન જેવાં ક્ષેત્રોમાં ઉલ્લેખનીય પ્રદાન કરનાર કુમારપાળ દેસાઈનો જન્મ રાણપુરમાં ૩૦ ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ થયો હતો. તેમનું વતન સાયલા, માતાનું નામ જયાબહેન અને પિતાનું નામ બાલાભાઈ દેસાઈ-'જયભિખ્ખુ'. કુમારપાળના જીવનઘડતરમાં માતા-પિતાનો મોટો ફાળો છે. તેમની લેખક તરીકેની સફળતામાં પિતાનું તો તેમના વ્યક્તિત્વ-વિકાસમાં માતાનું યોગદાન મહત્ત્વનું છે.



કુમારપાળે મુખ્ય વિષય તરીકે ગુજરાતી લઈ અમદાવાદથી ૧૯૬૩માં બી.એ. અને ૧૯૬૫માં એમ.એ. થઈ નવગુજરાત કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૮૦માં ડૉ. ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શન નીચે 'આનંદઘન : એક અધ્યયન' વિશે શોધપ્રબંધ લખી એમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પણ પ્રાપ્ત કરી. ૧૯૮૩માં તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં જોડાયા. ત્યાં ૨૦૦૧ના નવેમ્બરથી તેઓ ગુજરાતી વિભાગમાં પ્રાધ્યાપક ઉપરાંત અધ્યક્ષ તરીકે સેવા આપે છે.

કુમારપાળે અગિયાર વર્ષની વયે 'ઝગમગ' નામના બાલસાપ્તાહિકમાં દેશ માટે જીવનનું બલિદાન આપનાર એક ક્રાંતિવીરની કાલ્પનિક કથાથી લેખનના શ્રીગણેશ કરેલા. તેમણે ૧૯૬૨માં 'ગુજરાત સમાચાર'માં કૉલમલેખનનો અને ૧૯૬૫માં ગ્રંથલેખનનો પ્રારંભ કરેલો. ૧૯૬૫માં લાલ-બહાદુર શાસ્ત્રીનું જીવનચરિત્ર 'લાલ ગુલાબ' લખીને બાલ-સાહિત્યક્ષેત્રે પદાર્પણ કર્યું.

'લાલ ગુલાબ'ની સફળતા પછી કુમારપાળ પ્રત્યેક પુસ્તકના લેખન પાછળ એક આગવી દૃષ્ટિ રાખીને લખતા રહ્યા છે. 'ડાહ્યોડમરો' જેવી કહેવતની પાછળ રહેલા દામોદર મહેતાની કથા તથા ચાતુરીની વાત આપી, કચ્છની વીરતા દર્શાવતું 'કેડે કટારી ખભે ઢાલ', કોમી એખલાસના વિષય પર 'બિરાદરી', નાની વ્યક્તિનાં સાહસો દર્શાવતાં 'હૈયું નાનું, હિંમત મોટી', 'નાની ઉંમર, મોટું કામ', 'ઝબકદીવડી', 'મોતને 'હાથતાળી' જેવાં અનેક પુસ્તકો લખ્યાં. જીવનચરિત્ર ક્ષેત્રે કુમારપાળે 'વીર રામમૂર્તિ', 'સી. કે. નાયડુ', 'બાળકોના બુદ્ધિસાગરસૂરિજી', 'ભગવાન ઋષભદેવ', 'ફિરાક ગોરખપુરી', 'ભગવાન મલ્લિનાથ', 'આત્મજ્ઞાની શ્રમણ કહાવે', 'ભગવાન મહાવીર', 'અંગૂઠે અમૃત વસે', 'શ્રી મહાવીર જીવનદર્શન', 'માનવતાની મહેક' (પ્રેમચંદ વ્રજપાળ શાહનું જીવનચરિત્ર), 'આફતોની આંધી વચ્ચે સમૃદ્ધિનું શિખર' (યુ.એન.મહેતાનું જીવનચરિત્ર) તથા 'મૂળમાર્ગનું અમૃત અને અધ્યાત્મનું શિખર' (શ્રીમદ્ રાજચંદ્રનું જીવનચરિત્ર) જેવાં અનેક ચરિત્રો આપ્યાં છે.

ચરિત્રસાહિત્યમાં મૂકી શકાય એવું એક પ્રેરક પુસ્તક 'અપંગના ઓજસ' એમણે લખ્યું છે. આ પુસ્તક બ્રેઈલ લિપિમાં અને 'अपाहिज तन, अडिग मन'ને નામે હિન્દીમાં અનૂદિત થયું છે અને ટૂંક સમયમાં અંગ્રેજી ભાષામાં પ્રકટ થવાનું છે. એમણે 'એકાંતે કોલાહલ' નવલિકાસંગ્રહ આપ્યો છે.

કુમારપાળ ભારતીય સંસ્કૃતિ, જૈનદર્શન અને જૈન સાહિત્યના અભ્યાસી છે. ગુજરાત અને ભારતમાં ઠેર ઠેર વ્યાખ્યાનો આપવાની સાથે તેમણે ઈંગ્લન્ડ, અમેરિકા, પૂર્વ આફ્રિકા, કૅનેડા, સિંગાપોર, બેલ્જિયમ, હૉંગકૉંગ, મલેશિયા, ઈન્ડોનેશિયા વગેરે દેશોમાં પણ પર્યુષણ નિમિત્તે તેમજ પરિસંવાદ આદિ નિમિત્તોએ આપેલાં વ્યાખ્યાનો ખૂબ પ્રશંસા પામ્યાં છે. ઈ.સ. ૧૯૯૦માં બકિંમહામ પૅલેસમાં ડ્યૂક ઑવ એડિનબરો પ્રિન્સ ફિલિપને 'જૈન સ્ટેટમેન્ટ ઑન નેચર' અર્પણ કરવા ગયેલા પાંચ ખંડના જૈન પ્રતિનિધિમંડળમાં તેઓ હતા. વળી, ૧૯૯૩માં શિકાગોમાં અને ૧૯૯૯માં દક્ષિણ આફ્રિકાના કૅપટાઉન શહેરમાં યોજાયેલી 'વર્લ્ડ પાર્લમેન્ટ ઑવ રિલિજયન્સ'માં તથા ૧૯૯૪માં વૅટિકનમાં પોપ જૉન પોલ (દ્વિતીય)ની મુલાકાત લેનાર પ્રતિનિધિમંડળમાં ધર્મદર્શન વિશે તેમણે સાર્થક ચર્ચા કરી હતી. 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી' નામની વિશ્વવ્યાપી સંસ્થાના તેઓ ભારત ખાતેના કો-ઑર્ડિનેટર છે.

કુમારપાળ દેસાઈએ પીએચ.ડીના સંશોધન નિમિત્તે મધ્યકાળના મરમી સંતકવિ આનંદઘનના જીવન અને કવન વિશે ઊંડાણથી અભ્યાસ કરી તેમના કવિત્વને પ્રકાશમાં આણ્યું છે. મધ્યકાલીન સાહિત્યના સંશોધનક્ષેત્રે ડૉ. કુમારપાળ દેસાઈએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમણે સંશોધન કરી 'અપ્રકટ

'કુમાર'નો ૯૦૦મો વિશેષાંક

'કુમારની પ્રથા પ્રમાણે પ્રત્યેક શતકાંક વિશેષ રૂપે પ્રકટ કરાયો છે તે પ્રમાણે આગામી ડિસેમ્બર ૨૦૦૨નો અંક ૯૦૦મો અંક હશે. વળી, આ તેના ૭૫મા વર્ષની પૂર્ણાહુતિનો પણ અંક હશે. આ બેવડા પ્રસંગે 'કુમાર' ૯૦૦મો અંક **'નર્મ-મર્મ વિશેષાંક'** તરીકે પ્રકટ કરશે.

સૌ લેખક-ચિત્રકાર-કાર્ટૂનિસ્ટ મિત્રોને આ વિશેષાંક માટે નર્મ-મર્મયુક્ત કાવ્ય, વાર્તા, નાટિકા, નિર્બંધિકા, કટાક્ષચિત્રો, કાર્ટૂનો આદિ મોકલી આપવા હાર્દિક નિમંત્રણ છે. આપની કૃતિ ઑક્ટોબર ૨૦૦૨ના અંત સુધીમાં 'કુમાર કાર્યાલય'ના સરનામે મળે તે જોવા વિનંતી છે.

મધ્યકાલીન કૃતિઓ', 'જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક' અને 'મેરુસુંદર ઉપાધ્યાય રચિત અજિતશાંતિસ્તવનનો બાલાવબોધ' જેવાં પુસ્તકો પ્રકટ કર્યાં છે. 'ગતસૈકાની જૈન ધર્મની પ્રવૃત્તિઓ', 'અબ હમ અમર ભયે' અને 'અબોલની આતમવાણી' તેમનાં સંશોધનમૂલક પુસ્તકો છે. રાજસ્થાનના લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન તરફથી આનંદઘન વિશેના ઉત્કૃષ્ટ સંશોધન માટે તેમને 'હનુમાનપ્રસાદ પોદ્દાર' પારિતોષિક મળ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં ૧૯૭૫ અને ૧૯૮૦માં સંશોધન અંગેનું ઉત્કૃષ્ટ કાર્ય કરવા માટે તેમને ડૉ. કે.જી.નાયક ચંદ્રક એનાયત થયો હતો. ૧૯૮૫માં સંશોધન અંગેના ઉત્કૃષ્ટ કાર્ય માટે તેમને આ ચંદ્રક પુનઃપ્રાપ્ત થયેલો.

કુમારપાળ સર્જક હોવાની સાથે વિવેચક પણ છે. 'હેમચંદ્રાચાર્યની સાહિત્યસાધના', 'શબ્દસંનિધિ', 'ભાવન-વિભાવન', 'આનંદઘન : જીવન અને કવન' વગેરે તેમનાં વિવેચનનાં પુસ્તકો છે. મુખ્યત્વે મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી કુમારપાળ અર્વાચીન સાહિત્યના પણ મર્મજ્ઞ છે અને અેની પ્રતીતિ અર્વાચીન કૃતિઓ વિશેના એમના વિવેચનલેખો કરાવે છે.

તેમણે સંખ્યાબંધ સંપાદનો પણ કર્યાં છે, જેમાં મહત્ત્વનાં છે : 'જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ', 'શબ્દશ્રી', 'કવિ દુલા કાગ સ્મૃતિગ્રંથ', 'હૈમસ્મૃતિ', 'જયભિખ્ખુની જૈન ધર્મકથાઓ' ભાગ ૧-૨, 'નર્મદ : આજના સંદર્ભમાં', 'ઓજસ દીઠાં આત્મબળનાં', 'રત્નત્રયીનાં અજવાળાં', 'સામયિક સૂત્ર' (અર્થ સાથે), 'શંખેશ્વર મહાતીર્થ', 'યશોભારતી', 'ધન્ય છે ધર્મ તને' (આચાર્ય વિજય વલ્લભસૂરિનાં પ્રવચનોનું સંપાદન), 'આત્મ-વલ્લભ સ્મરણિકા' (ગુજરાતી વિભાગનું સંપાદન), 'બાળસાહિત્ય સંગોષ્ઠિ', 'પરિવર્તનનું પ્રભાત' (ગુજરાત ટાઈમ્સ), 'એકવીસમી સદીનું વિશ્વ' (ગુજરાત ટાઈમ્સ), 'એકવીસમી સદીનું બાળ-સાહિત્ય', 'અદાવત વિનાની અદાલત' (ચં.ચી.મહેતાનાં રેડિયો રૂપકોનું સંપાદન), 'એક દિવસની મહારાણી' (ડેમોન રનિયનની વાર્તાઓનો ચં.ચી.મહેતાએ કરેલો અનુવાદ).

કુમારપાળે હિન્દી તથા અંગ્રેજી ભાષામાં પણ લેખન કર્યું છે. હિન્દીમાં તેમણે 'जिनशासन की [illegible]र्तिगाथा' નામક પુસ્તક આપ્યું છે. તેમનાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો આ મુજબ છે : **'Glory of Jainism', 'Stories from Jainism', 'Essence of Jainism', 'The Value of Heritage of Jain Religion', 'Kshamapana', 'Role of Women in Jain Religion', 'Non-violence : A Way of Life (Bhagawan Mahavir), 'A Pinnacle of Spirituality, 'The Timeless Message of Bhagawan Mahavir', 'Vegetarianism'.**

કુમારપાળે આફ્રિકન લેખક ઑસ્ટિન બુકેન્યાની પ્રમાણમાં ઓછી જાણીતી પણ સાહિત્યિક દૃષ્ટિએ સંતર્પક નાટ્યકૃતિનો ગુજરાતી અનુવાદ 'નવવધૂ' નામથી કર્યો છે. આરંભે મૂકેલા અભ્યાસલેખમાં તેમણે આ લેખકનો અને તેમની કૃતિનો સાહિત્યિક પરિચય કરાવી તેનો આસ્વાદ કરાવ્યો છે. મૂળ સર્જકની મુલાકાત લઈને તેમણે સાંપ્રત આફ્રિકન નાટકની પશ્ચાદ્ભૂ પણ પ્રકટ કરી છે.

[illegible] સુધી તેઓ નિયમિતપણે 'ઈંટ અને ઈમારત' કૉલમ લખતા રહ્યા છે. ઉપર્યુક્ત કૉલમ ઉપરાંત 'આકાશની ઓળખ', 'ઝાકળ બન્યું મોતી', 'રમતનું મેદાન' 'પારિજાતનો પરિસંવાદ' જેવી અનેક કૉલમો નિયમિત લખે છે. 'ગુજરાત ટાઈમ્સ'માં પણ તેઓ 'પાંદડું અને પિરામિડ' નામક કૉલમ નિયમિત લખે છે. ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગમાં તેઓ પત્રકારત્વના અભ્યાસક્રમ સાથે સંકળાયેલા છે. 'અખબારી લેખન' વિશે તેમણે એક પુસ્તક લખ્યું છે તથા 'સાહિત્ય અને પત્રકારત્વ' નામક ગ્રંથનું સંપાદન કર્યું છે. ગુજરાત દૈનિક અખબાર સંઘ દ્વારા પત્રકારત્વનાં સત્ત્વશીલ લેખન માટે હરિૐ આશ્રમ ઍવૉર્ડ તેમજ શિષ્ટ, સાત્ત્વિક અને મૂલ્યલક્ષી લેખન માટે શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર તરફથી સંસ્કૃતિ સંવર્ધન ઍવૉર્ડ એનાયત થયા છે.

૧૯૮૪થી પ્રતિવર્ષ પરદેશમાં કુમારપાળનાં વ્યાખ્યાનો યોજાય છે. આ ક્ષેત્રની તેમની પ્રવૃત્તિના અભિવાદનરૂપે ઈંગ્લન્ડમાં ૧૪ ભારતીય સંસ્થાઓએ મળીને 'હેમચંદ્રાચાર્ય ઍવૉર્ડ' આપેલો. આ ઉપરાંત તેમને ઉત્તર કૅલિફૉર્નિયાના જૈન કેન્દ્ર દ્વારા ગૌરવ પુરસ્કાર, જૈન જ્યોતિર્ધર ઍવૉર્ડ, ગુજરાત રત્ન ઍવૉર્ડ, તથા ૧૯૮૦માં જૂનિઅર ચેમ્બર્સ તરફથી ભારતની દસ યુવાન પ્રતિભા અંગેનો ઍવૉર્ડ પણ એનાયત થયેલ. અમેરિકા અને કૅનેડાના તમામ કેન્દ્રોને આવરી લેતા ફેડરેશન ઑફ જૈન ઍસોસિયેશન ઑવ નૉર્થ અમેરિકા (જૈના) દ્વારા અમેરિકા સિવાયના અન્ય દેશોમાં જૈન સાહિત્યના સંશોધન અને દર્શન અંગેની અગત્યની કામગીરી કરનારને અપાતો પ્રેસિડેન્ટ સ્પેશ્યલ ઍવૉર્ડ કૅનેડાના ટૉરન્ટોમાં ૧૯૯૭ના જુલાઈમાં યોજાયેલા દ્વિવાર્ષિક અધિવેશનમાં કુમારપાળને એનાયત થયો હતો. મૂલ્ય-નિષ્ઠ સાહિત્યસર્જન માટે દિલ્હીની અહિંસા ઈન્ટરનેશનલ સંસ્થાએ તથા દિવાળીબહેન મોહનલાલ મહેતા ટ્રસ્ટે વિશિષ્ટ ઍવૉર્ડ એનાયત કર્યા છે. ઈ.સ. ૨૦૦૧માં ભગવાન મહાવીર જન્મ-કલ્યાણક સમિતિ તરફથી જૈનદર્શન અને જૈનભાવનાઓના પ્રસાર માટે ઉત્તમ યોગદાન કરનાર ૨૬ વ્યક્તિઓને વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીના હસ્તે અપાયેલા જૈનરત્ન ઍવૉર્ડ માટે પણ તેમની પસંદગી થઈ હતી.

રમતગમતક્ષેત્રે પણ કુમારપાળનું પ્રદાન ઉલ્લેખનીય છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠીમાં પ્રકટ થયેલા 'ભારતીય

ક્રિકેટ' અને 'ક્રિકેટના વિશ્વવિક્રમો' તેમજ 'ક્રિકેટ રમતાં શીખો' ભાગ ૧-૨ની દોઢ લાખ નકલો રમતપ્રેમીઓએ ખરીદી હતી. ઈંગ્લન્ડની પ્રસિદ્ધ 'ક્રિકેટર મૅગેઝીન ક્લબ'નું માનાર્હ સભ્યપદ તેમને સાંપડ્યું હતું. તેમના એક પુસ્તક 'ધ ક્રિકેટર ઈન્ટરનૅશનલ સામયિક' દ્વારા આયોજિત જ્યૂબિલી લિટરરી ઍવૉર્ડ માટેની સ્પર્ધામાં સ્થાન સાંપડ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્યભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન નીચે ૧૨ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી અભ્યાસ સમિતિના અધ્યક્ષ અને ઍકેડૅમિક કાઉન્સિલના સભ્ય ડૉ. દેસાઈ સાહિત્ય, પત્રકારત્વ અને જૈન-દર્શનમાં પીએચ.ડી.ના ગાઈડ તરીકે માન્યતા ધરાવે છે. સિંગાપોરની ૫૦ વર્ષની પરંપરા ધરાવતી ગુજરાતી સ્કૂલમાં અભ્યાસક્રમ અંગે વર્કશૉપ કર્યા છે. કેનિયા અને એન્ટવર્પમાં ગુજરાતી શીખવા અંગેના પ્રયત્નોમાં સક્રિય સહયોગ આપવા સાથે તેમણે બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી અને અમેરિકાની ગુજરાતી લિટરરી ઍકેડેમી તરફથી વક્તવ્યો આપ્યાં છે.

કર્મવીર કુમારપાળ સાહિત્ય, સંસ્કૃતિ અને શિક્ષણની સંખ્યાબંધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં અગાઉ મંત્રી તરીકે કામ કરી ચૂકેલા તેઓ અત્યારે તેની કાર્યવાહક સમિતિના સભ્ય છે. ગુજરાત સાહિત્ય સભાના મંત્રી તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ છે. અખિલ ભારતીય સાહિત્ય પરિષદના ગુજરાત પ્રદેશના તેઓ ઉપાધ્યક્ષ છે. અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ અને શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના મંત્રી તરીકે કાર્યરત કુમારપાળ દેસાઈ છેલ્લાં ત્રીસ વર્ષથી શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. પ્રા. અનંતરાય રાવળ સ્મારક સમિતિ અને ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિના તેઓ મંત્રી છે. ગુજરાતની અસ્મિતાના મહાપુરુષાર્થ સમાન 'ગુજરાતી વિશ્વકોષ'ના પ્રારંભથી જ તેઓ ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સેવારત છે. શ્રી મહાવીર માનવકલ્યાણ કેન્દ્ર, અનુકંપા ટ્રસ્ટ, ઇન્ડિયન રેડક્રૉસ સોસાયટી (બોટાદ બ્રાન્ચ), સુલભ હેલ્થ ઍન્ડ હાર્ટ કેર સેન્ટર વગેરે સંસ્થાઓ દ્વારા તેઓ આપત્તિગ્રસ્ત લોકોને સહાય પહોંચાડે છે. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ ગુજરાતમાં થયેલા ભીષણ ધરતીકંપ વેળા તેમણે ભૂકંપગ્રસ્તો માટે બાર લાખ રૂપિયા જેટલી રકમ વિદેશથી મેળવી હતી. ગળથૂથીમાં જ સાહિત્ય, સંસ્કૃતિ અને સેવાના સંસ્કાર મેળવનાર કુમારપાળના કાર્યક્ષેત્રનો વ્યાપ વિશાળ અને વૈવિધ્યસભર છે.

અનેક ઍવૉર્ડો, ચંદ્રકો, પુરસ્કારો પ્રાપ્ત કરવા છતાં કુમારપાળ દેસાઈને અભિમાન સ્પર્શી શક્યું નથી. ચહેરા પર હંમેશાં સ્નેહાળ સ્મિત અને નાનામાં નાના માણસ સાથે પણ પ્રેમપૂર્વક ઉષ્માપૂર્ણ વ્યવહાર તેમના પ્રસન્ન વ્યક્તિત્વનો અને સાર્થ જીવનશૈલીનો મર્મ પ્રકટ કરે છે. *- પ્રસાદ બ્રહ્મભટ્ટ*

(ચંદ્રક અર્પણવિધિ પ્રસંગે પ્રકટ થયેલી પત્રિકામાંથી ટૂંકાવીને)

હરિજન સોઈ હિ જાનિયે, જિહ્વા કહૈ ન માર;
આઠ પ્રહર ચિતવત રહૈ, ગુરુ કા જ્ઞાન વિચાર.

કબીર

ટૉલ્સ્ટૉય સાધારણ કપડાંમાં રેલવે-સ્ટેશન પર ફરતા હતા. કોઈ સ્ત્રીએ મજૂર સમજીને એમને કહ્યું : 'આ મારો પત્ર સામેની પોસ્ટઑફિસમાં નાખી આવ, હું તને બે રૂબલ આપીશ.' ટૉલ્સ્ટૉય એ પત્ર નાખી આવ્યા અને બે રૂબલ લઈ લીધા. થોડી વારમાં તેમના એક મોટા મિત્ર ત્યાં આવ્યા અને તેમને માનથી સંબોધ્યા. આ જોઈ પેલી સ્ત્રીએ માનહાનિ માટે તેમની માફી માગી અને બે રૂબલ પાછા માગ્યા. ટૉલ્સ્ટૉય બોલ્યા : 'દેવીજી, ક્ષમા કરવાનું કામ તો ભગવાનના હાથમાં છે, મેં તો કામ કરીને બે રૂબલ મેળવ્યા છે, હવે હું એ કેમ પાછા આપું?' મહિલા લિયો ટૉલ્સ્ટૉય સામે એકીનજરે જોતી જ રહી ગઈ!

*

કારેલાંનાં પાંદડાંનો રસ સવાર-સાંજ એક-એક ચમચી લેવાથી પેશાબ છૂટથી થાય છે અને જળોદરના રોગમાં ફાયદો થાય છે.

*


એક ગોકળગાયને એક કિલોમીટરનું અંતર પસાર કરતાં ૧૦ દિવસ લાગે છે.

*

શહેનશાહ રોમેનસ ચોથો ભારે વજનદાર બખ્તર સાથે કૂદીને ઘોડા પર સવારી કરતો.

*

રોજ સવારે એક ચમચો સફેદ તલ ખાવાથી શરીરને ઘણું પોષણ મળે છે.



ઘંટ આકારમાં ઘંટ શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

खममेत्तसोक्खा बहुकालदुक्खा
पकामदुक्खा अनिकामसोक्खा।
संसारमोक्खस्स विपक्खभूः आणी
अणत्थाण उ कामभोगा।।

કામભોગો ક્ષણભર સુખ અને બહુકાળ દુઃખ આપનારા છે, ઘણુંબધું દુઃખ અને થોડુંક સુખ આપનારા છે, તે સંસારમુક્તિના પ્રતિપક્ષી-વિરોધી છે અને અનર્થોની ખાણ જેવા છે.

અષ્ટ

- અષ્ટપ્રકૃતિ : સ્પર્શ, રૂપ, અહંકાર, ગંધ, રસ, અવ્યક્ત, મહત્, શબ્દ.
- અષ્ટધાતુ : સોનું, રૂપું, પિત્તળ, સીસું, લોખંડ, પારો, કથીર, તાંબુ.
- અષ્ટદ્રવ્ય : પાણી, દૂધ, ઘી, મધ, દહીં, દર્ભ, રક્તચંદન અને કરવીર
- અષ્ટપૂજાદ્રવ્ય : શુદ્ધ જળ, દૂધ, ઘી, દહીં, મધ, દર્ભ, ચોખા, તલ.
- અષ્ટપ્રધાન : પ્રધાન, સચિવ, મંત્રી, અમાત્ય, ધર્માધ્યક્ષ, વૈદ્ય, સેનાપતિ, ન્યાયાધીશ.
- અષ્ટસૌભાગ્ય : કપાળમાં ચાંલ્લો, આંખમાં કાજળ, નાકમાં વાળી, સેંથામાં સિંદૂર, કાનમાં કુંડળ, હાથમાં ચૂડી-બંગડી, ગળામાં કીડિયાસેર, પગમાં અડાસિયાં.
- અષ્ટાંગ : બે હાથ, બે પગ, બે ઢીંચણ, છાતી અને કપાળ.
- અષ્ટમંગલ : (રાજ્યાભિષેકમાં ઉપયોગમાં લેવાતા) સિંહ, વૃષભ, ગજ, કુંભ, દીપક, વાદ્ય, પૂર્ણોદક, પંખો.
- અષ્ટનાયિકા : અભિસારિકા, કલહન્તરિતા, ખડિતા, ઉત્કંઠિતા, પ્રોષિત-ભર્તૃકા, વાસકસજ્જા, વિપ્રલબ્ધા, સ્વાધીનપતિકા.
- અષ્ટમહાસિદ્ધિ : અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, ઈશિત્વ, વશિત્વ, પ્રાકામ્ય, પ્રાપ્તિ. *- સંકલન : સંજય ભટ્ટ*

*



સાક્ષરશ્રી... ! (રેખાંકન : ઈન્દ્ર આચાર્ય)

'અનિલ જેને પરણે છે તે છોકરી નૃત્ય, ડ્રાઈવિંગ, તરવું, રમતગમત વગેરેમાં પાવરધી છે.'

'એમ! તો તો અનિલ રાંધતા શીખી જાય તો ગાડું સારું ચાલશે.'

*

લંડનના જિયોલૉજિકલ ગાર્ડનમાં એક માણસનો અર્ધો ભાગ માનવ અને અર્ધો ભાગ વાનર જેવો છે.

*

પૃથ્વીની સૂર્યના પરિભ્રમણની ઝડપ એક સેકંડમાં ૧૮.૫ માઈલ છે.

*

કલાકણિકા : દક્ષિણ ભારતની ગણેશની કાંસ્યમૂર્તિ. હાલ તે મુંબઈમાં સર કાવસજી જહાંગીરના સંગ્રહાલયમાં છે. તેની ઊંચાઈ ૬૬.૫ સે.મી. છે અને તે ૧૮મી સદીની છે.

